શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ જન્મ શતાબ્દી ગ્રંથમાળા સંપુટ—૨

સંસ્કાર ગ્રંથાવલિ — પુસ્તક ચોથું

# પંકજ

રમણલાલ વ. દેસાઈ

**આર. આર. શેઠની કંપની**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મુંબઈ ૪૦૦ ૦૦૨ □ અમદાવાદ ૩૮૦ ૦૦૧

# શ્રી રમણલાલ વ. દેસાઈનાં પુસ્તકો

✻ સંપુટ–૧

## નવલકથાઓ

જયંત ★ શિરીષ ★ કોકિલા ★ હૃદયનાથ ★ સ્નેહયજ્ઞ ★ દિવ્યચક્ષુ ★ પૂર્ણિમા ★ ભારેલો અગ્નિ ★ ગ્રામલક્ષ્મી ૧ થી ૪ ★ બંસરી ★ પત્રલાલસા ★ ઠગ ★ શોભના ★ ક્ષિતિજ ★ ભાગ્યચક્ર ★ હૃદયવિભૂતિ ★ છાયાનટ ★ પહાડનાં પુષ્પો ★ ઝંઝાવાત ★ પ્રલય ★ કાલભોજ ★ સૌંદર્યજ્યોત ★ શૌર્યતર્પણ ★ બાલાજોગણ ★ સ્નેહસૃષ્ટિ ★ શચી પૌલોમી ★ ત્રિશંકુ ★ આંખ અને અંજન

✻ સંપુટ–૨

## નવલિકાસંગ્રહો

ઝાકળ ★ પંકજ ★ રસબિંદુ ★ કાંચન અને ગેરુ ★ દીવડી ★ સતી અને સ્વર્ગ ★ ધબકતાં હૈયાં ★ હીરાની ચમક

✻ સંપુટ–૩

## કાવ્યસંગ્રહો

નિહારિકા ★ શમણાં

## નાટ્યસંગ્રહો

શંકિત હૃદય ★ પરી અને રાજકુમાર ★ અંજની ★ તપ અને રૂપ ★ પુષ્પોની સૃષ્ટિમાં ★ ઉશ્કેરાયેલો આત્મા ★ કવિદર્શન ★ પૂર્ણિમા ★ બૈજુ બહાવરો ★ વિદેહી ★ સંયુક્તા

✻ સંપુટ–૪

## પ્રકીર્ણ

જીવન અને સાહિત્ય ૧–૨ ★ સુવર્ણરજ ★ ગ્રામોન્નતિ ★ ગઈકાલ ★ મધ્યાહ્નનાં મૃગજળ ★ તેજચિત્રો ★ અભિનંદન-ગ્રંથ ★ ઊર્મિ અને વિચાર ★ ગુલાબ અને કંટક ★ અપ્સરા ૧ થી ૫ ★ રશિયા અને માનવશાંતિ ★ ગુજરાતનું ઘડતર ★ સાહિત્ય અને ચિંતન ★ ભારતીય સંસ્કૃતિ ★ માનવ-સૌરભ ★ કલાભાવના ★ શિક્ષણ અને સંસ્કાર ★ ઊર્મિના દીવડા

## ચિંતનમાળા

મહાત્મા ગાંધી ★ ન્હાનાલાલ-કલાપી ★ માનવી – પશુની દૃષ્ટિએ અને આત્મનિરીક્ષણ ★ ભારતીય કલા – સાહિત્ય – સંગીત ★ સમાજ અને ગણિકા ★ અંગત – હું લેખક કેમ થયો?

જેમના શિક્ષણની છાપ હજી ભૂંસાઈ નથી એવા આદર્શ ગુરુ, જેમના નામોચ્ચાર સાથે હજારો શિષ્યોનાં હૃદય માન અને પ્રેમની લાગણીથી ઊભરાઈ જાય છે એવા મહાન શિક્ષક, વિનય અને સૌજન્યની મૂર્તિસમા અજોડ શિક્ષણશાસ્ત્રી

**શ્રીયુત મંચેરજી નસરવાનજી વાડીઆને**

રમણલાલ

DESAI, Ramanlal V.
PANKAJ, Short Stories
R. R. Sheth & Co., Bombay-Ahmedabad
1992
891·47301

© ડૉ અક્ષયકુમાર ર. દેસાઈ

શ્રી ર. વ. દેસાઈ જન્મ શતાબ્દી આવૃત્તિ–મે, ૧૯૯૨

મૂલ્ય રૂ, ૪૮–૦૦

પ્રકાશક

ભગતભાઈ ભુરાલાલ શેઠ,
આર. આર. શેઠની કંપની
મુંબઈ ૪૦૦ ૦૦૨ * અમદાવાદ ૩૮૦ ૦૦૧

મુદ્રક

પ્રવીણ પ્રિન્ટરી
ભગતવાડી,
સોનગઢ ૩૬૪ ૨૫૦

## ત્રીજી આવૃત્તિના પુનર્મુદ્રણની પ્રસ્તાવના

'પંકજ' એ મુ. ભાઈસાહેબનો 'ઝાકળ' પછીનો બીજો ૧૬ વાર્તાઓનો વાર્તાસંગ્રહ. એમાંની કેટલીક વાર્તાઓ એમની શ્રેષ્ઠ વાર્તાઓની ગણના પામી છે. આ વાર્તાસંગ્રહ પુનર્મુદ્રણ પામે છે તેથી અંગત સંતોષ થાય છે.

વાચકો અને પ્રકાશકનો આભાર.

'જયકુટીર', ટાઈકલવાડી રોડ, મુંબઈ–૬ તા. ૧–૮–'૬૧

અક્ષયકુમાર ર. દેસાઈ

## ત્રીજી આવૃત્તિની પ્રસ્તાવના

'પંકજ' નામથી પ્રસિદ્ધ થયેલા મારા એક નવલિકાસંગ્રહની ત્રીજી આવૃત્તિ બહાર પડે છે એ જોઈ અંગત રીતે મને સારું લાગે છે. નવલિકા સરખા સાહિત્ય–પ્રકારના વિકાસમાં મેં ફાળો આપ્યો છે એવું અભિમાન મને ન ઊપજે એ જ અભિલાષા.

'કૈલાસ', મદનઝાંપા રોડ, વડોદરા, તા. ૫–૧૨–'૫૩

રમણલાલ વ. દેસાઈ

## બીજી આવૃત્તિની પ્રસ્તાવના

'પંકજ'ની બીજી આવૃત્તિ આઠ વર્ષે બહાર પડે છે. આ નવલિકાસંગ્રહ કેટલો વંચાતો હશે તેનું માપ એ ઉપરથી કહાડી નમ્રતાપૂર્વક ઇચ્છું છું જ કે આથી ઘણાં ઓછાં વર્ષમાં આવૃત્તિઓ બહાર પાડી શકે એવા સમર્થ નવલિકાલેખકો આપણા ગુજરાતમાં જાગી સાહિત્યને શોભાવે. નવલિકાનો સાહિત્યપ્રકાર વધારે ને વધારે ખીલતો જાય છે એ હું આનંદસહ જોઈ રહ્યો છું.

અમરેલી
તા. ૨૦ માર્ચ ૧૯૪૪

રમણલાલ વ. દેસાઈ

## પહેલી આવૃત્તિની પ્રસ્તાવના

છેલ્લાં બેત્રણ વર્ષમાં માસિકો અને સામયિકોમાં મારી ટૂંકી વાર્તાઓ પ્રગટ થયેલી તે 'પંકજ'ને નામે પ્રસિદ્ધ થાય છે.

નવલિકાનો આ મારો બીજો સંગ્રહ છે.

વાચકોને આ સંગ્રહ ગમશે તો તેની પ્રસિદ્ધિ સાર્થક થશે.

નવસારી
૩૦ નવેમ્બર ૧૯૩૫

રમણલાલ વ. દેસાઈ

# પંકજ

*

રમણલાલ વ. દેસાઈ

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ખરી મા | ૧ | વૃદ્ધસ્નેહ | ૧૧૬ |
| લગ્નની ભેટ | ૧૧ | કીર્તિ કેરાં કોટડાં | ૧૨૬ |
| પુનર્મિલન | ૨૪ | ચંદા | ૧૪૧ |
| મૂર્તિપૂજા | ૪૩ | ઘેલછા | ૧૫૪ |
| ગુનાની કબૂલાત | ૫૨ | સમાન હક્ક | ૧૭૨ |
| આંસુના પાયા | ૬૯ | ભાઈ | ૧૯૦ |
| ધનિક હૃદય | ૮૬ | ખૂન | ૨૦૬ |
| માનવતા | ૧૦૦ | પંકજ | ૨૨૭ |



**મુદ્રણો**

૪થુ પુનર્મુદ્રણ : ઑગસ્ટ ૧૯૬૧
પાંચમું પુનર્મુદ્રણ : માર્ચ ૧૯૭૭
**છઠ્ઠું પુનર્મુદ્રણ શતાબ્દી વર્ષ મે : ૧૯૯૨**
પ્રત : ૧૬૫૦

# ખરી મા

## ૧

નાનકડો કુસુમાયુધ આજે મૂંઝવણભર્યો આનંદ અનુભવતો હતો. ગમી જાય એવી, સારાં કપડાં ધારણ કરેલી સ્મિતભરી કોઈ યુવતી ઘરમાં ફરતી હતી. કુસુમાયુધ તેનાં માતાપિતાને એટલો વહાલો હતો કે તેનું નામ લાંબું પણ નવાઈભર્યું પાડ્યું હતું. પરંતુ માતા એ પુત્રને લાડ લડાવવા જીવી નહિ; તેને ચાર વર્ષનો મૂકી તે સ્વર્ગવાસી થઈ અને ત્યાર પછી બે વર્ષ વીતી ગયાં, છતાં તેની માતા પાછી આવી નહિ.

'મા ક્યાં ગઈ ?' એ પ્રશ્ન કુસુમાયુધના હૃદયમાં સતત રમ્યા કરતો હતો.

કોઈ કહેતું : 'એ તો પ્રભુના ધામમાં ગઈ.' કોઈ કહેતું : 'મામાને ઘેર ગઈ.' કોઈ કહે : 'એ તો જાત્રા કરવા ગઈ છે.' નોકર કહેતો : 'એ તો મરી ગઈ.

'પણ મને લીધા વગર એ કેમ ગઈ ?' કુસુમાયુધની એ આંસુભરી ફરિયાદ સૌની આંખમાં આંસુ લાવતી હતી. એક વર્ષ સુધી એ ફરિયાદ કરી કરી થાકેલા બાળકે છેવટે પ્રશ્ન બદલ્યો : 'પણ મા

પં. ૧

પાછી તો આવશે જ ને ?'

એ પ્રશ્ન સાંભળી સૌ કોઈ તેની સામે જોઈ રહેતું. ક્વચિત આંખ ઉપર લૂગડું ઢાંકી દેતું, અને કોઈ વખત થડકતે કંઠે જવાબ આપતું :

'હા હા, આવશે હો ! જાઓ, રમો.'

એટલો જવાબ બાળકના અંગેઅંગમાં સ્ફૂર્તિ પ્રેરતો. તે દોડતો, રમતો, હસતો. ચારપાંચ દિવસે વળી પાછો એનો એ પ્રશ્ન પુછાતો. છેવટે તેણે એ પ્રશ્ન પૂછવાનું પણ ઓછું કરી નાખ્યું. આસપાસનાં સર્વ મનુષ્યોએ કાવતરું કરી તેને તેની માથી વિખૂટો પાડચો હોય એવી માન્યતા તેના હૃદયમાં જન્મી અને તે એકલો એકલો રમવા લાગ્યો. માત્ર રાત્રે ઊંઘમાં તે કોઈ વાર લવી ઊઠતો : 'મા ! મા !'

તેનો પિતા ઝબકીને જાગી ઊઠતો અને તેને શરીરે હાથ ફેરવતો.

એકાએક તેણે સુંદર મુખવાળી કોઈ સ્ત્રી ઘરમાં જોઈ. માનું મુખ કોઈ પણ દેખાવડી યુવતીમાં જોવા તે મથતો. માના સરખું લૂગડું પહેર્યું હોય એવી સ્ત્રીને તે ધારીધારીને જોતો. એવી કોઈ સ્ત્રી મળવા આવી હોય તેને ઘરમાં રહેવા આગ્રહ કરતો. માની નજરનો ભૂખ્યો બાળક આમ તેની સમજ પ્રમાણે માની શોધખોળ કર્યા કરતો હતો.

બીજી સ્ત્રીઓ આવીને જતી રહેતી. આ સ્ત્રી તો પછી બધાંની માફક નાસી નહિ જાય ? એ વિચારે તેને ગભરાવ્યો, સૌની માફક આ યુવતીએ પણ તેને પાસે બોલાવ્યો. તેણે બેત્રણ પેટીઓ પોતાના સૂવાના ઓરડામાં ગોઠવાવી, તે ઉપરથી એને લાગ્યું તો ખરું કે આ સ્ત્રી બહુ ઝડપથી નાસી નહિ જાય. છતાં ખાતરી કરવા તેણે પૂછ્યું : 'તમે અહીં રહેશો કે જતાં રહેશો ?'

પેલી યુવતીને હસવું આવ્યું. તેણે સામે પ્રશ્ન કર્યો : 'તમને શું ગમશે ? હું રહું તે કે જાઉં તે ?'

'અહીં રહો તે જ ગમે.' કુસુમાયુધે જવાબ આપ્યો. તેને

સમજ પડી નહિ કે આ સ્ત્રી તેને બહુવચનથી શા માટે સંબોધે છે.

તે સ્ત્રીએ કુસુમાયુધને થોડાં રમકડાં આપ્યાં, સારાં કપડાં પહેરાવ્યાં, માથું ઓળી આપ્યું. પોતાની સાથે જમવા બેસાડ્યો. બાળકને બહુ નવાઈ લાગી. આવી સ્ત્રી કોણ હશે ? કેમ આવી હશે ? કુસુમાયુધ તેની આસપાસ જ ફરવા લાગ્યો.

તેને એમ પણ લાગ્યું હશે કે પોતાની માફક પિતાને પણ આ સ્ત્રી ગમી છે ખરી. પરંતુ પિતાની આગળ તે બહુ ધીમે ધીમે કેમ બોલતી હતી ? આડું કેમ જોયા કરતી હતી ? આછું આછું હસતી કેમ હતી ? આ સ્ત્રી ઘરમાં રહ્યા જ કરે તો કેવું સારું ? મા પણ કેવી રીતે ઘરમાં રહેતી હતી ?

કુસુમાયુધથી રહેવાયું નહિ એટલે સૂતાં પહેલાં તેણે પૂછ્યું : ‘ તમે મારા સગાં થાઓ કે નહિ ? ’

‘ હા.’

‘ શા સગાં થાઓ ? ’

યુવતી સહજ અટકી. તેની આંખ સ્થિર થઈ. તેને સગપણની સમજ નહિ પડી હોય કે શું ? તત્કાળ સ્થિર થઈ તેણે જવાબ આપ્યો : ‘ હું તમારી મા થાઉં.’

‘ મા ? ’

કુસુમાયુધના હૃદયમાં અનેક વિચારો આવી ગયા. સગપણ સાંભળતાં બરોબર તેને એક વખત તો એમ જ થયું કે માની કોટે બાઝી પડું. પરંતુ કોણ જાણે કેમ તે એવી ચેષ્ટા કરી શક્યો નહિ. છતાં તેણે તે સ્ત્રીનો હાથ પકડી લીધો અને પોતાના બે હાથ વડે દાબ્યો. મા કહેવરાવવા માગતી સ્ત્રી જરા હસી; પરંતુ એકલું હસવું કાંઈ બસ થાય ? શા માટે તે પોતાને ખોળામાં લઈ વહાલ નથી કરતી ? કુસુમાયુધે શંકા પૂછી : ‘ તમે મારાં ખરાં મા થાઓ ? ’

બાળકની બુદ્ધિ મોટાંને તાવે છે. પરણીને આવી તે પહેલે જ દિવસે એક બાળક આ યુવતીની કપરી પરીક્ષા લેતો હતો. તે જાણતી

હતી કે મારે એક બાળકને ઉછેરવાનો છે; તે જાણીને જ તેણે પોતાનાં લગ્ન થવાં દીધાં હતાં. પરંતુ બાળઉછેર એ માને જ અતિ વિકટ થઈ પડતો પ્રશ્ન અપરમાને તો ઘણો જ વિકટ થઈ પડે એવો હતો એની તેને પૂરી ખબર નહોતી. છતાં તેણે જવાબ આપ્યો : 'હા ભાઈ! હું તમારી ખરી મા થાઉં, હો!'

'ત્યારે તમે મને "તું" કહીને કેમ બોલાવતાં નથી?'

'એમ કરીશ.'

'અને હું તમને શું કહું?'

'બહેન કહેજો.'

મા કે બા જેવો શબ્દોચ્ચાર સાંભળવાની એ યુવતીની હજી તૈયારી નહોતી. પત્ની તરીકેના કંઈ કંઈ કોડ તેને પૂરવાના હતા. 'મા' કે 'બા' શબ્દ તો બહુ ઘરડો પડે એમ તેને લાગ્યું.

બાળક હતાશ થયો. એ તેની ખરી મા નહોતી. નિઃશ્વાસ નાખી તે ઊંઘી ગયો.

૨

બીજી વાર લગ્ન કરનાર પુરુષને લોકો હસે છે, મહેણાં મારે છે. ક્વચિત તેનો હળવો તિરસ્કાર પણ કરે છે. મોટે ભાગે સ્ત્રીઓ અને પત્નીસુખ ભોગવતા પુરુષો આ વૃત્તિ ધારણ કરે છે. સ્ત્રીઓની એ વૃત્તિ સકારણ છે. સ્ત્રીઓને સંસારસુખ વગર ચાલશે અને તેમણે ચલાવવું જ જોઈએ એવી પ્રથા પાડનાર પુરુષો સંસારસુખ વગર ક્ષણ પણ ચલાવી ન લે તો તેઓ સ્ત્રીઓના તિરસ્કારને પાત્ર છે જ. પરંતુ પત્નીસહ સંસારસુખ અનુભવતા પુરુષો પણ એ તિરસ્કારવૃત્તિ દેખાડવામાં સામેલ થાય ત્યારે તેમને કોઈ જરૂર કહી શકે કે એ હક તમારો નથી.

બાળક કુસુમાયુધના પિતાએ ફરી લગ્ન કરવાનો નિશ્ચય કર્યો. પુરુષના એ હકનો તત્કાળ સ્વીકાર થયો અને તેનાં લગ્ન થયાં. પુરુષ

સમજણો હતો; તેણે પરણવા તૈયાર થયેલી યુવતીને કહી દીધું કે ગત પત્નીના પુત્રને પોતાના પુત્ર તરીકે જ તેણે ઉછેરવો પડશે. યુવતીએ તે કબૂલ કર્યું : એક પ્રકારના ઉત્સાહથી કબૂલ કર્યું. અને ઘરમાં આવી માતૃભાવભૂખ્યા કુસુમાયુધને પોતાના જ પુત્રની માફક ઉછેરવાનો પ્રામાણિક પ્રયત્ન તેણે આદર્યો.

'કુસુમાયુધ હવે ઊઠશો કે? સાત વાગી ગયા.' ધીમેથી તે બાળકને જગાડતી.

'હવે માથામાં ધુપેલ નાખવું જોઈએ.' બાળક તેની પાસે બેસી વાળ ઓળાવતો.

'હવે નાહી લ્યો.' કુસુમાયુધ નાહી લેતો.

'ભાઈ હવે ઊઠી જાઓ. બે કરતાં વધારે રોટલી ન ખવાય, માતાની આજ્ઞા પાળી બાળક ઊઠી જતો.

'બહુ દોડવું નહિ, હો!' બાળકના પગ આજ્ઞા થતાં અટકી જતા.

'અને ચીસ પાડીને બોલાય જ નહિ.' બાળકના અણુઅણુમાં ઉભરાતો ઉત્સાહ શમી જતો.

બાળકને રીતસર ઉછેરવાની તીવ્ર વૃત્તિ અપરમામાં જાગૃત થઈ ગઈ. બાળક સુખી અને સારો થાય એ માટે તેણે ભારે મહેનત લેવા માંડી.

બાળક સારો થતો ચાલ્યો, આજ્ઞાધારક થતો ચાલ્યો; પરંતુ તેને ખરેખર શંકા થવા લાગી : 'મા આવી હોય?'

આકાશમાં ઊડતું કલ્લોલતું પક્ષી એકાએક આજ્ઞાધારી વિમાન બની જાય અને જે સ્થિતિ અનુભવે તે સ્થિરતા કુસુમાયુધની થઈ. તેનાં કપડાંમાં સ્વચ્છતા આવી; તેની ગતિમાં સ્થિરતા આવી; ગૂંચવનારી પ્રશ્ન પરંપરાને બદલે ડહાપણભરી શાંતિનો એણે સહુને અનુભવ કરાવ્યો; અને આખો દિવસ પગ ન વાળતો ધાંધલિયો છોકરો નિશાળે જવાની પણ હા પાડવા લાગ્યો.

માત્ર તેનું શરીર સુકાતું ચાલ્યું.

'આ કુસુમાયુધ બિલકુલ લોહી લેતો નથી. ડૉકટરને પૂછો ને ?' અપરમાને ચિંતા થઈ.

પિતાને વધારે ખાતરી થઈ કે મા પોતાની ફરજ બરાબર બજાવે છે. તેણે સારા ડૉકટરને બોલાવ્યો, ડૉકટરે કુસુમાયુધને જોઈ મત આપ્યો : 'કાંઈ ખાસ વિક્રિયા નથી. કોડલીવર આપો.'

માએ કોડલીવર કાળજીપૂર્વક પાવા માંડયું. બાળકને લાગ્યું કે આ ગંદી દવા પીવી એના કરતાં માંદા રહેવું એ વધારે સારૂં છે. છતાં માની શિખામણ અને આગ્રહ આગળ તેણે પોતાના મતને કચરી નાખ્યો. —

'ભાઈ ! આટલી દવા પી લ્યો; પછી રમવા જાઓ.' મા કહેતી.

'બહેન ! એ તો નથી ભાવતી.'

'ન ભાવે તો ય એ તો પીવી પડે.'

'કેમ ?'

'ડૉકટરસાહેબે કહ્યું છે.'

'એમના કહ્યા પ્રમાણે કરવું જોઈએ ?'

'હાસ્તો !'

'તે બધાંયના કહ્યા પ્રમાણે કરવું જોઈએ ?'

મોટાં કહે તે પ્રમાણે નાનાંએ કરવું જ જોઈએ.'

'ન કરીએ તો ?'

'માંદા પડાય.'

'હું માંદો પડયો છું ?'

'હા; જરાક.'

'દવા ન પીઉં તો ?'

'તો મરી જવાય.'

અપરમાએ બીક બતાવી. બાળકને તે ધમકાવતી નહિ. બાળ-ઉછેર વિષે તેણે ઘણું વાંચ્યું હતું એટલે ધમકાવવા કરતાં વાદવિવાદ

કરી બાળકને નિરુત્તર બનાવી તેની પાસે પોતાનું કહ્યું કરાવતી. આટલી લાંબી વાત ક્વચિત જ થતી; પરંતુ થતી ત્યારે બાળકને શાસ્ત્રીય રીતે સમજાવ્યાનો તેને સંતોષ થતો. જોકે બાળકનો મત એ વિષે જુદો જ હતો.

'મરી જવાય તો શું ખોટું?' શાન્ત બની કોડલીવર પી જતાં બાળકના હૃદયમાં પ્રશ્ન થયો.

'મા મરી ગઈ છે એમ કોઈ કહેતું હતું.' તેને પોતાની માતા સંબંધી ઝાંખી ભુલાઈ જવા આવેલી વાત યાદ આવી.

'હું પણ મરી જાઉં તો માને મળાય, નહિ?' તેના મને તર્ક કર્યો. એ તર્ક તેને પ્રમાણરૂપ લાગ્યો.

કોડલીવર અને કાળજી છતાં કુસુમાયુધ ખરેખર માંદો પડ્યો.

૩

'ભાઈ! તમને શું થાય છે?' નિત્યનિયમ પ્રમાણે નાહીને જમવા આવતા બાળકને માતાએ પૂછ્યું.

'કાંઈ નહિ, બહેન!' કુસુમાયુધે જવાબ આપ્યો.

'અરે, પણ તમારી આંખો તો લાલ થઈ ગઈ છે!'

'મને ખબર નથી.'

'અને આ શરીર ઉપર રૂંવાં ઊભાં થઈ ગયાં છે!'

'જરા ટાઢ વાય છે.'

'ત્યારે તમે નહાયા શું કરવા?'

'નહાયા સિવાય જમાય નહિ, અને જમ્યા સિવાય તો નિશાળે કેવી રીતે જવાય?' કુસુમાયુધે પોતાના જીવનને ઘડતા એક ગૃહ-નિયમનું પ્રમાણ ટાંક્યું. એમ કરતાં બાળક વધારે કંપી ઊઠ્યો. માતાએ જોયું કે કુસુમાયુધના દાંત કકડી ઉઠતા હતા. તેણે બૂમ પાડી: 'અરે બાઈ! જો ને, ભાઈને તાવ તો નથી આવ્યો?'

નોકરબાઈએ આવી બાળકના શરીરને હાથ અડાડ્યો અને કહ્યું:

'બા સાહેબ! શરીર તો ધીકી ઊઠયું છે!'

'આમ એકદમ શાથી થયું?'

'હું નવરાવતી હતી ત્યારે મને શરીર જરા ઊનું લાગ્યું હતું.'

'ત્યારે તેં નવરાવ્યો શું કામ?'

'મારા મનમાં કે અમસ્તું જ હશે.'

'જા જા, પથારી પાથરી ભાઈને સુવાડી દે. બરાબર ઓઢાડજે. હું ડૉક્ટરને બોલાવું.'

'પણ બહેન! મારી નિશાળનું શું?' નોકરબાઈના હાથમાં ઉંચકાતા કુસુમાયુધે પૂછ્યું.

માતાને આ બાળકની નિયમભક્તિ જોઈ દયા આવી. તે બોલી ઊઠી:

'મોઈ નિશાળ! આવા તાવમાં જવાય? જઈને સૂઈ જાઓ, ભાઈ, હું આવું છું હો.'

નોકરબાઈ બાળકને ઊંચકી લઈ ગઈ. માતા બબડી ઊઠી: 'ભાડૂતી માણસો! એમને શી કાળજી? શરીર ઊનું હતું ત્યારે નવરાવ્યો જ શું કામ? પણ નોકરને શું?'

થોડી વારમાં ભાડૂતી ડૉક્ટર પણ આવી પહોંચ્યા. ભાડૂતી બાઈના હવાલાને બદલી નાખી તે ક્ષણ પૂરતો બાળકનો હવાલો અપરમાએ લીધો. બાળકને તાવ કેમ આવ્યો, ક્યારે આવ્યો વગેરે હકીકત તેણે ડૉક્ટરને કહી. સૂવા મથતા બાળકની આંખોનાં પોપચાં ડૉક્ટરે ખેંચી ઉઘાડ્યાં; તેની બગલમાં થર્મામીટર ખોસી દીધું; બાળકને તેમણે ચત્તું કર્યું, ઊંધું સુવાડ્યું, અને તેની છાતી, પેટી તથા વાંસામાં તડિંગ તડિંગ આંગળાં ઠોકાયાં. ઊથલાઊથલી પૂરી કરી ડૉક્ટરે દવા લખી આપી; અને જરૂર પડ્યે ફરી બોલાવવાનું ધીરજપૂર્વક સૂચન કરી તેઓ ચાલ્યા ગયા.

બાળકનો તલખાટ વધી ગયો. તેનો દેહ આમતેમ તરફડતો હતો. માતાએ ડૉક્ટરને ફરી બોલાવ્યા બાળકના પિતાને પણ કચેરી-

માંથી બોલાવ્યા. પતિપત્ની બાળકની પાસેથી ઊઠયાં નહિ. રાત્રે માએ જમવાનું પણ માંડી વાળ્યું.

બાળકના માથા ઉપર સતત બરફ મૂકવાનો ડૉકટરનો હુકમ હતો. ડૉકટરો હુકમ આપતી વખતે હુકમ પળાવાની શકયતાનો ભાગ્યે જ વિચાર કરે છે. નોકરો બરફ મૂકી કંટાળ્યા, અને બાળકના માથા ઉપર જ ઝોકાં ખાવા લાગ્યા. માતાએ નોકરોને સુવાડી દીધા અને બરફ ફેરવવાનું પોતે શરૂ કર્યું. ફરજ બજાવવા મથતી માતાને એમાં કાંઈ ભારે કામ લાગ્યું નહિ. રાતના બાર વાગતાં સુધી તેણે વગર આંખ મીંચ્યે બાળકને માથે બરફની થેલી ફેરવ્યા કરી. પછી તેના પતિએ આગ્રહ કરીને તેને સુવાડી. અને તે પોતે પુત્રની શુશ્રુષામાં રોકાયો.

માતાને કોણ જાણે કેમ ઊંઘ ન આવી. જરા વાર થઈ અને બાળકે ચીસ પાડી : ' ઓ મા ! '

અપરમા પથારીમાંથી એકદમ ઊઠીને બેઠી થઈ ગઈ. અણઘડ પુરુષના હાથમાંથી થેલી તેણે લઈ લીધી અને તે પછી પોતે બાળક પાસે બેઠી.

રાત્રિના એકાન્તમાં ફરી બાળક લવી ઊઠયો : ' મા ! '

' ઓ દીકરા ! ' એમ જીભે આવેલા શબ્દ માતાએ ઉચ્ચાર્યા નહિ; તેને જરા શરમ આવી. તેણે માત્ર એટલું જ પૂછયું : ' કેમ ભાઈ ! શું છે ? '

બાળકે આંખ ઉઘાડી અને અપરમા સામે જોયું.

' તમે નહિ. ' કહી બાળકે આંખ મીંચી દીધી.

' બૂમ પાડી ને ? '

' એ તો માને બૂમ પાડી. ' આંખ ખોલ્યા વગર બાળકે કહ્યું.

' તે હું જ મા છું ને ! ' માતાએ કહ્યું.

બાળકે ફરી આંખ ઉઘાડી માતા તરફ તાકીને જોયું.

' હા, પણ હું તો મારી ખરી માને બોલાવું છું. '

અપરમાનું હૃદય ધડકી ઊઠ્યું. તેના હૃદયમાં ચીરો પડ્યો. ‘હજી આ બાળકને હું ખરી માતા સરખી નથી લાગતી ?’

તેણે કહ્યું : ‘તે હું જ વળી ખરી મા છું.’

‘ખરી મા મને તું કહેતી હતી : તમે નહિ.’

‘મેં ક્યારે તને ‘તમે’ કહીને બોલાવ્યો ?’ માતા જૂઠું બોલી.

‘પણ મારી ખરી મા તો મરી ગઈ છે ને ?’

‘તે હું આવી, જોતો નથી ?’

‘કેમ ?’

‘ઓ દીકરા, તારે માટે !’

અપરમા ખરી મા બની ગઈ. તેણે બાળકના મુખ ઉપર પહેલું ચુંબન લીધું. તેના હૃદયમાં માતૃત્વનો પાતાળકૂવો ફૂટી નીકળ્યો. બાળકની નાની પલંગડીમાં તે સૂતી અને બાળકને તેણે છાતી સરસો લીધો.

બાળકને આ ઉમળકાનો ઊંડો અર્થ સમજવાની જરૂર નહોતી. તે તો એટલું જ સમજ્યો કે આમ છાતી સરખો ચાંપીને ખરી મા જ સૂએ. ખરી માને બાઝીને કુસુમાયુધ ગાઢ નિદ્રામાં પડ્યો : તેના દેહને બાળતો અગ્નિ શાન્ત પડી ગયો.

હવે તેના મસ્તક ઉપર બરફ મૂકવાની જરૂર નહોતી. આજે તે માની અમૃતભરી સોડ પામ્યો હતો.

# લગ્નની ભેટ

## ૧

'સુરભિ ! જો ને બહાર કોણ ઘર પૂછે છે ?'

નિસ્તેજ અને જીર્ણ લાગતા ઘરની ઓસરીમાં ખાટલા ઉપર સૂતેલી એક રોગગ્રસ્ત સ્ત્રીએ પોતાની દીકરીને ધીમેથી પૂછ્યું.

સુરભિ અંદરના ખંડમાં દીવો સળગાવતી હતી. સંધ્યાકાળનો સમય થયો હતો. બહારના ચોગાનમાં એક ગાડી ખખડી અને ગાડીવાનનો મોટો અવાજ સંભળાયો :

'રામરાયનું ઘર કયું ?'

સુરભિએ તેમ જ તેની માતા નીલમગૌરીએ આ પ્રશ્ન સાંભળ્યો. ગાડીવાળો નવો હોવો જોઈએ, નહિ તો રામરાયનું ઘર પૂછે જ નહિ. એ ઘર આખા ગામને જાણીતું હતું.

સુરભિ દીવો કરી બહાર આવી. માતાએ નિઃશ્વાસ નાખ્યો.

'પાંચ સાત વર્ષમાં પણ લોકો આપણને ભૂલી જાય છે !' તેના મનમાં વિચાર આવ્યો. રામરાય સાતેક વર્ષ ઉપર સંતાનમાં માત્ર એક પુત્રીને મૂકી મરણ પામ્યા હતા. મરતાં સુધી તેમણે ગામની આગેવાની કરી હતી. પ્રજાવર્ગમાંથી અંદર અંદરના ઝઘડાનું નિરા-

કરણ તેઓ જ કરતા, અને તેમને લીધે ગામની એવી પ્રતિષ્ઠા જામી હતી કે ગામનો એક પણ ઝઘડો અદાલતે જતો નહિ. તેમના મૃત્યુથી આખા ગામ ઉપર શોકની છાયા પથરાઈ ગઈ હતી.

પરંતુ જીવતું જગત મૃત મનુષ્યોને ઝડપથી વીસરી જાય છે. ગાડીવાળો એકબે વર્ષથી ગામમાં આવ્યો હતો. તેની ઉમ્મર પણ નાની હતી, એટલે તેને રામરાયના મહત્ત્વની ખબર નહોતી. રામરાયના જીવતાં તો અનેક મહેમાનો તેમને ત્યાં આવતા; પરંતુ બેત્રણ વર્ષથી ભાગ્યે કોઈ મહેમાન પણ તેમને ઘેર આવ્યો હોય.

સુરભિએ ઓટલે આવી પૂછ્યું :

'કેમ ભાઈ! કોનું કામ છે?'

'આ સાહેબ આપને ત્યાં આવ્યા છે.' ગાડીવાળાએ કહ્યું. ગાડીવાળાએ સાહેબ તરીકે ઓળખાવેલા મહેમાન નીચે ઊતર્યા. તેમના હાથમાં એક બૅગ હતી. સંધ્યાકાળના આછા અંધકારમાં પણ એ મહેમાન કોઈ ખૂબસૂરત યુવાન હોય એવો સુરભિને ભાસ થયો. તેમની પાછળ એક નોકર ઊતર્યો.

સુરભિએ તે યુવકને ઓળખ્યો નહિ. યુવકે સુરભિને અટકળથી જ ઓળખી અને તેને નમસ્કાર કર્યા. તે ઓટલા ઉપર ચડ્યો. સુરભિએ અંદર આવવાનો માર્ગ દાખવી કહ્યું :

'આવો.'

ઓસરીમાંથી નીલમગૌરીએ પૂછ્યું :

'બહેન કોણ આવ્યું ?'

સુરભિ જરા મૂંઝવણમાં પડી. જવાબ આપવાને બદલે તે યુવક સામે જોઈ મીઠું હસી. યુવક સમજ્યો અને બોલ્યો :

'નીલમકાકી! એ તો હું છું, રશ્મિ.'

'રશ્મિ! તું ક્યાંથી? આવ, આવ દીકરા!'

ખાટલા પાસે એક જૂની ખુરશી પડી હતી. તેના ઉપર રશ્મિ બેઠો.

'રશ્મિ! તું તો બહુ મોટો થઈ ગયો.' નીલમગૌરીએ ખાટલામાં

સૂતે સૂતે ધારીને રશ્મિને જોયો અને પછી કહ્યું. રાત્રે પણ તેમની આંખો સતેજ હોય એમ લાગ્યું.

જેનો શબ્દમાં જવાબ ન અપાય તેનો સ્મિતમાં જવાબ હોઈ શકે. રશ્મિએ સ્મિત કર્યું. માના પગ પાસે બેઠેલી સુરભિ આડી આંખે રશ્મિને જોયા કરતી હતી. યુવતીઓ યુવકોની પરીક્ષા નથી કરતી એમ કહેવાય નહિ; પરંતુ કોઈ પણ યુવકે એમ ધારવાનું નથી કે તીરછી આંખે જોતી યુવતી તેને પરીક્ષામાં પસાર કરી દે છે.

'મારે આવવું જોઈતું હતું, પણ હું શું કરું? મારું શરીર અશક્ત–ભારરૂપ.' નિઃશ્વાસ નાખી નીલમગૌરી બોલ્યાં. કેટલાંક વર્ષના સંધિવાને લીધે તેમનો દેહ અટકી પડચો હતો. જરા રહી વળી તેમણે કહ્યું : 'બહુ ખોટું થયું. સો જજો, પણ સોનો પાળનાર ન જ જજો.'

રશ્મિના પિતા બારેક માસ ઉપર ગુજરી ગયા હતા તેનો ઉલ્લેખ આ શબ્દોમાં હતો. મૃત મનુષ્યો માટે તેમના સ્નેહી આગળ કેવી રીતે દુઃખ પ્રદર્શિત કરી સમભાવ દર્શાવવો એ સંસારનો એક કોયડો છે. જૂની હિંદુ જનતામાં એ આવડત સારી હતી.

'ઈશ્વરે એટલું સામું જોયું કે તારા સરખો દીકરો પાછળ મૂકચો છે. બાપનું નામ રાખો અને માને સુખ આપો. બીજું તો શું? માણસ ગયું તેની કાંઈ જગા પુરાય છે?'

રશ્મિને જવાબ દેતાં આવડચું નહિ. સ્વર્ગસ્થ પિતાનો ઉલ્લેખ તેના હૃદયને સ્વાભાવિક રીતે હલાવતો હતો.

'સુરભિ! તું રશ્મિને ક્યાંથી ઓળખી શકે? મેં દસ વર્ષે જોયો. રશ્મિ! વિલાયત ત્રણેક વર્ષ રહ્યો, ખરું?'

'હા કાકી.'

'તારાં માનું શરીર સારું છે ને?'

'હા. જી.'

'બિચારા! ગયે વર્ષે તો તારાં લગ્ન કરવાનું ધારતાં હતાં, તેમાં આમ થયું. પ્રભુને ગમે તે ખરું. સુરભિ, બેટા! આ રશ્મિ માટે

ચા કરી લાવ અને પછી એને ઇચ્છા હોય તે વખતે જમાડી લે.' નીલમગોરી બોલ્યાં.

માના પગ ઉપર ધીમે ધીમે હાથ ફેરવ્યા કરતી સુરભિ ઊઠી અંદરના ભાગમાં ગઈ. રશ્મિને લાગ્યું કે સુરભિની આંગળીઓ ઘણી ઘાટીલી છે.

## ૨

સુરભિના પિતા રામરાય અને રશ્મિના પિતા રણજિતરાય એ બંને મિત્રો હતા. બંનેના માર્ગ જુદા હતા. રામરાયે જમીનજાગીર સાચવી સ્થાનિક પ્રતિષ્ઠા મેળવી સંતોષ કેળવ્યો, પરંતુ સાહસિક રણજિતરાયે ભારે અભિલાષાઓ સેવી હતી. રણજિતરાયે જીવનમાં પ્રવેશ કર્યો ત્યારે તેમની સ્થિતિ અત્યંત ગરીબ હતી. તે વખતે તેમને એવી ઇચ્છા હતી કે દસપંદર હજાર રૂપિયા ભેગા થાય તો બસ; પરંતુ દસપંદર હજાર ભેગા થતાં બરાબર લાખ રૂપિયા એકઠા કરવાની વૃત્તિ જાગૃતિ થઈ. એ રકમ પણ તેમણે મેળવી, એટલે દસ લાખથી સંતોષ મેળવવાનો નમ્ર નિશ્ચય તેમણે કર્યો. એ નિશ્ચય પણ ફળ્યો, એટલે તેમની દૃષ્ટિ એથી પણ વધારે વિશાળ બની.

પરંતુ ધનસંપાદન કરવામાં સુખનો ભારે ભોગ આપવો પડે છે. કોઈ પણ સુખ ભોગવવા માટે એક પ્રકારની માનસિક શાંતિ અને શારીરિક આસાયેશ જરૂરનાં છે. સંપત્તિ મેળવવામાં શરીર અને મન બંનેને દોડતાં રાખવાં પડે છે. ધનિક બનવાની તમન્નામાં પત્નીના સુંદર મુખ સામે જોતાં જોતાં મન આગળ મિલનું ભૂંગળું આવી ઊભું રહે છે, અને બાળકને રમડતાં રમાડતાં દલાલોનું ટોળું દેખાઈ આવે છે.

આવી સ્થિતિમાં રામરાય અને રણજિતરાય પરસ્પરથી વિખૂટા પડી ગયા હતા. શરૂઆતમાં તો બંને એકબીજાને મળ્યા વગર રહેતા નહિ. પરંતુ સમય જતાં રામારાયને લાગ્યું કે તેના મિત્ર તેના વગર

ચલાવી શકે એમ છે. તેમણે મિત્રને ત્યાં જવું મૂકી દીધું. પરંતુ વ્યાપારની ગડમથલથી કંટાળી જતાં રણજિતરાય વર્ષે બે વર્ષે ચારપાંચ દિવસ રામરાયને ગામ આવી તેમની સાથે ગાળતા. પાછલા ભાગમાં તે પણ ઓછું થઈ ગયું. આબુ મહાબળેશ્વર, મસૂરી અને કાશ્મીરના પ્રવાસો ગોઠવતા રણજિતરાયના કુટુંબનો રામરાયના કુટુંબ સાથેનો પરિચય ઘસાઈ ગયો. બંને મિત્રો મિત્ર જ રહ્યા, પરંતુ બંને કુટુંબોમાં નિકટતા ન આવી. રશ્મિ અને સુરભિ પરસ્પરને ઓળખતાં નહોતાં.

સુરભિ ચા લઈ આવી. ઉપરના એક ખંડમાં રશ્મિને ઉતારવાની સગવડ કરવા માતાની આજ્ઞા થતાં તે ઉપરનો ઓરડો ઠીક કરી, આવી. રાત્રે ઝડપથી તેણે પોતાને હાથે રસોઈ કરી. અનેક નોકરોને બૂમ મારવા ટેવાયેલો રશ્મિ વિચારમાં પડ્યો કે સુરભિને મુખેથી એક અક્ષર પણ કેમ નીકળતો નથી ? તે મૂંગી તો નહિ હોય ? એટલા ઉપર ગાડીવાળાને પૂછેલા પ્રશ્નનું ઝાંખું સ્મરણ રશ્મિને ન હોય તો તે જરૂર માની લેત કે સુરભિની વાચા ઊઘડી જ નથી.

'સુરભિ ! હવે રશ્મિને જમાડી લે.' નીલમગૌરીએ કહ્યું.

રશ્મિ જોડે આવેલો નોકર રશ્મિની કાળજી રાખવા મહેનત કરતો હતો એટલું જ નહિ, પણ સુરભિને સહાય આપવા પણ તે મથતો હતો; પરંતુ સુરભિને નોકરની સહાય જરૂર વગરની થઈ પડી. રશ્મિ એટલું તો જોઈ શક્યો કે આ ઘરમાં નોકર રસોઇયા નહોતા. સુરભિને જ માથે એ બોજો પડતો હશે ? રશ્મિને અનુકંપા ઊપજી. એ અનુકંપાની સુરભિને જરૂર હતી કે કેમ એ બીજી વાત છે; પરંતુ નોકર અને રસોઇયા કરતાં વધારે સારી વ્યવસ્થા જીર્ણ દેખાતા ઘરમાં તે જોઈ શક્યો.

કોઈ પણ સુંદરીની હાજરીમાં જમવું એ યુવકો માટે વિકટ તપસ્યારૂપ છે. રશ્મિ નીચું જોઈ જમતો હતો; સુરભિ નીચું જોઈ પીરસતી હતી. બહારથી નીલમગૌરી બબ્બે ત્રણત્રણ ક્ષણે કંઈ

કે વાકચા ફેંકચે જતાં હતાં : ‘ સુરભિ ! બરાબર પીરસજે...એ શરમાય નહિ...પાટલો મોટો જ મૂકચો હશે...દૂધમાં ખાંડ નાખવી ભૂલીશ નહિ...રશ્મિ સવારનો ભૂખ્યો હશે...’

તેમનાથી ખાટલો મૂકીને ખસાય એમ નહોતું. રશ્મિ અને સુરભિ બંને યુવાન હતાં; બેમાંથી કોઈ પરણ્યું નહોતું. પરણ્યાં હોય તોપણ આ ઉંમરે યુવકયુવતીને એકલાં મૂકવાં ઇચ્છવા યોગ્ય નથી એમ તેઓ જાણતાં હતાં. એટલે બંને યુવાનોને ક્ષણે ક્ષણે ચોંકાવતા શબ્દો તેઓ સંભળાવતાં હતાં. તેમાં કોઈનું અપમાન થાય છે એવો ખ્યાલ કરવા જેટલાં તેઓ આગળ વધેલાં નહોતાં.

છેવટે રશ્મિથી ઊંચે જોયા વગર રહેવાયું નહિ.

‘ અરે, તમે તો પીરસ્યે જ જાઓ છો ! આ વધારે પડશે.’

રશ્મિનો બોલ સાંભળી સુરભિ ચમકી. તેના હાથમાંથી વાસણ પડી ગયું. ખણખણ થતા અવાજે આખા ઘરમાં વાસણ પડચાની જાહેરાત આપી દીધી. સુરભિએ રશ્મિ સામે જોયું અને તે હસી પડી.

‘ બહેન ! શું થયું ? ’ નીલમગૌરીનો પ્રશ્ન પાછળ દોડચો.

‘ કાંઈ નહિ, બા !’ સુરભિ એક વાકચ બોલી.

રશ્મિને લાગ્યું કે સુરભિનો કંઠ જીવંત છે—એટલું જ નહિ, તે મીઠો પણ છે.

## ૩

નોકરે કહ્યું :

‘ ભાઈ ! હવે જવું નથી ? રાત રહી પાછા વળવાનું હતું તેને બદલે ત્રણ દિવસ થઈ ગયા.’

રશ્મિને લાગ્યું કે નોકરની સૂચના વાસ્તવિક હતી. ઘર આગળ હજી ઘણું કામ પડચું હતું. વૈભવ ભોગવતા રશ્મિને અહીં રહેવું કેમ ગમતું હતું ? ઘરનો દેખાવ બહારથી જીર્ણ લાગતો હતો; પરંતુ અંદર સ્વચ્છતા અને સફાઈ થોડાં નહોતાં, વળી રશ્મિના ઓરડામાં

તો થોડો ગૃહશંગાર પણ ગોઠવાયો હતો. પિતાના સમયની ચીજો આજ લગી નિરુપયોગી પડી રહેલી તે સાફ કરી સુરભિ છાનીછાની રશ્મિવાળા ઓરડામાં ગોઠવી આવતી. ત્રણ દિવસમાં ભાગ્યે ત્રણ વાર સુરભિને બોલતાં તેણે સાંભળી હશે; તેને અહીંથી જવાનો વિચાર આવતો નહોતો. નોકરે સંભાર્યું એટલે તેણે કહ્યું :

'વાત ખરી છે. પણ કાકીનો આગ્રહ એટલો બધો છે કે મારાથી કશી વાત પણ થઈ નથી.'

'ત્યારે આજે હવે વાત કરી લ્યો.' નોકરે કહ્યું. નોકરો ઘણી વખત સલાહકારની ગરજ સારે છે.

સાંજે નીલમગૌરી પાસે બેસીને રશ્મિએ કહ્યું :

'નીલમકાકી ! હું કાલે સવારે જઈશ.'

'એટલામાં ?' નીલમે સૂતે સૂતે પૂછ્યું. સુરભિએ પણ ઊંચું જોયું.

'ત્યાંથી તાર પણ આવ્યો છે અને કામ બાકી છે.'

'વારુ, ભાઈ ! બીજું તો શું કહું ? આમ આવીને મળી ગયો તે મને તો એવું સારું લાગ્યું બાકી આજ સંબંધ કોણ તાજો કરે ?'

'અહીં આવવામાં મારે એક કારણ હતું.'

નીલમગૌરી જરા ચમક્યાં. આજકાલના વંઠેલ છોકરાં પણ જાણે શું યે કારણ બતાવે !

'એમ કે ?' તેમણે એટલેથી જ પતાવ્યું, પરંતુ કારણ પૂછ્યું નહિ. ગૂંચવાતે ગૂંચવાતે રશ્મિએ કહ્યું.

'મારે થોડા રૂપિયા અહીં મૂકી જવાના છે.'

કોઈ પેઢી ન મળી ?' હસીને નીલમગૌરીએ પૂછ્યું.

એમ નહિ; આપને ત્યાં જ આપવાના છે.'

'આ ત્રણ દિવસ રહ્યો તેનું ભાડું આપવા ધારે છે ?'

'ના જી, એમ તે હોય !'

'ત્યારે ભેટ આપવાના છે ? ' આંખો ચમકાવી હસતે મુખે નીલમગૌરી પૂછ્યે જતાં હતાં.

'ના જી, એ તો આપના લહેણા છે.'

'મારા લહેણા ? મને ખબર નથી.'

'ભાઈના વસિયતનામામાં એ લખેલું છે.'

'રશ્મિએ એક દસ્તાવેજ જેવો લેખ કાઢ્યો. તેના પિતાએ પોતાનું વસિયતનામું કરેલું, તેમાં એક કલમ એવી પણ હતી કે :

'વીસ હજાર રૂપિયા રામરાયના માગણા પેટના આપવા બાકી છે. તે વહેલી તકે તેમનાં પત્ની અગર જો તેની હયાતી ન હોય, અથવા તેઓ લેવાની ના પાડે, તો તેમની પુત્રી સુરભિને આપવા.'

સુરભિ શબ્દનો ઉચ્ચાર કરતાં રશ્મિનો કંઠ થડક્યો. સુરભિ પગના અંગૂઠા તરફ નિહાળી રહી. નીલમગૌરી ધીમેથી બોલ્યાં :

'રશ્મિ ! અમારું લહેણું તો અમને મળી ગયું છે. '

કેવી રીતે ? આ લેખમાં તો લહેણું છે એમ નીકળે છે ! '

નીલમગૌરીએ પૂર્વ ઈતિહાસ ઉકેલ્યો.

રણજિતરાયને એક વખત પાંચ હજાર રૂપિયાની ખાસ જરૂર પડી; વંધાની શરૂઆત હતી. જો એ પાંચ હજાર રૂપિયા તે વખતે ન મળ્યા હોત તો તેઓ ધંધો આગળ વધારી શકત નહિ. રામરાયે ખરા મિત્ર તરીકે ગમે તેમ સગવડ કરી પાંચ હજાર રૂપિયા તેમને આપ્યા.

બેત્રણ વર્ષે રામરાયને વ્યાજ સાથે એ રકમ રણજિતરાય પાછી આપવા આવ્યા. રામરાયે વ્યાજની રકમ લીધી નહિ. રણજિતરાય પોતાના મિત્રનો ઉપકાર ભૂલે એવા નહોતા. વ્યાજની રકમ તેમણે રામરાયના માગણા તરીકે વ્યાપારમાં રોકી, અને તેમાંથી સારી રકમ ઉભી કરી.

રામરાયના જીવતાં એકબે વખત તેઓ દસબાર હજારની રકમ આપવા આવેલા; રામરાયે ત્યારે તેની ના પાડેલી.

'તું તો ઘેલો થયો છે. શા માટે તારા પૈસા આપી દેવા મથે છે?' રામરાય ઠપકો આપતા.

'અરે' પણ તું ન હોત તો મારી સ્થિતિ કેવી થાત? અડધી રાતે તેં વગર જામીને પાંચ હજાર જેટલી રકમ આપી એ હું ભૂલી જઈશ?'

'તેથી શું? તેં મને મારી માગતી રકમ આપી દીધી છે.'

'ના; વ્યાજ બાકી છે.

'મારે વ્યાજ ભરવું પડયું નથી એટલે હું વ્યાજ લેવાનો નથી.'

'જો; એ તારા વ્યાજની રકમ જુદી કાઢી તેમાંથી આટલી રકમ કરી છે. એ લીધા વગર ચાલશે જ નહિ.'

'તું યે જાદુગર છે. પાંચ હજારનું વ્યાજ અને એ વ્યાજની રકમમાંથી દસ-બાર હજારની રકમ તું કરી લાવ્યો! એ તારી આવડતનું ફળ હું ન લઈ શકું.'

'વેપારમાં તો એમ જ બને!'

'મેં ક્યાં વેપાર કર્યો છે?'

'તારી રકમનો તારે નામે મેં વેપાર કર્યો.'

'જો ખરી રીતે તારે મને બદલો આપવો હોય તો તારી આખી મિલકત મને લખી આપ. મેં એ રકમ આપી તેથી તું લક્ષાધિપતિ થયો, એટલે તું જે કમાયો તે બધું જ મારું છે.'

આ સાંભળી જતાં રણજિતરાયે મુનીમને બૂમ મારી અને દસ્તાવેજ મંગાવ્યો. મુનીમને હુકમ કર્યો:

'આપણી બધી મિલકત રામરાયને નામે કરી દો.'

રામરાય હસ્યા. તેમણે મુનીમને કહ્યું:

'તમારા શેઠને ઉદારતાની આંકડી આવી છે. રખે એના કહ્યા પ્રમાણે કંઈ કરતા.'

આમ રામરાયે પોતાને નામે ચાલતી રકમ રણજિતરાયના ભારે પ્રયત્ન છતાં લીધી નહિ. રામરાય ગુજરી ગયા પછી નીલમગૌરીને તે

રકમ આપવાનો રણજિતરાયે પ્રયત્ન કર્યો, પરંતુ પતિના અભિપ્રાય જાણતી વિધવાએ પૈસાની ભારે જરૂર છતાં રકમનો અસ્વીકાર કર્યો.

છેવટે રણજિતરાયને એ રકમની શી વ્યવસ્થા કરવી તેનો વસિયતનામામાં ઉલ્લેખ કરવો પડચો. પિતાના મૃત્યુ પછી એ વસિયતનામાના આધારે રશ્મિને એ વ્યવસ્થા કરવાની હતી. રશ્મિની માતાએ વિવેક ખાતર રશ્મિને જાતે મોકલ્યો.

એ માટે તે નીલમગૌરીનો મહેમાન થયો હતો. તેને આ પૂર્વ-ઇતિહાસની ખબર નહોતી.

‘કહે, હવે મારાથી કે સુરભિથી એ રકમ કેમ લેવાય?’ નીલમગૌરીએ છેવટે પૂછ્યું.

રશ્મિ ચમક્યો. ગ્રામ્યનિવાસી કુટુંબમાં સૌન્દર્ય તો હતું. પણ આવા ઉચ્ચ સંસ્કાર સુધ્ધાં હતા! આટલી સૂક્ષ્મ પૃથક્કરણશક્તિ દેવા-લહેણામાં જે બતાવે એ કુટુંબમાં ભળવું એ પણ એક જાતનું માન હતું. એમ તેને લાગ્યું આખું ગૃહ જીર્ણને બદલે જાજ્વલ્યમાન લાગવા માંડયું. એ જાજ્વલ્યમાન ગૃહની છેલ્લી પ્રતિનિધિ સુરભિ એટલા માટે જ આવી જ્વલંત દેખાતી હતી?’

‘પણ કાકી! એ વીલની કલમ હવે ફરે નહિ,’ રશ્મિએ થોડી વારે કહ્યું.

‘ત્યારે આપણે એમ કરીએ. આ રકમ મેં લીધી એમ ધાર. માત્ર તારા લગ્નની ભેટ તરીકે તને હું પાછી આપી દઉં છું; બસ?’

રશ્મિ વધારે ચમક્યો.

‘પણ મારું લગ્ન ક્યાં થયું છે?’

‘આવતે વર્ષે પણ થશે તો ખરું! તે વખતે ભેટ ખાતે એ રકમ ફેરવી નાખજે.’

‘પણ આ લેખમાં તો...તો સુરભિગૌરીનો પણ હક રાખ્યો છે.’ રશ્મિએ કહ્યું. સુરભિનું નામ લેતાં ફરી રશ્મિ ગૂંચવાયો.

‘સુરભિનું મન સુરભિ જાણે; હું શું કહું? કેમ સુરભિ?’

'ના; બા! મારે એ નથી લેવા. હું પણ એ એમને લગ્નભેટ આપું છું.' સુરભિ ત્રણ દિવસે આટલું લાંબું વાક્ય બોલી. રશ્મિનું રુધિર ઊછળી આવ્યું. એ કોકિલકંઠ સતત સાંભળ્યા કરવો હોય તો તે કંઠને પકડી રાખવો ન જોઈએ? નીલમગૌરી ન હોત તો જરૂર એણે સુરભિનું ગળું બે હાથ વચ્ચે લઈ લીધું હોત.

આખી રાત જાગતાં પડી રહેલ રશ્મિને સવારે વહેલાં ઊઠી જવું ગમ્યું નહિ. પરંતુ સુરભિએ વહેલી બધી તૈયારી કરી રાખી હતી, અને ગાડીવાળાએ બહાર આવી બૂમ પાડી એટલે ગયા વગર છૂટકો નહોતો.

બંને યુવક-યુવતી ઉપર પહેરો ભરવા માટે પાડોશનાં એક ગંગાકાકીને બે દિવસથી સતત હાજર રાખ્યાં હતાં, એટલે પહેલે દિવસે નીલમગૌરીને પડેલી મુશ્કેલી ઓછી થઈ ગઈ. વાત કરવાની જરા પણ તક કોઈને મળી નહિ.

પરંતુ વૃદ્ધોનાં કેદખાનાંની દીવાલોમાં યુવકો ગાબડાં પાડી શકે છે. સરસામાન ગાડીમાં મુકાવવાની વ્યવસ્થાને બહાને સુરભિ ઓટલે ઊભી હતી. નીલમગૌરીને પગે લાગી રશ્મિ બહાર આવ્યો. સુરભિએ બહુ જ ધીમેથી નીચું જોતાં જોતાં કહ્યું :

'આવજો, હો!'

રશ્મિ ક્ષણભર થોભ્યો. એક કુશળ સેનાધિપતિની ત્વરાથી તેણે નિશ્ચય કર્યો, અને જવાબ આપવાને બદલે તેણે પ્રશ્ન કર્યો :

'સુરભિગૌરી! આનો તોડ શી રીતે પડશે?'

'શાનો?'

'આપને આપવાની રકમનો.'

'હવે એમાં બાકી શું રહ્યું? અમે તો ભેટ આપી દીધી.'

'અને સીધી સીધી ભેટ હું લઈ લઉં એવો હલકો તમે ધારી લીધો, ખરું?'

'ના ના.'

'મને લગ્નમાં ભેટ આપવાની છે ને ?'

'હાં.' લાલ લાલ મુખ થયું અને સુરભિ બોલી.

'પણ તે સાથે મને સલાહ ન આપો ?'

'શાની ?'

'મારે લગ્ન કોની સાથે કરવું ?

સુરભિના દેહમાં કંપ ઊપજ્યો. તેને લાગ્યું કે તેનાથી બોલાશે જ નહિ. ખરે, તેના હોઠ બિડાઈ ગયા અને તે પૂતળાં માફક ઊભી રહી.

'તમે હા ન પાડો ?'

'સુરભિએ પહેલી પહેલી વખત રશ્મિ સામે ધારીને જોયું :

'હું તો ગામડાંની છું; તમને ન શોભું.'

'એ ઠીક છે; તમે હા પાડી છે એમ માનીને જાઉં છું.'

'પણ મારી માને મૂકીને મારાથી ઘર કેમ છોડાય ?'

'હું અહીં આવીને રહીશ. પછી કાંઈ ?' રશ્મિએ હસીને કહ્યું. ગાડીવાળાએ બૂમ પાડી : 'સાહેબ ! વાર થઈ જશે.'

રશ્મિએ ઘડિયાળ જોઈ અને એકદમ તે ગાડી તરફ ધસ્યો. તેને જવાની એકદમ ઉતાવળ આવી ગઈ.

ત્રીજે દિવસે રશ્મિની માતા હતાં જ. સુરભિને સમજ ન પડી કે ત્રણ દિવસમાં પાછાં મહેમાન કેમ આવતાં હશે. તેણે રશ્મિની માતાને ઘરમાં ઓળખી. બારણાં પાછળ સંતાઈ તે બંને વૃદ્ધ સ્ત્રીઓનો સંવાદ સાંભળી રહી હતી.

'હું તો મારો ખોળો પાથરવા આવી છું; હું માગું તે આપવું પડશે.' રશ્મિની માતાએ કહ્યું.

'બહેન ! એ શું બોલો છો ? બધું યે તમારું' નીલમગૌરી બોલ્યાં.

'સુરભિ મને આપો. મારો રશ્મિ એના વગર જીવશે નહિ.'

'તમારા ધનાઢ્ય ઘરમાં આ છોકરી શી ?'

'કૃપા કરીને એ વાત બોલશો જ નહિ. અમે શાથી ધનાઢ્ય થયાં તે મને કહેવું પડે એમ નથી. રામરાય ન હોત તો...'

'તમે જાણો. છોકરી તમારી છે; હું તો અપંગ છું...'

પાડોશનાં ગંગાબહેન ત્યાં બેઠેલાં હતાં તેમણે કહ્યું :

'રશ્મિભાઈએ તો ઘરજમાઈ તરીકે રહેવા કબૂલ કર્યું છે.'

રશ્મિની માતા હસી. નીલમગૌરીએ કહ્યું : 'જા જા, તું શું જાણે?'

'એટલા ઉપર બે જણ વાત કરતાં હતાં તે મેં બારણાં પાછળથી સાંભળી છે.' ગંગાબહેને કહ્યું.

'એમ તે હોય? સુરભિ કદી વાત કરે નહિ!' નીલમગૌરી પુત્રીના સ્વભાવનો પરિચય આપતાં બોલ્યાં.

'હું ખરું કહું છું. બાને છોડીને ખસાય નહિ એવું સુરભિએ કહ્યું એટલે રશ્મિકાંતે અહીં આવી રહેવા જણાવ્યું.' ગંગાબહેને જ સાક્ષી પૂરી.

સુરભિના હાથમાંથી પાછું કોઈ વાસણ પડી ગયું. આખું ઘર એ ખણખણાટથી ગાજી ઊઠ્યું. પરંતુ નીલમગૌરીએ શું થયું એવી બૂમ પાડી નહિ – તેમનાથી બૂમ પડાય એમ હતું જ નહિ. તેમની આંખમાં હર્ષનાં આંસુ ઊભરાતાં હતાં.

# પુનર્મિલન

## ૧

બહુ થોડા શિક્ષકોના ભાગ્યમાં વિદ્યાર્થીપ્રિય થવાનું લખાયું હોય છે. મોટે ભાગે ક્ષિક્ષકો હસવા માટે અગર ક્વચિત્ ભયની લાગણી અનુભવવા માટે કામમાં આવે છે. પરંતુ વિનોદરાય અપવાદ બની વિદ્યાર્થીઓના આદર્શ રહી શકચા હતા. તેમનું સુંદર છટાદાર શિક્ષણ, હસમુખો સ્વભાવ, ક્રિકેટ-ટેનીસ રમવા – રમાડવાનો શોખ અને વિદ્યાર્થીઓ માટેની કાળજી તેમને વિદ્યાર્થીવર્ગની પૂજ્યમૂર્તિ બનાવી રહ્યાં હતાં. શહેરની હાઇસ્કૂલના મુખ્ય શિક્ષક તરીકે બે માસથી તેઓ બદલાઈએ આવ્યા હતા. એટલામાં તો વિદ્યાર્થીઓ તેમને માટે ઘેલા બની ગયા.

સાંજને પહોર ક્રિકેટ રમી ઘેર આવી વિનોદરાય ઘડી બેઠા. આવતી કાલે એક મેચ રમવાની હતી અને તે માટે રમનારાઓની છેવટની પસંદગી કરવા વિદ્યાર્થી ખેલાડીઓ ટોળે વળી તેમને ઘેર પહોંચ્યા. વિનોદરાયને વિદ્યાર્થીઓ વીંટાઈ વળે એની નવાઈ નહોતી. તેમણે પોતાની અંતિમ પસંદગી જાહેર કરી જે સહુને યોગ્ય લાગી. વિદ્યાર્થીઓને ઝડપથી જવાની ટેવ નહોતી. મેચનો દિવસ એ વિદ્યાર્થી-

ઓને મન મોટું પર્વ ગણાય છે. વાતે ચડેલા વિનોદરાયે એકાએક પૂછ્યું :

'અત્યારે ટાઢ છે કે શું ?'

'ના રે, સાહેબ !' એક વિદ્યાર્થીએ કહ્યું.

'ત્યારે મને થોડી વારથી કમકમી કેમ આવ્યા કરે છે ?'

'તાવ તો નથી આવ્યો, સાહેબ ?'

'શું બોલે છે તું ?' કાલે તમારી મૅચ અને આજે મને તાવ આવે ? એ બને જ નહિ.' હસતાં હસતાં વિનોદરાયે કહ્યું અને પોતાનો હાથ કપાળ ઉપર, બીજો હાથ છાતી ઉપર ફેરવી તેઓ બોલ્યા :

'કાંઈ શરીર ઊનું લાગતું નથી.'

છતાં ટાઢથી શરીર કંપી ઊઠતું અટક્યું નહિ. તેમણે હાથ લાંબો કરી એક વિદ્યાર્થીને પૂછ્યું :

'જો, તને કેમ લાગે છે ?'

'સાહેબ તાવ જ છે. હાથ ગરમ લાગે છે.'

'ડૉક્ટરને બોલાવું ?' બીજા વિદ્યાર્થીએ કહ્યું.

'એ તો તરત ઊતરી જશે. હમણાં ક્વિનીન લઉં છું.' કહી વિનોદરાય પથારી પથરાવી અને સૂતા. બરોબર ત્રણેક ગોદડાં ઓઢી લીધાં.

'હવે તમે બધાં જાઓ.' વિનોદરાયે કહ્યું.

'સાહેબ ! કહો તો રાત્રે આવીએ.' એકબે વિદ્યાર્થીઓ જતાં જતાં બોલ્યા.

'ના રે, એમાં શી મોટી વાત છે ?' કહી વિદ્યાર્થીઓને વિદાય કરી સૂતેલા વિનોદરાય સવારમાં વિદ્યાર્થીઓ તેમની ખબર જોવા આવ્યા ત્યાં સુધી તો ઊઠ્યા જ નહોતા.

શિષ્યોની વફાદારી સૈનિકો સરખી જ હોય છે. શિક્ષકના ઘણા દોષ તેઓ ચલાવી લે છે. શિક્ષકો માટે તેમને કદી વેર વસતું નથી. શિક્ષાનો બદલો લેવાની તેઓ ભાગ્યે જ ઇચ્છા કરે છે. શિક્ષકોની

વિચિત્રતા તેઓ સહી લે છે. અપ્રિય શિક્ષકો માટે તેઓ આટલું કરે તો પછી પ્રિય શિક્ષક માટે તેઓ શું ન કરે? સવાર થતાં તો વિદ્યાર્થીઓનું એક નાનું ટોળું વિનોદરાયની ખબર લેવા ભેગું થયું.

વિદ્યાર્થીઓ કલાક થોભ્યા, બે કલાક થોભ્યા; પરંતુ વિનોદરાય જાગ્યા નહિ. નોકરે તેમને જગાડવા પ્રયત્ન કર્યો તે નિષ્ફળ ગયો એકબે મોટા વિદ્યાર્થી ધીમી બૂમે તેમને જગાડવા મથ્યા :

'સાહેબ! સાહેબ!'

'પરંતુ વિનોદરાયે આંખ ન ઉઘાડી; અને જ્યારે આંખ સહજ ઉઘાડી ત્યારે તે આંખ કોઈને ઓળખાતી ન હોય એવી વિકળ અને ખાલી દેખાઈ.

ગભરાયેલા વિદ્યાર્થીઓ બીજા શિક્ષકને ત્યાં દોડી ગયા મુખ્ય શિક્ષકને બેભાની અર્પતો સખત જ્વર આવ્યો સાંભળી બીજા શિક્ષકે ડૉક્ટરને સાથે લાવવાનું ડહાપણ વાપર્યું. ડૉક્ટર આવતાં બરોબર ચિડાઈ ઊઠ્યા :

'માંદા માણસની આસપાસ આટલાં વાંદરાં કેમ ભેગાં કર્યાં છે?'

દર્દીના હિત માટે માત્ર કડવી દવા જ નહિ, પરંતુ કડવા બોલ પણ વાપરવાનો ડૉક્ટરને પરવાનો મળેલો હોય છે. વિનોદરાયના મદદનીશે કશો જવાબ દીધો નહિ. ડૉક્ટરે ઝીણવટથી દર્દીને તપાસી ડોકું ધુણાવ્યું.

'ગંભીર સ્થિતિ છે. ત્રિદોષ લાગે છે.'

'હવે?'

'ઘરમાં કોઈ બૈરી છે કે નહિ?'

'મને ખબર નથી.'

તમને ખબર નથી? કેવા અતડા માણસ છો? મા, બહેન, પત્ની કોઈ પણ છે નહિ?' ડૉક્ટરે વધારે ચિડાઈને પૂછ્યું.

સ્ત્રીજાતિમાંથી વિનોદરાયનું કોઈ સગું હતું કે નહિ તેની ભાગ્યે જ કોઈને ખબર હતી. સારા શિક્ષક તરીકે તેમની શિક્ષકવર્ગમાં પણ

સારી નામના હતી. પરંતુ તેમના નામોચ્ચાર સાથે તેમના કૌટુમ્બિક જીવનની અગમ્યતાનો સહુને ભાસ થતો. કેટલાક માનતા કે તેઓ પરણ્યા જ નહોતા; કેટલાક એમ ધારતા કે તેઓ વિધુર છે; વળી કેટલાક એમ પણ સૂચવતા કે તેમની પત્ની નાસી ગઈ છે; અને કેટલાક એમ ખબર લાવતા કે તેઓ જાતે જ તેમની પત્નીથી નાસી છૂટયા છે! આ હકીકતો છૂટી છૂટી અગર ભેગી મળી વિનોદરાયના ગાર્હસ્થ્યને એક ભેદ બનાવી મૂકતી. વિદ્યાર્થી સિવાય તેમને કોઈ મિત્રો નહોતા. અને મૈત્રી વગર આ ભેદનો ઉકેલ કોઈથી થઈ શકે એવો નહોતો. વિનોદરાય પરણેલા છે કે નહિ તે જાણવાની વિદ્યાર્થીઓને બહુ ઓછી દરકાર રહેતી. તેમનું આછું કુતૂહલ વિનોદરાયમાં દોષ જોવા પ્રવૃત્ત થતું નહિ.

'એમના માણસને પૂછીએ. એને ખબર હશે. શિક્ષકે કહ્યું અને ધીમે ધીમે રહી તેમણે વિનોદરાયના રસોઈયાને બોલાવ્યો.

રવિશંકર! તું સાહેબ પાસે કેટલાં વરસથી છે?'

'પંદરેક વરસ થયાં સ્તો.' રસોઈયાએ જવાબ દીધો.

'સાહેબને મા કે બહેન છે?'

'ના જી.'

'સાહેબને વહુ છે?'

રસોઈયો ચમક્યો. તેણે શિક્ષક તેમ જ ડૉક્ટરની સામે વિચિત્ર મુખ કરી જોયું અને પૂછ્યું:

'શું કામ છે?'

'અરે શું કામ છે? જોતો નથી? સ્ત્રીની સારવાર વગર મટવું મુશ્કેલ છે. ચાલ, તાર કરીને બોલાવ હમણાં અને હમણાં.' ડૉક્ટર ગર્જ્યા.

વિનોદરાયની બેભાની ચાલુ જ હતી. શિક્ષકે તાર લખવા એક કાગળ લીધો અને રસોઈયાને કહ્યું:

'સાહેબનાં વહુનું સરનામું લખાવ.'

રસોઇયો ફરી અટકયો. તેણે વિનોદરાય તરફ જોયું અને ડૉક્ટર તરફ જોયું.

'ચાલ જલદી કર, ફાંફાં કેમ મારે છે?' ડૉક્ટરે ધમકાવ્યો.

ધમકીની અસર નીચે રસોઈયાએ સરનામું આપ્યું. અને શિક્ષકે એક શિષ્ય સાથે વિનોદરાયની ગંભીર સ્થિતિની ખબર આપતો તાર મોકલાવ્યો.

સહુને ખાતરી થઈ કે વિનોદરાયનાં પત્ની છે. વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ડૉક્ટર તેમની આવવાની રાહ જોતાં બને એટલી સારવાર કરવા લાગ્યા.

વિદ્યાર્થીઓની ક્રિકેટ મેચ તે દિવસે બંધ રહી.

૨

'રમાબહેન! આ તાર આવ્યો છે.'

રસોડાની વ્યવસ્થામાં રોકાયેલી રમાને તેની ભોજાઈએ કહ્યું.

'કોનો છે? બધાં ખુશીમાં છે ને?' તારનું નામ સાંભળી અગમ્ય ચિંતાથી વ્યગ્ર બની રમાએ પૂછ્યું.

'વિનોદરાયનો છે.' ભાભીએ કહ્યું.

'શું તમે યે આ ઉંમરે મારી મશ્કરી કરો છો?' રમાએ અણગમો બતાવ્યો. રમાને માટે મશ્કરીની ઉંમર વીતી ગઈ હતી. તે તંદુરસ્ત હતી. દેખાવડી હતી; પરંતુ તેની વયનાં પાંત્રીશે વર્ષ તેના મુખ ઉપર ઊઘડી આવતાં હતાં.

'હું ખરું કહું છું; તમને ત્યાં બોલાવ્યાં છે.' ભાભીએ કહ્યું. ભાભીને ખબર હતી કે વિનોદરાય સંબંધી વાત રમાના હૃદયમાં કલેશ ઉપજાવતી હતી. ભાઈભાભીની રમા આશ્રિત હતી એ ખરું, પરંતુ તેણે પોતાની અંગમહેનત અને શાંત સ્વભાવ વડે પોતાના ગુજરાનનું ભાઈભાભીને માથે પડતું ભારણ ક્યારનું યે ભરપાઈ કરી આપ્યું હતું. રમા વગર તેના ભાઈના ઘરની વ્યવસ્થા અટકી પડતી

એ ભાભી સારી રીતે જાણતી હતી.

'પંદર વર્ષે આજ બોલાવવાનું ક્યાંથી સૂઝ્યું ?' રમાએ પ્રશ્ન કર્યો.

'આ તાર આવ્યો છે, વાંચો.' ભાભીએ કહ્યું. તાર સારી રીતે વાંચી શકાય એટલું અંગ્રેજી રમા ભણી હતી. તાર વાંચતાં વાંચતાં રમાનું મુખ ગંભીર બની ગયું. તારમાં લખ્યું હતું કે,

"રમાબહેનને પ્રથમ મળતી ગાડીએ મોકલો. વિનોદરાય ગંભીર માંદગીમાં છે. સારવાર વગર બચશે નહિ.
ડૉક્ટર."

રમાએ ત્રણ વાર તાર વાંચ્યો. તેના મુખ ઉપર અનેક પ્રકારના ભાવ અંકિત થયા; તેના મુખ ઉપર મૂંઝવણ દેખાઈ.

'ભાભી ! શું કરું ?' છેવટે રમાએ પૂછ્યું.

'જવું જોઈએ. તૈયારી કરો.'

'હું ત્યાં જઈને શું કરીશ ? મને તો ઓળખશે પણ નહિ.'

'એ ન ચાલે. કહો તો હું સાથે આવું.'

'તમને લઈ જઈ શું કરીશ ? સહેજ માંદગી તો તમારાથી જોવાતી નથી.'

'તમારા ભાઈને લઈને જાઓ.'

'એને આજ ને આજ રજા કોણ આપે ?'

'ત્યારે હવે ?'

'હું જાઉં, પણ પગ પાછા પડે છે.'

'ગમે તેમ હોય તો ય હવે ન જ ચાલે. વગર બોલાવ્યે તો જતાં નથી ?'

'મને તો ડૉક્ટર બોલાવે છે.'

'આ વખતે ન જવાય તો કાળી ટીલી લાગે.'

'કાળી ટીલી બાકી રહે છે ?'

રમા અને તેની ભાભી વચ્ચે લાંબી ચર્ચાને અંતે નક્કી ઠર્યું

કે રમાએ એક માણુસને લઈ જવું, અને બીજે દિવસે રજા મળ્યે ભાઈભાભીએ આવવું. પંદર વર્ષે અણગમતે, પગ પાછો પડવા છતાં રમા પતિ પાસે જવા નીકળી. તેના હૃદયે બહુ વિચિત્ર ભાવ અનુભવ્યા, અને ઊતરવાના સ્થળે તો લગભગ તેને એમ જ થયું કે તેનાથી આગળ ડગલું ભરાશે નહિ ! ભાઈને ઘેર પાછાં નાસી જવાની તીવ્ર ઇચ્છા રમાને થઈ આવી.

વિચારમાં સ્ટેશને ઊભી રહેલી રમાને રાત્રિના આછા અજવાળામાં કોઈએ પૂછયું :

'આપ ક્યાંથી આવો છો ?'

રમાએ જે શહેરથી પોતે આવી હતી તે શહેરનું નામ કહ્યું.

'આપનું નામ રમાબહેન ને ?'

'હા.'

'હું આપને લેવા માટે આવ્યો છું.' વિદ્યાર્થી સરખા દેખાતા એ પૃચ્છકે કહ્યું.

'ઠીક.' કહી રમાએ આગળ ચાલવા માંડયું. વિદ્યાર્થીને સમજ ન પડી કે રમા તે નિષ્ઠુર છે કે પતિની માંદગી સાંભળી ભયગ્રસ્ત બની ગઈ છે.

ઘોડાગાડીમાં વિદ્યાર્થીએ અતિશય અબોલ રહેલી રમાને બોલાવવાનો પ્રયત્ન કર્યો.

'સાહેબની તબિયત એવી થઈ ગઈ છે !'

'મને ખબર પડી છે.'

'આપ આવ્યાં એ બહુ સારું થયું.'

'કેમ ?'

'અમારાથી કાંઈ જોઈએ તેવી સારવાર થાય ? આખી રાત અમો બધાં બેસીએ, પણ તમારા વગર શું થાય ?'

જે પતિને પંદર વર્ષ સુધી રમા વગર ચાલ્યું તે પતિના વિદ્યાર્થીને રમાની આટલી બધી જરૂર કેમ દેખાતી હતી તેનો મનમાં

વિચાર કરતી રમા અનેકાનેક કલ્પના કરી રહી હતી.

'મને ઓળખશે ? ઓળખશે તો બોલાવશે ખરા ? બોલાવશે તો મારાથી જવાબ અપાશે ?...હું અહીં આવી જ શા માટે ?... પાછી જાઉં તો ?...વિદ્યાર્થીઓ અને ડૉક્ટરો મારા કરતાં ઓછી સારવાર કરશે ?...મેં ક્યાં આવવાની હા પાડી ?...' એકાએક ગાડી અટકી અને રમાને લાગ્યું કે તેનું હૃદય પણ અટકી ગયું.

'ઘર આવી ગયું.' વિદ્યાર્થી બોલ્યો.

'કોનું ઘર ?...પતિના ઘરમાં રમાને હક શો ?' વગર બોલ્યે તે નીચે ઊતરી. ઘરમાં પેસતાં જ તેનું બંધ પડી ગયેલું હૃદય જોરથી ધડકવા માંડ્યું. હવે પાછાં ફરાય એમ હતું જ નહિ. તેણે વિદ્યાર્થીને બહુ જ ધીમેથી સંકોચ સહ પૂછ્યું.

'અત્યારે જાગતા તો નહિ હોય !'

'ના રે ! તદ્દન બેભાનીમાં છે.'

પતિ ઓળખશે નહિ, તેની સાથે બોલવું પડશે નહિ. એ વિચારે રમાના મનમાં સહજ હિંમત આવી. બહારના ખંડમાં એકબે શિક્ષકો અને સંખ્યાબંધ શિષ્યો તદ્દન શાંત બની બેસી રહ્યા હતા.

રમાને સ્ટેશને લેવા આવેલો શિષ્ય તેને અંદર લઈ ગયો. ઝાંખો દીવો બળતો હતો. એક ખાટલા ઉપર એક આકૃતિ લાંબી પડેલી હતી. રમા તેને ઓળખી શકી નહિ.

'આવી ગયાં ? બહુ સારું થયું. તમારી સારવાર વગર ચાલે એમ હતું જ નહિ.' ડૉક્ટર એક સ્થળેથી બોલી ઊઠ્યા.

થરથરતા પગે રમા ખાટલા પાસે ગઈ. તે કોની પાસે જતી હતી ? ડૉક્ટરને ખબર હતી કે વિનોદરાયને તેની પત્ની વગર પંદર વર્ષ સુધી ચાલ્યું હતું !

'જુઓ, ગભરાશો નહિ. યોગ્ય સારવાર હશે તો આરામ થયો જ સમજો. એકલાં છો એમ માનશો નહિ. ગમે ત્યારે મને બોલાવશો એટલે હું હાજર થઈશ.' ડૉક્ટરે અત્યારે જીભમાં મીઠાશ આણી

હતી. રમા ખાટલા પાસે ગઈ અને યંત્રવત્ ખાટલા ઉપર જ બેસી ગઈ. ખાટલા ઉપર બેસતાં તેને ખૂબ અતડું અને અજાણ્યું લાગ્યું, પરંતુ હવે એ ક્રમ વગર છૂટકો જ નહોતો.

'બરફ આખી રાત માથે મૂકવો પડશે.' ડૉક્ટરે સલાહ આપી અને તે ઉપરાંત પણ ઘણી સૂચનાઓ આપી.

'એક કે બે માણસ કરતાં વધારે પાસે ન રાખશો. પેલા વિદ્યાર્થીઓને તો અંદર આવવા જ ન દેશો. ડૉક્ટરને ખબર નહોતી કે વિદ્યાર્થીઓને વિનોદરાય કેટલા વહાલા હતા. ડૉક્ટર અને શિક્ષક ચાલ્યા ગયા. ઘરમાં આવતા ચાર વિદ્યાર્થીઓ અને રસોઇયો એટલાં જ ઘરમાં રહ્યા. રસોઈયાએ રમાને જમવાનો આગ્રહ કર્યો. તેના પરિપકવ થયેલા હૃદયમાં પણ અત્યારે તોફાન મચ્યું હતું હૃદયનાં તોફાનમાં ક્ષુધાતૃષા અદૃશ્ય થઈ જાય છે.'

રસોઈયાએ બેઠેબેઠે ઊંઘવા માંડયું. રમાએ તેને સૂવાની આજ્ઞા આપી રસોઈયાને માથેથી ભારણ હવે ઊતરી ગયું હતુ.' તેણે ગૃહિણીની આજ્ઞા માની.

પરંતુ વિદ્યાર્થીઓ એમ ઝડપથી ગૃહિણીની આજ્ઞા માને એવા ન હતા. તેમણે આખી રાત ગુરુની શુશ્રૂષામાં ગાળવાનો નિશ્ચય કર્યો હતો. મધરાત થઈ તો ય વિદ્યાર્થીઓ સૂતા નહિ. પાછલી રાત થઈ તો ય વિદ્યાર્થીઓ એવાને એવા જાગૃત હતા. છેવટે રમાએ તેમને કહ્યું :

'હવે તમે સૂઈ જાઓ. આવો સતત ઉજાગરો કરશો તો મારે તમને અહીં આવવાની ના પાડવી પડશે.'

'પણ અમને ઊંઘ આવતી નથી.'

'તો ય હવેસૂઈ જાઓ.'

'તમે થાકેલાં છો. તમે સૂઈ જાઓ તો કેવું ?'

'મને થાક લાગશે એટલે હું તમને જગાડીશ, મારું એટલું કહેવું માનો.'

વિદ્યાર્થીઓ વિનવણીને તાબે થયા અને આગલા ખંડમાં જઈ સૂતા. રમા એકલી પડી. માંદાની સારવાર કરવા તે ટેવાઈ ગઈ હતી. પતિએ ત્યજેલી પત્નીને ઘણી બાબતોમાં કૌશલ્ય મેળવવું પડે છે.

૩

એકલી પડેલી રમાએ વ્યાધિગ્રસ્ત વિનોદરાયના દેહ તરફ હવે સ્વતંત્રતાથી દૃષ્ટિ ફેરવી.

'બહુ બદલાયા નથી.' તેને વિચાર આવ્યો. પંદર વર્ષે દીઠેલા પતિના મુખને તે નિહાળી રહી. મુખ ઉપર વ્યાધિની બેચેની અને અભાન ફેલાઈ રહ્યાં હતાં.

'કેવી દયાપાત્ર અવસ્થા ?' રમાના હૃદયમાં લોકલાજ ઉપરાંત દયાએ ક્યારનો યે છૂપો પ્રવેશ કર્યો હતો તે હવે સ્પષ્ટ પ્રગટ થયો. તેણે વિનોદરાયના નિશ્ચેષ્ટ પડેલા હાથ ઉપર બીતે બીતે, ચારે પાસ જોઈને, પોતાનો હાથ મૂક્યો.

'બાપ રે ! કેટલો તાવ છે !' એકાએક રમા ભયભીત બની ગઈ. શા માટે તેણે ભયભીત બનવું જોઈએ ? માંદા માણસ પ્રત્યે સહુને દયા આવે એ ખરું; પરંતુ જ્વરની અતિશયતા અતિનિકટ સંબંધીને જ ભય પમાડે છે. શું રમા વિનોદરાયની નિકટની સંબંધી હતી ? તે તેમની પત્ની હતી... પણ ...પણ શું તેણે કદી નિકટતા અનુભવી હતી ? શા માટે અત્યારે તેનું હૃદય જ્વર દેખી ભય પામ્યું ?

'હું ન આવી તો આ વિદ્યાર્થીઓથી કેમ સારવાર થાત ?' રમાને પોતાનું આગમન છેક નિરર્થક ન લાગ્યું.

'પણ આ પહેલાં આમ તાવ કદી નહિ આવ્યો હોય એમ શી રીતે મનાય ? બિચારા ! ' પતિનો વિચાર આવતાં જે માનિનીનું હૃદય વધારે કઠણ બનતું તે માનિનીનું હૃદય પતિના એકલવાયાપણા ઉપર અત્યારે પીગળી જતું હતું.

'તેવે વખતે મને બોલાવી હોત તો ?'

પતિને બારણે પગ પણ ન મૂકવો, એવો નિશ્ચય કરી ચૂકેલી પત્ની શા માટે ભૂતકાળની ગયેલી તકને સંભારતી હશે ? તેને બોલાવી હોત તો તે આવત ખરી ? તેને હૃદયની મૃદુતાના અનેક પ્રસંગો યાદ આવ્યા. પતિએ સહજ ઈશારો કર્યો હોત તો તે પાછી દોડતી આવત એવી પણ માનસિક સ્થિતિ તેણે અનુભવી હતી. એટલું જ નહિ, પોતાને બોલાવવાની વિનતિ કરતો પત્ર તેણે પતિ ઉપર એક વખત લખી પણ રાખ્યો હતો. કેટલા દિવસ સુધી એ પત્રને રાખી મૂકી છેવટે તેણે તે પત્ર ફાડી નાખ્યો હતો.

તેણે વિસારે પાડેલો ભૂતકાળ આજ પતિની સારવાર કરતાં આખો યે તેની પાછળ ઊઘડી ગયો. કેટલી હોંશથી વિનોદરાય સાથે લગ્ન કર્યાં હતાં ? કેટકેટલા કોડ તેણે લગ્ન પછી સેવ્યા હતા ? ઊંચી કેળવણી પામેલો યુવક વિનોદરાય અને સંસ્કારી, છટાભરી યુવતી રમાનાં લગ્ન એ બધાંએ આદર્શ લગ્ન તરીકે વધાવી લીધાં હતાં. અને પરિણામમાં પંદર વર્ષનો વિયોગ ! બંનેએ તે સ્વેચ્છાએ સ્વીકારી લીધો ! એ વિયોગનો ગાળો એટલે હૃદયના સ્નેહઝરાનો કઠોર સૂકા રણમાં પ્રવેશ ! સ્નેહઝરો અદૃશ્ય થઈ ગયો હતો.

પરંતુ લોકલાજે, ન છૂટકે ડૉક્ટરની આજ્ઞાને અનુસરી યંત્ર માફક ખેંચાઈ આવેલી રમાને લાગ્યું કે અદૃશ્ય સ્નેહઝરો શુષ્ક બેદરકારીના રણની રેતીને ભીની તો બનાવતો ન હતો ?

પ્રભાત થયું. ચીં ચીં કરી ઊડતી ચકલીને તેણે ઓરડાની બહાર કાઢી વિનોદરાયના મુખ ઉપર અજવાળું ન આવે એવી રીતે તેણે બારીઓનાં બારણાં બંધ કર્યાં. છતાં આછાં અજવાળામાં તે જોઈ શકી કે વિનોદરાયના ખાટલાની સામે ગોઠવેલા એક મેજ ઉપર કોઈ સ્ત્રીની છબી મૂકેલી હતી. વિનોદરાય જાગૃત થાય તો પ્રથમ જ તે છબી ઉપર નજરે પડે એવી ગોઠવણ હતી.

પંદર વર્ષથી પતિનો સંબંધ ટાળનારી રમાને હૃદય ઉપર ઘા વાગ્યા સરખી લાગણી થઈ આવી. વિનોદરાય સંબંધી કંઈક વાતો

તેણે સાંભળી હતી. અનિચ્છાએ પણ તેનાથી એમની વાતો તરફ ધ્યાન આપી દેવાતું. પરંતુ વિનોદરાય કોઈ પણ સ્ત્રીનો સંબંધ કે મૈત્રી સેવતા હતા એવી વાત તેણે તેમના દુશ્મનોને મુખે પણ સાંભળી નહોતી. એ કોની છબી હશે?

'મારે શું? જેની હશે તેની!' કહી રમા મુખ ફેરવી બેઠી.

જિજ્ઞાસા તૃપ્તિ માગે છે. રમાના હૃદયમાં જિજ્ઞાસાએ ખટકારો શરૂ કર્યો. એ ખટકારો છેવટે અસહ્ય બન્યો.

'લાવ, જોઉં તો ખરી? મારી ખોટ પૂરનાર કોઈ હતું એમ જાણીશ તો – તે – મને સુખ થશે.'

રમાએ ઊઠીને છબી નિહાળી. છટાભરી, રૂપાળી, મદભર, કોડ ભરી, એ કોણ યુવતી હશે? ક્ષણભર રમાએ સંશયભરેલી દૃષ્ટિએ જોયું અને એકદમ તે પાસે પડેલી ખુરશી ઉપર બેસી ગઈ. તેનો વિચારવમળ એટલા બળથી ફરી રહ્યો હતો કે તેને તમ્મર આવ્યાં, અને તેણે આંખ ઉપર હાથ મૂકી દીધા.

થોડી ક્ષણો પછી તેણે આંખ ઉપરથી હાથ ખસેડ્યા. તેનાથી બોલી જવાયું:

'આ છબી તો મારી!'

ફરીથી ખાતરી કરવાને તે મેજ પાસે ગઈ. પોતાની છબી એ ન હોય એમ માનવા તેણે સહજ મંથન કર્યું; પરંતુ છબી તેને જૂઠું બોલવા દે એમ નહોતી. અલબત્ત, એ છબી પંદર વર્ષ ઉપરની હતી એ ખરી; પરંતુ એ છબી રમાની પોતાની હતી એમાં તો રમાથી યે ના પાડી શકાય એમ નહોતું.

વળી એ છબીની આગળ એક બે દિવસનું કરમાયલું ગુલાબનું ફૂલ પડ્યું હતું.

શું એ છબીને રોજ ફૂલ ચડાવતા હશે?' રમાનું હૃદય પ્રશ્નનો સ્થિરતાથી જવાબ મેળવે તે પહેલાં એક વિદ્યાર્થીએ ઓરડામાં પ્રવેશ કરી કહ્યું:

'ડૉકટર સાહેબ આવે છે.'

રમા ખાટલાની એક બાજુએ મૂકેલી ખુરશી ઉપર બેસી ગઈ. ડૉકટરે આવી બીજી પાસની ખુરશી ઉપર સ્થાન લીધું, અને વિનોદરાયના મુખને ધારી ધારીને થોડી વાર જોયું. પછી ડૉકટરે દર્દીના કપાળ ઉપર હાથ મૂકયો, અને હાથ પકડી નાડીના ધબકારા ગણ્યા. ડૉકટરના મુખ ઉપર સ્મિત રમી રહ્યું. તેઓ બોલ્યા :

'તાવ ઘણો ઓછો થયો.'

'પણ હજી ભાન આવ્યું નથી ને ?' રમાએ બોલાવાની શરૂઆત કરી. તેના બોલવામાં કંઈક ઊંડા દુઃખનું ભાન હતું.

'દર્દી તો ચોખ્ખી નિદ્રા લે છે. દર્દનું એ ઘેન ન હોય.' ડૉકટરે કહ્યું.

'એમ ?' રમાએ સહેજ ઉત્સાહથી પૂછયું.

'જરૂર. એકબે દિવસ આમ ને આમ કાળજી રહેશે તો આરામ થઈ જશે. પણ તમે આખી રાત ઉજાગરો કર્યો લાગે છે; દિવસે તમે કોઈને બેસાડી સૂઈ શકશો.' ડૉકટરે સગવડ બતાવી.

'પૂરું મટયા વગર મને ઊંઘ નહિ આવે.'

એકાએક વિનોદરાયે આંખ ઉઘાડી. તેણે ડૉકટરને, એક શિક્ષકને અને બેચાર વિદ્યાર્થીઓને જોયા. તેમને સમજ ન પડી.

'કેમ...બધા...અહીં...?' ધીમેથી બોલતા વિનોદરાયને વચમાંથી રોકી ડૉકટરે કહ્યું :

'તમને તાવ આવ્યો છે. વધારે બોલશો નહિ.'

વિનોદરાયે એકાએક પાસું બદલ્યું. જાણે કોઈ નિત્યનિયમ તૂટતો હોય એવી તેમની ઝડપ હતી. પાસું ફેરવી તેમણે તીક્ષ્ણ દૃષ્ટિ કરી જોયું. તેમની અને છબી મૂકેલા મેજની વચ્ચે કોણ પડદો પાડી રહ્યું હતું ? સહેજ અણગમા સાથે તે વ્યક્તિના મુખ સામે તેમણે જોયું.

વિનોદરાયને લાગ્યું કે તેઓ હજી સ્વપ્નમાં જ હતા. એ મુખ

કેમ હજી પણ ઓળખાતું ન હતું ? શું એ રમા હતી ?

તેમણે આંખ મીંચી દીધી. છબી વિસ્તૃત બની ગઈ હશે શું ? કે નિત્ય છબીનાં દર્શનમાંથી રમાએ નિહાળવાનો ભ્રમ ઉત્પન્ન થયો ?

રમાનાં અંગેઅંગ અને રોમેરોમ કંપી ઊઠયાં. પાંત્રીસ છત્રીસ વર્ષની સ્થિર–સંયમશોભન વયમાં આ કંપ શો ? તે અવાચક તો બની જ હતી. તે હવે શૂન્યતા અનુભવી રહી.

ક્ષણભરમાં તેને સ્વભાન આવ્યું. સ્વભાન સાથે સ્વમાન પણ જાગૃત થયું. શા માટે તે ફક્ત ડૉકટરની બોલાવી આવી હતી ? બેભાનીમાં રહેલા વિનોદરાયે ભાગ્યે જ તેને બોલાવી હોય. તેનાથી પાછું ન જવાય ?

એકાએક વિનોદરાયે આંખ ઉઘાડી, એ આંખ રમાની આંખ ખોળતી રમાના મુખ ઉપર સ્થિર થઈ. મૂંઝવણ અનુભવતી રમાએ આંખ વેગળી ખસેડી લીધી; પરંતુ રમાનો ખાટલામાં જ મુકાયેલો હાથ અશક્ત વિનોદરાયના હાથ નીચે આવ્યો તે ખસેડી લેવાની ઘણી ઇચ્છા છતાં તેનાથી કેમે ખસેડી શકાયો નહિ. તેને સંકોચ થયો. ત્રાહીત મનુષ્યો આ ચર્યા જોતા હતા ! તેનાથી વિનોદરાય તરફ ફરી જોવાઈ ગયું. પોતાના હાથ ઉપર હાથ મૂકી સૂતેલા વિનોદરાયની આંખમાંથી આંસુ રેલાતાં હતાં. રમાનું હૃદય પણ ઊછળી રહ્યું હતું. તેણે મન કઠણ કર્યું; અને બીજે હાથે એક રૂમાલ વડે વિનોદરાયનાં અશ્રુ લૂછી નાખ્યાં.

વિનોદરાયે એ જ હાથ પકડી માથા નીચે મૂકી દીધો. તેમને નિદ્રા આવી ગઈ, રમાએ પોતાનો હાથ ત્યાં જ રહેવા દીધો. ડૉકટર, શિક્ષક અને શિષ્યોએ આ નાનકડી અસભ્યતા માટે કાંઈ વાંધો લીધો નહિ.

## ૪

વિનોદરાયની તબિયત ઝડપથી સુધારા ઉપર આવી ગઈ. તેઓ

ખાટલામાં તકિયે અઢેલી બેસી શકતા, બધાંની સાથે વાતો કરી શકતા; પરંતુ તેમની અને રમાની વચ્ચે ઓછામાં ઓછી વાત થતી.

'દવા પીશો ?' રમા પૂછતી.

'હા.' વિનોદરાયનો જવાબ મળતો.

'ચા લાવું ?' રમાનો પ્રશ્ન થતો.

'હા.' વિનોદરાયનો એકાક્ષરી જવાબ મળતો.

'શું જમશો ?' રમા પૂછતી.

'ડૉકટરે કહ્યું હોય તે.' વિનોદરાય કહેતા.

'ડૉકટરે બધું જમવાની રજા આપી છે.'

'તો રવિશંકર જે ફાવે તે કરે.'

'તમારી રસોઈ રવિશંકરને કરવાની નથી,'

'ત્યારે ?'

'હું બનાવું છું.'

વિનોદરાયે નીચું જોઈ કહ્યું :

'તું જે બનાવીશ તે ફાવશે.'

આવી જરૂર સિવાયની બીજી કશી જ વાત થતી નહોતી. માત્ર પરસ્પરની આંખ ચૂકવીને બંને જણ એકબીજાનું મુખ જોઈ લેતાં. એમ કરતાં બન્નેની દૃષ્ટિ ક્ષણભર મળી જાય તો આંખમાંથી ઊંડું દુઃખ વરસી રહેતું. પશ્ચાત્તાપના પડછાયા પડતા, અને વાણીમાં ન ઊતરી શકતા ભાવ પ્રદર્શિત થઈ જતા. વાણી ઘણું યે મથતી છતાં તેની ભાવપ્રદર્શનની શક્તિ તદ્દન ઘટી ગઈ હતી. બન્નેને ઘણું ય બોલવાનું હતું; બન્ને સમજતાં પણ હતાં કે ઘણું ઘણું બોલવાનું રહે છે. પંદર વર્ષના સ્વેચ્છાએ સેવેલા વિયોગના અણધાર્યા અંતે શું શું બોલવાનું ન હોય ?

ખાટલા પાસેની આરામખુરશી ઉપર સવારનું છાપું વાંચતા વિનોદરાય વધતી જતી તન્દુરસ્તીની સ્ફૂર્તિ અનુભવતા હતા. દૂર એક ખૂણા ભણી બેસી રમા વાળ ઓળતી હતી. તેને ખબર ન

પડી કે આરામખુરશીમાં સૂતેલા વિનોદરાય ક્યારે તેની પાસે આવીને બેસી ગયા હતા. પરંતુ નજીક બેઠેલું માનવી ભાગ્યે જ લાંબો વખત છૂપું રહી શકે. તેણે બાજુએ જોયું તો પોતાની નાની શેતરંજી ઉપર વિનોદરાય પણ બેઠા હતા. તે ચમકી, આઘી ખસી અને શેતરંજીની નીચે બેઠી.

'લાવ, હું વાળ ઠીક કરી આપું.' વિનોદરાય બોલ્યા. રમાના હાથમાંથી કાંસકી તેમણે લઈ લીધી. રમાની આંખ વિસ્તૃત બની. તેણે કહ્યું :

'મને એમ નહિ ફાવે.'

પરંતુ વિનોદરાયે કાંઈ પણ જવાબ ન આપતાં, રમાના મસ્તકનો સ્પર્શ કરી આગલા ભાગમાં વાળનો એક સુઘડ વળ પાડી આપ્યો.

'આમ જ રાખજે.' કહી વિનોદરાયે કાંસકી પાછી આપી અને રમાની સામે જોતા બેઠા.

રમાનો હાથ આગળ ચાલ્યો નહિ. પંદર વર્ષના વિયોગનું મૂળ શું આ વાળનો વળ – કર્લ Curl નહોતો ? પંદર વર્ષ ઉપરનો તે દિન તેની આંખ આગળ આવીને ઊભો. વાળની, પોશાકની કે વાણીની અવનવી છટાભરી યુવતીઓને છકેલ કહેવાની જગતને ટેવ પડી ગઈ છે. સ્ત્રીની કલામયતા સારી લાગ્યા છતાં માનવીઓ તેમાં અમર્યાદાનું ભૂત નિહાળે છે. યૌવનભરી રમા વાળના કર્લ–ગુચ્છ–વળ પાડતી. એના યુગમાં એ નવીનતા હતી. નવીનતા એટલે સ્વચ્છંદતા એમ માનનારા સમાજે રમાની બહુ ટીકા કરવા માંડી. વિનોદરાયની સાથે તેનો વિવાહ પ્રથમથી મળી ચૂક્યો હતો. બન્ને પરસ્પરને સહુ જ યોગ્ય હોવાથી તેમનાં લગ્ન પણ થઈ ગયાં.

પરંતુ યુવાન વિનોદરાય રમાની ટીકા સાંભળી નૈતિક આવેશમાં આવી ગયા હતા. ઘણા નવવિવાહિત પતિઓ પત્નીને સુધારવાની, સંસ્કારી બનાવવાની ઘેલછા સેવે છે. વિનોદરાયે નિશ્ચય કર્યો કે રમાની સમાજને દેખાતી અમર્યાદ ઢબ ઉપર અંકુશ મૂકી દેવો.

સુંદર શણગાર સહ હસતે મુખે પતિની મીઠી નજર મેળવવા પતિ પાસે જઈ રમા ઊભી રહી. પતિને રમાનો દેખાવ ઘણો ગમ્યો છતાં મુખ ઉપર અણગમો બતાવી યુવાન વિનોદે કહ્યું :

'રમા ! આવા – વળ – કર્લ – પાડવા મૂકી દે.'

'કેમ ?'

'મને ગમતું નથી.'

'લોકોની ટીકાથી બીઓ છો ?'

'હું કોઈની ટીકાથી બીતો નથી. વાદવિવાદ ન કરતાં હું કહું તેમ કર.'

'અને હું તેમ ન કરું તો ?'

વિનોદના હૃદયમાં ક્રોધ વ્યાપ્યો. લોકો રમાને સ્વચ્છંદી કહેતા હતા એમાં શું ખોટું હતું ?

'હું કહું તેમ ન કરવું હોય તો મારી સાથે રહેવાશે નહિ.' વિનોદ બોલ્યો. તેને ખબર નહોતી કે તેનો વગર જરૂરનો તાત્કાલિક ક્રોધ પંદર વર્ષના વિયોગનું પરિમાણ પામશે. રમાનું હૃદય પણ દૃઢ હતું. માનભંગ થઈને પતિગૃહમાં રહેવું એ એના યૌવનભર્યા અભિમાનને જરા ય રુચ્યું નહિ.

'સારું.' કહી રમાએ પાછાં પગલાં ભર્યાં.

'ક્યાં જાય છે ?'

'મારા બાપને ઘેર.'

'ત્યાં જઈશ તો પછી હું તને બોલાવવાનો નથી.'

'તે તમારા બોલાવ્યા વગર હું પણ પાછી આવવાની નથી. એ નિશ્ચય માનજો.'

આમ કહી રમા પિયર ચાલી ગઈ. બન્નેનાં ડંખતાં હૃદયે પરસ્પર મળવા માટે ઘણાં ય મંથન કર્યાં; પરંતુ આત્મઘમંડ તેમને મળવા દેતો નહિ. વિયોગ એ સ્થાયી સ્થિતિ બની ગઈ, અને આમ જીવનનાં પંદર વર્ષ પ્રેમના ભગ્ન ખંડેર સમાં બની રહ્યાં.

રમાને એ બધું યાદ આવ્યું. તેની આંખ આગળ એ પ્રસંગનું દૃશ્ય ચીતરાઈ રહ્યું. વિનોદરાય શું એ જૂનું ઝેરભર્યું સૂચન કરતા હતા? કે જીવન ભગ્ન કરનાર પ્રસંગ માટે પશ્ચાત્તાપ કરતા હતા? રમા એકદમ ઊઠી બીજા ઓરડામાં ચાલી ગઈ. મન મોકળું મૂકી તે રડી. તેના હૃદયમાં એક કરાલ નિશ્ચય જાગ્યો. તેણે પોતાનાં કપડાં પહેરી લીધાં અને વિનોદરાય પાસે આવી કહ્યું :

'ત્યારે હું હવે જાઉં છું.'

'ક્યાં?' ચમકીને વિનોદરાયે પૂછ્યું.

'મારા પિતાને ઘેર.' રમા દૃઢતાથી બોલી; છતાં તેનું હૈયું કંપતું હતું.

વિનોદરાયના મુખ ઉપર એકદમ આવી ગયેલી ફિક્કાશ રમાએ જોઈ. અપમાન વેઠીને પણ પતિની પાસે રહેવાનું તેને એક ખૂણે મન થયું. પરંતુ પતિના કહ્યા વગર–બોલાવ્યા વગર રમા આવી હતી. એ પ્રસંગ અનિવાર્ય હતો. શા માટે તે પોતાનો પંદર વર્ષનો નિશ્ચય તોડે?'

'મારી સારવાર કરી મને જીવતો રાખ્યો તે બદલ આભાર માનું છું.'

આમ આભાર માનવાની કૃત્રિમતાએ રમાના નિશ્ચય ઉપર એક વળ ચડાવ્યો.

'ગાડીનો વખત થવા આવ્યો છે.' રમા બોલી.

'તું જઈશ તે મને ગમવાનું નથી.' વિનોદરાયે કહ્યું.

'કામ હોય ત્યારે બોલાવજો.' રમાએ સહજ વક્ર વાક્ય કહ્યું અને આગળ ડગલું ભર્યું. પગમાં બ્રહ્માંડનો ભાર આવી ગયો. પગલાં ભરાતાં ન હતાં. તેને કોઈ અહીં બેડીથી બાંધી રાખે તો કેવું સારું? તેને ખેંચી જતા અભિમાનને કોઈ કચરી નાખે તો તેને કેટલું ગમે?

તેણે પતિ સામે ફરી કહ્યું :

'જાઉં છું.'

'તું જાણે.' વિનોદરાય બોલ્યા.

અને રમાના પગમાં વેગ આવ્યો. તેણે ઝડપથી ઓરડો છોડવા માંડ્યો. ઓરડાનું બારણું ઓળંગી ગઈ.

પરંતુ તેને કોણ ખેંચતું હતું? તેનું લૂગડું કશે ભરાયું હતું કે શું? તેણે પાછળ જોયું. પાછળ જોતાં બરાબર તેના દેહ ઉપર બે વિશાળ હાથ વીંટળાઈ વળ્યા. વિનોદરાય રમાને દબાવી રહ્યા હતા.

'શું કરો છો? છોડો!' રમણીય મૂંઝવણ અનુભવતી રમાએ સહજ જોરથી કહ્યું.

'શા માટે છોડું?' વિનોદરાય બોલ્યા.

'મારે જવું છે.'

'મારા હાથમાંથી છુટાય તો ચાલી જા...જોતી નથી હું મૃત-જીવન ગાળું છું તે? કહી વિનોદરાયે હાથ વધારે બળથી ચપસ્યા.

રમાનો નિશ્ચય એકદમ ઓસરી ગયો. તેણે પોતાની નાની પોટલી ઓરડાના ઊંબરા ઉપર પડવા દીધી; એટલું જ નહિ; રમાએ પોતાનો દેહ વિનોદરાય ઘસડે તેમ ઘસડાવા દીધો. પતિની બળજબ-રાઈમાં તેને પંદર વર્ષના વિયોગનો બદલો મળતો લાગ્યો.

પચ્ચીશીની આસપાસ ફરતાં યુગલોની ઘેલછાને ભલે કોઈ જુએ અને હસે. ચાલીશીની આસપાસનાં પ્રગલ્ભ પ્રેમીઓની ઘેલછા ગંભીર એકાન્ત માગે છે. તેને કોઈથી હસાય નહિ.

# મૂર્તિપૂજા

૧

'સુરેન્દ્ર ઘેલો થઈ જશે એમ મને લાગે છે.'

'શા ઉપરથી ?'

'સાંભળતો નથી, અંદર એકલો બોલ્યા કરે છે તે ?'

'કોઈ ડૉક્ટરને બતાવીએ.'

'જરૂર. કાંઈ રસ્તો કાઢવો પડશે.'

'વર્ષ થઈ ગયું છતાં હજી પરણવાની ના કહ્યા કરે છે.'

'એટલે ડૉક્ટરને જ શોધવો રહ્યો.'

સુરેન્દ્રના મિત્રો સુરેન્દ્રના ઘરમાં આગલા ખંડમાં બેસી વાતો કરતા હતા.

સુરેન્દ્ર શિક્ષક હતો. શિક્ષક તરીકે તેણે બહુ ઊંચી શક્તિ દર્શાવી હતી. સહશિક્ષકોમાં તેણે માનભર્યું સ્થાન લીધું હતું, એટલું જ નહિ, પણ તેણે સહશિક્ષકોની મૈત્રી પણ મેળવી હતી. શાળાનું વાતાવરણ પણ ઝીણી ઝીણી ઈર્ષ્યાઓથી મુક્ત હોતું નથી. મુખ્ય શિક્ષકોની મહેરબાની અને વિદ્યાર્થીઓનો પ્રેમ ઈર્ષ્યાના અગ્નિને શાળાઓમાં પણ પ્રજળતો રાખે છે. છતાં સુરેન્દ્ર પ્રત્યે કોઈને ઈર્ષ્યા કે અણગમો નહોતાં.

વિદ્યાર્થીઓમાં તો તેને માટે એક જાતનો મોહ હતો. નોકરી કરતાં તેને પાંચેક વર્ષ થયાં હતાં.

એકાએક તેની પત્ની ગુજરી ગઈ. ઘણા પુરુષોને માથે એ દુઃખદ પ્રસંગ આવી પડે છે. એ સઘળાંને દુઃખ થાય છે અને સુરેન્દ્રને પણ દુઃખ થયું. લાગણીના પ્રદર્શન ઉપર જેનો કાબૂ હોય તે બહુ દુઃખ રડતો નથી. લાગણીને વશ થઈ જનાર ઘણું રડે છે, ઘણા ગમગીન રહે છે. મિત્રો અને ઓળખીતાં સગાંવહાલાં તેની લાગણીના પ્રદર્શનનું પ્રમાણ જોઈ ઓછીવધતી સહાનુભૂતિ દર્શાવે છે, અને છતાં તેની ઉદાસીનતા ચાલુ રહે તો તેનાથી કંટાળી જાય છે. સુરેન્દ્રની દિલગીરી છ માસ સુધી ચાલુ રહી. તેને આશ્વાસન આપી, બીજાં કાર્યોમાં રોકી તેનું દુઃખ ઓછું કરવા મથતા તેના બે અંગત મિત્રો મનહર અને ભાનુ હવે કંટાળો અને થાક અનુભવતા હતા. એવામાં એકાએક તેમને લાગ્યું કે સુરેન્દ્રના મુખ ઉપર ફેરફાર થયો છે. છ માસ સુધી ન હસેલો સુરેન્દ્ર હસ્યો ! એટલું જ નહિ, તેણે નકશો અને કેળવણી એ સંબંધમાં રસભરી ચર્ચા પણ કરી !

દુઃખનો ખરો ઉતાર સમય. મિત્રો રાજી થયા. સુરેન્દ્રની ગમગીની ઓછી થઈ એટલું જ નહિ પણ તે આનંદી દેખાવા લાગ્યો. છ માસ સુધીની દિલગીરી શું એક પ્રેમી માટે ઓછી હતી ! થતું આવ્યું છે ને થાય છે. સમય જતાં ઘા રુઝાય એ કુદરતનો નિયમ છે !

આનંદથી વાર્તાલાપ કરી રહેલા સુરેન્દ્રને ભાનુએ લાગ જોઈને પૂછ્યું :

'કેમ હવે શો વિચાર છે ?'

ભાનુની આંખમાં અડધી સહાનુભૂતિ અને અડધી મજાક દેખાયાં. સુરેન્દ્રને સમજ ન પડી. જે વાતચીત ચાલતી હતી તેમાં ભાનુના પ્રશ્નને સ્થાન નહોતું.

'એ શું પૂછે છે ? શાનો વિચાર ?'

'જાણે સમજતો ન હોય ! અમારી પાસે કહેવડાવવાની દાનત છે, ખરું ને !' મનહરે સહાનુભૂતિ અને મજાક આગળ વધાર્યાં.

'તમે શું કહેવા માગો છો તે સ્પષ્ટ કરો. આપણે રાજદ્વારી મુત્સદ્દીઓ નથી કે અગમ્ય વાણીમાં સમજી શકીએ.' સુરેન્દ્રે કહ્યું.

'લ્યો, ભાઈ તો સ્પષ્ટ વાત માગે છે! તે કહે ને એને, ભાનુ!' મનહરે સ્પષ્ટતા કરવા આજ્ઞા આપી.

'કહે, હવે તારે માટે તજવીજ શરૂ કરીએ કે કેમ?' ભાનુએ વ્યવહારકુશળતાનો ભાવ મુખ ઉપર લાવી પૂછ્યું.

'અરે પણ શાની તજવીજ? છે શું?' હસતાં હસતાં સુરેન્દ્રે પૂછ્યું. તેના હાસ્યથી ઉત્તેજિત થઈ ભાનુએ અગમ્ય વાતાવરણને મૂર્ત બનાવતાં કહ્યું:

'તારાં લગ્નની તજવીજ! બીજું શું હોય?'

લગ્ન એ મોટે ભાગે તજવીજનો વિષય હોય છે—ખાસ કરી બીજી ત્રીજી વારનું લગ્ન. સુરેન્દ્રના મુખ ઉપર સતેજ આનંદ, સહેજ મૂંઝવણ અને ખેંચી લેવાયેલો ખેદ જોવાની ઇચ્છા રાખનાર બન્ને મિત્રો સુરેન્દ્રનું મુખ જોઈ ચમક્યા. સુરેન્દ્રની આંખો ખાલી બની ગઈ હતી!

પાંચેક ક્ષણો બાદ સુરેન્દ્રની આંખમાં પ્રકાશ દેખાતો. અર્થહીન બનેલી દૃષ્ટિમાં અર્થ દેખાયો. તેણે પૂછ્યું:

'મારાં લગ્નની તજવીજ? શા માટે?'

'જો ભાઈ, હજી ઉમ્મર નાની છે. આખો જન્મારો એકલા રહેવું અશક્ય છે.' ભાનુએ કહ્યું.

'અને એમાં જોખમ પણ છે.' જગતની નીતિ માટે ચિંતા દર્શાવતા મનહરે દલીલ મજબૂત કરી,

'પણ કોણે કહ્યું કે હું એકલો છું?' સુરેન્દ્રે આશ્ચર્ય પામી પૂછ્યું

'તું અને તારો બુઢ્ઢો નોકર એ સિવાય ઘરમાં બીજું કોણ છે?'

'મારી પત્ની છે.' સુરેન્દ્રે ભાર દઈ કહ્યું.

'ફરી પરણ્યો? અમને ખબરે ન કરી?'

'તમે તે પાગલ બની ગયા છો કે શું? એક સામટી મને બે સ્ત્રીઓ પરણાવી છે? હા...હા...હા...' સુરેન્દ્ર મોટેથી હસ્યો.

તેણે મિત્રોને પાગલ કહ્યા; પરંતુ તેના હાસ્યમાં એક જાતનું પાગલપણું મિત્રોને સંભળાયું. તેઓ ચમક્યા. સુરેન્દ્રની પત્નીના સ્વર્ગવાસ પછી તેના ઘરમાં કોઈ સ્ત્રીનો ઇશારો સરખો પણ દેખાયો નહોતો. પછી આ સુરેન્દ્ર શું કહેતો હતો ?

થોડી વારે બન્ને મિત્રો ઘર બહાર નીકળ્યા. બુઢ્ઢો નોકર સામો જ મળ્યો. મનહરે તેને પૂછ્યું :

'અલ્યા, ઘરમાં કોણ છે ?'

'હું અને મારા સાહેબ.'

'કોઈ બૈરી છે ને ?'

'ના ભાઈ ! હું રાતદહાડો અહીંનો અહીં રહું છું, પણ કોઈ બૈરું દીઠામાં નથી.'

'વખત બેવખત કોઈ સ્ત્રી આવે છે ?'

'ના બાપા, બૈરીનું નામ કે નિશાન કશું યે નથી. ભાઈને તમે સમજાવો ને થાય તો ઠીક.'

'ત્યારે સુરેન્દ્રે શું કહ્યું ?' બન્ને મિત્રો પરસ્પરને પૂછતાં ત્યાંથી ચાલી નીકળ્યા.

નોકર ઘરમાં આવ્યો. તેણે ખૂણેખૂણો જોઈ નાખ્યો. ગોદડાંના વીંટા અને કબાટનો પાછલો ભાગ તપાસ્યાં; પલંગની નીચે અને રસોડાની અંદર તે જોઈ વળ્યો. ત્યાં કોઈ જ ન હતું !

ઘર કાંઈ મોટું નહોતું. આગલો ખંડ, સૂવાની ઓરડી અને એક રસોડું તથા છેક પાછળ અગાસી, એટલો ભાગ સુરેન્દ્રને કબજે હતો. એ તપાસતાં કાંઈ વાર લાગે એમ ન હતું. સુરેન્દ્ર સિવાય કોઈ તેને દેખાયું નહિ. તે પણ એક છબી સામે નજર રાખી બેસી રહ્યો હતો. તેને ખબર નહોતી કે તેનો વૃદ્ધ નોકર ઘરમાં કોઈ અજાણી સ્ત્રીને ખોળી રહ્યો છે !

જરા રહી ફરી નોકરે સુરેન્દ્રની સૂવાની ઓરડીમાં ડોકિયું કર્યું. સુરેન્દ્ર જેમનો તેમ બેઠો હતો. ફક્ત તે કાંઈ બોલતો હોય એમ

સંભળાયું.

'બધાં એમ ધારે છે કે તું સ્વર્ગવાસી થઈ. એ ખરું છે? કોઈને પૂછતો હતો.

'મૂર્ખ મિત્રો! એમને બતાવું કે તું તો આ રહી! જીવતી, જાગતી, હસતી!' સુરેન્દ્ર બોલ્યે ગયો.

ન બતાવું? ચાલ, તારી મરજી પ્રમાણે કરીશ. પણ ફરી હસતું મોં કરી મારી સામે જોઈ રહે!'

વૃદ્ધ નોકર થરથર કંપવા લાગ્યો જુવાન, નાનકડા સાહેબને એમની બૈરી જરૂર વળગી! તે ત્યાંથી ખસી ગયો. અને રસોડામાં જઈ ઘીનો દીવો સળગાવી માતાને સંભારતો બેઠો.

ખરે, સુરેન્દ્રની પત્ની સુરેન્દ્રને વળગી હતી!...કે પછી સુરેન્દ્ર તેની મૃત પત્નીને વળગી રહ્યો હતો?

સુરેન્દ્ર પોતાની પત્નીને બહુ ચાહતો હતો. તેનું મૃત્યુ તેને અસહ્ય થઈ પડયું. પત્નીનો દેહ જાગૃત અવસ્થામાં તેની આંખ આગળ રમ્યા કરતો, અને સ્વપ્નમાં તે ઘડી ઘડી તેને સ્પર્શી જતો. એક રાત્રે પત્નીનું તાદૃશ્ય રૂપ જોતા તે જાગી ગયો. આંખ સામે જ તેની પત્ની ઊભી રહેલી તેણે દેખી. જાગૃત અને સ્વપ્નના ભેદ ભૂલી તેણે સામે ઊભેલી પત્નીને સ્થિર નયને નિહાળ્યા કરી. એ શું છબી હતી? ના.

પત્નીની આંખમાં જીવંત ચમક હતી. તેનું મુખ આછું આછું સ્મિત કરી રહ્યું હતું. તે કેમ આમ એકી નજરે જોઈ રહી હતી? સુરેન્દ્રે પૂછયું:

'શું તાકીને જોયા કરે છે?'

પત્ની ઘણી વખત આમ પતિના મુખ તરફ તાકી તાકીને જોતી હતી, અને તેમ કરતાં પકડાય ત્યારે તે શરમાઈને પોતાનું જ મુખ ઢાંકી દેતી હતી.

પતિનો પ્રશ્ન સાંભળી આજે પણ તે સંકોચાઈ ગઈ સુરેન્દ્રને

લાગ્યું કે તે લૂગડાંમાં મુખ ઢાંકી દેશે.

'કેટલી શરમાય છે! ચાલ, હું આંખ મીંચી દઉં, અને તું મારી પાસે આવ, ધીમે ધીમે.'

સુરેન્દ્ર આંખ મીંચી સૂઈ ગયો. તેની પત્ની તેની પાસે આવી કે નહિ તે તેણે કોઈને કદી કહ્યું નથી. પરંતુ બીજે દિવસે જ તેના મુખ ઉપર પ્રસન્નતા છવાયલી સહુએ નિહાળી.

ત્યારથી સહુને લાગ્યું કે સુરેન્દ્રનો ઘા રુઝાયો. ફરી લગ્ન કરવાની સલાહ આપવાના દિવસ પાસે આવે છે એમ તેના મિત્રોને લાગ્યું. અને લાગ જોઈ એક આનંદભરી ક્ષણે તેના મિત્રોએ તેને સલાહ આપી પણ ખરી. પરંતુ જવાબમાં તેમને નકાર મળ્યો. સુરેન્દ્ર પોતાની પત્ની મૃત થઈ છે એમ માનતો હોય એવું ન લાગ્યું.

મિત્રોના ગયા પછી સુરેન્દ્ર એકમ પોતાની સૂવાની ઓરડીમાં દોડી આવ્યો. તેનું મુખ ઊતરી ગયું હતું, તેનું હૃદય ધડકધડક થતું હતું. હા, એક દિવસ તેને એક ભયંકર સ્વપ્ન આવ્યું હતું ખરું. તેની પત્નીના મૃત્યુનો ભયાનક વિચાર તેના મનમાં પાછો ઊભો થયો. તે વિચારમાં ઊંડો ઊતરી ગયો. નિઃશ્વાસ નાખી તેણે સહજ દૃષ્ટિ ઊંચી કરી. સામે પત્નીનું મુખ હસતું હતું.

'કોનું મૃત્યુ? અને શી વાત? મને આ શાની ઘેલછા લાગી છે?' તે બોલી ઊઠ્યો.

'શું થયું?' પત્ની જાણે પૂછતી હોય એમ સુરેન્દ્રે ભણકાર સાંભળ્યો. તેણે જવાબ આપ્યો :

'બધાં એમ ધારે છે કે તું સ્વર્ગવાસી થઈ. ખરી વાત?'

પત્નીએ ડોકું હલાવી ના પાડી.

## ૨

નોકરનો ભય સહજ ઓછો થયો. કારણ સુરેન્દ્ર ઓરડીમાંથી બહાર આવી તેને બોલાવતો હતો.

'ભાઈ, તમને કાંઈ થાય છે ?' નોકરે વાત્સલ્યથી પૂછ્યું.

'ના. કેમ ?'

'અંદર શું બોલતા હતા ?'

'એ તો એની જોડે જરા વાત કરતો હતો !'

'કોની જોડે ?'

'મૂરખ, સમજતો નથી ?'

નોકરના દિલમાં ફરી કંપ થયો. સાંજે બીતે બીતે ઓરડી સાફ કરવા જતાં તેના પગ પાછા પડતા હતા. જેટલા દેવનાં નામ આવડતાં હતાં તેટલા દેવનાં નામ લેતો તે અંદર ગયો. ત્યાં કોઈ જ નહોતું. ખુરશી અને ખાટલાની સામે હતી એક માત્ર છબી. ઘડીભર નોકર તે તરફ જોઈ રહ્યો.

'કેવાં હતાં બા ! જાણે લખમીનો અવતાર !'

છતાં નોકરનું લક્ષ સુરેન્દ્ર તરફ જ હતું. ઓરડીમાં આવી સુરેન્દ્ર શું કરે છે અને શું બોલે છે એની તે હવે દરરોજ બાતમી રાખવા લાગ્યો. સુરેન્દ્ર બહાર આવતો ત્યારે કોઈને કાંઈ લાગતું જ નહિ. તે પ્રસન્નચિત્ત વાચાળ અને ઉદ્યોગી બની ગયો હતો. તથાપિ ઘણો સમય તે સૂવાની ઓરડીમાં જ કાઢતો.

છબી સાથેની વાતચીત દિવસે દિવસે વધવા માંડી. ઘરમાં આવતાં બરાબર પોતાની પ્રિયતમાને નિહાળવા 'હું આવ્યો છું" કહી તે અંદર ધસતો. ઘર બહાર જતી વખતે તો મોટેથી કહેતો:

'હું જરા જઈ આવું. વાર નહિ કરું.'

નોકરને સમજ પડતી નહિ. આવો ડાહ્યો સુરેન્દ્ર હવામાં–છબી જોઈને વાત કરે એ શું ? ક્ષણ વાત થાય. ઘડી વાત થાય, કો'ક દિવસ બોલી જવાય; પરંતુ છબી જાણે જીવતી પત્ની જ હોય એમ સતત તેનું સાન્નિધ્ય શોધાય અને સતત વાર્તાલાપ ચાલે ત્યારે તેના મગજની અસ્થિરતા વિષે શંકા થાય–અરે, ખાતરી થાય એમાં શી નવાઈ ?

ભાનુ તથા મનહરને આ બધી ખબર નોકર આપ્યા કરતો.

ક્વચિત્ તેઓ અણધાર્યા આવે ત્યારે તેમને પણ સુરેન્દ્રની ઘેલછા સહજ દેખાઈ આવતી. ફરી લગ્ન કરવાથી તેની આ ઘેલછા ઘટી જશે એમ માનતા તેના મિત્રોના આગ્રહને તે હસી કાઢતો; એટલું જ નહિ, તે મિત્રોને મશ્કરીખોર અગર ઘેલા માનતો. કોઈ કોઈ વખત તે જવાબ આપતો :

'એની પત્ની છતાં બીજી વાર પરણવું એ અમારી ન્યાતનો રિવાજ નથી.'

આખું જગત જાણતું હતું કે તેની પત્ની તો જગત છોડી ચાલી ગઈ છે. પરંતુ સુરેન્દ્રની તો ખાતરી જ હતી કે તેની પત્ની જીવતી હતી.

'ક્યાં છે તારી પત્ની ?' ક્વચિત્ ભાનુ પૂછતો.

'અંદર.'

'બહાર બોલાવ ને !'

આ મિત્રની આજ્ઞા સાંભળતાં સુરેન્દ્ર કોઈ વખત સ્તબ્ધ બની ઊંડાણમાં ઊતરી જતો અગર હસીને જવાબ આપતો :

'તમારા જેવી માગણી કરતા મિત્રોથી હું બચવા માગું છું.'

તેનો મૂક કે વાચાળ જવાબ મિત્રોના ભયમાં વધારો કરતો હતો. ખરે સુરેન્દ્ર ઘેલો જ થઈ ગયો !

ઘેલછાનો ઈલાજ ફરી લગ્નનો. તે સુરેન્દ્ર માટે અશક્ય હતો. બીજો ઈલાજ ડૉક્ટરની સલાહનો.

દર્દી અજબ હતો. તેને પોતાનું દર્દ કબૂલ નહોતું. એટલે બહુ નાજુકાઈથી તેની તપાસ કરવાની હતી. ડૉક્ટરે સલાહ આપી :

'છબીની ઘેલછા લાગી હોય તો તે દૂર કરી જુઓ ને !'

મિત્રોએ તેની તૈયારી કરવા માંડી. એક દિવસ નોકરની સહાય મેળવી તેમણે સુરેન્દ્રની મૃત પત્નીની છબી ત્યાંથી ખસેડી નાખી અને સુરેન્દ્રના આવવાની રાહ જોતાં તેઓ બેઠા.

સુરેન્દ્ર ધસમસ્યો ઘરમાં આવ્યો. જગતને મૃત લાગતી તેની

પત્ની છબીમાં દિવસે દિવસે વધારે જીવંત બનતી જતી હતી. તેણે આગલા ખંડમાં બેઠેલ મિત્રોને જોયા પણ નહિ અને એકદમ સૂવાની ઓરડીમાં 'હું આવ્યો છું, હો !' કહી દોડ્યો.

બન્ને મિત્રો આ ઘેલછા દેખી જરા હસ્યા, પરંતુ તેમનું હાસ્ય ક્ષણિક હતું. તેઓ કાંઈ પણ બોલે તે પહેલાં અંદર મોટો ધબાકો થયો. બન્ને ઊભા થઈ એકદમ અંદર દોડ્યા. સુરેન્દ્ર બેભાન સ્થિતિમાં જમીન ઉપર પડ્યો હતો બહુ પ્રયત્ને તે શુદ્ધિમાં આવ્યો. તેણે છબીવાળી ખાલી જગ્યાએ દૃષ્ટિ ફેરવી ધીમે અવાજે પૂછ્યું :

'એ ક્યાં ગઈ !'

'કોણ ?'

'રમા.'

'રમાભાભી તો ગુજરી ગયાં છે તે તું ક્યાં નથી જાણતો ?'

સુરેન્દ્રની આંખ પહોળી થઈ. ફરી તેણે છબીવાળી જગાએ આંખ ફેરવી. સ્થળ ખાલી હતું. ખરે તેની પત્ની આજે મૃતઃપ્રાય બની ગઈ. તેણે આંખ મીંચી માથું જમીન ઉપર ઢાળી દીધું.

ભાનુ ચીસ પાડી ઊઠ્યો :

'મનહર, જા, જા. દોડ, ડૉક્ટરને બોલાવ, સુરેન્દ્રની નાડી તૂટે છે.'

મનહર ડૉક્ટરને બોલાવવા દોડ્યો. નોકર પેલી છબી પાછી લેવા દોડ્યો.

જીવન એટલે શું ? પંચેન્દ્રિય જે અનુભવે તે જ જીવન ? કે કલ્પના અનુભવે તે જીવન ? ખરું શું ?

# ગુનાની કબૂલાત

૧

હું ગુનો કબૂલ કરું છું.

મને મારવાની જરૂર નથી; અંગૂઠા પકડાવવાની જરૂર નથી; અદ્ધર ટીંગાડવાની જરૂર નથી; મારા નખ નીચે ટાંકણીઓ ભોંકવાની જરૂર નથી. ગુનો કબૂલ ન કરવો એટલે શું તે હું જાતઅનુભવથી જાણું છું.

નહિ સાહેબ, એમાં હું આપનો દોષ નથી કાઢતો. ગુનો કરનાર કાંઈ સતવાદી નથી હોતા; અને બંદોબસ્ત ખાતાના સિપાઈ – અમલદારોની દિવ્ય દૃષ્ટિ હોતી નથી કે ગુનેગારોનાં હૃદયને વાંચી શકે. વગર માર્યે ગુનો કબૂલ કરાવવો એ કેટલું મુશ્કેલ છે તે હું સમજી શકું છું. એટલે તમે મારો નહિ તો બીજું શું કરો ?

પરંતુ મારે માર ખાવો નથી. હું હવે થાક્યો છું, હાર્યો છું. શરીરમાં બળ નથી એ એક વાત. અને મારા હૃદયમાં બળ રહ્યું નથી એ બીજી વાત. જેના હૈયામાં બળ નથી એનાથી માર શી રીતે જીરવાય ?

હા, આપના એક ફટકાથી હું મરી જતો હોઉં તો હું બહુ

ખુશીથી આપનો ફટકો આવકારીશ. પણ એક ફટકો કે દસ ફટકા માનવીને મૃત્યુની શાંતિ આપી શકતા નથી. મારે મૃત્યુ જોઈએ— મૃત્યુની શાંતિ જોઈએ. જીવતરથી હું હવે કંટાળી ગયો છું. કેદખાનાના સળિયા બહાર મારે ઊભા રહેવાનું પણ સ્થાન નથી. સમાજ કરતાં સરકાર સારી છે. સરકાર ગુનેગારને બે ટંક રોટલો અને સૂવા માટે પાંચ હાથ જમીન પણ આપે છે. સમાજમાં તો એટલી સંકડાશ છે કે ગુનેગારને વેંત જગા પણ મળતી નથી ! પછી રોટલાની તો વાત જ શી ? ગુનેગારને માટે બે જ સગવડ હોઈ શકે : જીવવું હોય તો કેદ અને છૂટા રહેવું હોય તો મૃત્યુ ! મને હવે કેદનો યે કંટાળો આવ્યો છે. મને મૃત્યુ અપાવી શકશો ? આ જીવતરથી હું છૂટવા તલપું છું.

ગુનાની વાત ઉડાડી દેવા હું માગતો નથી. તે તો મારે કબૂલ છે. પોલીસને હાથ પડ્યા પછી ગુનો ઉડાડી દેવાનું મારું શું ગજું ? નિર્દોષ માણસને માથે આરોપ આવ્યો હોય તો તેને પણ તે દૂર કરતાં નવનેજા થાય છે. હું તો ગુનેગાર રહ્યો. મેં ગુનો કર્યો છે. મારાથી તેની વાત કેમ ઉડાડી દેવાય ? હું ઇચ્છું તો ય તે શક્ય નથી. હું ગુનો કબૂલું છું. આ એક જ નહિ પણ બીજા ગુના ય હું કબૂલ કરું છું. મેં કંઈક ગુના કર્યા છે. એ બધા ય આજ આપની આગળ કબૂલ કરીશ. મૃત્યુ માગતા થાકી રહેલા જીવને શું કરવા કશું સંતાડવું પડે ? સાંભળો ત્યારે મારા ગુનાની આખી યે નોંધ.

જેને આપ ગુના કરનારી જાત તરીકે ઓળખાવો છો તેવી જાતમાં મારો જન્મ થયો ન હતો. મારો જન્મ ઊજળી કોમમાં થયો હતો. કોમો તો બધી યે ગુના કરે છે, એટલે ગુના કરનારી જાતની સરકારે કરેલી યાદી ખોટી છે; બધી જાતો તેમાં આવવી જોઈએ. પરંતુ એટલું ખરું કે ઊજળી જાતની હોશિયારી તેના ગુનાને પકડાવા દેતી નથી; અને ગુના કરનારી તરીકે ઓળખાયેલી જાત બિચારી તેના પ્રામાણિકપણાને લઈને સરકારીદફતરે ચડી વગોવાય છે.

એવી ઊજળી જાતમાં જન્મ્યા છતાં મેં ગુનાની શરૂઆત મોડી—બહુ મોડી કરી હતી. હું ગરીબ હતો, પરંતુ મારી પ્રામાણિક વૃત્તિમાંથી હું કદી સ્ખલિત નહોતો થયો. ગરીબીને લીધે હું ઝાઝું ભણી શક્યો નહિ; મેટ્રિકમાંથી તો મારે ઊઠી જવું પડેલું. પરંતુ મારા સારા કે ખોટા નસીબે મને એક શેઠને ત્યાં ગુમાસ્તીનું કામ મળી ગયું. વીસ રૂપિયાનો માસિક પગાર મને મળ્યો એટલે મારી ખુશાલીનો પાર રહ્યો નહિ. સાહેબ, ગરીબો બહુ થોડેથી રીઝે છે!

હું અત્યારે દેખાઉં છું તેવો તે વખતે નહોતો. અત્યારે જંગલનો ભીલ, ગામડાંમાં વસતો રેંચો અને હું એ ત્રણેમાં આપને કશો ફેર જણાશે નહિ. પરંતુ તે વખતે મારી ચામડી સહજ ગોરી અને સુંવાળી હતી; મારું મુખ અત્યારના જેવું કદરૂપું નહોતું. મારી ફાટી આંખોમાં આપને અત્યારે દેખાતી ઘેલછા કે બહાવરાપણું તે વખતે નહોતાં. આપને એ ખરું નહિ લાગે તો ય હું કહું છું કે મને ઘણાં માણસો રૂપાળો કહેતાં.

હશે. રૂપની વાત બાજુએ મૂકીએ.

ગુમાસ્તા તરીકે મારું કામ ચોપડા અને કાગળપત્રો લખવાનું હતું. થોડા જ વખતમાં મારું કામ મુનીમ અને શેઠ બન્નેને ગમ્યું હોય એમ લાગ્યું, જોકે મારે મોઢે તેમણે એવું કદી કહ્યું નથી. પરંતુ મારા સારા કામની કદર તરીકે તેમણે મને બીજું વધારે કામ સોંપ્યું. એટલું જ નહિ, શેઠના ઘરનું કેટલુંક ખાનગી કામ કરવાનું પણ મારે માથે પડ્યું.

કામથી હું કદી કંટાળ્યો નથી. શેઠની કૃપાના ચિહ્ન તરીકે મેં વધારાના કામ આવકારી લીધાં. જે કામ સોંપાય તે હું ગમે તેમ કષ્ટ વેઠીને પણ સારી રીતે કરતો.

શેઠને રીઝવવાનું કામ જેટલું સહેલું છે તેટલું શેઠાણીને રીઝવવાનું કામ સહેલું નથી, હો! ખાનગી કામના મોટાભાગની વ્યવસ્થા શેઠાણીના હાથમાં હતી. શેઠાણી બહુ જબરદસ્ત હતાં. શેઠ અને

શેઠાણી સાથે બેઠાં હોય ત્યારે શેઠ આપણને ઝાંખા પડી ગયેલા લાગે. શેઠાણી બહુ કપરાં હતાં. આખું ઘર તેમનાથી થરથરતું. તેમનાથી શેઠને પણ મેં થરથરતા જોયેલા. તેમની નજર ચારે કોર ફરતી. તેમનો અવાજ બંગલાને ખૂણેખૂણે ગાજી રહેતો. ખાનગી કામ માથે પડતાં મારે એ ઉગ્ર સ્ત્રીશક્તિની ઝપટમાં આવવું પડયું.

મારું નામ તે વખતે કુંદનલાલ હતું; આજ મને કુંદનિયો, કુનિયો, કુંદો એમ ગમે તે નામે બોલાવાય છે એ જુદી વાત છે. મારી ફોઈએ શા માટે એ નામ પસંદ કર્યું તે હું સમજી શકયો નથી. નામ પ્રમાણેનો ગુણ મેં કદી કેળવ્યો નથી.

પહેલું જ ખાનગી કામ સોંપતાં શેઠાણીએ મોટે સાદે ફૂલેલી ગરદન વધારે ફૂલાવી. આંખો કાઢી મને કહ્યું :

'જો કુંદન, મારી પાસે કશી ગરબડ નહિ ચાલે. હું કહું તેમ થવું જ જોઈએ; નહિ તો તારે ઘરે બેસવું પડશે.'

શેઠ સિવાય બીજાં બધાંયને શેઠાણી તુંકારીને બોલાવતાં હતાં. મને ભય લાગ્યો. શેઠાણી પાસે કામ કરનાર ભલભલા હોશિયાર માણસો ઘેર બેસી ગયા હતા. ધ્રૂજતાં ધ્રૂજતાં મેં જવાબ આપ્યો :

'બાઈ સાહેબ, આપને કહેવું પડે એમ નહિ રાખું.'

મેં શેઠાણીને આપેલું વચન બરાબર પાળ્યું. સોની, સાળવી, ધોબી, ઝવેરી, કાપડિયો, ચૂડગર એમ જાત જાત અને ભાત ભાતના કારીગરો તથા દુકાનદારોની સાથે મારે કંઈ કામ હોય જ. ઘણી વખત રાતના બાર વાગી જાય તોપણ મારા ધક્કા પૂરા થયા ન હોય. દિવસના દફતરનું કામ તો મારે કરવાનું હતું જ. મેં કામના ભારણને ગણકાર્યું નહિ. શેઠ અને શેઠાણી બન્ને રીઝે એવું કામ કરવામાં મેં મારી ફરજ બજાવાતી જોઈ; એટલું જ નહિ, પણ ભાવિ ચડતીનાં ચિહ્નો પણ જોયાં—જોયાં નહિ, કલ્પ્યાં.

શેઠાણીએ મને ઘેર બેસાડયો નહિ એટલા ઉપરથી હું કહી શકું કે શેઠાણીને મારું કામ ગમ્યું હોવું જોઈએ. અલબત્ત, વચ્ચે

વચ્ચે પ્રસંગ ઉપજાવી તેઓ મને મારું નોકરપણું ભૂલવા દેતાં નહિ. નોકરને વગર વાંકે પણ ધમકાવી શકાય છે. વગર વાંકે પણ નોકરને ધમકાવી દબડાવી ભયભીત રાખવા એ સુવ્યવસ્થાનું સૂત્ર મનાય છે. તે ધોરણે બીજાઓના દોષ ઉપર ગુસ્સે થયેલાં શેઠાણી મને પણ તેવો દોષ ન કરવાનું કહી ધમકાવતાં.

પરંતુ જ્યારે શેઠાણીએ શેઠને એક હુકમ કર્યો ત્યારે મને લાગ્યું કે મારું જીવતર અને મારી મહેનત સફળ થયાં.

'સાંભળો છો ને? આ કુંદનને આપણા બગીચામાં જ રાખીએ. પાસે હોય તો કંઈ કામ બતાવાય, આ તો દૂર રહે એટલે એને કાંઈ કામ બતાવાતું નથી.'

મારા દૂર રહ્યાના કાણે કામ ઓછું બતાવાતું હતું એ અભિપ્રાય શેઠાણીનો ભલે હોય, મારો અભિપ્રાય તેવો નહોતો. છતાં શેઠાણીના કથનથી મને સંતોષ અને ગર્વ થયાં. મારા કામથી તેમને તુષ્ટ કરી શક્યો છું એની મને ખાતરી થઈ.

'પણ એને રાખીશું ક્યાં?' શેઠે પૂછ્યું.

'એને રહેવાને વળી કેવડી જગા જોઈએ? બેત્રણ ખોલડાં કાઢી અપાશે.' શેઠાણી બોલ્યાં.

પાળેલા કૂતરાને રોટલીનો વચ્ચોવચ્ચો ટુકડો ફેંકાતો હોય તેમ આ વધારે પડતી ખોલડીઓ મારા તરફ ફેંકાતી હતી. કૂતરાની માફક નોકરોને પણ સ્વમાન હોતું નથી.

'પણ એ તો બૈરાંછોકરાંવાળો છે. હમણાં જ મેં એના પગારમાં પાંચ રૂપિયા વધારી આપ્યા.' શેઠે કહ્યું.

છ-સાત વર્ષની સખત નોકરી પછી શેઠે મારા વીસના પગારમાં પાંચ રૂપિયા પગાર વધારવાની ઉદારતા બતાવી હતી ખરી.

'તે એનાં બૈરાંછોકરાંને અહીંથી કોઈ લઈ જવાનું નથી ને? ખોલીઓનું ભાડું ન લેશો. એટલી એને રાહત આપો!'

મારાં બૈરાંછોકરાં મેં અહીં આવીને જ ખોયાં એનો મને

વિચાર આવે છે ત્યારે મારું લોહી અત્યારે પણ ઊછળી આવે છે. પરંતુ તે વખતે મને કાંઈ લાગેલું નહિ હોય. ઊલટું મેં તો આનંદની લાગણી અનુભવી. મારા સરખા ધનરહિત મનુષ્યનું કુટુંબ શેઠશેઠાણીની મહેરબાની વગર આવા સુંદર બંગલાની જોડાજોડ રહી બાગ-બગીચાનો લહાવો લેવાની કયે જન્મે તક મેળવી શકે એમ હતું ? સ્વચ્છ હવાના લાભ સમજી શકું એટલો હું નવા જમાનાનો માણસ હતો. બૈરાં-છોકરાંને સ્વચ્છ હવા અને ખુલ્લી જગા મળશે એ વિચારે મેં જબરદસ્ત શેઠાણીનો પડોશ આનંદથી – સાભાર સ્વીકાર્યો.

હું બૈરાંછોકરાંવાળો હતો એ બહુવચનથી ઉભરાતા વાક્યનો અર્થ એટલો જ કે મારે એક જ પત્ની હતી અને એક જ છોકરી હતી. આપણા હિંદીઓને રોજગાર ન મળે પણ પત્ની મળે એવી સ્થિતિ હોય છે. હું ભણતો ત્યારથી જ મારાં લગ્ન થઈ ચૂક્યાં હતાં. મારી પત્ની પણ મારી માફક ગરીબ કુટુંબમાંથી આવી હતી. ભારે ખર્ચ કે લેવડદેવડ કર્યા વગર મારાં લગ્ન થઈ ગયાં હતાં. મારી પત્ની થોડું ગુજરાતી ભણી હતી એટલે મને ભણેલી પત્ની મળ્યાનો ગર્વ પણ હતો.

એ પત્ની માત્ર ભણેલી હતી એટલું જ નહિ; તે બહુ શાંત, કહ્યાગરી, મહેનતુ અને સુશીલ હતી. તેનો દેખાવ પણ આકર્ષક હતો. મને તો તે બહુ ગમતી. તેણે મારી નિર્ધન સ્થિતિનો કદી અસંતોષ બતાવ્યો નહોતો. હું ઘણી વખત મારાં નસીબને ગાળો દેતો. મારી પત્નીને મારે ક્યાં ક્યાં સુખ તથા આનંદ આપવાં જોઈએ તેની યાદ કરી. તેમાંથી એક પણ સુખ કે આનંદ પૂરાં ન આપી શક્યા બદલ હું શોક કરતો. પરંતુ મારી પત્ની સામું મને આશ્વાસન આપતી અને કહેતી :

'બળ્યું શું આવો અસંતોષ ! મારે તો કાંઈ ન જોઈએ : મારું કંકુ કપાળે અખંડ રહે એટલે બધું સુખ અને સાહ્યબી આવી ગયાં.

મરવા ઇચ્છતા માનવીનાં યે આંસુ જીવતાં રહે છે. પત્નીને

સંભારું છું ત્યારે આજે પણ આંસુ આવે છે. પરંતુ એ આંસુની મને એકલાને જ કિંમત છે. એ તો સ્વર્ગે ગઈ! એની વાત નહિ કરું. આપના હુકમ મુજબ હું મારા ગુનાને લગતી જ વાત કરીશ. હું જાણું છું કે આપને મારો લવારો સાંભળવાની ફુરસદ નથી.

શેઠાણીની ઇચ્છા મુજબ શેઠે મને આજ્ઞા કરી અને હું બગીચામાં રહેવા આવ્યો. બંગલા પાસેની કોટડી મને તો બંગલા સરખી જ લાગી. પરંતુ મારી પત્નીએ આ સારા રહેઠાણ માટે બહુ ઉત્સાહ બતાવ્યો નહિ.

'બહુ મોટા માણસનો પાડોશ સારો નહિ. આપણે અહીં શોભીએ નહિ.' એમ તેનું કહેવું થયું. તેના કથનને મેં હસી કાઢ્યું, અને ઉત્સાહપૂર્વક હું ત્યાં રહેવા લાગ્યો.

મારે એક દીકરી હતી. સાતેક વર્ષ તેને થયાં હતાં. શેઠને પણ લગભગ એવડી જ ઉમરની દીકરી હતી. મારી દીકરીનું નામ સરિતા; શેઠની દીકરીનું નામ પ્રિયબાળા. અહીંથી હવે મારા ગુનાની ખરેખરી વાત શરૂ થાય છે.

પ્રિયબાળા કરતાં સરિતા ઓછી દેખાવડી ન હતી. માબાપની નજરે કયું બાળક કદરૂપું લાગે છે? બાળકો બહુ ઝડપથી મિત્ર બની શકે છે. સ્થિતિનો તફાવત આ ઉંમરને અદૃશ્ય હોય છે. સરિતા અને પ્રિયબાળા કોણ જાણે કેવી રીતે પરસ્પરનાં મિત્રો બની ગયાં. જ્યારે ત્યારે હું તેમને બગીચામાં કે બંગલામાં ભેગાં રમતાં નિહાળતો અને ખુશ થતો.

પરંતુ હું હવે લાંબો વખત ખુશ રહેવાને સર્જાયો નહોતો. બંગલાના એક વિશાળ ખંડના એક ખૂણામાં બેસી શેઠે આપેલાં શેરોનાં કાગળિયાં જોઈ હું વ્યાજ ગણતો હતો. શેઠ અને શેઠાણીનો મારા ઉપર એટલો વિશ્વાસ બેસી ગયો હતો કે તેમની તિજોરી કે દાગીનાની પેટીની કૂંચી ઘણી વખત મને સોંપાતી; શેઠ દૂર એક સોફા ઉપર પડ્યા પડ્યા છાપું વાંચતા હતા. જોરભેર ખંડનું બારણું ઊઘડ્યું.

શેઠાણી તેમના રિવાજ મુજબ ધસી આવ્યાં. અને મોટેથી બોલ્યાં :

'આ તો એક ભારે દુ:ખ થયું !'

શેઠાણીનાં અગણિત દુ:ખોમાં એકાદ વધ્યું તેની શેઠ ઉપર ઝાઝી અસર થઈ નહિ. છતાં કાળજી બતાવતાં તેમણે પૂછ્યું :

'કેમ એવું શું છે ?'

'તે તમે જોઈ શકતા નથી ? આપણી પ્રિયબાળા હલકાં છોકરાં ભેગી રમે છે. કેટલી ખરાબ અસર થાય ?'

'એવાં કોણ હલકાં છોકરાં અહીં છે ? નોકરોનાં બાળકો તો આ બાજુ આવતાં જ નથી–તેં મના કરી છે ત્યારથી.'

'આ કુંદન તમારો નોકર નહિ, ખરું ?' શેઠાણીએ મને બેઠેલો જોયો નહિ હોય એમ મેં ધાર્યું–જોકે મારા સરવાળામાં એ બાકયે ભૂલ પાડી.

'તેનું શું છે અત્યારે ?' શેઠના અવાજમાં સંકોચ હતો. વાત લાંબી ન વધારવાનું સૂચન હતું. તેઓ તો જાણતા જ હતા કે હું વાતચીત સંભળાય એટલો પાસે બેઠો હતો.

'તેનું શું છે એમ પૂછો છો ? જોતા નથી રાતદહાડો એની છોકરી જોડે પ્રિયબાળા રખડયા કરે છે તે ? એમ તો એ તદ્દન બગડી જશે.'

'ઠીક છે. જોઈશું.' કહી શેઠ ઉતાવળા ખંડની બહાર ચાલ્યા ગયા. શેઠાણી તેમની પાછળ ધસ્યાં. હું એકલો પડ્યો.

હું જરૂર નોકરવર્ગમાં હતો. હું શેઠથી પૈસેટકે હલકો હતો; એટલે પ્રતિષ્ઠામાં યે હલકો હતો એ કબૂલ કરું છું. પરંતુ મારી હલકી સ્થિતિ મારી પુત્રીને શેઠની પુત્રી જોડે રમવા માટે અપાત્ર બનાવે એ માનવાની મારી જરા પણ તૈયારી નહોતી. હું શેઠાણીના બોલથી દાઝી ઊઠ્યો. શું એક પ્રામાણિક નોકર અપ્રામાણિક શેઠથી ઊતરતો લેખાય ? તેનાં છોકરાં પણ શેઠનાં છોકરાં કરતાં હલકાં મનાય ? એ કયો ન્યાય ? કયાંનો ન્યાય ?

અપમાન સહન કરવા ટેવાયેલા ગરીબોને અપમાન વિસારે પાડવાં પડે છે. એ વાતચીત મેં સાંભળી જ ન હોય એવો દેખાવ કરી હું આખો દિવસ કામે લાગ્યો. પરંતુ હું ઘેર આવ્યો અને એ વાત તાજી થઈ, મારી દીકરી એક બાજુએ રડતી હતી. સદા ય શાન્ત દેખાતી મારી પત્ની ઉગ્ર મુખ કરી બેઠી હતી.

'શું થયું ?' મેં પૂછ્યું.

'કાંઈ નહિ.' પત્નીએ જવાબ આપ્યો.

'સરિતા રડે છે ને !'

'બા મારા પગ કાપી નાખવાનું કહે છે !' રડતે રડતે સરિતાએ મા વિરુદ્ધ ફરિયાદ કરી. વાતચીતમાં છેવટે જણાયું કે શેઠાણીએ મારી પત્નીને બોલાવી. પ્રિયબાળા સાથે રમી સરિતા તેનો દરજ્જો અને તેનું માનસ ખરાબ કરતી હતી તે માટે ધમકાવી, શેઠ નોકરની મર્યાદા બાળકો સુધી લઈ જવાની તેને આજ્ઞા આપી હતી. ગરીબ અને તેમાં સ્ત્રી ! એ કોની ઉપર પોતાનો રોષ કાઢે ? તેણે કોટડીમાં આવી સરિતાને ધમકાવી કહ્યું :

'હવે જો બંગલામાં પગ મૂક્યો છે તો તારા પગ કાપી નાખીશ.'

'બાળકીના પગ કાપી નાખવા કરતાં શેઠાણીનો બંગલો બાળી નાખવો એ શું વધારે વાજબી નહોતું ? પરંતુ હું કાંઈ બોલ્યો નહિ. હસીને બાળકીને મારી પાસે લીધી. પરંતુ મને અને મારી પત્નીને એ અપમાનની યાદમાં આખી રાત ઊંઘ આવી નહિ.

બેત્રણ દિવસ પ્રિયબાળા અને સરિતા સાથે જોવામાં ન આવ્યાં. પરંતુ એક દિવસ સંધ્યાકાળે બાગની ઘટા પાછળ બન્ને જણ રમતાં હતાં એવું મેં શેઠાણીની બૂમ ઉપરથી જાણ્યું. હું તત્કાળ તે બાજુએ દોડી ગયો. શેઠાણી સરિતાને ધમકાવવાનું મૂકી મને ધમકાવવા માંડ્યાં :

'કુંદન ! તમને લોકોને કેટલું કહેવું ? બાગમાં જગા ઓછી છે કે સરિતાએ પ્રિયબાળાની પાછળ પાછળ જ જવું જોઈએ ? આ ટ્રાઈસીકલ એણે ભાંગી નાખી. છોકરીને રીતમાં રાખતાં શું થાય છે ?'

શેઠાણીને જવાબ આપવા માટે મારા હૃદયમાંથી અનેક શબ્દો ઊછળી આવ્યા. પરંતુ મારી જીભને ખબર હતી કે મારું પોષણ શેઠે આપેલા પગારમાંથી થતું હતું. હું સરિતાને ઊંચકી પાછો ફર્યો. પાછળથી મેં શેઠાણીને બોલતાં સાંભળ્યાં :

'શું લડાવી મૂકી છે છોકરીને ? એક અક્ષર પણ એને કહેતા નથી.'

અને ખેર, મેં સરિતાને એક અક્ષર પણ કહ્યો નહિ. શા માટે કહું ? તેને શેઠના બંગલામાં પેસવાની મનાઈ કરી નહોતી. છતાં મારી પત્નીએ જરા કડક ઢબે રોતી સરિતાને કહ્યું :

'હવે પ્રિયબાળા સાથે રમીશ નહિ.'

'હું મારી મેળે રમવા જતી નથી. પ્રિયબાળા જ મને બોલાવે છે.'

એ બોલાવે તો ય તું જઈશ નહિ.'

એકાદ દિવસ શાન્તિ રહી. મને અગર મારી દીકરીને આપેલું અપમાન એ અમારી માલિકી હતી. એમાં શેઠાણીને શું ? કાંઈ ન બન્યું હોય એમ તેઓ પ્રથમની માફક મારી સાથે વાતો કરતાં અને હુકમો પણ આપતાં. તેમણે કહેલા બોલમાં અપમાન રહ્યું છે કે કેમ તેનો પણ કદાચ તેમને ખ્યાલ નહિ હોય. પરંતુ જગતના ધનિકો તેમના આશ્રિતોને તેમના બોલથી અને તેમની રીતભાતથી સતત વીંધ્યે જ જાય છે એ તેમને કોણ સમજાવે ?

બીજે દિવસે સાંજે શેઠાણી અને પ્રિયબાળા ફરવા જતાં હતાં. મારી દીકરી ઓરડીના ઓટલા ઉપર રમતી હતી. પ્રિયબાળાએ તેને બૂમ પાડી :

'સરિતા !'

છોકરીએ તેની સામે જોયું, પરંતુ માની શિખામણ પ્રમાણે તે કશું બોલી નહિ. ઊલટી તે ઘરમાં આવતી રહી. આખો બગીચો સાંભળે એવા મોટા અવાજે શેઠાણી બોલ્યાં :

'શો ઘમંડ છે આવડી છોકરીને ? ના બોલે તો ના બોલાવીશ !

ઓછું પાત્ર ને અદકું ભણ્યો...'

હું કાંઈ બોલ્યો નહિ, પરંતુ તે જ ક્ષણથી હું શેઠ શેઠાણીનો દુશ્મન બન્યો. શેઠાણીનું ખૂન કરવાનો મને વિચાર આવ્યો; તેને રીબીરીબીને મારવાની મેં કલ્પનાઓ કરી; તેના ધનમાલને લૂંટાવી તેને અને તેની દીકરીને ભીખ માગતાં–ટળવળતાં જોવાનું દૃશ્ય રચી મેં મારી વૈરવૃત્તિ સંતોષી. પરંતુ માસિક ત્રીસ રૂપિયાના પગારે મને એટલો નમાલો બનાવી દીધો હતો કે ઉગ્ર કલ્પનાઓ ઘડવા છતાં એક પણ ઉગ્ર શબ્દ હું શેઠ કે શેઠાણીને કહી શક્યો નહિ.

બિચારી પ્રિયબાળા! એક દિવસ સહજ લપાઈને તે અમારી ઓરડીમાં આવી. તે બાળકી સંસ્કાર શું તે જાણતી નહોતી એટલે તેના સંસ્કારઘમંડને સરિતા અસ્પૃશ્ય નહોતી લાગતી. તેને રમવું હતું –એટલે તેની બાળક ઢબે હૃદય ખોલવું હતું. ઉમ્મરની સાથે ઊંચી વધતી–સખ્ત થતી જતી સ્વાર્થની – મારા તારાની – દીવાલો હજી પ્રિયબાળાની આસપાસ ઓળંગાય એવી નીચી અને મૃદુ રહી હતી.

'મારે સરિતા જોડે રમવું છે.' જરા વિલાઈને તેણે કહ્યું. તેને શી રીતે ના કહેવાય ? માતાનો અન્યાય તે અસ્પષ્ટ રીતે સમજતી હતી. માને અને નોકર બાઈને ચૂકવી તે તેની સમવયની સરિતા સાથે રમવા આવી હતી. બાળકોને સમોવડિયાં સાથે જેવું ફાવે છે એવું કોઈની જોડે ફાવતું નથી. સરિતા એટલામાં ત્યાં દોડતી આવી જ હતી. અમારી પરવાનગીની જરૂર જ ન હોય એમ તેમણે રમવાની શરૂઆત કરી દીધી.

પંદર વીસ મિનિટમાં નોકર બાઈએ ઓરડીની બહાર આવી પ્રિયબાળાને ધીમી બૂમ પાડી. પ્રિયબાળાના મનસ્વીપણાની શિક્ષા તેના નોકરોને કરવામાં આવતી. પ્રિયબાળા ઝટ બહાર નીકળી. રમકડાંની ઝાંપી તે સાથે લાવી હતી તે બાઈએ મંગાવી લીધી. કોઈક સ્થળે રમતમાં મૂકી રાખેલાં બે પૂતળાં મારી ઓરડીમાં રહી ગયાં હતાં.

એક કલાકે તેની ખબર પડી. પેલી બાઈ બે પૂતળાં શોધતી

મારી ઓરડીમાં આવી, અને ખોળી કાઢી તે લઈ બબડતી ચાલી ગઈ. થોડી ક્ષણોમાં મને તેડું આવ્યું, હું શેઠાણી પાસે ગયો. શેઠાણીને ભાગ્યે જ નોકરોએ સૌમ્ય સ્વરૂપમાં જોયાં હશે. મને જોતાં બરોબર તેઓ બોલી ઊઠયાં :

'કુંદન, છોકરાંની વાત તો ઠીક છે. પણ તમે યે ચોરી કરવા માંડી શું ?'

'હું સમજ્યો. રમકડાં રહી ગયેલાં તેનો ઉલ્લેખ હતો. છતાં મારી આંખમાં અને કંઠમાં ઉષ્મા આવી ગઈ.

'બાઈ સાહેબ, તમે શું બોલો છો ? શાની ચોરી ?'

'લ્યો. આ તો વળી ચોરી ઉપર શિરજોરી ! આ તારી વહુ છોકરીને ચોરવાનું શીખવે છે ! પ્રિયબાળાનાં રમકડાં આ બાઈ જઈ ને તારી ઓરડીમાં કઢાવી લાવી. હવે સમજ્યો ?'

'એ રમકડાં તો મારાં છે–મેં મંગાવ્યાં છે.' ગુસ્સામાં હું બોલ્યો, અને ગુનામાં એક ડગલું આગળ વધ્યો.

'એમ કે ? ત્રીસ રૂપિયાના પગારમાં તું પાછો રમકડાં પણ વસાવે છે કે ?'

વીજળી સરખો કોઈ પ્રકાશ મારા અંતરમાં ઝબક્યો- કાંઈ નહિ તો આજ સુધી મારી પ્રામાણિક નોકરીથી શેઠના આઠ દસ હજાર રૂપિયા મેં બચાવ્યા હતા. શેઠને ખોટ જવાની નહોતી. બીજા ગુમાસ્તાઓ દલાલોની દૃષ્ટિએ પ્રામાણિકપણું અને મૂર્ખાઈ એ શબ્દોનો સરખો અર્થ થતો હતો. તેમનાં મેણાં સાંભળવા છતાં હું મારા માર્ગમાંથી ચલિત થયો નહિ તેનો આ બદલો મને મળતો હતો ! હું ગરીબ ગણાઈ તુચ્છકાર પાત્ર બન્યો એટલું જ નહિ, પણ મારી છોકરી અને મારી પત્ની ચોર ગણાયાં !

મેં તે જ દિવસે મારી બાળકી માટે એક ટ્રાઇસીકલ અને ટોપલો ભરીને રમકડાં આણ્યાં. બાળકી ખુશ થઈ – બહુ જ ખુશ થઈ. એની ખુશાલીનો વિચાર કરતાં શેઠના મને સોંપાયેલા પૈસામાંની આ ખાનગી

ખરીદીમાં કરેલો ઉપયોગ મને જરા ય સાલ્યો નહિ; ઊલટું જે પૈસા મારી બુદ્ધિથી બચ્યા હતા તેમાં મને મળવો જોઈતો ફાળો હું લેતો હતો એમ મને લાગ્યું. પરંતુ મારી પત્નીએ આવો ખર્ચ કરી શેઠાણીના બોલનો બદલો વાળવાની મને મના કરી. એ એમ જ જાણતી હતી કે મારા ત્રીસ રૂપિયામાંથી આ બધો ખર્ચ હું કરતો હતો !

મને હવે શેઠના પૈસામાં મારા પૈસા દેખાવા લાગ્યા. દલાલી કમિશન, ભાવફેર વગેરેમાં મને પગાર કરતાં વધારે સારી રકમ મળવા લાગી. કોઈને કશી ખબર પડી નહિ; ઊલટું શેઠ સાથે સંબંધમાં આવતા વ્યાપારીઓને વધારે અનુકૂળતા થઈ.

વળી એક દિવસ પ્રિયબાળા હીરાની બંગડીઓ પહેરી મારી ઓરડીમાં રમવા આવી. હું ત્યાં નહોતો. પરંતુ રાત્રે મને ખબર પડી. મારી પત્નીએ સરિતાને માર માર્યો હતો. સરિતાને પ્રિયબાળા સરખી હીરાની બંગડીઓ જોઈતી હતી. ગરીબ માનવીનાં બાળકોને સારું પહેરવાની ઇચ્છા થાય ત્યારે માર મળે એ ક્યાંનો ન્યાય? પ્રિયબાળા અને સરિતા બન્ને વચ્ચે બંગડીઓ વહેંચાય એમ વારાફરતી પહેરાય એમ હતી. પ્રિયબાળા તેની ના પાડે એમ ન હતું. માત્ર તેનાં મા-બાપની માલિકીની ભાવના તેમ કરવા દે એમ ન હતું. અર્થશાસ્ત્ર કોનું ખરું ? ગરીબોનું ? બાળકોનું ? કે ધનિકોનું ? વહેંચીને વાપરવું એ ઠીક કે મિલકતોની વપરાશ માટે ઇજારાઓ ઊભા કરવા ?

મેં મારી પત્નીને કહ્યું :

'પણ એમાં મારે છે શાની ? છોકરાંને મન ન થાય ?'

'તમે શું બોલો છો ? છોકરીને બગાડવાના છો !'

હું કાંઈ જ બોલ્યો નહિ. મને મારી ગરીબી સાલતી ન હતી, એ ગરીબી હું બહુ ખુશીથી ચલાવી લેત, અત્યાર સુધી ચલાવી જ લેતો હતો. પરંતુ એ ગરીબી જ્યારે મારાં બાળકની આંખમાં આંસુ આણતી ત્યારે તે મને અસહ્ય થઈ પડતી. બાળકને માટે ગરીબી

ટાળવાના બધા જ પ્રયત્નો પાપરહિત બની જતા હતા.

શેઠની તિજોરી મારી પાસે હતી. તિજોરી ઉઘાડવાના પ્રસંગો મારે જ આવતા. પ્રિયબાળાની બંગડીઓ મેં ઉપાડી લીધી અને મારી પત્નીને તે આપી કહ્યું :

'કાલે પહેરાવી એને ગામમાં લઈ જજે. બગીચામાં કોઈ જુએ નહિ એટલી કાળજી રાખજે.'

છળી ગયેલી મારી પત્નીએ પ્રથમ તો બંગડી હાથમાં જ ન ઝાલી અને મારી કપરી આંખ જોઈ બંગડી હાથમાં લેતાં તે દાઝી હોય એમ ચમકી. ક્ષણ પછી તે બોલી :

'આ ક્યાંથી લાવ્યા ?'

'તારે શી પંચાત ? તું તારી મેળે હું કહું તેમ કર.'

'આમાંથી કોઈ વાર આપણે બધાં યે મરીશું.' પત્નીએ કહ્યું. એનું કથન કંઈક અંશે-પૂર્ણ અંશે ખરું પડ્યું. અમે તો જીવીએ છીએ, પણ એ તો મરી ગઈ, આમાંથી જ.

બીજે દિવસે એકાએક શેઠે મને પરગામ મોકલ્યો. હું રાત્રે જ પાછો આવવાનો હતો, પરંતુ કામના રોકાણને લીધે આવી શક્યો નહિ. બીજે દિવસે હું આવ્યો ત્યારે મારી કોટડી આગળ પોલીસનાં માણસો ઊભેલાં મેં જોયાં. મારું હૃદય થરથરી ઊઠ્યું. આખાશરીરમાં કંપ ફેલાયો. મારો થરથરાટ શમે તે પહેલાં પોલીસે મને પકડી લીધો. બધે જાણ થઈ ગઈ હતી કે મેં શેઠની હીરાની બંગડીઓ ચોરી હતી.

શેઠાણી મારા કરતાં વધારે ચબરાક હતાં એ હું ભૂલી ગયો હતો. રમકડાંની તેમણે માનેલી ચોરીનો પ્રસંગ બન્યા પછી-અને ખાસ કરી ટ્રાઇસીકલ જોઈને-તેમણે અમારા ત્રણે જણ ઉપર પહેરા મૂકી દીધા હતા તેની અમને ખબર ન હતી. અમારી બધી જ હિલચાલ ઉપર નજર રાખવામાં આવતી. અલબત્ત, હું એવું કશું કરતો ન હતો કે જેથી પકડાઉં. છતાં પુત્રીને હીરાની બંગડીઓ પહેરાવવાની મમતામાં મેં સાહસ કર્યું એ અક્ષમ્ય હતું. હીરાની બંગડીઓ પહેરી

દેવદર્શને ગયેલી મારી પુત્રીને શેઠાણીના એક બાતમીદારે જોઈ લીધી. સકંજામાં ન સપડાતા ચોરને પકડવાનું માન મેળવવા તેણે શેઠાણીને એ સમાચાર આપ્યા. શેઠાણીએ તિજોરી ઊઘડાવી ખાતરી કરી. બંગડીઓ ન હતી. પોલીસમાં ખબર અપાઈ. પોલીસ આવતાં બરોબર બંગડીઓ રજૂ થઈ. ચોરી અને વિશ્વાસઘાતની ફરિયાદ થઈ હું આવતાં બરોબર પકડાયો. મેં બહુ દલીલ કરી કે હું વિશ્વાસપાત્ર તિજોરી સાચવનાર નોકર હતો. અવ્યવસ્થિત મુકાયલી બંગડીઓ ઠીક મૂકવા ખાતર કાઢેલી ખિસ્સામાં જ રહી ગઈ. ઉતાવળ હોવાથી પરગામ જતાં તે મૂકવી રહી ગઈ. અજાણતાં–ભૂલથી મારી પત્નીએ છોકરીને હોંશ ખાતર બંગડીઓ પહેરાવી હતી. ચોરવાનો જરા પણ ઉદ્દેશ ન હતો.

અને ખરે, મારે બંગડીઓ ચોરવાનો તો વિચાર હતો જ નહિ. કૂંચી મારી પાસે હતી એટલે છોકરીનું મન માને એટલે બંગડીઓ પાછી મૂકવાનો મારો નિશ્ચય જ હતો એટલી વાત ખરી હતી.

પરંતુ મારી ખરી ખોટી હકીક્ત કોઈએ માની નહિ. મને પોલીસની અટકમાં લીધો. તે જ રાતે મારી પત્નીએ ઝેર ખાઈ આપઘાત કર્યો. કચેરીમાં કામ ચાલ્યું. મેં ખરી હકીક્ત જણાવી. બીજો કશો બચાવ કર્યો નહિ. બચાવ કરવાની મારામાં શક્તિ જ નહોતી. ન્યાયાધીશે ન્યાય આપ્યો અને મેં બે વરસ કેદમાં કાઢ્યાં.

સાહેબ, મારી વાતથી આપને કંટાળો આવ્યો? આવે જ. તેથી જ મેં માત્ર મુદ્દાની હકીક્ત કહી છે. પરંતુ મારી વાતમાં આપને શા માટે રસ પડે?

આ ગુનાને અને મારા ચાલુ કામને શો સંબંધ એમ પૂછો છો? એ સમજાવવા માટે જ મેં મારો પૂર્વ ઇતિહાસ કહ્યો. હું એ સંબંધ આપને સમજાવું?

કેદમાં હું બળીઝળી રહ્યો હતો. કેદમાં મારી મૃત પત્ની અને મારી જીવંત પુત્રી મારી નજર આગળ જાગતાં અને ઊંઘતાં ખડાં

રહેતાં. હું આખી દુનિયાનો–દુનિયાના ધનિકોનો દુશ્મન બની ગયો હતો. શેઠાણીની પુત્રીને હીરાની બંગડીઓ ! મારી પુત્રીને બંગડીની ઇચ્છાનો અધિકાર પણ નહિ ? શેઠની બુદ્ધિથી તેમને ધન મળ્યું એમ કોઈ કહેશે પરંતુ એ બુદ્ધિ પોતાની આસપાસ ધનનો ઢગલો ઊભો કરવા જ વાપરવાની ? એ ઢગલા ઉપર શેઠશેઠાણી ગંજીનાં કૂતરાં સરખાં ઘૂરકતાં ઊભાં રહે અને તેને આખો સમાજ સહાય કરે–સત્તા સહાય કરે ? હું પણ મારી બુદ્ધિ વાપરી રાજપાટ, ધન મિલકત ગમે તે રસ્તે ભેગાં કરું તો હું કોનો ગુનેગાર ?

કેદમાંથી છૂટચો અને પુત્રી તરફ દોડવાની વૃત્તિ થઈ. પરંતુ પુત્રી પાસે શું મારે ખાલી હાથે જવું ? મેં રમકડાં દુકાનેથી ચોર્યાં અને કાપડની દુકાનેથી થોડું સારું કાપડ ચોર્યું. બહુ સફાઈથી ચોર્યાં છતાં હું પકડાયો. ફરી એક વર્ષ કેદમાં ગયો.

આ વખતે મારો હૃદયાગ્નિ મારા હૃદયને બાળી રહ્યો હતો. મારામાં ઉત્સાહ, વૈર કે શક્તિ રહ્યાં જ નહોતાં, છતાં એક ધ્રૂવ તરફ જોવા જેટલી એ હૃદય–માછલી જીવતી હતી. મારી પુત્રી એ મારો ધ્રુવ. કેદમાંથી બહાર નીકળતાં જ મારા પગ પુત્રી તરફ દોડવા ઉત્સુક બન્યા.

પણ મને ભાડું કોણ આપે ? ભાડા વગર ગાડીમાં બેસવાનું જોખમ કેટલું ? ફરી પકડાઉં તો પુત્રીને દીઠા વગર પાછું જવું પડે તો ?

સ્ટેશન પાસે એક ટોળું હતું અને આ ફરિયાદ કરનાર ગૃહસ્થ ટોળામાં કંઈ જોવા માટે ઊભા હતા. તેમનું ખિસ્સું મેં દીઠું અને મારું મન તે તરફ દોડચું. ટોળામાં ઘૂસવાનો દેખાવ કરી મેં તેમના ખિસ્સા માંથી આ પાકીટ કાઢી લીધું. આ ભાઈને તો કશી ખબર ન હતી. પરંતુ ટોળા પાછળ એક માણસ ઊભો હતો તેણે તે જોયું અને તેણે મને પકડચો. આ ભાઈને ખબર આપી તેમણે મને પોલીસને સ્વાધીન કર્યો. એટલે હું આપની પાસે આવ્યો.

સાહેબ, ચોરી સિવાય હવે મને પૈસા મળે એમ નથી. પૈસા વગર મારું પૂરું થાય એમ પણ નથી. પૂરું કરવાની વાત બાજુએ

રાખો. હું તો મરવાને આતુર છું. માત્ર એક ઇચ્છા રહી છે. મારી પુત્રીનું મુખ મરતાં પહેલાં જોઈને હું સુખેથી મરીશ. પછી પોષણની પણ મને ઇચ્છા રહેવાની નથી.

પરંતુ એ પુત્રી ક્યાં હશે ? કોઈ સગું એને પોતાને ઘેર ઘસડી ગયું હતું એટલી મહામહેનતે મને ખબર પડી હતી. પરંતુ ત્યાં તપાસ કરવાને મારે ભાડું જોઈએ, ખાવાનું જોઈએ એ તો હું કહેતો જ નથી. છોકરીના હાથમાં મૂકવા કંઈ ચીજ જોઈએ એ પણ હું કહેતો નથી. ગરીબને છોકરીનું મન સંતોષવાનો આ જગતમાં અધિકાર નથી. પરંતુ તેને જોવાનો અધિકાર પણ જગત લૂંટી લેશે ?

આ ફરિયાદ કરનાર ભાઈનું પાકીટ એટલા જ માટે મેં ચોર્યું. એને હું ચોરી માનતો નથી. મારી પુત્રીનું મુખ મરતાં પહેલાં નિહાળવાની સગવડ મને હોવી જ જોઈએ. એ સગવડ સરકાર આપે ! સરકાર ન આપે તો સમાજ આપે. અને એ કોઈ ન આપે તો હું મારી મેળે સગવડ મેળવી લઉં !

આપને એ કથન વાસ્તવિક નહિ લાગે. આપ મને ફરી કેદમાં મોકલવાને મુખત્યાર છો! પરંતુ તે પહેલાં એક મારા મનને સંતોષતું ન્યાયનું કામ નહિ કરો ? મારી પુત્રી સાથે મારો મેળાપ નહીં કરાવી આપો ?

એ જ પુત્રીનું મુખ જોવા મેં આ બધું સાહસ કર્યું. આપ એને ગુનો કહેશો. એ હું જાણું છું. પરંતુ આપ મને એટલું કહો. ગરીબોનાં હૃદયોને ચીરતા, તેમનાં ચિરાયેલાં હૃદયમાં પોતાની ઘમંડ ભરી દીપ્તિથી ઘડીઘડી મીઠું ભરતા ધનિકોની એકાદ–અલ્પ મોજ –મોજ નહિ–જરૂરિયાત પણ–ગરીબોને નહિ પરંતુ ગરીબોનાં કુમળાં બાળકોને પણ મેળવવાનું ગુના વગર કયું સાધન છે ?

આપને લાગે છે કે મેં ખરેખર ગુનો કર્યો છે ?

# આંસુના પાયા

## ૧

જયરામ મિસ્ત્રીનું નામ બધે જાણીતું હતું. મોટા રસ્તા કરવા હોય, નદી ઉપર પૂલ બાંધવા હોય, મોટાં મોટાં મકાનો બાંધવાં હોય તેમાં જયરામ મિસ્ત્રી ખરા જ. પહેલા વર્ગના એ કોંટ્રાકટર. ગોરા ઈજનેરો અને કાળા ઇજનેરી મદદનીશોના તેઓ માનીતા હતા. નાનાં કામમાં તેઓ હાથ નાખતા જ નહિ; પરંતુ મોટી હરાજીઓમાં તે આગળ પડતા હોય જ. જે કામ તેઓ લેવા ધારે તે કામ બીજા કોંટ્રાકટરથી લઈ શકાતું નહિ. બીજા કોન્ટ્રાકટરો તેમની દોસ્તી અને મહેરબાની જ શોધતા.

ઇજનેર સાહેબોના ઘરમાં પણ તેમનું ભારે માન હતું. મેમ-સાહેબો અને બાઈસાહેબોનો ફર્નિચરનો શોખ બહુ ભારે હોય છે, એ નાનામાં નાનો કોંટ્રાકટર પણ જાણે છે, શોખની વાત બાજુએ રાખીએ તોપણ ઘરસંસાર લઈ બેઠેલી સ્ત્રીઓને ઘરમાં શા વગર ચાલે ? પછી તે સ્ત્રીઓ યુરોપિયન હોય કે હિંદવાણી હોય. ખીંટીઓની ફેરફારી, નકૂચા–કડીઓની અદલાબદલી, અભરાઈઓના સુધારાવધારા, નાનકડી ઘડોચી કે સાંગામાંચી : એ બધી સાહેબોના ઘરની કદી ન

ખૂટે એવી ગડમથલ ઉકેલવાનું મહાભારત કામ જયરામ મિસ્ત્રી જ કરી શકે. તેમનું આ કામ એટલું ત્વરિત અને સંતોષકારક હતું કે મેમ-સાહેબો અને બાઈસાહેબોને જયરામ મિસ્ત્રી વગર ચાલતું જ નહિ.

જયરામ મિસ્ત્રીનું માન એક ઇજનેરી ખાતામાં જ હતું એમ માનવાની ભૂલ કરવી ન જોઈએ. મુલ્કી અને પોલીસ ખાતાની સત્તા ઈશ્વરની સત્તા સરખી સર્વવ્યાપક હોય છે, એની ખબર જયરામ મિસ્ત્રીને ન હોય એમ બને જ નહિ; એટલે કમિશ્નર, કલેક્ટર, ડીપોટી, મામલતદાર એ બધાંયને ત્યાં જયરામની અવરજવર તો ખરી જ. જાહેર ફાળામાં, અર્ધ જાહેર મિજબાનીઓમાં, ગાડીમોટરની સગવડમાં જયરામ મિસ્ત્રી અડધે શુકને અનુકૂળ થઈ જતા. એટલું જ નહિ, શાળા ખાતાના અમલદારો સાથે પણ તેઓ સારાસારી રાખતા હતા. બાળકોને પતાસાં કે ઇનામો વહેંચવાનાં હોય, અને મુખ્ય શિક્ષકને બીજું કોઈ દાદ દેતું ન હોય, ત્યારે જયરામ મિસ્ત્રી ખુશીથી મુખ્ય શિક્ષકનું માન રાખતા.

જયરામ મિસ્ત્રી લાખોની ઊથલપાથલ કરતા, અને હજારો માણસોને રોજી આપતા. તેમની ગણના એક ઉચ્ચ કોટીના ગૃહસ્થમાં થતી પરંતુ તેમની સાદાઈ એટલી ભારે હતી તે કે ઘણાને મતે ગ્રામ્યતા તરફ ઢળતી લાગતી. તેમનાં કપડાં સફાઈદાર નહોતાં. માથે એવી વિચિત્ર રીતનો સાફો વીંટતા કે તેમની ગ્રામ્યતામાં ઘણો વધારો થાય. સાહેબોના છોકરાંને તો તેઓ હસવાનું સાધન પૂરું પાડતા.

તેમની ઉદારતા સાહેબોના બંગલાથી પણ આગળ ફેલાઈ કાર-કૂન પટાવાળાઓનાં ખિસ્સાં સુધી પહોંચતી. અને આમ છતાં તેમની છાપ એક બહુ જ પ્રામાણિક કોંટ્રાક્ટર તરીકેની પડી હતી. બધાંયને ઉપયોગી થઈ પડવા છતાં તેમણે કદી ગેરવ્યાજબી કે ગેરકાયદે કોઈનો પણ લાભ લીધો હોય એમ બન્યું નહોતું. તેમના કામમાં કદી ખામી આવતી ન હતી. તેમને હાથે થયેલા બાંધકામ મજબૂતીના નમૂનારૂપ હતાં. તેમનો સિદ્ધાંત હતો કે: 'કામ બગાડીને પરમેશરનો ગુનેગાર

નહિ ગાઉં.

૨

એક બહુ લોકપ્રિય કલેક્ટરને શહેરની સંકડાશનો ભારે કંટાળો હતો. ગરીબ શહેરનિવાસીઓના ફેફસાંને વિશુદ્ધ હવા મળે, એ માટે તેમને ઘણી કાળજી હતી. પરંતુ લશ્કરની સુગમતા સાચવતી રેલવે, ગોરાઓનાં નિવાસસ્થાન–કેમ્પ, સનદી નોકરો માટેના બંગલા અને તેમને ફરવા માટેના પાકા રસ્તામાં જ રોકાઈ રહેલી સરકાર પાસે શહેર કે ગામડાં સુધારવા માટે પૈસા બચતા જ ન હોવાથી સાર્વજનિક કામો શ્રીમંતો પાસેથી કરાવી લેવાનું વલણ સરકારી નોકરો અખત્યાર કરે છે તે ખાસ વખાણને પાત્ર છે. આ લોકપ્રિય કલેક્ટર લાંબી નોકરીને પરિણામે લોકોપયોગી કામો અને લોકોપયોગી શ્રીમંતોને શોધી કાઢવામાં પાવરધા બનેલા હતા.

એક ખુશનુમા પ્રભાતે બગીચામાં બેસી સુબાસાહેબ ચાનાસ્તો લેતે લેતે શહેરસુધારણાના ગંભીર વિચારમાં પડ્યા હતા. શ્રીમંતોની યાદી તેમને જીહ્વાગ્રે હતી. કયો શ્રીમંત હજી સુધી સરકારી અમલદારોની જાળમાં ફસાયો નહોતો તેનો તેમણે વિચાર કરવા માંડ્યો. એવામાં એક નોકરે આવી અદબથી એક કાર્ડ મૂકેલી રકાબી સાહેબ પાસે ધરી. સાહેબે દબદબાથી આંખ ફેરવી કાર્ડ જોયું. સાહેબને ત્યાં મુલાકાતે આવનાર ગૃહસ્થોમાંથી ઘણા તાબડતોબ પાછા કાઢવા જેવા હોય છે; કેટલાક કલાક બેસાડી રાખી મુલાકાત આપવા સરખા હોય છે; અને કવચિત્ કોઈ ભાગ્યશાળી જીવ તત્કાળ મુલાકાતનું માન પામે એમ હોય છે. તેમાં યે સાહેબ ચા પીતા હોય તે દરમિયાન બોલાવાય એવા સિદ્ધિશાળી તો 'સો લાખનમેં એક' હોઈ શકે.

સાહેબના મુખ ઉપર ચાંચલ્ય દેખાયું અને તેઓ બોલી ઊઠ્યા: 'બોલાવો.'

નોકર ચમક્યો. હુકમનો અર્થ તેને સમજાયો નહિ તેણે કહ્યું :

'હજુર, અંદર બેસાડયો છે.'

'અહીં બોલાવ.' નોકરો જે ઢબની તોછડાઈને લાયક હોય છે તે ઢબથી સાહેબે હુકમ કર્યો.

નોકરને આશ્ચર્ય લાગ્યું. સાહેબે ચા પીતી વખતે આ પહેલાં જ દેશીને પોતાની હાજરીમાં બોલાવ્યો હતો. નોકર તેને લઈ આવ્યો.

'આવો, મિસ્ત્રી !' કલેક્ટર સાહેબે આવકાર આપ્યો.

જયરામ મિસ્ત્રીએ નીચા વળી સલામ કરી. ઊભા રહીને કહ્યું :

'કંઈ નહિ, સાહેબ ! મારે ઉતાવળ નથી. હું બહાર બેઠો છું.

'નહિ, નહિ, મિસ્ત્રી. બેસો આ ખુરશી ઉપર. હું તમને જ યાદ કરતો હતો.

મિસ્ત્રી ઘાસ ઉપર બેસતાં બોલ્યા :

'મારાં ધનભાગ્ય ! સેવક હાજર છે.'

'મિસ્ત્રી, એમ નહિ. ખુરશી ઉપર બેસો. તમારા જેવા ગૃહસ્થને જેટલું માન અપાય એટલું ઓછું છે. બોય; મિસ્ત્રીને માટે ચા તૈયાર કર.'

'ના. સાહેબ, હું ચા પીતો જ નથી. મને માફ કરો.' ખરે, મિસ્ત્રી સહુને ચા પાતા, પરંતુ તેમણે કદી ચા પીધી હોય એમ કોઈએ જોયું નથી.

તમે જરા, આગળ પડતા વિચાર ધરાવતા હોત તો હું તમને ઝડપથી પ્રકાશમાં લાવી શકત.' સાહેબે કહ્યું.

'આપની મહેરબાની જ બસ છે. હું તો અભણ માણસ. આપ આટલો પાસે બોલાવો છો એ શું ઓછું માન છે?'

'નહિ. મારી ઇચ્છા તો તમને રાવસાહેબ અગર રાવબહાદુર બનાવવાની છે. પણ મિસ્ત્રી, કાંઈ જાહેર કામ કરો.'

'ઇલકાબ તો મારે ન ખપે; પણ સાહેબબહાદુર ફરમાવે તે કામમાં હું ગજા પ્રમાણે ફાળો આપું.'

'ક્યાં સુધી તૈયારી કરી છે ?'

'એ તો જેવું કામ ! અને જેવું સાહેબનું ફરમાન.'

'બોલો ત્યારે મિસ્ત્રી, કયા કામે તમે મદદ આપશો ?'

'આપ જ ફરમાવો.'

'જુઓ, દવાખાનું તો છે જ. હાઇસ્કૂલનું મકાન થઈ ગયું. પ્રસુતિગૃહ બંધાય છે. ગામમાં શું નવું કરીશું ?' સાહેબે પૂછયું. દરેક સાહેબને નવીનતાનો શોખ હોય છે. બીજાઓ જે કરી ગયા હોય તે કરતાં કંઈ નવીન કાર્ય કર્યા વિના પોતાનું નામ જળવાય નહિ, એવી સાહેબોને ભીતિ રહે છે. આ નવીનતાના અમલદારી શોખને લીધે શહેરને નવાં નવાં રમકડાં મળે છે, ધનવાનોને ઇલકાબ મળે છે, અને સાહેબને કીર્તિ મળે છે.

જયરામ મિસ્ત્રીની આંખ ક્ષણભર તીક્ષ્ણ બની. વિચિત્ર રીતે બેઠેલા મિસ્ત્રી જરા ટટાર થયા. તેમના અવાજમાં દૃઢતા દેખાઈ, તેઓ બોલ્યા :

'સાહેબ, આમ તો શહેરમાં બધું યે છે. જેનાથી જે બન્યું તે કરાવ્યું. પણ એક ભારે ખોટ રહી ગઈ છે.'

'શી ?'

'સાહેબ, હું તો ગામડિયો. મકાનો અને રસ્તા બાંધી જાણું. બીજું ત્રીજું ન આવડે. મને ઘેલો ન ગણી કાઢો તો મને લાગતી ખામી કહું.'

'કહો, બહુ ખુશીથી કહો.'

'સાહેબ, ગામમાં બધું છે, પણ બગીચો નથી. આખું મોં છે. પણ નાક નથી.'

'તમારું કહેવું ખરું છે મિસ્ત્રી. શહેરમાં એકે સાર્વજનિક બાગ નથી. મને પણ એ જ વિચાર આવ્યો હતો.'

'તો સાહેબ, આપણે એક રૂપાળો બગીચો બનાવીએ, અને તેને આપનું મુબારક નામ આપીએ.'

'નામની તો મને કાંઈ પરવા નથી. નામને માટે કાંઈ પણ કરવું તે મને પસંદ નથી. પણ એક બગીચો હોય તો કેટલા લોકોને સ્વચ્છ હવા અને હરવાફરવાનો લાભ મળે ?' સાહેબે પોતાના નામને બદલે સાર્વજનિક કામને આગળ ધર્યું. પરંતુ નામની લાલસા વિનાનું એકે સાર્વજનિક કામ હશે ખરું ?'

'નહિ સાહેબ, નામ તો આપનું પહેલું. એ શરત હોય તો જ હું એક બગીચો આપ કહો ત્યારે ઊભો કરું.'

'મારા જ નામનો તમારે આગ્રહ હોય તો બીજી વાત. પરંતુ બગીચાની જરૂર તો શહેરને હોય જ. બાગ તો શહેરનું ફેફસું છે.'

'ફેફસું બન્યું જ જાણો. સાહેબ.'

'તમે જૂના વિચારના છો એમ હવે હું નહિ કહી શકું. વારુ, મિસ્ત્રી ! બગીચા પાછળ કેટલું ખરચશો ?'

'જે થાય તે.'

'તોપણ કાંઈ આંકડો ?'

'લાખ...દોઢ...! પછી કાંઈ ?'

કલેક્ટર સાહેબ બેત્રણ ક્ષણ જયરામ સામે જોઈ રહ્યા. તેમને લાગ્યું કે રાવસાહેબી કરતાં ભારે ઇલકાબની પાત્રતાવાળી રકમ આગળ આવતી હતી.

'હું બહુ ખુશ થયો. તમારી ઉદારતા પ્રશંસાપાત્ર છે.' સાહેબ બોલ્યા.

'સાહેબ; બહુ દિવસથી બગીચાની ભાવના ઊપજી હતી. આપ જેવા કદરદાન વગર કોઈને કહેવાતું નહોતું.'

'ઠીક. પણ મિસ્ત્રી, જગા કઈ પસંદ કરીશું ? ગામમાં તો જગા દેખાતી નથી.'

'આપ જ્યાં કહો ત્યાં, પણ મને એમ મન ખરું કે ગામની વચમાં થાય તો સારું.'

'હું પણ એમ માનું છું. પરંતુ ગામની વચમાં જગા ક્યાં છે ?'

'આપની નજર પડે ત્યાં જગા થાય. એમાં મોટી વાત નથી. આપણે ચાર રસ્તાને મોખરે કરીએ તો?'

'પણ ત્યાં તો હરિવલ્લભ શેઠની હવેલી આવી છે.'

'સાહેબને બાગ બનાવવો હશે તો શેઠની હવેલી ઊડી જશે.'

'એ તો બહુ મુશ્કેલ. લાગવગવાળો માણસ છે, અને એની હવેલી આપતાં હજાર ઝઘડા ઊભા કરશે.'

'સાહેબને કશું જ મુશ્કેલ નથી. સુધરાઈના સભ્યોને કહી દેવાનું, એટલે સુધરાઈનો ઠરાવ થશે. અને આપનો ટેકો મળશે એટલે ઠેઠ ગવર્નમેન્ટ સુધી કોઈ બોલશે નહિ.'

'બીજી જગા પસંદ કરીએ તો?'

'મોખરો ન સચવાય. મેં બે લાખ કહ્યા તે એ હવેલીનો જ વિચાર કરીને. બીજે, સાહેબ; મારું મન ગોઠતું નથી. અને હજારો લોકોનો લાભ વિચારતાં એક શેઠિયાની લાગણીનો વિચાર જ ન થાય.

સાહેબને આ વાત ખરી લાગી. પરંતુ તે મુશ્કેલ પણ લાગી. આ જગા સિવાય બીજી કોઈ જગા માટે—આ કામ સિવાય બીજા કોઈ કામ માટે—જયરામ મિસ્ત્રી બે લાખ રૂપિયા જેવી ભારે સખાવત કરવા તૈયાર નહોતા. એ લાભ જાય તો ગામને બાગ મળે નહિ અને સાહેબનું નામ રહે નહિ. સાહેબે પણ નિશ્ચય કર્યો કે એ જગ્યાએ બાગ થવો જોઈએ. સાહેબોના નિશ્ચય ધ્રૂવ સરખા અચળ હોય છે. બહુ ભલામણો થઈ, બહુ સિફારસો થઈ, બહુ કાલાવાલા સંભળાયા અને બહુ ધમકીઓ પણ સંભળાઈ. પરંતુ નદીપ્રવાહની કુમળી રમત અગર ભયાનક તાણને ન ગણકારતા ખડક સમા સાહેબ આ કામમાં અડગ રહ્યા. મ્યુનિસિપાલિટીએ એ જગા લેવાની જરૂર બતાવી, મુલકી અમલદારોએ પણ જરૂર બતાવી. એટલે હવેલીના માલિક હરિવલ્લભ શેઠ સિવાય આખું ગામ આ સ્થળે બાગ બનાવ્યા વગર જીવી શકશે નહિ એવી સૂચક સ્થિતિને તાબે થઈ કલેકટર સાહેબે સરકારમાં હવેલી લેવા ભલામણ કરી. કલેકટરની ઘણીખરી ભલામણો

મંજૂર થાય છે તેમ આ પણ મંજૂર થઈ.

૩

હરિવલ્લભ શેઠના ગુસ્સાનો પાર ન હતો. તેમણે હવેલી ન લેવાય એટલા માટે આકાશ પાતાળ એક કર્યાં. વકીલોની કાયદેસર સલાહ લીધી. કજિયા દલાલોની ભાંજઘડિયા સલાહ લીધી. પરંતુ તેમને કોઈએ સાથ આપ્યો નહિ. અલબત્ત, હરિવલ્લભ શેઠને પૈસે લડવાને સહુ કોઈ તૈયાર હતા. પરંતુ એ લડાઈનું પરિણામ જીતમાં આવે એવી કોઈને ખાતરી થતી નહિ. તેમની ભારે તજવીજ—જેને સામાવાળા ખટપટ કહેતા હતા તે—કદાચ આખા કામને ઉથલાવી નાખે એવા ભયથી તેમને બહુ સાથ ન મળે એવી તજવીજ—ખટપટ નહિ—સાહેબે રાખી જ હતી.

જમીન અને હવેલી લેવાનો હુકમ થતાં બરોબર હરિવલ્લભ શેઠે સરકાર સામે દાવો માંડવા સૂચના આપી. કલેકટરને લાગ્યું કે હવે તેમને સમજાવવાથી—અને સહજ ધમકાવવાથી—શેઠ આગળ પગલાં લેવાનું બંધ રાખે એવો પ્રયત્ન કરી જોવો. કલેક્ટર સાહેબે શેઠને ચા પીવા બોલાવ્યા. સાહેબ વિરુદ્ધ ઘણી કડવી ફરિયાદ હોવા છતાં તેમના આમંત્રણને પાછું ઠેલવાની બેઅદબી શેઠે કરી નહિ.

ઠરેલે વખતે શેઠ આવ્યા. સાહેબે બહુ વિવેકભર્યો આવકાર આપ્યો. એટલું જ નહિ, પણ પોતાના મંડળ સાથે શેઠની ઓળખાણ કરાવી. ચા પીને કલેકટર સાહેબે વાત શરૂ કરી:

‘શેઠ સાહેબ! તમે તો સાર્વજનિક કામમાં સારો ભાગ લેતા આવ્યા છો.’

‘આપ એ જાણો છો આપની મહેરબાની.’ શેઠ સાર્વજનિક કામનો ઉલ્લેખ સાંભળી છંછેડાયા.

‘અને તમે સુધરાઈના સભ્ય પણ ઘણા વખતથી છો.’

‘હા, જી. બની એટલી સરકારની અને લોકની સેવા કરી.’

'તો પછી તમે આ બગીચાની બાબતમાં કેમ દુરાગ્રહ પકડો છો?'

'સાહેબ ! મારી સાત પેઢીની હવેલી ખોવડાવો છો ને ને મારો દુરાગ્રહ ગણો છો ?'

'લોકહિતનાં કામ માટે સુધરાઈના એક સભ્યે સહજ ભોગ આપવો જોઈએ.'

પાણીપતના મેદાનને શોભે એવી વ્યૂહરચનાઓ રચી સુધરાઈમાં સભાસદ બનનાર ગૃહસ્થો આખા ગામનાં ઘર તોડી પાડવાની તૈયારી બતાવી શકે છે. માત્ર પોતાનાં કે પોતાનાં સગાંનાં ઘરનું એક નળિયું પણ આઘું પાછું કરવાનું હોય ત્યારે ખૂનખાર જંગ મચાવી મૂકે છે.

'લોકને માટે હું ઘર વગરનો થાઉં ?' શેઠ ખિજાયા. લોકને માટે ઘર વગરના થવાની તૈયારી સિવાય પણ સુધરાઈમાં પ્રવેશ કરવાની છૂટ સુધરાઈ નિયમ આપે છે, પરંતુ એ તૈયારીઓ વગર લોકસેવા થઈ શકે કે કેમ એ પ્રશ્નનું નિરાકરણ હજી નિયમે કર્યું નથી. સહુને ફાયદો થતો હોય ત્યાં એકનો લાભ ન વિચારાય.

'કાયદો પણ એમ જ કહે છે.' અત્યાર સુધી શાંત બેઠેલા જયરામ મિસ્ત્રી બોલી ઊઠ્યા.

'કાયદો ! અરે રાખો તમારો કાયદો, મિસ્ત્રી ! સાહેબને ખોટું ખોટું ન સમજાવો. તમારે બાગ બનાવવાની હોંશ હોય તો જોઈએ એટલી બીજી જગા દેખાડું.' શેઠે કહ્યું.

'ત્યારે તમારી હવેલી માટે બીજી જમીન હું બતાવું તો ?' મિસ્ત્રીએ કહ્યું.

'હું તો મરી જાઉં, પણ મારી હવેલી ખસવા ન દઉં.'

'અરે શેઠ સાહેબ. કોઈ મરતું યે નથી અને મારતું ય નથી. સરકાર ધારશે તો ઘડીના છઠ્ઠા ભાગમાં હવેલી પડાવી લેશે.' મિસ્ત્રી બોલ્યા. મિસ્ત્રી આટલું લાંબુ અને આટલું કડક બોલે એ નવાઈ ભરેલું હતું. સાહેબને પણ આશ્ચર્ય થયું. શેઠ ગુસ્સાથી થરથરતા બોલી ઊઠ્યા :

'તે સરકારને માથા વચ્ચે વાટ પાડવી હોય તો મુખત્યાર છે, પણ હજી દીવાની અદાલતો બંધ થઈ નથી.'

'સરકારનો ઈરાદો સમજવામાં તમે ભૂલ કરો છો, શેઠ ! બીજી હવેલી બંધાય એટલું તો તમને વળતર મળે છે.' સાહેબે શાંત પાડતાં કહ્યું.

'અરે, એ ઉપરાંત હું મારો નવો બંગલો શેઠને આપી દઉં, પછી કાંઈ ?' જયરામ મિસ્ત્રી બોલી ઊઠયા.

હરિવલ્લભ શેઠ જરા વિચારમાં પડચા. હવેલી નાદુરસ્ત થતી જતી હતી. દસેક વર્ષથી વ્યાપારમાં મંદી ચાલતી. એકાદ વર્ષ આવી ને આવી સ્થિતિ ચાલુ રહે તો હવેલી ગીરો મૂકવાનો પ્રસંગ આવે એ શેઠ ચોક્કસ સમજતા હતા. શેઠ લડે નહિ એ અર્થે હવેલીની સારી કિંમત કલેકટરે મિસ્ત્રી પાસે વળતરમાં મુકાવી હતી. ઉપરાંત મિસ્ત્રીએ તાજો બંધાવેલો પચીસેક હજારની કિંમતનો બંગલો પડચો જડતો હતો. હવેલી – જીર્ણ હવેલીનો મોહ રાખ્યા કરવો ? કે આવા લાભદાયક બદલાને સ્વીકારી લઈ કલેકટર સાહેબને ખુશ કરવા ? આ બે પ્રશ્નો શેઠના હૃદયમાં રમતા થઈ ગયા.

'નહિ નહિ, મિસ્ત્રી ! તમે અતિ ઉદાર ન થાઓ. જે આપવા ધાર્યું છે તે ઓછું નથી. બંગલો તે આપી દેવાય ?' કલેકટર સાહેબ પણ મિસ્ત્રીની ઉદારતા જોઈ ખમચ્યા. મિસ્ત્રીને શિખામણ આપવાની ફરજ તેમને પણ વિચારવી પડી.

અરે સાહેબ, આપની મહેરબાની હશે તો કાલે બીજો બંગલો તૈયાર કરી દઈશ. મારો બંગલો હરિવલ્લભ શેઠ વાપરે એમાં હરકત નહિ. એ કાંઈ પારકા ઓછા છે ? પણ સાહેબ, બગીચો તો આપના નામનો થવો જ જોઈએ. શેઠ સમજે તો વહેલો પાર આવે.' મિસ્ત્રી બોલ્યા.

એ જ પ્રસંગે સાહેબના મદદનીશ, મામલતદાર, સુધરાઈના બે સભ્યો અને ગામના બે આગેવાનો આવી પહોંચ્યા. હરિવલ્લભ શેઠને

સમજાવવા અગર દબાવવા આવી ગોઠવણ સાહેબે કરી રાખી હતી. મિસ્ત્રીએ વળતરની રકમ ઉપરાંત બંગલો આપી દેવાની બતાવેલી તૈયારી જોઈ તેમને પણ નવાઈ લાગી. સહુએ શેઠને આમતેમ લઈ જઈ સમજાવવા માંડચા. હવેલી માટેની લાગણી શેઠને ઓછી થવા માંડી. બધી યોજના પોતાને લાભકારક છે એમ તેમની વ્યવહારકુશળ બુદ્ધિએ જોઈ લીધું. હવે તેઓ સમજવાને તૈયાર હતા, માત્ર પોતાની હવેલી જાય એ વિચાર તેમને ખૂંચ્યા કરતો હતો. છેવટે એક આગેવાને ધીમે રહીને કહ્યું.

'શેઠ! સમજી જાઓ. આ તો લક્ષ્મી ચાંલ્લો કરવા આવે છે. આ તક જવા દીધી તો હવેલી યે જશે અને બંગલો યે જશે.'

'ઠીક ત્યારે. તમારી બધાંની મરજીને માન આપું છું, અને સાહેબનો બોલ માથે ચડાવું છું!'

શેઠ છેવટે મહામુસીબતે સમજી ગયા. જમીન પોતાની રાજી-ખુશીથી કબજે સોંપવાની તેમણે કબૂલાત આપી. સાહેબ પ્રસન્ન થયા. હરિવલ્લભ શેઠને શાબાશી આપવાનો એક હુકમ તેમણે ત્યાં ને ત્યાં જ લખી આપ્યો. જયરામ મિસ્ત્રીએ હરિવલ્લભ શેઠને ઘેર પહોંચાડવા પોતાની મોટર આપી. મોટરમાં શેઠને બેસાડી બારણું બંધ કરી બહાર ઊભેલા મિસ્ત્રીએ પૂછ્યું:

'શેઠ મને ઓળખો ખરા ને?'

'તમને કોણ ન ઓળખે? અને હવે તો હું વધારે ઓળખું, મારી હવેલી પડાવી લેનાર તરીકે' શેઠે કહ્યું. હજી તેમની કરડાકી ઓછી થતી નહોતી.

'એ તો આજકાલની ઓળખાણ. પણ આપણે તો જૂની ઓળખાણ છે. આપ કદાચ ભૂલી ગયા હશો.'

'જૂની ઓળખાણ યાદ નથી.'

'આપણે તો, શેઠ સાહેબ, પાડોશી હતા.'

'સાંભરતું નથી!'

‘ગોપાળ મિસ્ત્રી સાંભરે ખરા ?’

શેઠ ચમક્યા. તેમણે જયરામ ભણી જોયું. જયરામની આંખમાંથી અગ્નિ વરસતો હતો. તેણે દાંત કચકચાવ્યા અને કહ્યું :

‘ગોપાળ મિસ્ત્રીનો હું દીકરો, સમજ્યા ?...ચલાવ મોટર.’

હરિવલ્લભ શેઠ ફાટી આંખે જોઈ રહ્યા. તેઓ કાંઈ બોલે તે પહેલાં તો મોટર ઊપડી અને તેમને દૂર ઘસડી ગઈ. જયરામના મુખ ઉપર કોઈ અકુદરતી આનંદ છવાઈ રહ્યો. ઝડપથી તેમણે પગ ઉપાડ્યા. ચાલવાનો તેમને જરા યે કંટાળો નહોતો. તેઓ પાછા સાહેબના બંગલામાં આવ્યા.

૪

‘ચાલો, કામ સફળ થયું.’ સાહેબ બોલ્યા.

‘હવે બે વાતની પરવાનગી આપ સાહેબ પાસેથી લેવાની છે.’

‘હવે શું છે ?’

‘આપ સાહેબનું નામ આ બાગ સાથે જોડવા પરવાનગી મળવી જોઈએ.’ મિસ્ત્રી બોલ્યા.

‘એનો શા માટે આગ્રહ રાખો છો ?’

‘એ સિવાય હું એક ડગલું પણ ભરવાનો નથી.’

‘ઠીક, તમારી બધાંની મરજી છે તો હું હા પાડું છું. બીજું શું છે ?’

‘સાહેબ ! મારા બાપનું એક નાનું બાવલું બાગમાં મૂકવા મરજી છે.’

‘ઓહો ! તમે તો બહુ પિતૃભક્ત છો ! એમાં હરકત નથી. એથી બાગની શોભા વધશે.’

સાહેબે બંને પરવાનગી આપી. જયરામના મુખ ઉપર અને આંખમાં અવર્ણનીય તેજી આવી ગઈ હતી. હરિવલ્લભ શેઠે કલબૂત ફેરવી તોળવા ઘણાં ફાંફાં માર્યાં, પરંતુ ગામના આગેવાનો સમક્ષ

આપેલ સંમતિ ફેરવવા હવે માર્ગ રહ્યો નહોતો. બંગલાનો લાભ જતો કરવાની પણ તેમને મરજી હતી. કારણ કે જયરામ મિસ્ત્રીની જૂની ઓળખાણે તેમને બહુ ઉગ્ર બનાવી દીધા હતા. પરંતુ તેમના મોટી ઉંમરના પુત્રે, મળેલો લાભ જવા દેવાની ભૂલ પિતાને કરવા દીધી નહિ. ન છૂટકે તેઓ હવેલીનો કબજો સરકારને સોંપી નવા બંગલામાં ગયા.

કબજો સોંપાયાની ખબર પડતાં જ જયરામ મિસ્ત્રી કલેકટર સાહેબ પાસે પહોંચી ગયા. સાહેબે કહ્યું :

'મિસ્ત્રી! મકાન કબજે આવ્યું. હવે ફુરસદે કામ આગળ વધારો,'

'ફુરસદે? મને તો ફુરસદ જ છે. આપ હુકમ કરો તે દહાડે હવેલી જમીનદોસ્ત હશે,'

'એકાદ માસની મુદતમાં ઉતારી નાખો.'

'માસ? આજ સોંપો તો કાલે આખી હવેલી ઉતારી નાખું.'

સાહેબ હસ્યા અને બોલ્યા :

'મિસ્ત્રી! તમને તો બાગની ઘેલછા લાગી દેખાય છે"

'હા સાહેબ. કરવું ધાર્યું તે કરી જ નાખવું.'

સાહેબે પરવાનગી આપી અને બીજે જ દિવસે સો મજૂરોએ લાંબા સમયનાં સંભારણાં જાળવતી હરિવલ્લભ શેઠની હવેલી ઉપર મારો ચલાવ્યો. છાપરાં, છજાં, બારીઓ, માળ ખોદાઈ ખોદાઈને નીચે પડવા લાગ્યાં; ઈંટોના ઢગલા અને ધૂળના કોટ થવા લાગ્યા. શેઠની પ્રસિદ્ધ હવેલી પર પડતા ઘાવ ઘણાંને ન ગમ્યા.

'અહીં બાગ ન કર્યો હોત તો શું બગડી જવાનું હતું!' લોકોમાંથી કોઈ કોઈ મનુષ્યોએ બડબડાટ કર્યો.

પરંતુ જે રાક્ષસી ઝડપે શેઠની હવેલી લુપ્ત થતી જતી હતી તેમાં લોકોના બડબડાટથી કાંઈ ફેર પડવાનો ન હતો. સાંજ પડતાંમાં તો એ રમણીય હવેલીનો ભૂકો થઈ ગયો.

'સહજ અંધારું થતાં મિસ્ત્રી જયરામ ત્યાં આવી પહોંચ્યા.

પં ૬

અલબત્ત, તે પહેલાં હવેલી કેટલી ઝડપથી તૂટે છે તે જોવા તેઓ ત્રણ ચાર વખત આવી ગયા હતા. તેમનું ફરમાન હતું કે રાત પડતાં સુધીમાં હવેલીનો ભાગ જમીન સરસો થઈ જવો જોઈએ. મિસ્ત્રીએ બૂમ મારી :

'મુકાદમ !'

'જી, !' મુકાદમે કહ્યું.

તમારે મફતના પૈસા ખાવા છે ખરું ને ?' કદી માણસો સાથે પણ ઊંચે સ્વરે ન બોલતા મિસ્ત્રીના મુખમાંથી આ શબ્દો સાંભળી મુકાદમ ગૂંચવાઈ ગયો.

'કેમ જયરામભાઈ ! આપે કરેલા હુકમ પ્રમાણે બધી હવેલી હવે ઉતારી પાડી છે.' મુકાદમે કહ્યું.

'તમારા લોકોને આંખ ક્યાં હોય છે? લાવ પેલી સાંગ.' બહુ હર્ષથી હાથે કામ કરવાનું ભૂલી ગયેલા ધનિક કોન્ટ્રાક્ટર જયરામે સાંગ લીધી અને પોતાની નજીક એક નાનો સરખો પગથિયાંનો ભાગ જમીનથી બે ઇંટ ઊંચો રહેલો હતો તેને વેગપૂર્વક તેમણે ખોદી નાખ્યો. ત્રણચાર મિનિટમાં તો લગભગ બધી ઈંટો નીકળી ગઈ. માત્ર એક ઇંટ સહજ હઠીલી થઈ. જયરામ મિસ્ત્રીને પહેલી જ વાર ક્રોધનો આવેશ આવી ગયો. તેમણે મહાનબળથી ઇંટને એક લાત મારી. ઇંટ ગબડી આઘી પડી. આશ્ચર્યચક્તિ મજૂરો સામે જોઈ તેઓ હસ્યા. મજૂરોના ટોળામાં એક ગૃહસ્થ ઊભેલો તેમણે ઓળખ્યો. મિસ્ત્રીના કાર્યને તે ક્યારનો ઊભો ઊભો જોયા કરતો હતો. તેને ઉદ્દેશી મિસ્ત્રીએ કહ્યું :

'હરિવલ્લભ શેઠ ! હું તમારા જેવો થયો નથી. તમને ઘર આપીને ઘર લીધું છે, સમજ્યા ?'

પોતાની પરંપરાની કીર્તિ સમી હવેલી આજ ને આજ ધૂળ ભેગી થઈ જાય છે એવી ખબર સાંભળી તેનાં છેલ્લાં દર્શન કરી લેવા હરિવલ્લભ શેઠ હવેલી પાસે આવી ફરતા હતા. મકાનો પ્રત્યે પણ

જીવતાં માણસ સરખો પ્યાર જામે છે. હવેલીની છેલ્લી ઇંટને લાત વાગતી જોઈ હરિવલ્લભે નિસાસો નાખ્યો. મિસ્ત્રીનો કહેલો બોલ સાંભળી તેઓ પાછા ફર્યા, હવેલી તેમની આંખ આગળ રમવા લાગી પરંતુ હવેલીની સાથે સાથે એક નાનકડું ઝૂંપડા સરખું ઘર પણ તેમને ચોંટેલું જ દેખાયું.

એ ઘર તો ઘણા દિવસથી ઊખડી ગયું હતું. જયરામ મિસ્ત્રીએ પોતાના પિતાનું નામ હરિવલ્લભને કહ્યું ન હોત તો તેમને તે ઘર યાદ આવત જ નહિ! કેવું નઠારું, બેડોળ, બદસૂરત ઘર! શેઠની હવેલીનો અવતાર એ લજામણા મકાને બગાડી નાખ્યો હતો! બે પેઢીથી એ સુતારની માલિકીનું ઘર ગણાતું. કોણે એ વસવાયાંની જાતને શેઠની હવેલી પાસે મકાન બાંધવા દીધું હશે

યુવાન હરિવલ્લભે સુધરાઈની તાજી સ્થપાયલી સંસ્થામાં આગળ પડતો ભાગ લેવા માંડ્યો હતો. ગ્રામસુધારણામાં હવેલીઓ સાથે એક જ હારમાં ઊભેલી ઝૂંપડીઓ માટે સ્થાન નથી એવી તેની માન્યતા સાથે આખી સુધરાઈ સમંત થઈ, અને રસ્તો પહોળો કરવા માટે, સુશોભિત કરવા માટે, ગંદકી દૂર કરવા માટે, જલદી સળગી જઈ નુકસાન ન થાય એ માટે ગોપાળ મિસ્ત્રીનું નાનકડું–ઝૂંપડા સરખું મકાન શહેરસુધરણાના હિમાયતીઓએ જૂજ જાજ વળતર આપી લઈ લીધું.

ગોપાળ મિસ્ત્રીની પાસે લડવા સારુ પૈસા નહોતા, ભલામણ કરવા સરખી પ્રતિષ્ઠા નહોતી અને ડરાવવા માટે સત્તા નહોતી. અધૂરામાં પૂરું વળી કામ કરતાં તે પાલખ ઉપરથી પડી જઈ આઠ દસ માસથી કામ કરવાને અશક્ત બની ગયો હતો. તેણે શેઠ હરિવલ્લભને કાલાવાલા કર્યા, સુધરાઈના સભાસદો આગળ પાઘડી ઉતારી, મુલકી અમલદારો આગળ આંસુ સાર્યાં. પરંતુ તેને બધા ય તરફથી એક જ જવાબ મળતો :

'અમે દિલગીર છીએ. પણ બધાંના લાભ આગળ એકનું નુક-

સાન ગણાય નહિ...કાયદો પણ એમ જ કહે છે.'

ઘરનો કબજો આપતી વખતે તેણે ભારે કલ્પાંત કર્યું. તે જાતે અશક્ત હતો; તેનો દીકરો જયરામ નાનો હતો; જયરામની મા ગુજરી ગઈ હતી; તેનું કોઈ સગુંવહાલું નહોતું ઘર છોડતાં તેને આકાશનું ઓઢણુ અને પૃથ્વીનું પાથરણું કરવું પડે એમ હતું, પરંતુ એ દલીલો સાર્વજનિક કામમાં કેમ ચાલે? બધાંને ફાયદો થતો હોય ત્યાં એકનો લાભ વિચારાય નહિ.

'એ તો લોકને માટે ઘર વગરના થવું યે પડે.' હરિવલ્લભ શેઠે ગોપાળ મિસ્ત્રીને સમાજશાસ્ત્રનું એક સૂત્ર સમજાવ્યું. એ સૂત્ર અનુસાર અશક્ત ગોપાળ મિસ્ત્રીને તેના બાળક પુત્ર સાથે સહુએ ઘરની બહાર કાઢ્યો.

હરિવલ્લભ શેઠને આટલી વાત યાદ આવી. મિસ્ત્રીનું ઘર એક દહાડામાં ઉતારી નાખ્યું, અને રસ્તાની, મહોલ્લાની સગવડ તથા શોભા વૃદ્ધિ પામ્યાં. ગોપાળ મિસ્ત્રી ક્યાં રહેવા ગયો, તેનું અને તેના દીકરાનું શું થયું, તેની તપાસ રાખવાનું સાર્વજનિક સુખના કાયદામાં ધોરણ ન હતું.

કાયદામાં ધોરણ ન હોવા છતાં ઘરરહિત થયેલા ગોપાળ મિસ્ત્રી શહેરની એક નિર્જન, ભાંગીતૂટી ધર્મશાળામાં બાળક પુત્રને ભયાનક જગતમાં એકલો મૂકી ગુજરી ગયા. બેબાકળા બની ગયેલા જયરામને મરતી વખતે તેમણે પોતાની પાસે ગોદડી પર બેસાડ્યો અને માથે હાથ મૂક્યો, ક્ષણભર ગોપાળ મિસ્ત્રીની અશક્તિ દૂર થઈ. તેમણે લથડતા અવાજને સ્થિર કરી પુત્રને કહ્યું:

'દીકરા! હું તો હવે ચાલ્યો. તારું શું થશે તે કિરતાર જાણે. એને ખોળે તને મૂકું છું. ભગવાન જીવતો રાખે તો એટલું કરજે...'

મિસ્ત્રીને શ્વાસ ચડી ગયો. રડતો બાળક સ્થિર બની ગયો. પિતાની ઇચ્છા જાણવા તેણે મન દઢ કર્યું. તેણે પૂછ્યું:

'કહો, બાપા! શું કહેતા હતા?'

'હરિવલ્લભ શેઠની હવેલી ભોંય ભેગી કરી નાખજે.' એટલી આજ્ઞા આપતાં બરોબર ગોપાળ મિસ્ત્રીનો આત્મા દેહ છોડી ચાલ્યો ગયો.

એકલવાયો જયરામ મજૂરીએ રહ્યો, નોકર તરીકે રહ્યો, નાનો કોંટ્રાકટર બન્યો, અને મોટો લક્ષાધિપતિ કોંટ્રાકટર પણ બન્યો. એ બધી ય પરિસ્થિતિમાં તેના હૃદયમાં કોતરાયેલી પિતાની આજ્ઞા જરા ય ઘસાઈ નહિ. તેને નિત્ય પિતાના બોલનો ભણકારો સંભળાયા કરતો હતો:

'હરિવલ્લભ શેઠની હવેલી ભોંય ભેગી કરી નાખજે.'

આ હકીકત હરિવલ્લભ શેઠને ક્યાંથી ખબર હોય? જયરામ મિસ્ત્રી સિવાય બીજું કોઈ પણ એ બાગનો પૂર્વ ઇતિહાસ આજ સુધી જાણતું નથી. હરિવલ્લભ શેઠની હવેલી ભુલાઈ ગઈ. બાગ કોણે બંધાવ્યો તે પણ લોકો ભૂલી ગયાં; કલેક્ટર સાહેબના ઘસાઈ જતા નામ સિવાય બાગની સાથેનો તેમનો સંબંધ વિસરાઈ ગયો: જયરામ મિસ્ત્રીએ પોતાના પિતાનું મૂકેલું બાવલું લોકોનું કુતૂહલ પણ જાગૃત ન કરે એવું બિનમહત્ત્વનું બની ગયું.

અને છતાં ય એ સાર્વજનિક બગીચાના પાયામાં એક ગરીબ કારીગરનું આંસુ અને નિઃશ્વાસ દટાયાં હતાં એ વાત સત્ય નથી, એમ કોણ કહેશે?

આપણાં સાર્વજનિક સુખસાધનોના પાયામાં આવાં આંસુની ભીનાશ શોધનારને જડી આવે ખરી?

# ધનિક હૃદય

૧

મન્મથ અને હું કૉલેજમાં સાથે ભણતા. એ ભણતો ત્યારથી જ ઘણો ઉડાઉ હતો. ઔદાર્ય અને ઉડાઉપણા વચ્ચેનો ભેદ ભાગ્યે જ સમજી શકાય એવો હોય છે. એ બહુ સ્વચ્છ, ડાઘ વગરનાં અને સહજ દમામદાર વસ્ત્રો પહેરતો. પરંતુ તે સાથે એ પણ કહેવું જોઈએ કે અમારા સરખા તેના મિત્રોમાંથી કોઈ પણ તેનાં કપડાં વગર પૂછ્યે પહેરી જાય તો મન્મથને કાંઈ જ લાગતું નહિ. એટલું જ નહિ, તેણે પોતે જ તે કપડાં પહેર્યાં હોય એવો તેને આનંદ થતો.

તેની ઓરડીએ કદી તાળું દીઠું નહોતું. મરજી ફાવે તેમ વિદ્યાર્થીઓને એની ઓરડીમાં આવવાની, એનાં પુસ્તકો લઈ જવાની, એનાં કપડાં પહેરવાની, ચા બનાવી પી જવાની સંપૂર્ણ છૂટ હતી. તેને ટોપીની જરૂર પડે અને તે કોઈ ખેંચી ગયું હોય ત્યારે તે ત્રાહિત માણસની ગમ્મત થઈ હોય એમ હસતો. સ્ટવ ઉપર ચા મૂકી દૂધ લેવા જતાં તપેલી ખાલી જોવામાં આવે તો એ વહાલભરી ગાળ દઈ હસતે હસતે તે બૉર્ડિંગના નોકરને દૂધ વેચાતું લેવા મોકલતો. તે એકલો આનંદ લઈ શકતો નહિ. ચા પીતી કે વખતે, કે જમતી વખતે તેની જોડે ચારપાંચ વિદ્યાર્થીઓ તો

હોયજ. અને સામાન્ય કામ ઉપરાંત બીજી સ્વાદિષ્ટ ચીજની ઈચ્છા થતાં વિદ્યાર્થીઓ મન્મથને જ ચડાવતા, એટલે તે ચીજ તૈયાર બનીને આવતી.

આનો અર્થ એમ નહિ કે તે વેવલો, ઢંગ વગરનો ભોળો યુવક હતો. તે સૌને બરાબર ઓળખતો; તેની જીભ જરૂર પડયે કાતર સરખી ચાલતી; તેના કટાક્ષમાંથી ભાગ્યે જ કોઈ ઊગરતું; સૌને તેના પ્રત્યે માન ઉત્પન્ન થતું અને થોડો ભય પણ રહેતો. વિદ્યાભ્યાસમાં તે સૌથી આગળ રહેતો. રમતમાં પણ તેની આગેવાની હોય. પરંતુ તેની વાતચીત, ટીકા કે કટાક્ષમાં તે કદી પોતાની ઉદારતાને આગળ કરતો નહિ. તેણે અમુક વિદ્યાર્થીને અમુક વખત ચા પાઈ કે અમુક યુવકને તેણે પોતાનો નવો શૂટ પહેરવાને આપ્યો એવી કશી જ વાત તેના મુખમાંથી નીકળતી નહિ; અને બીજાઓ તેવી વાત કરવા જાય તો વાત ફેરવી નાખવાની તેનામાં ભારે સિફત હતી. મન્મથ ઉડાઉ હતો, પણ તે ગૃહસ્થ હતો. તેના ઉડાઉપણાની સૌ કોઈ ટીકા કરતું; તે હલકો છે એમ કોઈથી કહેવાતું નહિ. તેની ગૃહસ્થાઈમાં હલકાઈનો અંશ પણ નહોતો.

તેની ઉદારતા ભણ્યા પછી એવી ને એવી જ રહી. તે એક બાહોશ ધારાશાસ્ત્રી કે કાબેલ અમલદાર થઈ શક્યો હોત, પરંતુ તેમ ન કરતાં તેણે ધંધામાં – વ્યાપારમાં ઝંપલાવ્યું. મહત્ત્વાકાંક્ષી યુવકોને વ્યાપારમાં પડવાની અનેક તક મળતી. જર્મન યુદ્ધ પછીના દસકા અડધા દસકામાં પૈસાની છોળો ઊડતી, નવી નવી વ્યાપારી યોજનાઓ ઊભી થતી, અને લાખો મનુષ્યો એ યોજનાઓના માત્ર નામના ભાગીદાર બની એક રૂપિયાના હજાર રૂપિયા કરવાના કીમિયામાં પડ્યા હતા. મન્મથે પણ એક સારા વ્યાપારીનો સાથ મેળવી અનેક વ્યાપારી યોજનાઓમાં પોતાનો ફાળો આપ્યો હતો. વ્યાપારી જીવનમાં તે એટલો બધો ગૂંથાયો હતો કે કેટલાક દિવસોથી હું તેને મળી જ શક્યો નહોતો.

રાતના દસ વાગ્યે એક દિવસ અચાનક મોટરનું ભૂંગળું વાગ્યું.

મેં છજામાં અમસ્તું જ ડોકિયું કર્યું. મન્મથને મોટરમાંથી ઊતરતાં મેં જોયો. ઉતાવળો ઉતાવળો તે આવી હીંચકે બેઠો, અને હું તેને આવકાર આપું તે પહેલાં તો એ બોલી ઊઠ્યો :

'લે, આ તારી રકમ ?'

'મારી રકમ ? મેં તને કશું આપ્યું નથી.' મેં કહ્યું.

'તને શી ખબર ? તારા નામના મેં શેર રાખ્યા હતા. સારો ભાવ આવ્યો એટલે વેચી દીધા. હજારનો નફો પડ્યો.'

એક પાઈ પણ ખર્ચ્યા સિવાય હજાર રૂપિયા વગર મહેનતે હાથ લાગે એ બહુ રળિયામણો પ્રસંગ છે. નાની નોકરીમાં પૈસાની રેલમછેલ મેં કદી જોઈ નહોતી, એટલે હજાર રૂપિયા હાથમાં પડવાની તકે મને ઉત્સાહી બનાવ્યો.

સાથે સાથે કોઈ અણધારી બીક પણ લાગી. મફત મળતી બધી વસ્તુઓ ભયંકર હોય છે. દૂરથી – વગર દીઠે–એ હજારો રૂપિયા કોઈ બિહામણું હાસ્ય કરતા મને દેખાયા. મન્મથને મેં કહ્યું :

'મારે માટે શેર લેવાનું મેં તને કદી કહ્યું નહોતું.'

'તેથી શું થયું ? મારી પાસે સગવડ હતી. વળી કંપનીના ચાલકો પાસે એવી વ્યવસ્થા હોય છે કે જેથી વગર પૈસે શેર ભરી તેમાંથી નફો મેળવી લેવાય.'

'મારે માથે કાંઈ જવાબદારી ખરી ?'

'બીજા શેર રાખે તો ખરી. આ નફો લઈ બેસી રહે તો કાંઈ નહિ.'

'સાહસ તેં કર્યું અને પૈસા મને આપે છે એ કેવું કહેવાય ?'

'બહુ થયું હવે. ડહાપણ રહેવા દે. તને એકલાને નથી આપતો.'

'પાછો બીજાઓને પણ કમાણી કરાવી આપવા નીકળ્યો ? કોણ કોણ છે ?'

'અરે કંઈક છે. લાગ છે, અને તે વખતે મિત્રો કે સગાંવહાલાંને ભૂલું તો કેવું કહેવાય ?'

અમે કૉલેજમાં ભણતા ત્યારે મન્મથ ઘણી વાર કહેતો કે જો તેને ધનાઢ્ય થવાની ચાવી મળે તો તે બધા ય મિત્રોને ધનવાન બનાવી દે. અમે હસતા. ધન મળ્યે કોઈને તે યાદ પણ કરશે નહિ એવી ખુલ્લી ટીકા કરતા. જવાબમાં અતિ ગાંભીર્યપૂર્વક તે એટલું જ કહેતો : 'વખત આવ્યે બતાવીશ.

ઉદારતાભર્યું સ્વપ્ન ખરું પડતાં આ મિત્રને હું સાનંદાશ્ચર્યથી જોઈ રહ્યો. તે જાતે અમારા શેરો– અમારી અજાણમાં અમને ધનિક બનાવવા માટે જ તેણે લીધેલા અમારા શેરો–લઈ શક્યો હોત; અરે, તે અમારા નામે ચાલતા શેરોના પૈસા પણ લઈ શક્યો હોત તેમ ન કરતાં તે અત્યારે મિત્રો અને સંબંધીઓને ધનવાન બનાવવા મથી રહ્યો છે!

'પરંતુ આ શેરોના ભાવ ગગડી જાય તો?' મેં પૂછ્યું.

'તેમ થવાનો સંભવ જ નથી. એ તો સોના જેવા માનજે– As good as gold.'

સોનાના ભાવ પણ બેસી જાય છે એ વાત મને તે વખતે સૂઝી નહિ. આથી વધારે લાભ મળે એવા બીજા શેરોમાં આ રકમ મૂકવાની તેણે મને સલાહ આપી. પરંતુ કદી ન જોયેલી હજારની રકમ પાસે જ રાખવાનું મન થયું. એટલે આમ અણધાર્યા કમાવી આપેલા રૂપિયા આભાર માની મેં લઈ લીધા. જતે જતે તે બોલ્યો :

'બનશે તો બીજી આટલી રકમ તને આવતે અઠવાડિયે અપાવીશ.'

'પૈસાનું ઝાડઝાડ ઉગાડ્યું છે કે શું?' મેં હસીને પૂછ્યું.

'હિંમત હોય તો પૈસાનાં ઝાડ પણ ઉગાડી શકાય.'

પૈસાના ઝાડની કલ્પનામાં સારી નિદ્રા આવી. સવારે ઊઠીને સ્વકમાણી–અગર જે કહો તે–માંથી પહેલી જ વખત પત્નીના ઘરે–ણાંમાં અઢીસો રૂપિયા ખર્ચ્યા, અને બાકીની પૂંજી સહીસલામત રીતે સરકારી બૅન્કમાંથી કાઢી દઈ, આવતા અઠવાડિયામાં ફળનાર ધનવૃક્ષને મનમાં વિચારતો બેઠો.

પરંતુ એ અઠવાડિયામાં વૃક્ષ ફળ્યું લાગ્યું નહિ. બીજે અઠવાડિયે જરા તાલાવેલી થઈ; છતાં ગાંભીર્ય ઘટે એ ઠીક નહિ. એમ વિચારી એ તાલાવેલી સહન કરી લીધી. પણ ત્રીજું અઠવાડિયું વીતતાં મારું મન ઝાલ્યું રહ્યું નહિ. હું જાતે જ મન્મથને ત્યાં બપોરની ચા વખતે પહોંચી ગયો. મન્મથ ઘરમાં નહોતો. તેની પત્ની રસનાનું મુખ સહજ ઉદાસ લાગ્યું.

'કેમ રસનાબહેન ! અમારા શેઠસાહેબ ક્યાં ?' મન્મથને મોટર રાખી વ્યાપાર કરતો થયા પછી અમે બધા 'શેઠ' ઉપનામથી બોલાવતા અને ચીઢવતા.

'કોણ જાણે ! ત્રણેક દિવસથી રાતદહાડો કપાં ફર્યા કરે છે તે સમજાતું નથી.'

'એ તો પૈસાના ઝાડની પ્રદક્ષિણા કર્યા કરે છે. હવે ઘણું કમાયો. મોટર-બંગલો થઈ ગયાં. જંપીને બેસે તો સારું.' એમ મેં કહ્યું.

છતાં મને મારા બીજા હજાર રૂપિયા આપીને મન્મથ આરામ ભોગવે એવી અંતરમાં ઇચ્છા થઈ આવી. તેણે અપાવવા ધારેલા પૈસા મારા જરા ય ન હોવા છતાં તેમાં મને સંપૂર્ણ મમત્વ આવી ગયું હતું. સ્વાર્થ આટલો બધો આંધળો છે !'

'કાંઈક શેરના ભાવ ઓછા થવાની વાત ચાલે છે. મને કશું કહેતા નથી એટલે સમજણ પડતી નથી.' રસનાએ કહ્યું અને મારો જીવ ઊડી ગયો. મારા હજાર રૂપિયા ગયા કે શું તેની મને પહેલી ચિંતા થઈ. રસનાએ ચાની સરભરા કરવા માંડી તે જોઈ મને ઊપજેલી ચિંતા માટે શરમ આવી.

મફતના હજાર તો મળી ગયા. બીજા હજારની હું તૃષ્ણા સેવું છું. અને કંઈકને આવા હજાર રૂપિયા અપાવનાર મન્મથ માટે ઊંચો જીવ કરવાની પણ મને ફુરસદ નથી ! મારા મનમાં વિચાર આવ્યો અને વિવેકી, હેતાળ અને ઉદાર રસનાની મહેમાનગીરીનો સ્વાદ ચાખી ઘેર જતાં જતાં મારી ચિંતા મટી ગઈ. પરંતુ સાથે સાથે મન્મથ

માટેની ચિંતા મારા મનમાં જાગી. એ ચિંતાને લીધે હું ફરી બેત્રણ વખત તેને મળવા ગયો પરંતુ તેનો મેળાપ મને થયો નહિ.

એક દિવસ રસ્તામાં એક સહજ ઓળખીતા માણસે મને ઊભો રાખ્યો અને પૂછ્યું :

'કેમ ?' જાણ્યું ને તમે ?'

હું કાંઈ સમજ્યો નહિ. પેલા માણસના મુખ ઉપર કાંઈ નવી આનંદભરી વાત કહેવાની ઇન્તેજારી હતી. મેં કહ્યું :

'ના, ભાઈ, શી વાત છે ?'

'આ તમારા મન્મથભાઈનાં ડોલચાં બેસી ગયાં.' અનિષ્ટ સમાચાર આનંદપૂર્વક કહેવામાં કેટલાક લોકો એક્કા હોય છે. એ માણસને ધોલ લગાવી દેવાનું મને મન થયું. પરંતુ આ જગતમાં મન મુજબ કરવાની છૂટ ભાગ્યે જ કોઈને મળે છે. મેં આશ્ચર્યથી પૂછ્યું :

'એમ ? શું ખરું કહો છો ?'

'આખું ગામ જાણે છે અને તમને ખબર નથી ?'

'ના, ભાઈ, બહુ ખોટું થયું.'

'એ તો જાણી મૂકેલું જ હતું. બહુ કરે તે થોડાંને માટે. બંગલો-મોટર ગયાં.'

'આપ એના દુશ્મન કે હરીફ છો !'

'ના, જરા ય નહિ. એણે તો મને ઠીક ખટાવ્યો છે.'

'ત્યારે તમે આટલા આનંદથી કેમ વાત કરો છો ?'

આ પછી અમારી વચ્ચે ઝાઝી વાત થાય એમ હતું જ નહિ. નોકરી ઉપર જવાને બદલે હું એકાએક મન્મથ પાસે દોડ્યો. તેનું મુખ સહજ ઝાંખું હતું. પરંતુ મને જોતાં જ તેણે હસીને મને બોલાવ્યો.

'કેમ ? તું મને આશ્વાસન આપવા આવ્યો છે ?'

'તારા મુખ ઉપરથી તને આશ્વાસનની જરૂર દેખાતી નથી. પણ કહે તો ખરો કે શું થયું ? મારો ઉપયોગ થાય તો કરી લેજે.'

'થાય શું ? શેરના ભાવ ઊતરી ગયા એટલે થોડી રકમ જોડવી પડી.'

'પણ મેં તો સાંભળ્યું કે આ બંગલો અને...'

'અરે એ નહિ તો બીજો. મન્મથ બંગલા વગર રહેવાનો છે એમ તું માને છે?'

મન્મથમાં હજી ઘણી હિંમત હતી, પરંતુ તેને શહેર છોડી બીજે જવું પડ્યું. ત્યાં પણ કાંઈ ભારે વ્યાપારની તજવીજ તેણે કરી હતી. પરંતુ પછી તો પાંચ-છ વર્ષ લગી અમે એકબીજાને મળી શક્યા નહિ. જુદાં જુદાં સ્થળોએ જુદી જુદી વ્યાપારી હિકમત અજમાવનાર એ સાહસિકનું ઠેકાણું બરાબર જડતું નહિ. એકબે વખત તેના નિવાસની ખબર પડતાં મેં તેને હજારની મને અપાવેલી રકમ ટપાલમાં મોકલાવી. તે તત્કાળ પાછી આવી. જવાબમાં તેણે એટલું જ લખ્યું હતું કે પૈસા મન્મથે મને અપાવ્યા એવી મૂર્ખાઈભરેલી માન્યતાવાળો હું એકલો જ હતો, તેને પૈસાની જરૂર નહોતી. અને જરૂર પડ્યે તે મારી પાસેથી માગ્યા વગર રહેશે પણ નહિ.

પછી તો તેનું નામનિશાન પણ જણાયું નહિ. કોઈક ઓળખીતાઓ કે સંબંધીઓ તિરસ્કારપૂર્વક તેની નિષ્ફળતા સંબંધી ટીકા કરી, નહિ જેવી ખબર આપતા. તેનાં કે રસનાનાં સગાં પણ તેની હિલચાલથી પૂરાં વાકેફ નહોતાં. સહુએ મન્મથની ઉદારતા ઓછેવધતે અંશે અનુભવી હતી. છતાં વ્યાપારની બાજીમાં નિષ્ફળ નિવડેલા યુવકને માટે સહુને ઓછી દરકાર થતી જાય એ સ્વાભાવિક હતું. કોઈ સગાંને તેની ખબર હું પૂછતો ત્યારે તે જવાબ આપતો :

'એ રખડેલનો પત્તો જ ક્યાં હોય? મોટી ફાળ ભરે અને નીપજે કશું નહિ! આપણે તો એની વાત જ કરવી મૂકી દીધી છે!'

તેના કોઈ મિત્રને હું પૂછતો ત્યારે તે પણ આવો જવાબ આપતો :

'જવા દો એનું નામ! કોણ જાણે ક્યાં યે હશે! જ્યાં હશે ત્યાં લોકોને ખાડામાં ઉતારતો હશે.'

અને હું જાણતો હતો કે આ સગાંને અને આ મિત્રને મન્મથે એટલી કમાણી કરાવી આપી હતી કે તે કમાણીના આધાર ઉપર તેઓ સારી સ્થિતિ ભોગવતા. મન્મથ ઉડાઉ હતો એટલે કોઈની પણ કાળજીને પાત્ર નહોતો એવો દેખાવ સહુ કરતા. પરંતુ એના ઉડાઉ-પણામાંથી તેમણે સારી મિલકત ભેગી કરી હતી એ બધા ય ભૂલી જતા.

હું પણ મારી નોકરી અને ગૃહસંસારમાં ગૂંથાઈ ગયો હતો, એટલે મન્મથને બહુ યાદ કરવાની ફુરસદ મેળવી શકતો નહિ. દૃષ્ટિથી દૂર એ હૃદયથી પણ દૂર : એ કહેવત ખરી લાગે છે. જીવનમાં જુદે જુદે વખતે માનવીને જુદા જુદા સ્વાર્થ વળગે છે. નવા સ્વાર્થને પડખે જૂના સ્વાર્થ છેક વિસારે નહિ તો અંધારામાં તો પડી જ જાય છે. નોકરીમાં આગળ વધવાની, ઉપરીઓને ખુશ રાખવાની, પૈસા બચાવવાની અને બાળકોને ભણાવવાની જંજાળમાંથી હું ભાગ્યે જ ઊંચો આવતો, એટલે મન્મથની યાદ સ્વપ્ન સરખી ઊગી આથમી જતી.

એક દિવસ સંધ્યાકાળે હું બહુ ભીડ વાળે રસ્તે થઈ ચાલ્યો જતો હતો. મારે ઉતાવળનું કામ હતું. સામે આવતાં માણસોનાં ટોળામાંથી મન્મથનું મુખ એકાએક દેખાયું હોય એવો મને ભાસ થયો. અને હું વિશેષ તપાસ કરું તે પહેલાં તો તે અદૃશ્ય થઈ ગયું. મારું હૃદય ધડકી ઊઠયું. આટલે વર્ષે દૃષ્ટિએ પડેલો મિત્ર વગર મળ્યે ગુમ થશે કે શું ? મારી આંખમાં તેજી આવી, અને પગમાં જોર આવ્યું. ઝડપથી મેં ટોળાંને જોઈ લીધું, પાછાં ફરતાં માણસોને પણ હું જોઈ વળ્યો. નજીકના એક નાના ખાંચામાં કારણ વગર મેં નજર ફેંકી. ઝડપથી એકલો એકલો ચાલ્યો જતો પુરુષ મન્મથ તો નહિ હોય ? ચાલ એની જ હતી. મોટો રસ્તો મૂકી એ ગલીમાં કેમ વળ્યો ? મને પણ તેણે જોયો જ હોવો જોઈએ. શા માટે તે ઊભો રહ્યો ? એમ વિચાર કરતો હું બહુ જ ઝડપથી તેની પાછળ ગયો. સહજ દૂર રહ્યો એટલે મેં બૂમ પાડી : 'મન્મથ !'

તે પુરુષ ઊભો રહ્યો. તેણે પાછું જોયું. ખરે, એ મન્મથ જ

હતો !...કે મન્મથનું ભૂત !

તેનાં ઝમકદાર કપડાં ક્યાં ગયાં ! તેના મુખની ચમક ક્યાં જતી રહી ? સામાન્ય ટોળામાં આગળ પડી આવે એવો એનો રૂઆબ ક્યાં ગયો ? આંખની ચપળતા ક્યાં ઊડી ગઈ ?

તેના બૂટ ઉપર કદી ડાઘો મેં જોયો નહોતો. આજ તેનાં બૂટ થીગડાંવાળાં દેખાયાં.

'તું ક્યાંથી ?' તેણે મને પૂછ્યું.

'હું તો અહીંનો અહીં જ છું. પણ તું ક્યાંથી તે તો કહે !'

'હું આવી ચડયો—કામને અંગે.'

'મારું ઘર તો તેં શાનું જોયું હોય ? ક્યાં ઊતર્યો છે ?

'કામને અંગે ગમે ત્યાં ઊતરવું પડે. પણ તને મળ્યા વગર હું કાંઈ પાછો જવાનો હતો ? કહે, ભાભી શું કરે છે ? તને નોકરીમાં કેટલી બઢતી મળી ?'

'એ બધું ઘેર આવે તો કહું.'

'આવીશ તો ખરો જ, પણ ક્યારે તે કહી શકાય નહિ. મળ્યા વગર જઈશ નહિ.' જરા અટકીને, વિચાર કરીને તેણે કહ્યું. તેના મુખ ઉપર થાકનાં ચિહ્ન મને જણાયાં. તેને આરામની અને શાંતિની જરૂર હોય એમ મને દેખાયું. તે પગે ચાલીને ફરતો હતો, તેનાં કપડાં જૂની સફાઈથી રહિત હતાં, એ ઉપરથી જ તેનો ધંધો કેવો ચાલતો હતો તે વિષે પૂછવાનું મને મન થયું નહિ. મેં પૂછ્યું :

'અત્યારે ફુરસદ છે કે નહિ ?'

તેણે એકાએક હાથ ઊંચકવાનો કરેલો પ્રયત્ન રોકી રાખ્યો. ઘડિયાળ વારંવાર હાથ ઉપર જોવાની ટેવવાળા મન્મથના કાંડા ઉપર આજ ઘડિયાળ પણ નહોતું ! તે બોલ્યો :

'જો, આઠ વાગ્યે મારે એક ગૃહસ્થને મળવાનું છે.'

'હજી કલાકની વાર છે.' મેં કહ્યું, પરંતુ મને પસ્તાવો થયો. શહેરને છેવાડે રહેતા કોઈ ગૃહસ્થને મળવા મન્મથને ચાલીને જવું

હોય તો સહેજ કલાક લાગે એમ હતું. ગાડી, મોટર કે ટ્રામની સગવડ મન્મથ પાસે ન હોય તો!

'એટલામાં ક્યાં જઈશું?' તેણે પૂછ્યું.

'ચાલ, પેલા જૂના રેસ્ટોરાંમાં બહુ દિવસે સાથે ચા પીઈએ. મેં કહ્યું. કૉલેજના દિવસોમાં તેમ જ પછી પણ એ સ્થળે અમે ક્વચિત્ ભેગા બેસી 'ટી–ટોસ્ટ'નો ઘેર ન લેવાતો આનંદ લેતા હતા;

'ચાલ, તને ના નહિ કહું.' જરા ખમચીને તે બોલ્યો.

અમે બન્ને ગલીની બહાર નીકળી મોટા રસ્તા ઉપર આવી રેસ્ટોરાંમાં ગયા. ચાલતાં ચાલતાં તેણે તેની જૂની આકર્ષક ઢબે અનેક વાતો કરી નાખી. મારી, બીજા મિત્રોની, ઓળખીતાઓની ખબર પૂછી. એટલું જ નહિ, પણ એની જાણીતી રીત પ્રમાણે વિવિધ વાનીઓ મંગાવવા માંડી.

'હજી ટોસ્ટ તો ભાવે જ છે ને?' તેણે પૂછ્યું.

'હા.' મારા શોખની તેને હજી યાદ રહી હતી.

પંદરેક મિનિટ સુધી મોજથી ખાઈ પી વાતો કરતા અમે ઊઠ્યા. દરવાજા પાસે એક ઊંચે આસને બેસી પૈસા ગણી લેતાં રેસ્ટોરાંના માલિકે અમને બન્નેને ઓળખ્યા, અને સલામ કરી કહ્યું :

'સાહેબો, બહુ વર્ષે પધાર્યા!'

'હા. હું પરદેશ ગયો હતો. શેઠ ઠીક ચાલે છે ને?' મન્મથે મુરબ્બીપણું દાખવી પૂછ્યું.

'હા જી, આપ જેવાની મહેરબાનીથી ઠીક ચાલે છે.'

કેટલા પૈસા આપવાના છે?' મન્મથે તેને પૂછ્યું.

હું ચમક્યો. મન્મથના પૈસા ખર્ચાવવા હું તેને અહીં લાવ્યો નહોતો. પૈસા મારે જ ચૂકવવા જોઈએ. મેં સખત વાંધો લઈ કહ્યું :

'શેઠ, પૈસા મારે આપવાના છે. એની પાસેથી લેશો નહિ.'

'શું? તું શી વાત કરે છે? મન્મથ જોડે હોય અને તે પોતાના મિત્રોને પૈસા ખર્ચાવે? જા, આગળ થા. હું આવું છું.' મન્મથે

પોતાના મૂળ સ્વભાવ ઉપર કહ્યું :

'મારું અપમાન થાય છે, હો મન્મથ!' મેં કહ્યું.

'મારે ખાતર એટલું અપમાન સહી લે.' મન્મથ બોલ્યો.

'અરે સાહેબો! ઘણે દિવસે આપ આવ્યા છો. આપની પાસેથી હું બહુ રળ્યો છું. આજ મારા મહેમાન બનો અને કશું ન આપશો.' રેસ્ટોરાંનો વૃદ્ધ માલિક બોલ્યો.

'હું કહું તેમ કર. બહાર જા. અને એક ટેક્સી ભાડે કરી લે. મારે ઉતાવળ છે.' મન્મથે કહ્યું.

મન્મથની જીદને પહોંચી વળાય એમ ન હતું. વસતિવાળાં રેસ્ટોરાંમાં પૈસા આપવાની હુંસાતુંસી કરવી એ હલકું દેખાય એમ લાગ્યું. હું આગળ ગયો અને પગથિયાં નીચે ઊતરી ટેક્સીને બોલાવવા લાગ્યો; ટેક્સી આવી, મન્મથ બહાર નીકળ્યો.

'ચાલ, તને ઉતારતો જાઉં.' મન્મથે મને કહ્યું.

કોણ જાણે કેમ મારા હૃદયે તેની સાથે જવાની જોસભેર ના પાડી. હૃદયની આજ્ઞાને હું આધીન થઈ બોલ્યો :

'ના, મારે બીજે જવું છે. હું ચાલ્યો જઈશ.!

'ઠીક ત્યારે, સાહેબજી!'

'પણ તું પાછો મળીશ ક્યારે ?'

'હું ક્યારે મળીશ? અત્યારે કહી શકું નહિ.'

'વચન આપ કે તું મને મળ્યા વગર જઈશ નહિ.'

'હા, હા. મારું વચન છે. તને તે મળ્યા વગર જાઉં? તારાં છોકરાંને જોયા વગર ચાલે એમ નથી. પેલી ભૂરી આંખવાળી બાળકી જયા હવે મોટી થઈ હશે.'

આટલું કહી તેણે મોટર હંકાવી મૂકી. તેની બેસવાની ઢબ એવી ને એવી જ હતી. માત્ર તેનાં કપડાં તેના મનમાં સંકોચ ઉપજાવતાં હતાં એ હું જોઈ શક્યો.

મોટર ચાલી ગઈ અને હું વિચાર કરતો ફૂટપાથ ઉપર ઊભો.

મારા હૃદયે કોણ જાણે કેમ એકાએક દોર્યો, અને હું રેસ્ટોરાંમાં પાછો ગયો. માલિક એકલો જ બેઠો હતો ત્યાં જઈ મેં પૂછ્યું :

'તમને પેલા સાહેબ શું આપી ગયા ?'

માલિક સહજ વિચારમાં પડ્યો, અને સત્ય કહેતાં અચકાયો. મેં તેને ઉત્તેજિત કરવા કહ્યું :

'મને એણે જ મોકલ્યો છે. તમારા પૈસા લઈ લ્યો. કેટલા આપવાના છે ?'

'દસ. પણ કોઈને કહેવાની ના કહી છે ને ?'

'તે મારે માટે નહિ. લ્યો આ દસની નોટ.'

મેં નોટ આગળ ધરી એટલે તેણે એક સુંદર હીરાની વીંટી ધીમે રહી મારા હાથમાં મૂકી દીધી. આખા જન્મારામાં મને કદી ન થયેલી નવાઈ ચમક વીંટી જોતાં થઈ. વીંટી લઈ હું તત્કાળ બહાર નીકળ્યો. થોડી જ ક્ષણો થયેલી હોવાથી અને મન્મથ તથા મારી વચ્ચેનો સંબંધ. જાણતો હોવાથી વગર શંકાએ માલિકે મને વીંટી પાછી આપી. કદાચ તેનો વિચાર ફરી જાય એ બીકે હું ઝડપથી ચાલી નીકળ્યો.

શું મન્મથ પાસે ચા પીવા-પાવાના પૈસા નહોતા ! માટે જ તે મને દેખીને પેલી ગલી ભણી ચાલ્યો જતો હતો ? મેં શા માટે એને રોક્યો ? મારું આતિથ્ય કરવા ખાતર મન્મથની ઘેલી ઉદારતાએ તેની પ્રિયમાં પ્રિય વીંટી પણ જતી કરવા તેને પ્રેર્યો ? હું એ વીંટીને ઓળખતો હતો. રસના ભાભીએ લગ્નમાં એ વીંટી હસ્તમેળાપ વખતે તેને પહેરાવી દીધી હતી. એ વીંટીને તે આજ મારી મહેમાનગીરી કરવામાં વિદાય આપતો હતો ! મન્મથ ઉડાઉ કે ઉદાર ?

શોક, આશ્ચર્ય, માન એવી એવી લાગણીઓથી ઘેરાયેલો હું ઘેર પહોંચ્યો. મારી પત્નીને પણ મારા મુખમાં કાંઈ ગમગીની દેખાઈ. રેસ્ટોરાંમાં સારી રીતે જમ્યો હતો એથી કે પછી મારા મનથી, વ્યગ્રતાને લીધે હું જમ્યો નહિ. મને ઊંઘ પણ ન આવી. સાડા દશ થયા અને મારું બારણું કોઈએ ખખડાવ્યું. મારી પત્નીએ પૂછ્યું :

'કોણ ?'

'એ તો હું મન્મથ. ભાભી, જાગો છો કે?'

મારી પત્નીએ દોડીને બારણાં ઉઘાડયાં. જાણે કાંઈ બન્યું જ ન હોય તેમ હસતો વાતો કરતો મન્મથ ઘરમાં આવી બેઠો.

'કાલ સવારે જવું છે. તને મળવાનું વચન આપ્યું હતું અને બધાંને જોવાં હતાં, એટલે મોડી રાત છતાં આવ્યો છું.'

'હજી કાંઈ એવું મોડું થયું નથી.' મારી પત્નીએ કહ્યું. બહુ વરસે પતિના મિત્રને જોતાં પત્ની પણ આનંદ અનુભવતી હતી. બાળકો માટે ફળ તથા રમકડાં લઈ આવેલા મન્મથ માટે મારી પત્ની કોફી કરી લાવી અને થોડું ખાવાનું પણ અમારી બન્નેની સામે નાનકડા મેજ ઉપર મૂકી દીધું. ના પાડયા છતાં મન્મથે કોફી પીવા માંડી.

એકાએક મારી પત્ની બોલી ઊઠી :

'પેલું શું ચમકે છે મેજના ખૂણા ઉપર?'

મન્મથની નજર તે તરફ દોડી. તેના હાથમાંનો પ્યાલો હાલી ગયો; એટલો હાલ્યો કે તેમાંથી સહેજ કોફી નીચે ઢોળાઈ.

'મન્મથને ભાન કયાં છે? એની વીંટી કયાં ગબડી જાય છે તેનો યે વિચાર નથી!' મેં હસતે હસતે કહ્યું.

મન્મથનો ચહેરો ગંભીર બની ગયો. તેણે વીંટી ઉપાડી જોઈ, ખાતરી કરી. મારી સામે મારા હૃદયમાં ઊતરી જાય એવી નજર ફેંકી તેણે વગર બોલ્યે વીંટી પહેરી લીધી. કોફી પી રહી તેણે રજા માગી. હું તેને બારણાં સુધી વળાવવા ગયો. તેણે સહજ ગાંભીર્યથી કહ્યું :

'આટલો બધો વિવેક શા માટે કરે છે?'

'શા માટે? તારા માટે.'

'પણ કાંઈ કારણ?'

'કારણ એ જ કે જગતમાં ઘણા ઉડાઉ જોયા, પણ તારા સરખું અમીરી ઉડાઉપણું શોધ્યું જડે એમ નથી.'

મારો હાથ દબાવી મારું વાક્ય પૂરું સાંભળ્યા વગર મન્મથ ચાલ્યો ગયો !

કુદરત અસંખ્ય માનવીઓને સર્જે છે. પરંતુ આવી અમીર-દિલી લાખે એકમાં પણ તેનાથી સરજી શકાતી નથી ! ધનિક થવું સહેલ છે; ધનિક હૃદય હોવું મુશ્કેલ છે.

# માનવતા

## ૧

સનતકુમાર એક કવિ હતા. કેટલાક તેમને મહાકવિ કહેતા હતા. જે તેમને મહાકવિ કહેતા ન હતા તે પણ એમ તો કહેતા જ કે તેમનામાં મહાકવિ બનવાની શક્યતા તો છે જ.

બહુ નાની ઉંમરથી તેમણે કવિતા લખવાની શરૂઆત કરી હતી કૉલેજમાં તેમની કાવ્યપ્રવૃત્તિ તેમને સઘળા વિદ્યાર્થીઓના આશ્ચર્યનું રૂપ આપી રહી હતી. અને કૉલેજ બહાર નીકળતાં સાહિત્યસૃષ્ટિએ આ ઊગતા કવિને વધાવી લીધા હતા. તેમનાં કાવ્યો માસિકોમાં પ્રગટ થવા માંડ્યાં અને કાવ્યરસિકો તેમની આતુરતાથી રાહ જોવા લાગ્યા. વિવેચકોએ તેમનાં કાવ્યો ઉપર પ્રશસ્તિઓ લખવા માંડી, અને જોતજોતામાં સનતકુમાર એક ઉચ્ચ કક્ષાના કવિ તરીકે જનતાનું માન પામ્યા. આ સત્કારથી તેમને શરૂઆતમાં ઊપજેલા આશ્ચર્ય અને આહ્‌લાદ શમી ગયા, અને પોતાને મળતું માન તેમના મનમાં હકરૂપ બની ગયું.

આમ બનવું બહુ સ્વાભાવિક છે. દૈનિક, અઠવાડિક, માસિક અને વાર્ષિક પત્રોએ તેમનાં કાવ્યો મેળવવા માટે ભારે રસાકસી

ચલાવી. પરંતુ ધીમે ધીમે તેમની મહત્તાએ એવી ભૂમિકામાં પ્રવેશ કર્યો કે તેમણે ઝડપથી પોતાના કાવ્યગ્રંથો બહાર પાડવા માંડ્યા અને જવલ્લે જ—સામાયિકો ઉપર કૃપા કરવા ખાતર અને જનતાનું આશ્ચર્ય સાચવી રાખવા ખાતર—શિષ્ટ મનાતા માસિકોમાં કાવ્યો આપવાનું શિષ્ટ ધોરણ સ્વીકાર્યું.

અને તેમના કાવ્યગ્રંથો ? નવલકથાઓ સિવાય કશું પણ સાહિત્ય ન છપાવવું એવો નિશ્ચય કરી બેઠેલા પ્રકાશકોએ પોતાનો નિશ્ચય બાજુએ મૂકી તેમના ગ્રંથો છપાવવા માગણીઓ કરવા માંડી. કડવે મુખે કાવ્યસંગ્રહોને છેક ખૂણામાં નાખી મૂકતા ચોપડીઓ વેચનારાઓએ બહુ ખુશીથી તેમના ગ્રંથોને આગળનું સ્થાન આપવા માંડ્યું. અને સનતકુમારનાં નવાં કાવ્યો બહાર પડવાની જાહેરાત થાય ત્યારથી રસિક વાચકોએ પુસ્તકોની દુકાન ઉપર ધસારો શરૂ કરી દીધેલો હોય જ !

તેમનાં કાવ્યો પણ ભવ્ય અને સુંદર ! શબ્દલાલિત્ય અને અર્થ-ગાંભીર્યથી ઉભરાતાં તેમનાં કાવ્યો વાચકોને મુગ્ધ બનાવતાં. તેમની સુશ્લિષ્ટ ભાવરચના અને તેમનાં ગગનગામી કલ્પનાઉડ્ડયનો તેમનાં કાવ્યોમાં ખામી નિહાળવા મથતા કોઈ દ્વેષી હરીફો અગર દોષદર્શી વિવેચકોને મુખે પણ તેમનાં વખાણ કરાવતા. પુષ્પની સૌરભ અને ઉષાસંધ્યાના રંગોથી શોભતી તેમની કોઈ કવિતા મૃદુતાના ફુવારા ઉડાડતી : તો કોઈ કવિતા અસીમ બ્રહ્માંડ અને તેમાં ઘૂમતી નિહારિકાઓ અને આકાશગંગા સુધી વાચકોને ઊંચકી જતી. તેમની કાવ્ય-રચના કવચિત્ કોકિલ કે બુલબુલનું કંઠ માધુર્ય પ્રગટ કરતી, તો કવચિત્ સમુદ્રનાં ઘોર, ગર્જન કે જ્વાળામુખીનાં તાંડવોને તાદૃશ્ય બનાવતી. જનતા સનતકુમારનાં કાવ્યો વાંચી પૃથ્વીની પાર્થિવતા ત્યજી વ્યોમવાસી બની જતી.

તેમની કવિતાનાં વખાણ સાંભળી તેઓ દ્વિગુણ બળથી કવિતા-દેવીની ઉપાસના કર્યે જતા. પોતાનાં વખાણ સાંભળી તેને હર્ષ થતો

ન હતો એમ કહેવું એ કદાચ સત્ય ન હોય; પરંતુ વખાણ માટે જ તેઓ લખતા એમ કહેવું એ તેમને અન્યાય કરવા સરખું હતું. તેમની ટીકાથી તેઓ ગુસ્સે થતા નહિ– જોકે તેમની ટીકા ભાગ્યે જ થતી. માત્ર એક ટીકા વિરુદ્ધ તેમનો અણગમો દેખાઈ આવતો. તેમના સાર્વત્રિક થતાં વખાણમાં એક જ નિંદાનો સૂર કે ટીકાનો સૂર સંભળાયા કરતો. એક વિવેચકે એમ જ જીદ લીધી હતી કે સનત કુમારનાં કાવ્યોમાં 'મહત્તા' છે પણ 'માનવતા' નથી.

આ વિવેચકની ટીકાને ભાગ્યે જ કોઈ ગણકારતું. ઘણાં માસિકોમાં તો એ ટીકાને સ્થાન મળતું નહિ; પરંતુ કોઈ કોઈ પત્રો શરૂઆતના દિવસોમાં પોતાનું મહત્ત્વ વધારવા પ્રતિષ્ઠિત લેખકો ઉપર પ્રહાર કરી વાચકોને આકર્ષવાની નીતિ અખત્યાર કરે છે, તેવા એક પત્રમાં એ ટીકાને સ્થાન મળતું. જ્યારે જ્યારે કવિ સનતકુમારનો નવો કાવ્યગ્રંથ બહાર પડે એટલે તે વિવેચક પોતાની ટીકા સાથે તૈયાર હોય જ. તે એક જ વાત કહે : 'કવિતામાં મહત્તા છે, પણ માનવતા નથી.' તેને કોઈ હસી કાઢતું. તેના વિરુદ્ધ કડક ચર્ચાપત્રો લખાતાં, અને તેની પુષ્ટિમાં કોઈ જ બોલનાર નીકળતું નહિ. છતાં સનતકુમારને આ ટીકા રુચતી નહિ. એ વિવેચક કોણ હશે તેનો તંત્રીદ્વારા અગર બીજી રીતે તેમણે ઘણી તપાસ કરી, પરંતુ તેનું નામઠામ મળી શક્યું નહિ. નવા બહાર પડેલા એક કાવ્યગ્રંથને અંગે થયેલી આવી ટીકાનો વિચાર કરતા સનતકુમાર પોતાના લેખનગૃહમાં બેઠા હતા, ત્યાં એક પત્રકારે તેમની મુલાકાત લઈ ટીકા વિષે તેમનો જ મત માગ્યો.

કવિઓ ભાગ્યે જ ગુસ્સે થાય છે– જોકે ભાગ્યે જ ગુસ્સે થનાર ગૃહસ્થોની માફક તેમને ગુસ્સો ચડે તો તેની સીમા રહેતી નથી. સનત્ કુમાર પત્રકારનો પ્રશ્ન સાંભળી ગુસ્સે ન થયા, પરંતુ હસ્યા; અને તેમને માટે માન ઊપજે એવી મીઠાશથી તેમણે જવાબ આપ્યો:

'મારા વિરુદ્ધની ટીકાનો જવાબ મારાથી અપાય જ નહિ.

માત્ર એ ટીકા સંબંધી એક જ પ્રશ્ન ઉપસ્થિત થાય છે : માનવતા વગર મહત્તા ઉત્પન્ન થાય ખરી ?'

આ સૌંદર્યશોભન વાક્ય અને વિચારથી પત્રકારને પરમ આનંદ થયો. તેણે સનત કુમાર સાથેની પોતાની મુલાકાત જ્વલંત શબ્દ-ચિત્રમાં વર્ણવી; અને ટૂંકી મુલાકાત દરમિયાન કવિની જ નહિ, પરંતુ કવિનાં પત્નીની પણ ઊભરાતી માનવતાનાં તેને થયેલાં દર્શન તેણે શબ્દોમાં આલેખ્યાં.

૨

ખરે, સનતકુમારનાં પત્ની સુહાસિની માનવતાથી ઊભરાતાં હતાં એમાં શક નહિ. કવિઓને નિરંકુશ રહેવાનું વરદાન મળેલું હોય છે. આ નિરંકુશપણું માત્ર કવિતામાં જ સમાઈ રહેતું નથી; તે તો જીવનના પડેપડમાં પ્રવેશ પામે છે. અંકુશ, નિયમ અને નિયંત્રણ કવિજીવનમાં સ્થાન પામે તો તે દિવસથી કવિ કવિ મટી જાય છે.

આનો અર્થ એમ નહિ કે સનત કુમારનું નૈતિક જીવન અન્ય કવિઓ સરખું નિરંકુશ હતું. તેમનું ચારિત્ર્ય સ્ફટિક સરખું શુદ્ધ હતું. કવિપણાના બહાનાં નીચે સ્વેચ્છાચાર કરનાર નામધારી કવિઓ માટે તેમને ભારે તિરસ્કાર હતો. વિશુદ્ધ ચારિત્ર્ય વગર વિશુદ્ધ કાવ્ય-રચના અશક્ય છે એમ તેમની માન્યતા હતી. અને એ માન્યતા પ્રમાણે જ તેમનું વર્તન ઘડાયું હતું.

તેમની નિરંકુશતા કે અનિયમિતપણું જુદા પ્રકારનાં હતાં. કાવ્યરચનામાં નિમગ્ન રહેતા આ કવિવરને સમયનું ભાન ભાગ્યે જ રહેતું. વખતે તેઓ આખી રાત જાગતા અને કવિતાઓ રચતા. કાવ્યરચના એ સ્ફુરણો ઉપર આધાર રાખતી કલા છે. એ સ્ફુરણોને સ્થળ અને સમયનાં બંધન હોતાં નથી. તેઓ જમતા હોય, અને એકાએક સ્ફૂર્તિ જાગૃત થાય ! જમવાનું બાજુ ઉપર રહી જતું અને સનત કુમાર હૃદયમાં ઊઠતી કોઈ રચનાને નિહાળતા બેસી રહે ! તેઓ

વાત કરતા હોય અને હૃદયમાં કોઈ કલ્પના ચમકી આવે. કવિ એ કલ્પનાને ઘાટ આપવા વાત કરતા બંધ પડી જાય અને તેમનાં પત્ની કે મિત્રોને અજાણતાં ચમકાવે ! નદીકિનારો, અવરજવર વગરનો માર્ગ, નિર્જન ખેતરો, અને અપૂજ શિવાલયોનો સહકાર તેમને અનુકૂળ હતો. કાવ્યની પ્રેરણા મેળવવા તેઓ એકલા અગાસીમાં રાત્રે બેસી તારાનાં ઝૂમખાં નિહાળતા, અગર દિવસે કોઈ બગીચાના એકાન્ત ભાગમાં પુષ્પો સામે જોઈ રહેતા. તેમને વગર જરૂરની વાત કરતાં કંટાળો આવતો. તેમને મિત્રો ઓછા હતા; અને જે હતા તે કવિની વિચિત્રતાનો વિચાર કરી તેમને જેમ બને તેમ ઓછું જ મળતા. પરંતુ પત્નીનો સહવાસ તો નિત્યનો હોય જ એમાં નવાઈ શી ?

સનત કુમાર સરખા પ્રતિષ્ઠિત કવિનાં પત્ની હોવાનું માન સુહાસિનીને મળ્યું તેથી તેઓ પોતાના ભાગ્યને વખાણતાં હતાં. સનતકુમારની વિચિત્રતાઓ તેમને ગમતી. સનતકુમારનાં ઢંગ વગરનાં કપડાંને સમારી તેઓ કવિને દેખાવડા બનાવતાં કવિની અનિયમિતતા વગર બોલ્યે ચલાવી લેતાં. કવિની અવ્યવસ્થાને તનતોડ મહેનત કરી વ્યવસ્થામાં ફેરવી નાખતાં. કવિઓ બજારનું કામ કે ઘરનું કામ કદી કરી શકતા નથી. સનત કુમાર તેમાં અપવાદરૂપ ન હતા. સુહાસિની બજારની ખરીદી અને ઘરની ઝીણી કામગીરી ઉપર જાતે જ દેખરેખ રાખી સનત કુમારને કવિતા લખવાની વધારે સગવડ કરી આપતાં હતાં.

સનત કુમાર આ બધું સારી રીતે સમજી શકતા હતા. કવિ મહા પ્રેમી પણ હોય છે. એટલે સુહાસિની પ્રત્યે સનત કુમારને અત્યંત પ્રેમ હતો. તેઓ ઘણી વખત સુહાસિનીના સુંદર મુખ તરફ જોઈ રહેતા. તેમણે પ્રેમ વિષે, પત્નીપ્રેમ વિષે કવિતાઓ પણ ઘણી લખી હતી. પરંતુ પ્રેમને નામે જીવનમાં પ્રવેશ પામતી નિરર્થકતાને તેઓ પોષી શકતા નહિ. એવી નિરર્થકતાઓ સામાન્ય માનવીના જીવનને

ભરી દે એની હરકત નહિ; પરંતુ કાવ્યઉપાસના માંડી બેઠેલા કવિથી એ નિરર્થકતાઓને આવકારી શકાય એમ નહોતું.

કાવ્ય સ્ફુરતું હોય તો પત્નીના મુખ સામે જોવું વાસ્તવિક છે; પરંતુ નિરર્થક પત્નીના મુખ સામે જોઈ સમય વ્યતીત કરવો એ કવિને ભાગ્યે જ ફાવે. કાવ્યની ચર્ચા કરી કાવ્યરસનું આસ્વાદન કરાતું હોય તો પત્ની સાથે બોલવું બેશક જરૂરનું છે; પરંતુ ઘર ધોળવાની કે ચોખા મંગાવવાની વાતમાં કવિને પડવું ભાગ્યે જ પાલવે. ચોખ્ખું બાળક રોતું ન હોય તો તેને પાસે બોલાવી તેના હાસ્યમાંથી એકાદ કાવ્યનું સ્ફુરણ મેળવી શકાય; પરંતુ સ્ફુરણોને ગૂંગળાવતી ચીસો પાડતું બાળક કવિતાપોષક હોતું નથી કવિતાને જે પોષક ન હોય તે કવિને કેમ ફાવે?

પર્વતમાળાનાં વર્ણન લખતી વખતે પત્ની આવી ગળે હાથ નાખી બેસે. એથી વર્ણનની તાદૃશ્યતા જરૂર ઘટી જાય. ઊડતી વાદળીનાં શબ્દચિત્ર કવિ દોરતા હોય અને પત્ની પાછળથી આવી આંખો ઉપર હાથ મૂકી દે એટલે વાદળીનું ચિત્ર ફિક્કું બને એ સહજ છે. ધૂમકેતુને સંબોધન લખતી વખતે પત્ની આવી ઝીણી ચૂંટી ભરી જાય તો સંબોધનની ભવ્યતામાં સામાન્ય ચિત્કાર દાખલ થાય અને કાવ્યરચના સામાન્ય બની જાય જ. ચંદ્રની ચાંદની વર્ણવતાં પત્ની ગલીપચી કરી જાય તો જરૂર ચાંદનીનો રંગ ઊડી જ જાય. કવિ કાવ્ય લખતા ન હોય તે વખતે પત્નીનો આખો મુકાયેલો હાથ કે ચમકાવતી ચૂંટી ઇચ્છવા યોગ્ય છે; પરંતુ કાવ્યલેખનના પ્રસંગે એ બધી ઝીણી ઝીણી રમતો શું નિરર્થક નથી બની જતી? રમતને જીવનમાં સ્થાન છે, પરંતુ કાવ્યકૃતિ તે તૈયાર થતી વખતે નહિ.

સુહાસિની કાવ્ય લખતા પતિના ખોળામાં જ એક દિવસે બેસી ગઈ.

'કેમ આમ?' પતિએ પૂછ્યું.

'ખુરશીમાં બીજી જગા જ ક્યાં છે?' પત્નીએ જવાબ આપ્યો.

'આ બીજી ખુરશી છે ને?' પતિએ કહ્યું.

સુહાસિની બીજી ખુરશી ઉપર ન બેસતાં ઓરડાની બહારચાલી ગઈ અને સનત્‌કુમારે એક કાવ્ય લખી નાખ્યું.

અગાસીમાંથી સંધ્યાના અનુપમ રંગો નિહાળતા સનત્‌કુમાર એકાએક ચમક્યા. તેમના ગાલ ઉપર વિચિત્ર સુંવાળાપ ફરતી લાગી. બાજુએ ફરી જોયું તો સુહાસિની હસતી તેમના ગાલ ઉપર એક પીછું ફેરવતી હતી.

'જો, મારી કલ્પના ઊડી ગઈ!' અણગમો બતાવી સનત-કુમાર બોલ્યા.

ઊડી જતી કલ્પનાને પકડી લાવવાની પતિને તક આપવાનીપત્ની એક અક્ષર પણ બોલ્યા વગર ત્યાંથી ચાલી ગઈ. તે રાતે એક સુંદર સાન્ધ્યગીત જગતની કાવ્યસમૃદ્ધિમાં ઉમેરાયું.

એક વીરકાવ્યની છેવટની કડીઓ ઘડતા સનતકુમારનું ધ્યાન – ભંગ કરતો સાદ સંભળાયો :

'હવે મધરાત થઈ. સૂવું નથી?' સુહાસિનીએ કહ્યું.

'તું શા માટે જાગે છે? સૂઈ જા.' પતિએ જવાબ આપ્યો.

'એમ ઊંઘ નહિ આવે. તમે પાસે આવો.'

'આવું છું. આટલી કવિતા પૂરી કરી લઉં.'

'હવે કાલે પૂરી થશે.'

'કાલે? અત્યારે સ્ફુરેલી શબ્દાવલી કાલે કેમ યાદ રહેશે?'

'યાદ ન રહે તો કાલે બીજી લખજો.'

'હં!' પતિએ સહજ હસી સ્ફુરેલી શબ્દાવલી બરાબર ગોઠવી વીરકાવ્યને સંપૂર્ણતા આપી.

'પરંતુ પત્ની એટલામાં નિદ્રાવશ થઈ – કે પછી વગરબોલ્યે સૂઈ રહી.

સ્ફૂરેલી વિચારશ્રેણી, ઝબકતી કલ્પના અને ગોઠવાતી શબ્દાવલી ફરીફરી તે જ સ્વરૂપે પ્રગટતી નથી. વીજળીની માફક એક વખત તે

જાય એટલે ફરી હાથ લાગે નહિ. સઘળા કવિઓનો એ અનુભવ છે.

પરંતુ પત્નીપણું એવું રિસાળ અને અદેખું હોય છે કે તે કોઈની મહત્તા સહન કરી શકતું નથી. જરૂર બતાવાય તો માગ્યે ઝૂંટયે તે સર્વસ્વ આપે છે. પરંતુ લગીર સરખી બેદરકારી સામે પત્નીપણા સિવાય બીજું સઘળું ગૌણ બની રહેવું જોઈએ. પત્ની હરીફ સહન કરી શકતી નથી–પછી તે હરીફ પ્રતિષ્ઠાનું રૂપ ધારણ કરે, કે કલા-સેવાનું રૂપ ધારણ કરે.

સુહાસિનીએ ત્યાર પછી અદ્ભુત શાન્તિ ધારણ કરી. કવિ સનત કુમારને તેણે સતત કવિતા લખવા દીધી. કાવ્યપ્રવાહને કદી કોઈ પણ રીતે તેણે અટકાવવાની ભૂલ કરી નહિ, એટલું જ નહિ, પણ કવિતા વધારે પ્રમાણમાં લખાય એવી સગવડો તે ઊભી કરી આપતી. આ પત્નીએ પોતાનું વ્યક્તિત્વ અદશ્ય અને અસ્પર્શ્ય બનાવી દીધું. સનત કુમારને પત્નીની નિરર્થક ઘેલછાઓ હવે નડી નહિ. તેમની કાવ્યનૌકા સડસડાટ આગળ ચાલ્યે ગઈ.

૩

આથી સુહાસિનીએ રિસાવાનો કે અણગમાનો દેખાવ કર્યો એમ જરા ય માનવાનું નથી. તેમ કર્યું હોત તો સનત કુમારનો કાવ્યપ્રવાહ એ કારણે સહજ અટકે એમ હતું. સુહાસિનીએ સદા ય હસતું મુખ રાખ્યું હતું. અને પતિની પ્રથમ કરતાં પણ વધારે કાળજી લેવા માંડી હતી. માત્ર પતિને નિરર્થક લાગતી–પરંતુ પોતાના જીવનમાં સદા ય રસ ભરતી–ચેષ્ટા કરવી તેણે મૂકી દીધી હતી. સનત કુમારે કદી જાણ્યું ન હતું કે સુહાસિનીને હૃદય દુખાયું હતું. તે તો ઘણી વખત પત્ની પાસે આશ્વાસન મેળવતા મથતા.

'જો ને, આ કોઈ વળી ટીકા કરે છે તે! પોતાની વિરુદ્ધ થતી એક જ ટીકાને ઉદ્દેશી તેઓ સુહાસિની આગળ બબડતા.

'હોય એ તો! આટલા બધા સારું લખે છે. પછી શું?'

'બધા જ સારું લખે છે. આ એક જ ટીકાકારને કોણ જાણે શું વેર છે?!

'વેર શાનું? આપણે એમ જ માનવું કે એકાદ વખોડનાર ન મળે તો નજર લાગે.'

'એ પણ વખાણ તો કરે જ છે. માત્ર કાવ્યમાં માનવતા નથી એમ કહે છે. એટલે શું? માનવતાની વ્યાખ્યા શી?'

'વ્યાખ્યાને શું કરવી છે? એવી ટીકામાં જીવ રાખશો નહિ.'

આમ પતિ માગે ત્યારે પત્ની આશ્વાસન પણ આપતી. પરંતુ સોનાની થાળીમાં લોખંડની મેખ ખૂંચે તેમ સર્વવ્યાપી વખાણમાં થતી આટલી ટીકા સનત્ કુમારને ખૂંચ્યા કરતી હતી. તેમના કાવ્યગ્રંથો ઝડપથી લખાતા, ઝડપથી છપાતા અને ઝડપથી વેચાતા. કેટલાક સંગ્રહોની તો બીજી ત્રીજી આવૃત્તિઓ પણ થઈ ગઈ હતી. એક નવો કાવ્યસંગ્રહ લગભગ તૈયાર થઈ ચૂક્યો હતો. તેને છપાવવાની તૈયારી કરતી વખતે પછી પેલી ટીકાનો તેમને ભય ઉત્પન્ન થયો. આ ટીકા ન થાય માટે શું કરવું? ટીકાકારને રીઝવવાનો પ્રયત્ન કરવો એ તેમનાથી બને એમ હતું જ નહિ. તેમના તરફથી ટીકાનો જવાબ આપનારા અનેક પ્રશંસકોએ ઇચ્છા કરી જ હતી કે ટીકા કરનારે માનવતા શું અને તે ક્યાં નથી તે ચોક્કસ બતાવી આપવું જોઈએ. તેનો જવાબ ભાગ્યે જ મળતો. ક્વચિત્ મળતો તે એવી રીતનો કે 'કવિમાં માનવતા દેખાયે તે બતાવીશું. હમણાં તો તેનો કાવ્યમાં અભાવ છે એટલે સમજાવી શકાય એમ નથી.'

આ જવાબ વાજબી ન કહેવાય એમ સનત કુમાર જાણતા હતા છતાં આત્મનિરીક્ષણની કોઈ ઊર્મિમાં તેમનો વિચાર આવ્યો કે તેમણે પોતાનાં કાવ્યોને બારીકીથી પાછાં જોઈ જવાં. વિચાર આવતાં તે નિશ્ચય બની ગયો. કવિઓ દૃઢ નિશ્ચયવાળા હોય છે. તેમણે સુહાસિનીને કહ્યું :

'મારો વિચાર થોડા દિવસ કોઈ એકાન્તસ્થળે જવાનો થાય છે.'

'અહીં એકાન્ત નથી મળતું ? મનમાં ઉત્પન્ન થયેલું દુઃખ સમાવી સુહાસિનીએ પૂછ્યું.

'હું એકલો જ એકાદ માસ જઈ આવું. મારો નવો સંગ્રહ મારે જોઈ જવો છે.'

'કેમ ?'

'પેલી ટીકા મને હેરાન કર્યા કરે છે. મારે જોવું છે કે મારાં કાવ્યોમાં માનવતા ક્યાં નથી !'

'ભલે, જઈ આવો.' પતિની સર્વ પ્રકારની અનુકૂળતા પૂરી પાડવા તત્પર રહેતી સુહાસિનીએ કહ્યું.

અને સનત કુમાર એક નદી કિનારે આવેલા એકાન્ત સ્થળમાં પોતાનો કાવ્યસંગ્રહ લઈ એકાદ માસ માટે રહેવા ગયા, સાથે એક રસોઇયો માત્ર લીધો.

નદી કિનારાના એકાન્તમાં જઈ તેમણે પોતાનો નવો સંગ્રહ ફરી તપાસવા માંડ્યો. વાતાવરણ કવિતાથી ભરપૂર હતું. લખેલાં કાવ્યો તપાસતાં હતાં, એટલું જ નહિ, પણ નવાં નવાં કાવ્યો રચાતાં હતાં. એક માસની અંદર તો બીજો કાવ્યસંગ્રહ પ્રગટ થાય એટલી કાવ્ય સંખ્યા વધી ગઈ. માત્ર એક મહાચિંતા તેમને લાગુ પડી હતી કે 'તેમાં માનવતાનો સ્વીકાર થશે કે કેમ ?'

જૂનાં નવાં કાવ્યો તેઓ વારંવાર વાંચતા અને પોતે તેમાં માનવતા નિહાળી સંતોષ પામતા. પરંતુ પોતાનો સંતોષ એ ટીકાકારનો સંતોષ હોતો નથી. ટીકાકારનો વિચાર કરી તેઓ ચીડાઈ ઊઠતા અને પોતાની પત્ની પાસે ન હોવાથી સ્વગત ઉદ્ગાર દ્વારા એ ચીડને વ્યક્ત કરતા.

'શું કહેવા માગે છે એ ?...માનવતા એટલે શું ?...હું શું માનવી નથી ?...મારામાં માનવતા નથી ?'

નદીતટના એકાન્તમાંથી એ અજાણ્યા ટીકાકારનો બોલ સામો સંભળાતો :

'કવિતામાં મહત્તા છે – માનવતા નથી.'

તેઓ હાથ પછાડતા, અને કવચિત્ દાંત પીસતા. રસોઇયો ગભરાઈ ઊઠતો. આવા સર્વમાન્ય મહાકવિ આવી ઘેલછા કેમ કાઢતા હશે તેની એને ખબર નહોતી. મહત્તા, કવિતા કે માનવતા સંબંધી તેને કશી ગમ નહોતી. એક રાતે તો સનતકુમાર સ્વપ્નમાં પણ પોકારી ઊઠ્યા. ભયભીત રસોઇયાને ભૂતની કલ્પના થઈ આવી. કોઈ પણ ઘેલછા અને ભૂતનો વળગાડ સરખી ચેષ્ટા ઉત્પન્ન કરે છે. એટલે રસોઇયાની માન્યતા હસી કાઢવા જેવી નથી. સવારમાં કવિ સનતકુમાર ભારે તાવથી બેભાન પડ્યા હતા. એ જોઈ બી ગયેલા રસોઈયાએ વૈદ્ય અને ભૂવાને બોલાવી ઉપચાર કરવા મંથન કર્યું અને સાથે કોઈ ડાહ્યા માણસની સલાહ પ્રમાણે સુહાસિનીને તાર કરી બોલાવી પણ ખરી.

સનતકુમાર જેવા કવિ માટે કોઈ પણ ડૉકટર સારવાર કરવાની ના પાડે એમ નહોતું. સુહાસિની પોતાની સાથે એક સુપ્રસિદ્ધ ડૉકટરને પણ લેતી આવી. કવિને એકલા જવા દીધા તે માટે ડૉકટરે સુહાસિનીને ઠપકો આપ્યો. કવિએ પોતાના શરીરની દરકાર રાખ્યા વગર નદીકિનારે ફરવા માડ્યું હતું. તેમાંથી ફેફસાંને સોજો ચડી ગયો. તેને લીધે તેમની સ્થિતિ ગંભીર બની ગઈ હતી. ઉપરાંત તેમના મગજ ઉપર અત્યંત ભારણ હતું તેની અસર પણ દેખાતી હતી.

'તમારે એમને કવિતા લખવાની થોડા દિવસ મનાઈ કરવી જોઈતી હતી.' ડૉકટરે સુહાસિનીને કહ્યું.

સુહાસિનીએ ઠપકો સાંભળી લીધો, મનાઈ કર્યાથી સનતકુમાર કવિતા લખવી બંધ કરે એ અશક્ય હતું. પરંતુ ડૉકટરને તે કહ્યાનો કશો ઉપયોગ નહોતો. ડૉકટરની દવા અને સુહાસિનીની સારવારથી સનત કુમાર બેત્રણ દિવસે ભાનમાં આવ્યા.

ભાનપૂર્વક કવિએ પોતાની આંખ ઉઘાડી તો તેમને બે તારા ટમકતા દેખાયા; નહિ, બે તારા મઢેલો ચંદ્ર દેખાયો. કવિને વિચાર

આવ્યો કે તેમણે આવી કદી કલ્પના પણ નહોતી કરી. ચંદ્રમાં તારા કેવા? વળી એ ચંદ્ર ધવલ આકાશગંગાથી વીંટાયેલો કેમ દેખાતો હતો? આકાશગંગાથી બે પોયણાં લંબાઈને તેમના મસ્તક ઉપર અને મુખ ઉપર ફરતાં લાગ્યાં! એ સુવાળાં ફરતાં પોયણાંને પકડી તેમણે આંખ ઉપર દબાવ્યાં.

એ તો કોઈના હાથ હતા! તેમણે ફરી આંખ ઉઘાડી. એ ચંદ્ર? કે ચંદ્ર સરખા મુખવાળી ધવલ વસ્ત્રધારી સુહાસિની?

'હું ક્યાં છું?' સનતકુમારે પૂછ્યું.

'મારી પાસે.' સુહાસિનીએ કહ્યું.

સનતકુમાર પત્નીના ખોળામાં લપાયા. તેમને લાગ્યું કે તેમણે કદી ન અનુભવેલું સુખ તેઓ અત્યારે અનુભવતા હતા. મહાન સ્ફૂરણોએ ન ઉપજાવેલી ઊર્મિ તેમના હૃદયમાં ઊછળી આવી. એ કયી નવીનતા તેમને અત્યારે જડતી હતી? ઉચ્ચમાં ઉચ્ચ કલ્પનાએ પણ ન ઉપજાવેલો કંપ તેમને થતો હતો. કોઈ મહાકાવ્ય તેમને સ્ફુરતું હતું! એ કાવ્ય વાણીમાં ઊતરતું નહોતું. વૈખરીમાં એ કાવ્યને ઉતારી બગાડી નાખવાની વૃત્તિ જ તેમને થઈ નહિ. કવિએ પત્નીસ્પર્શથી કવિતા માત્ર અનુભવી.

'આપણે ક્યાં છીએ?' સનતકુમારે કેટલીક વારે પૂછ્યું. સુહાસિનીએ સઘળી હકીકત કહી. કવિતા લખવા અને સુધારવા માટે સનતકુમારને એકાન્ત સેવવાની કેમ ઇચ્છા થઈ તે સમજાયું નહિ. કવિતાની મૂર્તિ સરખી પત્નીને આંખથી દૂર કરી કવિતા લખવા મથવું એ તેમને ઘેલછા લાગી. એ ઘેલછામાં તેમણે આખા જીવનનો રસ ખારો કરી મૂક્યો હતો તેની હવે તેમને સમજણ પડી. માંદગીમાં તેમણે પત્નીનું સતત સાન્નિધ્ય ભોગવ્યું અને સાન્નિધ્યમાં તેમણે નવી જ કવિતાનું આસ્વાદન કર્યું. તેમને ખાતરી થઈ કે કાવ્યના નવે રસ ઘરમાં રહીને જ પૂર્ણપણે અનુભવાય. આકાશને જોવાથી અગર તારા ગણવાથી પ્રેરણા મળી શકતી નથી; સ્નેહીનાં

હૃદય અને સ્નેહીની આંખમાં બાહ્ય જગતનાં બધાં ય સૌન્દર્ય સમાયલાં હોય છે. સમષ્ટિ કે કુદરતમાં જે સૌન્દર્ય અને ભવ્યતા રહેલાં છે. તે સઘળાં એક વહાલસોયી પત્નીમાં સંક્રાન્ત થયેલાં હોય છે એટલું જ નહિ, પણ કુદરતના અસ્પૃશ્ય, અસ્પષ્ટ સૌન્દર્ય પત્નીમાં સ્પૃશ્ય અને સ્ફુટ બની જાય છે. જે કુદરતમાં નથી એ સ્નેહીમાં જડે છે. એ શું? એ જ માનવતા તો નહિ? સ્નેહીને હડસેલી જે કુદરતને ભજે છે તે માનવતાને પામતો નથી: તે પામે છે માત્ર પ્રતિષ્ઠાનો પડછાયો.

૪

કવિ સનતકુમારની તબિયત સુધરી ગઈ. પત્નીને પાસે બેસાડી ટપાલ જોતાં તેમના હાથમાં તેમની છેલ્લી કવિતાઓનાં સંગ્રહનાં છપાયેલાં પાનાં આવ્યાં.

'આ કવિતાઓ કોણે છપાવી?' તેમણે પૂછ્યું.

'તમે. વળી બીજા કોણે?' સુહાસિનીએ જવાબ આપ્યો.

'મેં છેવટે તપાસી લીધાનું યાદ છે, પણ છપાવાની હા પાડી નથી.'

'મેં તે બધો સંગ્રહ પ્રકાશકને મોકલ્યો હતો. તમારી તબિયત સારી નહિ અને પ્રકાશક ઉતાવળ કર્યા કરતા હતા. તમે કવિતાઓ સુધારવા ગયા હતા એટલે મેં જાણ્યું કે હવે તે છપાવવાની જ છે.'

'પણ મારે સંગ્રહ છપાવવાનો વથી.'

'બધું છપાઈ ગયું છે. હવે તો પ્રસ્તાવના લખો એટલું જ બાકી છે.'

'મારે પ્રસ્તાવના લખવી યે નથી અને સંગ્રહ છપાયો હોય તો ય તે બહાર પાડવો નથી.'

'કેમ?'

'હું પેલી ટીકા સાથે મળતો થાઉં છું.'

'કઈ ટીકા ?'

'કેમ ભૂલી જાય છે? મારી કવિતામાં માનવતા નથી એ હું સ્વીકારું છું.'

'પણ આ સંગ્રહમાં તો માનવતા ઊભરાય છે. મેં છપાવતાં છપાવતાં બધાં કાવ્યો એ વિવેચક તરફ મોકલ્યાં હતાં. તેમનો અભિપ્રાય હું કહું છું; મારો નહિ.'

'તેમનો અભિપ્રાય લેખિત છે ?'

'હા.'

'ક્યાં છે ?'

'કંઈક મુકાઈ ગયો છે, પણ તેની જરૂર નથી. આજે તેઓ જાતે આવી તમને રૂબરૂ અભિપ્રાય આપશે.'

'એમ ? એ વિવેચક કોણ છો ?'

'તે તો મને યે ખબર નથી. મેં તો પેલા માસિકના તંત્રીને પાનાં મોકલ્યાં હતાં, અને તેમણે એ વિવેચકને પહોંચાડ્યાં હતાં. હજી નામની ખબર નથી.'

'એ ક્યારે આવનાર છે?'

'સાંજે ચારેક વાગ્યે.'

સનતકુમારનાં કાવ્યોમાં છેવટે માનવતાનો સ્વીકાર થયો ! એટલું જ નહિ, પણ એ તલસ્પર્શી ઉદાર વિવેચક જાતે આવી માનવતાનો સ્વીકાર કરી, સનતકુમારને કવિસમ્રાટ તરીકે જાહેર કરે એ વિચારે સનતકુમારમાં સ્ફૂર્તિ પ્રેરી. ચાર વાગવાની રાહ તેમણે જોવા માંડી. ત્રણ વાગ્યાથી તેમણે સ્વચ્છ કપડાં પહેરી લીધાં. રોજનું રેઢિયાળ પણું પહેરવેશમાંથી અદૃશ્ય થઈ ગયું હતું.

ચાર વાગ્યા અને શ્વેત વસ્ત્રોમાં દીપતી સુહાસિનીએ લેખનગૃહમાં પગ મૂક્યો. તેણે સાદાં જ વસ્ત્રો પહેર્યાં હતાં; પરંતુ વસ્ત્રોને અનુકૂળના ફૂલના ગજરા સાથે બાંધ્યા હતા. તેના હાથમાં ચાનો સરસામાન હતો. સનતકુમારની સામે બેસી તેણે ચાની તૈયારી કરવા

માંડી.

'કેમ ઉતાવળ કરે છે ?'

'ચાર વાગી ગયા. હવે ચાનો વખત થયો.'

'જરા થોભી જઈએ.'

'શા માટે ?'

'પેલા વિવેચકને આવવા દઈએ.'

'તે આવી ગયા.'

'ક્યાં છે ? બોલાવતી કેમ નથી ?'

'તે તમારી સામે જ છે. તેમને બોલાવવાની જરૂર નથી.'

'શું ? જરા સમજાય એવું બોલ.' સનત્‌કુમાર વ્યાકુળ બની બોલી ઊઠ્યા.

'તમારામાં સમજ ક્યાં છે ? જોજો, માનવતા પાછી ઓસરી ન જાય.' સુહાસિની બહુ દિવસે ખડખડ હસી.

સનત્‌કુમાર ફાટી આંખે સુહાસિનીને જોઈ રહ્યા. ક્ષણ બે ક્ષણ પછી તેમનું આશ્ચર્ય સ્થિર થતાં તેઓ બોલી ઊઠ્યા -

'ત્યારે એ ટીકા તું લખતી હતી ?'

'પતિની ટીકા પત્નીથી ન જ થાય એમ માનો છો ?'

સનતકુમાર એકાએક ઊભા થયા. તેમણે પૂછયું :

'મને કહ્યું કેમ નહિ ?'

'મારી સાથે વાત કરવાની તો તમને ફુરસદ નહોતી.

બે ડગલાં ભરી તેઓ સુહાહિનીની પાસે આવી ઊભા. તેનું મસ્તક ઊંચકી તેની આંખ સાથે આંખ મેળવી સહજ કડકાઈથી તેમણે પૂછયું :

'આ તોફાનનું શું પરિણામ આવશે તે તું જાણે છે ?'

'પરિણામ આવી ગયું.' સ્થિરતાથી સુહાસિનીએ જવાબ આપ્યો.

'શું ?'

'કવિતાએ ચોરી લીધેલા મારા પ્રિયતમ મને પાછા મળ્યા.'

બહુ જ ધીરે સાદે સુહાસિની બોલી.

ખણખણતા પ્યાલારકાબીના અવાજ ભેગો એક ધીમો – ગૂંગળાતો સાદ સંભળાયો :

'મારી કવિતા !'

કવિ અને કવિપત્ની ચા પી રહ્યાં તે વખતે જમીન ઉપર ફૂલ વેરાયલાં પડ્યાં હતાં.

# વૃદ્ધ સ્નેહ

## ૧

બહુ જ સંભાળથી પુત્ર અને પુત્રવધૂએ પ્રભાલક્ષ્મીને પથારીમાં બેઠાં કર્યાં; તેમનો દેહ કૃશ બની ગયો હતો. મોટા તકિયાને અઢેલાવી તેમને બેસાડ્યાં. ચારેપાસ તેમણે વાત્સલ્યભરી દૃષ્ટિ ફેરવી. કુટુંબની ખીલેલી ફૂલવાડી નિહાળી તેમના મુખ ઉપર સંતોષની છાયા પથરાઈ. એ પુત્ર, પુત્રવધૂ, ત્રણ પુત્રીઓ અને એ બધાંનાં સંતાનોથી ઓરડો ભરેલો હતો. ડૉકટરોએ બધાંને એક જ ઓરડામાં બેસવાની મના કરી હતી; પરંતુ હિંદુ કુટુંબોમાં એવી મના પાળવામાં આવતી નથી.

પ્રભાલક્ષ્મીથી પણ માણસો વગર રહેવાતું નહિ. દિવસમાં ત્રણ ચાર વખત બધાંને ભેગાં ન જુએ તો તેમને ચેન પડતું નહિ. બાળકો તો વારંવાર ઓરડામાં દોડી આવી દાદીની ખબર પૂછ્યા કરતાં, અને કોઈ કાઢી ન મૂકે ત્યાં સુધી ઓરડામાં રમ્યા કરતાં.

ચારેપાસ ફરતી પ્રભાલક્ષ્મીની નજર સહજ દૂર બેઠેલા પોતાના પતિ પ્રમોદરાય ઉપર પડી, અને તેમણે નિઃશ્વાસ નાખ્યો.

બધાંથી દૂર આરામખુરશી ઉપર બેસી છાપું વાંચવામાં રોકાયલા પ્રમોદરાયને કોઈ સતત જોયા કરે તો તેને સમજાય કે છાપામાંથી

વારંવાર નજર બહાર કાઢી તેઓ પ્રભાલક્ષ્મી તરફ જોતા હતા. કોઈ છોકરું બોલે, પુત્ર દવા પાય, પુત્રવધૂ કાંઈ ફળ આપે અગર કોઈ આવે કે જાય એ પ્રસંગોનો પણ લાભ લઈ પોતાની પત્ની તરફ તેઓ નિહાળતા. પ્રભાલક્ષ્મી તરફ સહુનું લક્ષ રહેતું કે પ્રમોદરાયની નજર તપાસવાની ભાગ્યે જ કોઈને ફુરસદ મળતી. માત્ર નાના પુત્રની વહુ વીણા કવચિત્ વૃદ્ધ પતિપત્નીની નજર પકડતી, અને ગમે તે બહાને હસી લેતી.

પ્રભાલક્ષ્મીનો આછો નિઃશ્વાસ સાંભળી પ્રમોદરાયે તેમની તરફ જોયું. પ્રભાલક્ષ્મીએ નજર ફેરવી નાખી અને હસવાની તૈયારી કરતી વીણાને પૂછ્યું :

'એમને કૉફી કરી આપી?'

'હા, બહેન કૉફી કરી લાવે છે. તમે શું કરવા ચિંતા કરો છો?' કહી પુત્રવધૂએ હસી લીધું.

ચાળીશ વર્ષના સતત સહવાસ પછી પત્નીની પતિ માટેની ચિંતા વધે કે ઘટે તેની વીણાને ખબર ન હતી.

બધાંએ કૉફી પીધી, તે સાથે પ્રમોદરાયે પણ પીધી.

'એમને પાન કરી આપ ને, બેટા!' પ્રભાલક્ષ્મીએ વીણાને વિનવણી કરી.

'હા જી, કરું છું.' કહી વીણાએ પાન કરવા માંડ્યું, અને પોતાની જેઠાણી તથા નણંદોને હસાવવા માટે વૃદ્ધ સાસુની સસરા માટેની કાળજીનું એક દૃષ્ટાંત તેણે મનમાં નોંધી રાખ્યું.

'બા! હવે તું સૂઈ જા.' પુત્રે માતાને સલાહ આપી પ્રભાલક્ષ્મી માટે સહુને ભાવ હતો. પુત્રપુત્રીને તો સ્વાભાવિક રીતે લાગણી થાય; પરંતુ પુત્રવધૂઓ પણ તેમનું મા સરખું જતન કરતી હતી, કારણ પ્રભાલક્ષ્મીએ કદી સાસુપણું કર્યું નહોતું; એટલે તેમને આરામથી સુવાડવા બધાંએ ટેકો આપ્યો.

સૂતે સૂતે પ્રભાલક્ષ્મીએ જોયું કે પ્રમોદરાય પણ પાસે આવીને

તેમને સુવાડવામાં મદદ કરવા આવી ઊભા હતા. અલબત્ત, તેમને એ મદદ કરવાની જરૂર નહોતી; તેમણે હાથ અડાડયો પણ નહિ. છતાં તેમને પાસે આવી ઊભેલા જોતાં પ્રભાલક્ષ્મીએ કહ્યું :

'તમે શું કરવા મંથન કરો છો ? જરા બેસો ને ! છોકરાંબિચારાં મહેનત કરે છે !'

પ્રમોદરાય પાછા જઈને ખુરશી ઉપર બેઠા. થોડી વારે કોઈ મળવા આવ્યું એટલે એ ઓરડો છોડવાની તેમને જરૂર પડી. તેમણે પ્રભાલક્ષ્મી પાસે આવી કહ્યું :

'હું તરત પાછો આવું છું.'

'શું કરવાને ? જરા આરામ લ્યો. કોઈની સાથે વાત કરો. ફરવાની તો આવી ટેવ છે. અને અહીં બેસી રહો છો ?' પ્રભાલક્ષ્મી હજુ લાંબુ બોલત, પરંતુ તેમને થાક લાગ્યો અને તેમણે આંખ મીંચી દીધી. એ આંખ ઊઘડી ત્યાં સુધી પ્રમોદરાય ત્યાં જ ઊભા રહ્યા. પ્રભાલક્ષ્મીએ આંખ ઉઘાડી એટલે તેમણે કહ્યું

'ત્યારે હું જઈ આવું ?'

'હા.' કહી પ્રભાલક્ષ્મીએ વીણા સામે જોયું અને સાસુવહુ બંને સહજ હસ્યાં.

૨

પ્રમોદરાયના ગયા પછી પ્રભાલક્ષ્મીએ પુત્ર, પુત્રવધૂ અને દીકરી ઓને જરા પાસે બોલાવ્યાં.

'કેમ ? કેમ બા ? શું જોઈએ ?' સહુએ પૂછયું.

'છે તો કાંઈ નહિ, પણ એક વાત જરા ધ્યાનમાં રાખજો.

'હા હા, કહે.' પુત્રે કહ્યું.

'મને હવે એકબે દિવસની મહેમાન ધારજો.'

'એય, શું તું ય એમ કહે છે ? ડૉક્ટર તો એક અઠવાડિયામાં તું બેસતી થઈશ એમ કહેતા હતા.' બીજા પુત્રે કહ્યું.

'ભલે; પણ મને વિશ્વાસ નથી. હું જીવીશ કે મરીશ એ સરખું જ છે.'

દીકરીઓ તથા વહુઓની આંખો ભીંજાઈ.

'તમે બધાં કહ્યાગરાં છો—સમજણાં છો, એટલે કાંઈ કહેવાપણું તો નથી. તો ય આટલું કહું છું : એમની મરજી સાચવજો,'

પ્રભાલક્ષ્મી થાક લાગવાથી અટક્યાં. તેમનાં સંતાન શાંત ઊભાં રહ્યાં. જરા વારે તેમણે પાછું કહ્યું :

'કોઈને કશું કહે એવા નથી. સામે ચાલીને કાંઈ માગે એવા ય નથી.'

એટલામાં પ્રમોદરાય ઓરડામાં આવ્યા. પલંગની આસપાસ બધાંને ઊભેલાં જોઈ તેઓ ઝડપથી નજીક આવી પૂછવા લાગ્યા :

'શું છે? શું થયું?'

'કાંઈ નહિ; શું થવાનું છે? આવો શો અધીરો જીવ?' પ્રભાલક્ષ્મી બોલ્યાં અને આંખો મીંચી.

પ્રમોદરાય થોડી વાર ઊભા રહ્યા. એકાએક તેમણે પ્રભાલક્ષ્મીનો હાથ પકડ્યો અને નાડી જોવા લાગ્યા. પ્રભાલક્ષ્મીએ મહા મહેનતે આંખ ઉઘાડી. પોતાના હાથનાં આંગળાં પ્રમોદરાયના નાડી જોતા હાથને અડક્યાં, અને તેઓ સહજ હસ્યાં. એ ઊઘડેલી આંખ, અડકી રહેલાં આંગળાં અને સ્મિતભર્યું મુખ એમનાં એમ સ્થિર થઈ ગયાં.

'થયું.' કહી પ્રમોદરાયે હાથ નીચે મૂકી દીધો. ખોટી દોડાદોડ થવા લાગી. ઘરનાં છોકરાંને ભેગાં કરી એકબે માણસો સાથે બહાર મોકલી દીધાં.

ડૉક્ટર ઝડપથી આવ્યા. તેમણે પણ હાથ જોયો અને કહ્યું : 'કાંઈ નથી!'

સ્ત્રીઓ આછુંઆછું રડવા લાગી. પ્રમોદરાય ખુરશી ઉપર બેઠા હતા તે ઊઠીને પાસે આવ્યા. તેમણે સહુને ધીરજ આપતાં બોધ કર્યો.

સગાંસંબંધીઓ આવ્યાં. એ ઘડી પહેલાં જે દેહની પૂજા થતી

હતી તે દેહને ઘરબહાર કર્યો. એટલું જ નહિ, તે અગ્નિમાં ભસ્મ પણ કર્યો. પ્રમોદરાયની આંખમાંથી એકે આંસુ પડ્યું નહિ. પોતાની સંતતિને તેમણે ઊલટું ભારે આશ્વાસન આપ્યું.

છતાં ઘર સહુની માફક તેમને પણ ખાલી ખાલી લાગતું જ હતું. પ્રભાલક્ષ્મીની કોઈને જરૂર ન હતી. તેમના અસ્તિત્વ વગર ઘર ચાલે નહિ એવું કશું નહોતું. પુત્રો, પુત્રીઓ અને પુત્રવધૂઓ ઉમ્મર-લાયક હતાં. વળી પ્રભાલક્ષ્મી સાઠ વર્ષની ઉપર પહોંચ્યાં હતાં, એટલે મૃત્યુ સમયની તેમની ઉમ્મર છેક નાની કહેવાય એમ નહોતું, તે છતાં સહુની દિલગીરીનો પાર નહોતો. પ્રમોદરાય સિવાય કોઈ આશ્વાસન આપી શકે એમ નહોતું. આંખો ચોળતી પુત્રવધૂને તેઓ કહેતા :

'ક્યાં સુધી રડશો ? તમારી ચાકરી પામીને એ જીવ તો સુખી થઈ ગયો.'

વહુઓ આંખે લૂગડું ઢાંકી વધારે રડતી.

પુત્રીઓને તેઓ કહેતા :

'જુઓ, તમને સુખી જોઈ અમે જઈએ એમાં ખોટું શું ?' પરંતુ પુત્રીઓને એ દલીલ સમજાતી નહિ.

જમવાની ના પાડતા પુત્રને તેમણે પાસે બોલાવ્યોઅને સમજાવ્યો :

'આમ ઢીલો બની જઈશ તો દુનિયામાં રહેવાશે કેમ ? ઉમ્મર થઈ હતી. એ જાય એનું આવું દુ:ખ ન રખાય. ચાલ જમવા બેસ મારી સાથે.'

ત્રીજે પહોરે અનેક મિત્રો અને સંબંધીઓ આશ્વાસન આપવા આવ્યાં. સહુએ પ્રભાલક્ષ્મીનાં વખાણ કર્યાં. અને તેમની ખોટ બદલ શોક પ્રદર્શિત કર્યો. વ્યવહારની દૃષ્ટિએ ખરેખર પ્રભાલક્ષ્મીના મૃત્યુથી કાંઈ ભારે ખોટ ગઈ એમ કહેવાય નહિ; છતાં એ સૂચન બીજું કોઈ કરતું ત્યારે પ્રમોદરાયનું હૃદય ઘવાતું.

'ખોટું તો ઘણું થયું, પણ હવે ઉમ્મર થઈ હતી.' કોઈકે મોટી ઉમ્મરમાં આશ્વાસન લેવા જણાવ્યું. પ્રમોદરાય પોતે પણ પોતાનાં

પુત્રપુત્રીને એવી જ રીતે આશ્વાસન આપતા હતા; છતાં ઉમ્મરની આ વાત તેમને ગોઠી નહિ.

'શું એ એટલી બધી મોટી હતી કે તેનું મૃત્યુ સહજ ગણાય?' તેમના મનમાં વિચાર આવતો.

કોઈ વૃદ્ધે ધીરજ આપી:

'જે થયું તે ખરું; પણ બધાંમાં તમને મૂકીને ગયાં એ સારી વાત.'

પ્રમોદરાયે પુત્રીઓને એમ જ કહ્યું હતું છતાં તે વૃદ્ધ સંબંધીનું કથન તેમને જરા પણ રુચ્યું નહિ.

'મને મૂકી એ ગઈ એમાં સારું શું થયું? આ બધાં યે મારાં છે એ ખરું, પણ...પણ...'

પ્રમોદરાયને આખા જગતમાં એકાંત ફેલાઈ ગયું દેખાયું. ઘરમાં ફરતાં પોતાનાં જ પુત્રપુત્રી ચિત્રપટ સરખાં અસ્પૃશ્ય લાગ્યાં. પોતાના જીવનમાંથી કશું સત્ત્વ ઊડી ગયું હોય એમ સર્વત્ર ખાલીપણાનો તેમને અનુભવ થયો.

## ૩

પ્રમોદરાય એકલા પડ્યા. ખુરશી ઉપર બેસી તેમણે રોજની રીત પ્રમાણે એક બાજુએ નજર ફેંકી, પ્રભાલક્ષ્મી ત્યાં નહોતાં – એટલું જ નહિ પણ તેમનો પલંગ ત્યાં નહોતો. તેમને ભૂતકાળ યાદ આવ્યો. ભૂતકાળનાં મસ્તીતોફાનનાં દૃશ્ય કંઈક વર્ષોથી રસ ઉપજાવતાં બંધ પડ્યાં હતાં. ગરીબીમાં ઘર ચલાવતી, પતિનાં કપડાં સંભાળતી, મહેમાનો માટે પથારીઓ પાથરતી, ક્વચિત્ વાસણો માંજી નાખતી યુવાન પત્ની તેમણે નિહાળી.

'કોઈ દિવસ એણે કંટાળો બતાવ્યો નથી.' પ્રમોદરાયનું મન બોલી ઊઠ્યું.

પલંગ રહેતો હતો તે બાજુએ તેમણે નજર કરી અને નિઃશ્વાસ નાખ્યો. સહજ આંખો મીંચી, ત્યાં તેમને ફરી યુવાન પ્રભાલક્ષ્મી

દેખાયાં. યુવાન પ્રમોદરાય એક તકિયે આંખો મીંચી પડ્યા હતા. પ્રભાલક્ષ્મીનું યૌવન આકર્ષક હતું, પરંતુ પ્રમોદરાયની દૃષ્ટિ યૌવનને ખોળતી નહોતી. પ્રભાલક્ષ્મીએ પૂછ્યું :

'શું છે? કેમ આમ ઉદાસ લાગો છો?'

'કાંઈ નહિ.'

'ના, ના. કશું મનમાં છે.'

'અમસ્તું જ; હું જરા સૂઈ રહીશ.'

'જેને મારા સમ, મને ન કહે તે!'

'તું તો બહુ જિદ્દી. આજ ને આજ થોડા પૈસાની સગવડ કરવાની છે. બે જગાએ ગયો પણ કાંઈ બન્યું નહિ.'

'કેટલા જોઈએ?'

'બે હજાર.'

'હજાર મારા પલ્લાના છે, અને હજાર ઘરેણામાંથી મળશે.' પ્રભાલક્ષ્મીએ કહ્યું.

પ્રમોદરાયે ન છૂટકે એ સૂચના સ્વીકારવી પડી. પરંતુ તેમાંથી તેમની શાખ પાછી બંધાઈ, અને ધીમે ધીમે તેઓ ધનવાન બની ગયા. તે દિવસે પ્રભાલક્ષ્મીએ પોતાના પલ્લાનો – ઘરેણાંનો મોહ રાખ્યો હોત તો?

'વીણા!' એકાએક પ્રમોદરાય બૂમ પાડી ઊઠ્યા.

,જી.' કહી વીણા તરત અંદર આવી.

પ્રમોદરાયે ભૂલથી જ બૂમ પાડી. પ્રભાલક્ષ્મીને દવા પાવાનો વખત યાદ કરવા માટે તેમણે વીણાને બોલાવી હતી; પરંતુ પ્રભાલક્ષ્મી તો ગઈ કાલનાં માનવ દવાથી પર બની ગયાં હતાં! પ્રમોદરાયને તે યાદ આવ્યું, અને તેમણે ભૂલ છુપાવતાં કહ્યું :

'બધાં શું કરો છો? કેમ કોઈ દેખાતું નથી?'

'બધાં અહીં જ છે. હું બોલાવું?'

'ના. કાંઈ કામ નથી. હું જરા બાગમાં ફરું છું.'

'જી, કોઈને સાથે મોકલું ?'

'અં હં.'

એમ પુત્રવધૂને કહી તેઓ બગીચામાં ફરવા નીકળ્યા. ફૂલની ક્યારીઓ ખીલવાને તત્પર હતી, છતાં પ્રમોદરાયની નજર સૌંદર્યભરી કળીઓ ઉપર પડી નહિ. તેમને તો જીર્ણ અમરાઈ અને વડવાઈઓને હિંચોળતી વૃક્ષઘટા જ ગમી. જાણે વૃક્ષરાજિમાં ફેલાયલું આશ્રયદાતા, સહનશીલ માતૃત્વ ! પ્રભાલક્ષ્મીનાં એ પ્રતીક તો નહોતાં ? વૃદ્ધાવસ્થામાં કયું એ ભવ્ય સૌંદર્ય દેખાતું હશે ? વૃક્ષ નીચેની એક બેઠક પર તેઓ બેઠા.

'મારી કાળજી સહુ કોઈ રાખે એમ છે, પરંતુ યૌવનઘેલછાથી પર બનેલી, સવારથી રાત સુધી મારી આસપાસ ફરતી એની નજર તો હવે ગઈ જ ને ?'

વૃક્ષમાં પવન ભરાયો. ડાળીઓ ચમ્મર કરવા લગી.

'જમતી વખતે આ ઉંમરે પણ એ તો પંખો નાખતી હતી.' પ્રમોદરાયને વિચાર આવ્યો.

તે ઊઠીને ઘર તરફ આવ્યા. સંધ્યાકાળનો સમય થયો હતો. સૂર્ય જતાં સૃષ્ટિની આંખો લાલ બની ગઈ.

'મારો યે સૂર્ય અસ્ત પામ્યો.'

એક યુવાન પ્રેમીના સરખું સ્મરણ પ્રમોદરાયના મનમાં સતત ચાલ્યા કરતું હતું. એમાં માત્ર ન હતી ઘેલછા, ન હતો દેખાવ, ન હતું અધીરાપણું. ઘા વાગ્યો હતો; પરંતુ તેનો તરફડાટ બતાવી શકાતો નહિ. પ્રિય પત્ની નજર આગળથી ચાલી ગઈ હતી; પરંતુ તેનું રુદન શક્ય નહોતું. જગત ખાલી બની ગયું હતું : તોપણ પોકાર કરી જગતને ભરી દેવા માટેનું ક્ષમાયોગ્ય યૌવન તેમની પાસે નહોતું.

અંદર જઈ તેઓ પાછા ખુરશી ઉપર બેઠા. રોજ કરતાં દીવો વહેલો થયો, છતાં તેમને લાગ્યું કે દીવો કરવાનું સંભારનાર પત્નીનું સ્થાન ખાલી હતું. પિતાને એકલા બેઠેલા જોઈ પુત્રી અને પુત્રીઓ

પાસે આવી બેઠાં.

‘માલિની અને વીણા ક્યાં છે ?’ થોડી વારે પ્રમોદરાયે પુત્ર-વધુઓની ભાળ માગી.

‘આવતાં હશે : છોકરાંને જમાડે છે.’

એકાએક કોઈ બાળકને રડતું સાંભળી પ્રમોદરાય બોલ્યા :

‘કોણ રડે છે ?’

‘એ તો ઉષા.’

મોટા પુત્રની નાનકડી દીકરીનું નામ ઉષા હતું.

‘કોણ રડાવે છે એને ?’ પ્રમોદરાયે પૂછ્યું.

‘એને તે કોણ રડાવે ? છે જ જિદ્દી.’ બાળકીની એક ફોઈએ કહ્યું.

‘જરા સમજાવો ! જે માગે તે આપો ! બાળક જીદ ન કરે તો કોણ કરે ?’ દાદાએ પૌત્રીનો પક્ષ લીધો.

ભાઈઓ અને બહેનોએ પરસ્પરની સામે જોયું, અને એક બહેને કહ્યું :

‘એમ જ કરે છે.’

પાંચ મિનિટ થઈ, સાત મિનિટ થઈ, દસ મિનિટ થઈ, છતાં રસોડા તરફથી આવતું બાળકનું રુદન બંધ થયું નહિ.

‘હજી કેમ રડ્યા કરે છે ?’

‘એ તો હમણાં છાની રહી જશે.’

‘લાવો એને મારી પાસે.’

‘તમે મોટાભાઈ જરા આરામ લ્યો. હમણાં સૂઈ જશે.’

‘રડતી સુવાડાય નહિ. જા, લઈ આવ મારી પાસે.’

અણગમતે તેમની પુત્રી ઊઠી અને રસોડા ભણી ગઈ. તેનાથી બને તેટલી સમજુતી કર્યા છતાં ઉષાનું રુદન બંધ પડયું નહિ. એટલે પ્રમોદરાયે છોકરીને લઈ આવવા બીજી પુત્રીને મોકલી. ન છૂટકે ઉષાને દાદા પાસે લાવવી પડી. ચારપાંચ વર્ષની બાળકી ડૂસકે ભરાઈ ગઈ હતી. પ્રમોદરાયે તેને ખોળામાં લઈને પૂછ્યું :

'શું થયું બેટા? કોણ વઢ્યું?'

'કોઈ નહિ.' બાળકીએ રુદન વચ્ચે મીઠો જવાબ આપ્યો.

'ત્યારે આમ રડે છે શા માટે?'

'મારે મા પાસે બેસી જમવું છે.' ઉષાએ રડતે રડતે કહ્યું. પ્રભાલક્ષ્મીને બધાં છોકરાં 'મા' કહેતાં હતાં. ઉષાને તો રાત પડ્યે 'મા' પાસે બેસીને જ જમવાની ટેવ હતી. એટલું જ નહિ, તેમનો હાથ અડકે ત્યારે જ ઊંઘ આવે એવી આદત તેને પડી હતી.

પ્રમોદરાય ગૂંચવાયા. બાળકીને શો જવાબ આપવો તે તેમને તત્કાળ સમજાયું નહિ; છતાં ઉષાની આંખ લૂછતે લૂછતે તેમણે કહ્યું:

'જો, તારી "મા" તો ભગવાનને ઘેર ગઈ છે.'

'તે મને મૂકીને કેમ ગયાં?' ઉષાએ રુદન વધારતાં પોતાની ફરિયાદ રજૂ કરી.

પ્રમોદરાયનું હૃદય જરા ધડક્યું બાળકીના દેહ ઉપર હાથ ફેરવતાં તેમણે કહ્યું:

'ચાલ દીકરા, હું જમાડું?'

'ના, હું તો "મા" પાસે જ જમીશ.' ઉષાનું રુદન અટક્યું નહોતું.

"મા"થી પાછાં ન અવાય, દીકરી!' દાદાએ હકીકત જણાવી.

'ત્યારે મને મૂકીને કેમ ગયાં?...' કુમળું લાંબું રુદન કરતી ઉષા બોલી.

—અને પ્રમોદરાયે અત્યાર સુધી દબાવી રાખેલાં આંસુ દૃઢતાની પાળો તોડી વહી રહ્યાં. ઉષાને છાતીસરસી દબાવી રુદનમય અવાજે તેમણે કહ્યું:

'બધાંને એના વગર ચાલ્યું, તને ન ચાલ્યું, દીકરી!'

—અને આખો ઓરડો આંસુથી ભરાઈ ગયો.

# કીર્તિ કેરા કોટડા

## ૧

'વંદે માતરમ્! મહાત્મા ગાંધી કી જય! જયંતકુમાર કી જય!' સ્ટેશને ગાડી ઊભી રહી, અને લોકોનું મોટું ટોળું જયનાદ કરી ઊઠ્યું. ગાડીની બારીઓ પાસે બેઠેલા ઉતારુ ટોળાં તરફ જોવા લાગ્યા. અંદર બેઠેલા બારીઓ ઉપર ગિરદીકરવા લાગ્યા. ટોળાંમાં ભારે ઉશ્કેરાટ હતો. જયનાદ વધ્યે જતો હતો, અને વગર તકરારે ખુશમિજાજભર્યાં ધક્કાધક્કી પણ સારી રીતે થતાં હતાં.

ટોળાંમાંથી ત્રેવીશેક વર્ષનો દેખાવડો યુવક ગાડી ભણી આવતો દેખાયો. તેણે લટકતું ખાદીનું ધોતિયું, સ્વચ્છ લાંબી બાંયની કફની, વાંકી ગોઠવેલી ગાંધીટોપી, મોટાં ગોળ કાચનાં ચશ્મા અને ચંપલ પહેર્યાં હતાં. ધીરગંભીર ગતિએ ચાલતા એ યુવકના ગળામાં ફૂલહાર હતા અને તે ઉપરાંત બીજા ગળે વીંટળાયે જતા હતા.

'જયંતકુમારની જય!'

ફરી જયઘોષ થયો. મીઠે મુખડે, લળી લળીને તેણે ચારેપાસ નમસ્કાર વેર્યા. સેકન્ડ કલાસના એક ડબ્બા આગળ એ યુવક અટક્યો અને ટોળાંએ ડબ્બાને ઘેરી લીધો. યુવકે નીચે જ ઊભા રહી ટોળા-

માંથી આગળ આવી શકતા ગૃહસ્થો સાથે ટૂંકી ટૂંકી વાતચીત કરી. જેની જેની સાથે તેણે વાત કરી તેના તેના મુખ ઉપર પોતાના ભાગ્યશાળીપણાનું ભાન અંકિત થયેલું દેખાતું હતું.

ગાર્ડે સીસોટી વગાડી. યુવક ડબ્બાની અંદર ગયો અને બારી પાસે બે હાથ જોડી ઊભો રહ્યો.

'સેકન્ડ ક્લાસની ટિકિટ શું કરવા કઢાવી? યુવકે જરા અણગમો બતાવી પાસે ઊભેલા એક બીજા ખાદીધારીને પૂછ્યું.

'તમે આટલો ભોગ આપ્યો છે, આટલું કષ્ટ વેઠયું છે, અને અને તમને પાંચ કલાક આરામ પણ ન આપી શકીએ?' પેલા ખાદીધારીએ કહ્યું.

'હું એકલો કાંઈ કષ્ટ વેઠું છું? જેટલા પ્રમાણમાં આપણે કષ્ટ વેઠીશું એટલા પ્રમાણમાં આપણી પ્રગતિ થવાની છે.' યુવકે કહ્યું અને ગાડી ચાલી. ટોળાંમાંથી ફરી જયકાર ગાજી ઊઠયો:

'વંદે માતરમ્! હિંદ મૈયાની જય! મહાત્મા ગાંધીની જય! જયંતકુમારની જય!

ગાડી આગળ વધી. સ્ટેશનનું પ્લૅટફૉર્મ પૂરું થયું ત્યાં સુધી તેની નમસ્કાર પરંપરા ચાલુ રહી. પ્લૅટફૉર્મ પૂરું થયું. યુવકે ડોકું બારી અંદર લીધું. છતાં તેને લાગ્યું કે સિગ્નલ આગળ થોડાં માણસો ઊભાં છે. ટેવને લીધે તેનાથી એ ટોળાંને નમસ્કાર થઈ ગયા—જો કે એ ટોળું રેલવેના મજૂરોનું હોવાથી યુવકના નમસ્કારને તે ટોળાંએ જોયા નહિ.

યુવક પ્રસન્નતાપૂર્વક બારી પાસે બેસી ગયો તેના ડબ્બામાં જુદી બેઠકો ઉપર તેના સિવાય બીજા બે પુરુષો બેઠેલા તેણે જોયા. એક સાદો, સહજ દૂબળો બીજા વર્ગને બહુ શોભે નહિ એવો પરંતુ ચમકતી આંખવાળો ચાળીસેક વર્ષનો પુરુષ હતો; બીજા સુખી ગૃહસ્થ લાગતા હતા. તેમનું શરીર ઊજળું અને પુષ્ટ હતું. સેકન્ડ ક્લાસમાં લાંબા સમયથી બેસવાની તેમને ટેવ હોય એમ તેમની બેસવાની ઢબ

ઉપરથી લાગતું હતું. બન્ને ગૃહસ્થો છાપું વાંચતા હતા અને થોડી થોડી વારે પેલા નવા આવેલા યુવક તરફ જોતા હતા.

યુવક સંતુષ્ટ તો હતો. તેમાં આ સેકન્ડ ક્લાસમાંના મુસાફરો પણ તેની સામે નિહાળી તેના મહત્ત્વને સ્વીકારતા હતા એથી તેનો સંતોષ વધી ગયો. તેના મુખ ઉપરનું ગાંભીર્ય, ગૌરવ અને કૃપાભર્યું સ્મિત કાયમ રહ્યું હતું. તેને બીજા કોઈ સામે જોવાની પરવા ન હતી. માત્ર તેઓ તેના સામું વખત બેવખત જુએ છે કે નહિ એટલું નક્કી કરવા ખાતર જ તે પોતાની આંખ ફેરવતો હતો. તેણે ઝોળીમાંથી એક પુસ્તક કાઢ્યું. પુસ્તક મોટું અને સુંદર હતું. સાદા દૂબળા મુસાફરે પુસ્તક તરફ નજર નાખી જોઈ લીધું કે એ પુસ્તક 'બોલ્શેવીઝમ' ઉપરનું હતું.

બીજું સ્ટેશન આવ્યું. ગાડી ઊભી રહી. આકર્ષક પોષાકવાળા એક છોકરાએ રોફબંધ ચાનો સરંજામ લાવી રુઆબદાર ગૃહસ્થ પાસે મૂકી દીધો.

'કેમ ભાઈ, તમે ચા પીશો?' ગૃહસ્થે યુવકને પૂછ્યું.

'ટેવ તો જતી રહી છે, પણ હા, આપ કહો છો એટલે પીશ.'

'બીજો સેટ લાવ.' છોકરાને ગૃહસ્થે હુકમ આપ્યો.

છોકરો ઝડપથી ચાનો બીજો સામાન લઈ આવ્યો. યુવકને તેમણે પાસે બોલાવ્યો. દુર્બળ ગૃહસ્થ પણ પાસે આવ્યા.

'લાવો જી. હું તૈયાર કરું.' યુવકે વિવેક કર્યો.

'ઉપકાર! તમે ચાની ટેવ કેમ મૂકી દીધી?'

'કૉલેજમાં તો પીતો, પરંતુ કૉલેજ છોડી અને મારે કેદમાં જવું પડ્યું.' યુવકે જવાબ આપ્યો.

કેમ કેદમાં જવું પડ્યું?'

'અસહકારમાં જોડાયો. ગાંધીજીની હાકલનો જવાબ દરેક યુવકે આપવો જોઈએ.' યુવકે કહ્યું.

બન્ને ગૃહસ્થોએ પરસ્પર સામું જોયું. એકે યુવકને પૂછ્યું :

'ક્યારે છૂટયા?'

'ગઈ કાલે જ, આજનાં છાપાંમાં બધી હકીકત છે.'

'એમ ? આપનું નામ શું?'

'મારું નામ નથી જાણતા? મારું નામ જયંતકુમાર.'

ગંભીર ગૃહસ્થે યુવક સામે જોયું. યુવકની સાદાઈમાં અભિમાન રહેલું તેમને લાગ્યું. છતાં વર્તમાનપત્રોમાં એમ. એ.નો અભ્યાસ છોડી અસહકારના યુદ્ધમાં પડેલા એક નવી ઢબના નામવાળા યુવકની કીર્તિના પડઘા પડેલા તેમને યાદ આવ્યા. આ યુવકે આખી પાઠ-શાળામાં હડતાલ પડાવી મુખ્ય અધ્યાપકને તોબાહ પોકરાવી હતી; તેણે અસરકારક ભાષણો આપ્યાં હતાં; અમલદારોની ટીકા કરી લોકોને હસાવ્યા હતા; અને પોતાના વીરત્વભર્યાં દૃષ્ટાંતોથી અનેક બીકણોના હૃદયમાં શૌર્ય ઉપજાવ્યું હતું.

આવા આશાભર્યા યુવકનું આગેવાનમાં સ્થાન હોય એમાં નવાઈ નથી. પરંતુ પેલા ગૃહસ્થને યાદ આવ્યું કે કો'ક સવારે એવા જ નામના યુવકને થયેલી કેદની શિક્ષાએ તેમના અંતઃકરણમાં નિઃશ્વાસ પ્રેર્યો હતો.

'ગાંધીએ છોકરાઓના અવતાર બગાડી નાખ્યા!' તેમના મનમાં તે વખતે ઉદ્ગાર પણ સ્ફુરી આવ્યા હતા. એ જ આછી પ્રખ્યાતિ પામેલો યુવક આજે અનેક મનુષ્યોના જયનાદ વચ્ચે તેમની પાસે આવી બેઠો હતો.

'ઠીક, જયંતકુમાર, હવે ક્યાં જશો?' ગૃહસ્થે પૂછ્યું.

'મારા પિતાને મળતો આવું.'

'પછી?'

'પછી શું? યાહોમ! આટઆટલા સંઘને પ્રેરણા આપનાર હું હવે બેસી રહું એ બને જ નહિ. લ્યો સાહેબ, આ પ્યાલો. આપનું નામ?' જયંતકુમારે પૂછ્યું.

'મારું નામ મહાવીર.' પેલા દૂબળા દેખાતા ગૃહસ્થે કહ્યું.

'આપ જૈન હશો.' જયંતે પૂછ્યું.

'ના જી, હું કૃષ્ણનો—કૃષ્ણની ગીતાનો ઉપપાસક સનાતની છું.' સહજ કટાક્ષમાં દુર્બળ ગૃહસ્થ બોલ્યા. તેમની આંખમાં ચમક વધી ગઈ.

ચા પીતે પીતે ત્રણે જણ વચ્ચે ઘણી વાતચીત થઈ એમ કહેવા કરતાં જયંતકુમારે જ મોટે ભાગે વાત કરી એમ કહેવામાં હરકત નથી. તેમણે મહાવીરને પૂછ્યું :

'ગીતાના આપ ઉપાસક છો ત્યારે દેશની લડતમાં આપનો કાંઈ ફાળો હશે જ.'

'હું અહિંસામાં માનતો જ નથી.' મહાવીરે કહ્યું.

'કારણ?'

'કુદરત અને ઇતિહાસ બન્ને અહિંસાનાં વિરોધી છે.'

'કુદરત એ હૃદયસંપન્ન માનવીઓ માટે ખોટો ભોમિયો છે. અને ઇતિહાસ તો આપણે રચીએ તેવા રચાય.'

એ દલીલનો કોઈએ જવાબ આપ્યો નહિ. માનવીના આગ્રહો અને દુરાગ્રહો એટલા પ્રબળ હોય છે કે તે દલીલથી ફેરવાતા નથી અને માનવી પોતાને ભારે વિચારવંત પ્રાણી તરીકે ઓળખાવવા મથે છે!

બીજું સ્ટેશન આવ્યું. પોલીસની નાની નાની ટુકડીઓ સ્ટેશન ઉપર ગોઠવાઈ ગઈ હતી; ગાડી ઊભી રહેતાં બરોબર એ ટુકડીઓએ દરેક ડબ્બા ઉપર ધસારો કર્યો.

'મારે માટે હશે.' જયંતકુમારે બેદરકારીભર્યા દેખાવથી હસીને જણાવ્યું.

મહાવીર હસ્યો. તેણે કહ્યું :

'તમને તમારું બહુ મહત્ત્વ લાગે છે.'

આ યુગના યુવકો વાગ્યુદ્ધમાં કોઈથી હારતા નથી. તેમનું ચબરાક પણું અડકી શકાય એવું ઘન હોય છે. જયંત માર્મિક વાગ્વિનોદમાં

કુશળ હતો. તેણે હસીને જવાબ આપ્યો :

'સરકારને અમારું મહત્ત્વ એથી યે વધારે લાગે છે.' જયંતે ચા પાનાર ગૃહસ્થની હાસ્યમાં સંમતિ મેળવવા તેમની સામે જોયું. તેમણે વિવેકપૂરતું ખાલી હાસ્ય કર્યું.

એકાએક સેકન્ડ કલાસનું બારણું ખૂલ્યું અને દમામદાર પોલીસ અમલદાર અને બે સિપાઈઓએ અંદર પ્રવેશ કર્યો. તીક્ષ્ણ દૃષ્ટિથી તેમણે ત્રણે પાસે પાસે બેઠેલા ઉતારુઓને જોઈ લીધા. નવી ઢબે ચા પીવામાં ઓછામાં ઓછો પા કલાક લાગવો જોઈએ એ સૂત્ર અનુસાર હજી ચા પીવાની ક્રિયા ચાલુ હતી. ત્રણે જણે પોલીસ સામે જોઈ પોતાનું કાર્ય ચાલુ રાખ્યું; માત્ર મહાવીરે નજર ફેરવી લીધી, અને નવી ચા બનાવવાના કાર્યમાં તે પડ્યો.

પોલીસઅમલદારે તત્કાળ 'એટેન્શન'ની અદાથી ઊભા રહી પેલા પુષ્ટ ગૃહસ્થને સલામ કરી. ગૃહસ્થે સલામ ઝીલી અને પૂછ્યું -

'ઇન્સ્પેક્ટર છો ?'

'હા જી. આપના વખતમાં જ હું ચડ્યો.!

'કંઈ તપાસમાં નીકળ્યા છો?'

'હા જી.'

જયંતે મુલાયમ સ્મિતથી અમલદાર સામે જોયું. રાજદ્વારી યુવકો સિવાય પોલીસને કશી જ તપાસ હોઈ શકે નહિ એમ તેના મુખ ઉપરથી લાગ્યું.

'શાની તપાસ ?' ગૃહસ્થે પૂછ્યું.

'એક રાજદ્વારી કેદની.' અમલદારે કહ્યું.

'ગઈ કાલ સુધી રાજદ્વારી કેદી હું હતો.' જયંતે કહ્યું.

'તમારું નામ શું ?' અમલદારે સહજ કરડાકીથી પૂછ્યું.

'મારું નામ જયંત.'

'જયંત બયંત હું જાણતો નથી. તમે ક્યાંથી બેઠા ?'

'આગલા સ્ટેશનેથી.' જયંતે કહ્યું.

અમલદારે પેલા ગૃહસ્થ સામે જોયું. તેમણે સંમતિ દર્શાવી કહ્યું :

'હા, આગલા સ્ટેશનેથી બેઠા છે.'

'ત્યારે તો અસહકારી હશે. એ નહિ જોઈએ.' અમલદાર બોલ્યા. જયંતકુમારનું મુખ સહજ ઊતરી ગયું.

'એ સિવાય તો આ ભાઈ મારી સાથે મુંબઈથી આવે છે.' ગૃહસ્થે કહ્યું.

'માફ કરજો, સાહેબ. આપના કોઈ માણસ ઉપર મારે વહેમ લાવવાનો છે જ નહિ. આપને નાહક તકલીફ પડી.' અમલદાર બોલ્યો.

'તમારે તમારી ફરજ બજાવવી રહી.'

'આપને બેઠેલા જોયા હોત તો હું અંદર ન આવત.'

'હરકત નહિ. તમારે જરૂર પડચે મારી પણ તપાસ કરવી જોઈએ.' ગૃહસ્થે કહ્યું.

પોલીસઅમલદાર અને સિપાઈઓ ગૃહસ્થને સલામ કરી પાછા ઊતરી પડચા.

'આપ સરકારી નોકર છો?' પોલીસના ગયા પછી સુખી ગૃહસ્થને જયંતે પૂછ્યું.

'હું સરકારી નોકર હોઉં તો?'

'તો મને દિલગીરી થશે.'

'કારણ?'

'કારણ એટલું જ કે આપને આ જયંતભાઈ જેટલાં ફૂલહાર અને માનપાન ન મળી શકે.' મહાવીરે વાતમાં વચ્ચે પડી કહ્યું. હવે તેને હસવું આવ્યું. તે અત્યાર સુધી ભાગ્યે જ હસ્યો હતો.

'એ ફૂલહાર અને માનપાન આત્મભોગનાં પરિણામરૂપ છે; આત્મભોગની પ્રેરણારૂપ નથી.' જયંત જરા છેડાઈ બોલ્યો.

'શા ઉપરથી કહો છો.' મહાવીરે પૂછ્યું.

'તમને કે આ ભાઈને એવા ફૂલહાર મળતા નથી તે ઉપરથી.'

જયંતે વધારે ખીજવાઈ ચબરાકી પુરવાર કરતો જવાબ આપ્યો.

મહાવીરે વધારે હસીને કહ્યું :

'આ ભાઈ કોણ તે જાણો છો ?'

'ના.'

'રાવબહાદુર વિહારીલાલનું નામ સાંભળ્યું છે ?'

'હા. કંઈક યાદ આવે છે. એકાદ વખત તેઓ સરકારના પ્રધાન હતા એ તો નહિ ?' જયંતે પ્રધાન અને પ્રધાનપદનો જાણે કશો હિસાબ ન હોય એવી રીતે પૂછ્યું.

'એ જ. તેઓ જ્યારે પ્રધાન હતા ત્યારે દરેક સ્ટેશને તમારાથી વધારે નહિ તો તમારા જેટલા જ ફૂલહાર મેળવતા હશે, નહિ ?' મહાવીરે કહ્યું.

'તમે બન્ને લડી પડશો. એ વાત જ બદલી નાખીએ તો ?' રાવબહાદુરે સલાહ આપી.

'નહિ, સાહેબ. હું તો ગુસ્સો કરીશ જ નહિ.' જયંતે કહ્યું. ગુસ્સો કરવામાં પાપ માનવા ટેવાયેલા જયંતને ખ્યાલ આવ્યો કે તે ગુસ્સા તરફ વળતો જતો હતો.

'જેને ગુસ્સો જ ન ચડે એ દેશનું દળદર કેમ ફેડી શકશે !' મહાવીરે કહ્યું.

'વગર ક્રોધે અમે દેશની પ્રગતિ સાધી રહ્યા છીએ એ ખુલ્લું દેખાઈ આવે છે.' જયંતે કહ્યું.

'તમે શી પ્રગતિ સાધી ?' મહાવીરે પૂછ્યું.

'બંદીખાનાનો ભય ટાળી નાખ્યો.'

'બંદીખાનાનો ભય એ શું તેની તમને ખબર જ નથી. માસ-વરસ ટોળાબંધ કલ્લોલતા રહેવું એનું નામ બંદીખાનું હોય તો તેનો યશ લેવો વીસરી જજો.'

'તમે અસહકારની ચળવળને અન્યાયથી આપતા ? ના'

'અસહકારની માટે ફાંસી, દેશનિકાલ કે જન્મકેદની સજા નક્કી

થાય અને પાછા આવીને મોખરે ઊભા રહો તો હું તમને જરૂર શાબાશી આપીશ.' મહાવીરે કહ્યું.

જયંત વિચારમાં પડ્યો. મહાવીર કહે છે તેવો પ્રસંગ આવ્યે કેટલાં મનુષ્યો બહાર પડે? જયંત પોતે પણ આમ મોખરે ઘૂમે ખરો? તેને પોતાને જ સહજ શંકા ઉદ્‌ભવી.

'આટલું પણ થાય છે એ ઓછું છે?' જયંતે બચાવ કર્યો.

'જે કાર્યને માટે મરવાની તૈયારી ન હોય તે કાર્યને હું તો શોખ સાહેબી જ ગણું છું. પ્રતિષ્ઠા માટેનાં નવી ઢબનાં હવાતિયાં. નહિ?' મહાવીરે કહ્યું.

'તમને અમારી પ્રતિષ્ઠા કેમ ખૂંચે છે?' જયંતે પૂછ્યું.

મને રાજકીય પ્રતિષ્ઠા એટલા માટે ખૂંચે છે કે તેનું અસ્તિત્વ બહુ જ અલ્પજીવી છે.' મહાવીરે કહ્યું.

વિહારીલાલે પ્યાલો મૂકી વર્તમાનપત્ર હાથમાં લીધું. મહાવીરના કથને તેમના હૃદયમાં કંઈ કંઈ ચિત્રો ઉત્પન્ન કર્યાં. છાપું તેમનાથી વાંચી શકાયું નહિ. તેમને મળેલી મિજબાનીઓ, માનપત્રો, ફૂલહાર તેમની નજર આગળ રમી રહ્યાં. સભાઓનાં અભિનંદનો, ગવર્નરનાં વખાણ અને વર્તમાનપત્રોના અગ્રલેખોમાં તેમનું દર્શાવાયેલું મહત્ત્વ એ બધું તેમને યાદ આવ્યું. પ્રધાનપદનો છેલ્લો દિવસ તેમને મળેલું ભવ્ય માન જોતાં તેમના જીવનનો સુવર્ણદિન હતો. તેમણે કરેલાં મહાકાર્યોની લાંબી યાદી તે દિવસે અપાઈ હતી; તેમણે પ્રધાનગીરી દરમિયાન લીધેલી મહાભારત મહેનતનાં જ્વલંત વર્ણનો થયાં હતાં. તેમના મહાપુરુષત્વને સાબિત કરે એવાં સારાં સ્વભાવનાં ઝમકદાર વર્ણનો થયાં હતાં; ભરતખંડના ઇતિહાસમાં તેમનું નામ અમર થઈ ગયું છે જવાબદાર અધિકારીઓ તરફથી એવી જાહેર ખાતરી અપાઈ હતી.

અને આજ!

કોઈ પત્રમાં તેમનું નામ પણ આવતું નથી. કોઈ પણ સ્થળે

તેમને ફૂલહાર થતા નથી. તેમને માટે કોઈ મિજબાનીઓ ગોઠવતું નથી. તેમણે કરેલાં ઈતિહાસપ્રસિદ્ધ કાર્યો વિષે આખું જગત અજાણ બની ગયું છે. હવે બધું નવા પ્રધાન માટે વપરાય છે એટલું જ નહિ, કોઈ સભા કે મિજબાનીમાં પ્રમુખ કે સભ્ય તરીકે દ્વિતીય મહત્ત્વનું સ્થાન મળતાં તેમને પોતાને નવા પ્રધાન માટે અતિશયોક્તિ ભર્યાં વિશેષણો વાપરવાં પડે છે.

ત્યારે ખરું શું? વખાણના શબ્દોતાત્કાલિક ફૂટીઊઠતા દારૂખાના સરખા જ હશે? તેમનાં કાર્યો એ જળતરંગ જેટલાંજ સ્થિરહશે? કહેવાતો ઇતિહાસ સાન્ધ્ય–રંગો જેટલો જ અલ્પજીવી હશે?

મહાવીર અને જયંત વચ્ચેનો વાર્તાલાપ ચાલુ જ હતો તેની રાવબહાદુર વિહારીલાલને દિવાસ્વપ્નમાં ખબર રહી નહોતી. પરંતુ મહાવીરનું એક વાક્ય તેમના કાન ઉપર અથડાયું અને વિહારીલાલનું દિવાસ્વપ્ન અદૃશ્ય થઈ ગયું. તેઓ ચમકી ગયા. મહાવીરનો ઉચ્ચાર તેમણે સાંભળ્યો :

'પેલા પોલીસ અમલદાર ખોળતા હતા તે મને, તમને નહિ.'

શા ઉપરથી કહો છો?' જયંતે પૂછ્યું.

જે પત્રમાં તમારા છુટકારાનાં ઊજળાં વર્ણનો છે તે પત્રના અગ્ર ભાગમાં મને પણ નાનું સરખું સ્થાન મળ્યું છે.' મહાવીરે કહ્યું. જયંતને પોતાના છુટકારાનાં વર્ણનોમાંથી બીજે નજર નાખવાની ફુરસદ મળી હોપણ એક જૂનાપુરાણા રાજકીય કેદીના અદૃશ્ય થયાની વાતમાં તેને સંભારી રાખવા જેવું મહત્ત્વ લાગત નહિ. તેણે પત્ર ઉપર દૃષ્ટિ ફેરવી અને નહિ જેવા કુતૂહલથી પૂછ્યું :

'કેદમાંથી નાસી ગયેલા રાજદ્વારી કેદી તે તમે?'

'હા.તમનેજ્યારે પૂરું બોલતાં કે ચાલતાં પણ નહોતું આવડતું ત્યારે મારા ઉપર ચાલતા મુકદ્દમાની હકીકત હજારો માણસો રસ–પૂર્વક વાંચતાં હતાં!'

'તેથી શું?'

'તેથી એટલું જ કે તમારા સિવાયની બીજી બાબતો પણ તમે વાંચતા રહો.'

'પણ અમારો સિદ્ધાન્ત છૂપી રીતે કેદખાનામાંથી નાસવાની મના કરે છે.'

'તમે પંદર વર્ષ આન્દામાનમાં કાઢચાં નથી એટલે તમને એમ લાગે.'

જયંત ચમક્યો, તેણે મહાવીરની સામે જોયું, અને પૂછયું :

'તમે પંદર વર્ષ આન્દામાનમાં કાઢચાં છે ?'

'હા. અને એ નિવાસ પૂરો કરી અહીં આવ્યો ત્યારે પોલીસે પકડીને મને ખબર આપી કે હજી બીજો ખટલો મારા ઉપર ઊભો છે.' મહાવીરની આંખો તરવારની ધાર સરખી તીક્ષ્ણ અને તેજસ્વી બન્યે જતી હતી.

'તમે રાજદ્વારી કામે દેશનિકાલ થયા હતા ?'

'હા, મારા વખતમાં રાજદ્રોહ માટે ઘણી સખ્ત સજા થતી. પૂછો રાવબહાદુરને. તેઓ મારા બચાવમાં વકીલ હતા.' મહાવીરે કહ્યું.

રાવબહાદુર વધારે ચમક્યા. સોળસત્તર વર્ષો ઉપર એક રાજદ્વારી કાવતરાના કામે તેમણે બચાવ કર્યો હતો તે તેમને સાંભરી આવ્યું. જગબત્રીસીએ ચડેલો એ જટીલ મુકદ્દમો આખા હિંદનું ધ્યાન ખેંચી રહ્યો હતો. વિહારીલાલે એ કામમાં ઘણી નામના મેળવી. તેમના પ્રયત્નથી કેટલાક આરોપીઓ છૂટી ગયા, કેટલાકને ઓછી વધતી કેદની સજા થઈ અને યુવકનો ગુનો બહુ ભયંકર સાબિત થવાથી તેને દેશનિકાલની સજા કરવામાં આવી હતી. તેમનો પ્રયત્ન ન હોત તો ઘણા ફાંસીએ ચડત.

તે દિવસથી વિહારીલાલની પ્રતિષ્ઠા વધતી ચાલી. વકીલાત અને જાહેર જીવનમાં તેમણે ભારે કીર્તિ સંપાદન કરી; અને છેલ્લે છેલ્લે તેઓ સરકારમાં પ્રધાનની પદવીએ પણ પહોંચી ગયા હતા. જે રાજદ્રોહના મુકદ્દમાએ એક આરોપીને કાળા પાણીએ મોકલ્યો તે જ

મુકદ્દમાએ વિહારીલાલને પ્રધાનપદ સુધી ચડાવ્યા.

તેઓ વિસ્મય પામી બોલ્યા:

'ત્યારે તમે શું મને ઓળખીને મારી સાથે બેઠા હતા?'

'હા, જી. આપને જોતાં બરોબર મેં ઓળખ્યા, અને મને લાગ્યું કે આપની ઓથે હું પકડાતો બચી જઈશ. થયું પણ તેમ જ.'

વિહારીલાલને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો કે તેમની સાથે બેસવા આવનાર મુસાફર એક આરોપી હતો. નહિ તો તેઓ વિવેક કરી, તેની કાળજી રાખી, પોતાની પ્રધાન તરીકેની કારકિર્દીનું બયાન ભાગ્યે જ કરત.

'હું પ્રધાન હતો એવી ખબર તમને ક્યાંથી પડી?' તેમણે પૂછ્યું,

'બે માણસોની વાત ઉપરથી. આપના ડબ્બા પાસેથી પસાર થતાં બે માણસોએ આપને સલામ કરી; અને સહજ આગળ વધી કહ્યું...'

'શું કહ્યું?'

'આપને કહેવા સરખું નથી. ભાવાર્થ એટલો જ હતો કે આપ પ્રધાનપદ ઉપર હતા ત્યારે જે પ્રતિષ્ઠા ભોગવતા તે એ પદ સાથે ચાલી ગઈ હતી.' મહાવીરે કહ્યું.

વિહારીલાલ વગર બોલ્યે પાછા પત્રમાં જોવા લાગ્યા. છતાં તેમનું ધ્યાન બન્નેના વાર્તાલાપ તરફ જ હતું.

'આમ ભાગી આવવાનું કારણ?' જયંતે પૂછ્યું.

'કારણ? મને લાગ્યું મારું જીવન કેદખાને જ પૂરું થવા સર્જાયેલું છે. આ પંદર વર્ષમાં મારાં માતાપિતા અને મારી પત્ની મૃત્યુ પામ્યાં. એક દીકરી છે તે કોઈ સગાંને ઘેર ઊછરે છે. મને થયું કે જીવનમાં એક વખત એનું મુખ જોઈ લઉં.' મહાવીરના કંઠમાં સહજ રુંધામણ થઈ.

'પણ તમે રજા માગી આવી શકયા હોત!'

'અસહકારીઓને એ સગવડ મળે. અમને નહિ. વળી ત્યાં કે અહીં મારો જામીન કોણ થાય?'

'પાછા પકડાઈ ગયા હોત તો?'

'હજી યે કોણે જાણ્યું કે પુત્રીનું મુખ જોતાં પહેલાં હું નહિ પકડાઉં? એમ થશે ત્યારે ગીતાવાક્ય યાદ કરીશ : माफलेषु कदाचन.'

સૌમ્ય અસહકારી અને કરાલ ક્રાન્તિવાદી બન્ને ગીતા ઉપર ઝૂઝે છે એ વિચારે ગીતાના અમર પ્રેરણાઝરણ પ્રત્યે વિહારીલાલ પાસે મૂક નમન કરાવ્યું.

પંદર વર્ષનો દેશવટો! વહાલાંનો વિયોગ અને અદીઠ મૃત્યુ! પરાશ્રયે ઊછરતું એક સંતાન! તેને નજરે જોવાની ખુલ્લી તક પણ નહિ. જયંતને મહાવીર પ્રત્યે માન ઉત્પન્ન થયું. તે હિંસાવાદી હતો એ દિલગીરીભરી ઘટના! પરંતુ તેનો ત્યાગ? છ માસ કેદ ભોગવી આવેલા જયંતમાં એ ત્યાગનો અંશ પણ હતો ખરો? જયંતના હૃદયે ના પાડી.

પ્રધાનપદ ગયા પછી માનભંગ અવસ્થા ભોગવતા રાવબહાદુર વિહારીલાલનું હૃદય પણ પ્રશ્ન હિંડોળે ચડયું. એ કાંતિઘેલો પુરુષ અકર્મ–વિકર્મમાં ગૂંચવાઈ ગયો! એ એની કમનસીબી! પરંતુ એવી જ ભીષણ ત્યાગભાવનાથી તે સહકારી બન્યો હોત તો? તે એક મોટો ગોખલે ન થઈ શકત? પ્રાન્ત પ્રાન્તના પ્રધાનોનાં કોડીબંધ નામો સાંભરતાં યે નથી? છતાં આર્થિક ગરીબી ભોગવતા દાદાભાઈ યાદ રહ્યા છે. મહાવીર શું બીજો દાદાભાઈ ન થયો હોત?

'આપની પુત્રીની ઉમ્મર કેટલી?' જયંતે પૂછ્યું.

'સત્તર થયાં હશે.'

એ પરણી ન હોય તો કેવું! જયંતના હૃદયમાં ખ્યાલ આવ્યો.

પરંતુ યુવતીઓની મીઠી નજર ખોળતા ખાદીધારી કામદેવો પ્રત્યે જયંતને એકાએક અણગમો થઈ આવ્યો. તેણે એ વિચારને રોક્યો, તેને લાગ્યું કે હજી અસહકારમાં સંયમની વધારે જરૂર છે.

ત્રણે એક જ સ્થળે ઊતરવાના હતા. સ્ટેશન નજીક આવ્યું. મહાવીરે કહ્યું :

'રાવબહાદુર, આપના પરિચયનો મેં દુરુપયોગ કર્યો છે. પુત્રીને જોઈ હું પાછો વગર પકડાયે પણ મારી બેડીમાં જ બેસી જઈશ. છતાં આપને મારી ખબર આપવી હોય તો હું આપને દોષ નહિ દઉં. મને પકડાવ્યાની કીર્તિ હજી પણ આપ મેળવી શકશો. સરકાર પ્રત્યે આપની એ ફરજ છે.'

રાવબહાદુરે જવાબ આપ્યો :

'તમે એ જ નાસી છૂટેલા ગુનેગાર છો એમ કહેવા મારી પાસે પુરાવો નથી. તમારું એકલાનું કથન ચાલે નહિ.'

પરંતુ એ જવાબ કાયદેસર હોય તોપણ ખરો નહોતો. રાવબહાદુર રાજકીય કીર્તિના કોટડાની નશ્વરતા નીરખી રહ્યા હતા.

'ત્યારે હું આપની ઓથે છટકી જઈશ.'

'તે તમે જાણો.' રાવબહાદુરે કહ્યું.

મહાવીર જયંત તરફ ફર્યો અને બોલ્યો :

'ભાઈ જયંતકુમાર, તમે સાચના હિમાયતી છો. તમે પણ મારી વાત જાહેર કરી સચ્ચાઈની કીર્તિ સંપાદન કરી શકો છો.'

'હું તો અસહકારી છું. મારાથી સરકારને સહાય અપાય નહિ.' સરકારની જ ગાડીમાં મુસાફરી કરતા જયંતકુમારે દલીલ કરી. એ દલીલ, દલીલ તરીકે સાચી હશે; પરંતુ સચ્ચાઈના પૂજક તરીકે ગણાવા ઇચ્છતા એક યુવકને વિચાર આવ્યો કે માનવ સમુદાયની વાહવા ઉપર રચાતા કીર્તિકોટ શાશ્વત હશે ખરા?

'ત્યારે, ભાઈ જયંકુમાર, બનશે તો હું તમારા જયઘોષને આધારે પણ છટકી જઈશ.' મહાવીરે કહ્યું.

'તમારી મરજી.' જયંતે કહ્યું અને સ્ટેશન આવ્યું.

જયંતકુમાર છૂટીને આવવાનો છે એ ખબર શહેરમાં થઈ ગયેલી હોવાથી સેંકડો ઉત્સાહી યુવકયુવતીઓએ સ્ટેશન ઉપર આવી હર્ષ-

નાદથી જયંતકુમારને વધાવી લીધો, અને પુષ્પવૃષ્ટિ કરી તેને ભાવભર્યો આવકાર આપ્યો.

પરંતુ તેનું હૃદય જયઘોષને સાંભળતું નહોતું—પુષ્પસ્પર્શને તે ઓળખતું નહોતું તેના હૃદયમાં એક જ પ્રશ્ન ઘૂમ્યા કર્યો :

જયઘોષ અને પુષ્પવૃષ્ટિનો તે અધિકારી હતો ? ક્યાં ત્યાગ ઉપર એ કીર્તિ-વાવટા ફરકતા હતા ? એ વાવટા ક્ષણ પછી તૂટી ફાટી નહિ જાય ?

રાવબહાદુર વિહારીલાલને લેવા માટે મોટરકાર આવી હતી. તેમને હવે એ દુઃખ ન થયું કે તેમના પ્રધાનપદ વખતનું સામૈયું આજ અદૃશ્ય થઈ ગયું હતું. તેમને લાગ્યું કે એ અદૃશ્ય થયું એ જ બરાબર થયું છે. સરકારને સાથ આપવામાં તેમનો ત્યાગ કેટલો ?

જયંતકુમાર અને વિહારીલાલ પોતપોતાને માર્ગે ચાલ્યા ગયા. મહાવીર ક્યાં અદૃશ્ય થઈ ગયો તે તેમણે જાણ્યું નહિ. પરંતુ એ અદૃશ્ય થયા છતાં એ બન્ને રાજદ્વારી વીરોના હૃદયમાંથી તે દહાડે મહાવીર ખસ્યો નહિ.

કીર્તિ મેળવવા જાતને પણ હોમી દેવી પડે, સુખને પણ હોમી દેવું પડે, અને સંસારને પણ હોમી દેવો પડે ! નહિ ?

પરંતુ તેને કીર્તિની જરૂર પણ ક્યાં હતી ? ભીષણ ત્યાગ કીર્તિનું પણ બલિદાન માગે છે !

સેવાનું સૂત્ર કયું ? બલિદાન સર્વસ્વનું. કીર્તિનું પણ.

# ચંદા

## ૧

ગામડાં શહેરો કરતાં વધારે કદરૂપાં છે એમ કહેનારે ગામડાંને ચાંદની રાત્રે નીરખવાં જોઈએ. સરકારી કામકાજ સાંજે પૂરું કરી ચોરાની આગળના ચોગાનમાં હું આરામખુરશી ઉપર પડ્યો અને ચંદ્ર ઊગ્યો. ઊગતાં બરાબર ચંદ્ર કાંઈ આકર્ષક લાગ્યો નહિ, એટલે મને ચંદ્રવિજ્ઞાન સાંભર્યું. એ તે ઍટલાંટિક મહાસાગરમાંથી ઊડેલો ગોળો ? પૃથ્વીએ ફેંકેલી તેજકણી ? પૃથ્વીને એક મહાસાગર આપી પર્વતો અને નદીઓ સાથે નાસી ગયેલી એ પૃથ્વીદુહિતા ? કે પૃથ્વીની અગ્નિમય સ્થિતિમાં જ ઊડી ગયેલો એ તણખો ? તણખા તરીકે એ ઊડ્યો હોય તો પર્વતો અને નદીઓ પછીથી વિકાસ પામ્યાં હોય ! પરંતુ ચંદ્ર તો શીતમૂર્તિ બની ગયો છે ! ત્યાંના જ્વાળામુખી તો ટાઢા પડ્યા છે !

એકાએક શીતલ પવનની લહરી મારા દેહને સ્પર્શી ગઈ. મને કંપ થયો. થોડેક દૂર એક ડાકલું વાગતું હતું તે મારા સાંભળવામાં આવ્યું. ડાકલું ભયંકર અને કર્કશ અવાજ કરી રહ્યું હતું. મેં ચંદ્ર સામે જોયું. એ સુંદર તેજભર્યું આકાશમુખ હસતું હતું. તેના શાંત

સ્મિતમાંથી વહેતી તેજધારાઓ ગામડાંના આખા રૂપને ફેરવી નાખતી હતી. ચંદ્ર જુદી સૃષ્ટિ જ રચતો ન હોય જાણે !

'હો...હો...હો' મોટો અવાજ આવ્યો અને ડાકલું વધારે ડમક્યું. આ કર્કશ અવાજ શો ?

'અરે જમાદાર, આ કોણ બૂમો પાડે છે ?' મેં કંટાળીને મારાથી દૂર બેઠેલા મારા જમાદારને પૂછ્યું.

'સાહેબ, એ તો ભૂવો ધૂણે છે.' જમાદારે કહ્યું.

'આ ગામડાનું અજ્ઞાન ક્યારે ટળશે ?' મારાથી બોલાઈ ગયું.

'એ તો હમણાં બંધ થઈ જશે. ભૂત બોલ્યું હોય એમ ડાકલા ઉપરથી લાગે છે.' જમાદારે કહ્યું.

'અરે શું જમાદાર, તમે પણ વાત કરો છો ?'

'જાનની કસમ, સાહેબ, જીન તો મેં પણ જોયો છે.'

'તમે જ જીન જેવા છો ને ! આ તમારું ડાકલું તો કાંઈ બંધ રહેતું નથી. જરા ચાંદનીમાં ફરી આવું.' ચાંદની આકર્ષક બનતી જતી હતી. તેનું ખેંચાણ પણ અજબ હોય છે. તેમાં પાસેની ઝૂંપડીમાંથી ભયંકર હોકારા અને ડાકલાના ડમકારા વધ્યે જતા હતા. તેનાથી છૂટવાની પણ મને ઇચ્છા થઈ.

'ચાલો, સાહેબ.' જમાદારે સાથે આવવાની તૈયારી કરી. પરંતુ દરવખતે પહેરો લઈ લઈ ફરવું મને જરા પણ ગમતું ન હતું. તેમાં ચંદ્રસ્નાન તો એકલાથી જ થાય. હા, પ્રિયતમાનો સાથ હોય તો ચંદ્રસ્નાનમાં મઝા જુદી જ આવે, અને રસભર છબછબાટ પણ થઈ શકે. કોઈ મિત્ર હોય – સ્રીમિત્ર હોય તો ખુશીથી ચલાવી લેવાય. પરંતુ જમાદારનો સાથ તો હરગીઝ નહિ.

મેં જમાદારને સાથે આવવાની ના પાડી; પરંતુ તેણે આગ્રહ કર્યો :

'સાહેબ, એક કરતાં બે ભલા. હું ફાનસ લઈ લઉં.'

ચાંદનીમાં ફાનસ ? ચંદ્રનું અપમાન કરવા સરખી અરસિકતા મારામાં નથી. મેં ફાનસ અને જમાદાર બન્નેનો ઈનકાર કર્યો.

'રસ્તો જરા સંભાળવા જેવો છે.' ફાનસ મૂકતેમૂકતે જમાદારે કહ્યું.

'વાઘવરુ તો નથી ને ?' મેં હસીને પૂછ્યું.

'ના રે ના. એ તો વખતે કાંઈ ચમક હોય.'

'ચાંદનીની ચમકમાં બધી ચમક હોલવાઈ જશે.' કહી હું આગળ ચાલ્યો.

૨

બન્ને પાસનાં ખેતરોમાં ચંદ્રતેજ ઊભરાતું હતું. સમીરની લહરીમાં આછાંઆછાં ડોલતાં વૃક્ષ પણ તેજ પીને મસ્ત બનતાં હતાં. પવનનો આછો સુસવાટ, અને ન સંભળાય એવો તમારાંનો રવ બે ભેગાં મળી જગત જાગતું હોવાનો ભ્રમ પેદા કરતાં હતાં ગામડાંની રાત એટલે એકાંત. દિવસે જ વસતિનો ભાર ન લાગે તો રાત્રે તો ક્યાંથી જ લાગે? પાંચદસ ક્ષણ હું ચાલ્યો એટલામાં સંપૂર્ણ શાંતિ છવાઈ ગઈ. હું આનંદમાં આગળ વધ્યો.

મારાથી થોડે દૂર રસ્તામાં જ મેં એક ચમકારો થતો જોયો. એકાએક મારા પગ ચાલતા અટકી ગયા. શું હશે। ધારીને જોતાં જણાયું કે એક સ્ત્રી માથે બેડું મૂકી આગળ ચાલી જતી હતી એ ઊજળાં બેડાંનો ચમકાર મારી આંખને ઝંખવતો હતો.

મને નવાઈ લાગી. આ વખતે એ સ્ત્રી આ બાજુ પાણી ભરવા કેમ જતી હશે? તે સ્ત્રીના કરતાં મારી ચાલમાં વધારે ઝડપ હતી એટલે હું તેની લગોલગ આવી પહોંચ્યો. તેને પણ લાગ્યું કે કોઈ માણસ તેની પાછળ આવે છે; એટલે મુખ ફેરવી તેણે મારી સામે જોયું, અને તત્કાળ ઘૂમટામાં મુખને સંતાડી દીધું.

છતાં એ મુખ એક ક્ષણ માટે મારી નજરે પડ્યું, અને મને ચંદ્ર સાંભર્યો. ખરે, એ ગામડિયા ઘૂમટામાં સંતાયલું મુખ ચંદ્રનું સ્મરણ કરાવે એવું સુંદર હતું. ગામડાંની સ્ત્રીઓમાં સૌન્દર્ય હોઈ શકે છે એ હું જાણું છું. પરંતુ આટલું બધું રૂપભર્યું મુખ મેં

કદી દીઠું ન હતું. મને શંકા પડી કે ચંદ્રનો પ્રકાશ અને ઘૂમટો મારી કલ્પનાને બળ આપતાં હશે.

હું સામાન્યત: સારો માણસ છું. પરણેલો છું એટલે તે ઘટના મને સારો રહેવામાં સહાય કરે છે; અને હું અમલદાર છું એ સંજોગ મને રહીસહી નઠારા થવાની ઇચ્છા ફલિભૂત કરવામાં આડે આવે છે. તો ય મારાથી પુછાઈ ગયું :

'બાઈ, અત્યારે પાણી ભરવા જાઓ છો ?'

'શું કરીએ ? વહુવારુને કાંઈ છૂટકો છે ?'

'પણ આ બાજુ કૂવો ક્યાં છે ?'

'છે ભાઈ, છે. અમારા ખેતરમાં.'

'ગામના કૂવાનાં પાણી સારાં નથી ?' હું અમલદાર હતો. લોકસ્થિતિ જાણવાનો મને અધિકાર હતો. સ્ત્રીઓને–ખાસ કરી આવી દેખાવડી સ્ત્રીને–હરકત પડતી હોય તો ગામમાં નવો કૂવો ખોદાવવા, અગર જૂના કૂવામાં શાયડો મુકાવી પાણી મીઠું બનાવી આપવાનો મને અધિકાર હતો એટલે મેં પૂછ્યું.

'સારાં તો બહુ યે છે, પણ મારાં સાસુને ફાવતાં નથી.'

'ખેતરના કૂવાનાં પાણી કેવાં છે ?' આટલી બધી લાંબી વાત એકાંતમાં અજાણી સ્ત્રી સાથે કરવાની મારે જરૂર હતી કે કેમ એ પ્રશ્ન કોઈ નહિ જ કરે. જેવું તેનું મુખ આંખને ગમે એવું હતું તેવો જ તેનો કંઠ કાનને સાંભળવો ગમે એવો હતો.

'સાંઢ પડવા જેવાં !' સહજ છણકાઈને પેલી સ્ત્રીએ કહ્યું, અને મુખ ફેરવી બાજુએ ઊભી રહી.

પરાઈ સ્ત્રી છણકો કરે તો ય તેની જોડે વાતો કરવા મથું એવો હું મૂર્ખ નથી. સારાં મુખ તરફ સર્વત્ર સદ્‌ભાવ રહેલો હોય છે. એ સદ્‌ભાવ ઉપરાંત બીજો મને સ્વાર્થ નહોતો. અને કોઈ સ્ત્રી વગર કારણે બૂમાબૂમ કરી મારી અમલદારીને લાંછન લગાડવા પ્રવૃત્ત થાય એટલે સુધી જવાની હલકાઈ મારામાં ન હતી. સ્ત્રીને ત્યાં જ

ઊભી રહેવા દઈ હું આગળ ચાલ્યો.

રસ્તા ઉપર જ એક ખેતરની હદે કૂવો આવેલો મેં જોયો. પેલી સ્ત્રી આ કૂવામાંથી પાણી લેવા તો નહિ આવતી હોય? મને વિચાર આવ્યો. પરંતુ હવે મારે શું? હું તો ચંદ્રની રંગેલી સૃષ્ટિ જોતો–અનુભવતો આગળ વધ્યો. આવા સુંદર ચંદ્રમાં જવાના માર્ગ આપણને કેમ જડતા નથી? ન્યૂટનનું ગુરુત્વાકર્ષણ હવે અધૂરું મનાય છે. સાપેક્ષવાદ –Relativity– સ્થલકાલનાં અતંત્ર ભ્રમણોને શક્ય નહિ બનાવે? '

એક કારમી ચીસ સાંભળી અને મારા વિચારો થંભી ગયા. કૂવામાં કોઈ પડ્યું હોય એવો આછો ધબકાર પણ મને સંભળાયો. મને સહજ કંપ થયો. આવ્યો હતો એ જ રસ્તે હું ઝડપથી પાછો ફર્યો. પેલી સ્ત્રી કૂવામાં પડી હશે તો? ચીસ સાંભળી કોઈ આવે અને મને આ રસ્તેથી જતો જુએ તો? મારા ઉપર જરૂર વહેમ લાવે. માણસ લીધા વગર હવે એકલા ફરવું નહિ. ચંદ્ર પણ સંકોચાઈ જતો લાગ્યો.

પરંતુ કૂવા ઉપર પેલી સ્ત્રીને બેઠેલી જોઈ મનને શાંતિ થઈ. તેનો ઘડો કૂવાની બાજુમાં પડ્યો પડ્યો ચમકતો હતો. તે સ્ત્રીનાં કપડાં ભીંજાઈ ગયેલાં હતાં. કૂવાના થાળા ઉપર બેસી કૂવામાં પગ લટકાવી તે બેઠી બેઠી રડતી હતી.

'બાઈ, શું થયું? ચીસ તમે પાડી?'

'હા. ડૂસકાં ખાતાં તેણે કહ્યું.

'શા માટે?' મેં પૂછ્યું.

'મને ભૂત બીવડાવે છે.'

ભૂતનું નામ સાંભળી મારાં પણ રૂંવાં ઊભાં થઈ ગયાં. હિંમત લાવી મેં કહ્યું :

'તો તમે આમ કેમ બેસી રહ્યાં છો?'

'મારે તો કૂવે પડવું છે.'

'શા માટે?' ભય પામી મેં પૂછ્યું.

'પાણી અંદર પડવા જેવું છે. કંઈ કેટલી ય વહુવારુએ કૂવાનાં શરણ લીધાં છે.'

'અરે એમ હોય? ચાલો હું તમને ઘેર પહોંચાડું. આવી સુંદર સ્ત્રીને નજર આગળ કૂવે પડતી કેમ જોવાય?

'ના ભાઈ, ના. મને ઘરમાં કોઈ નહિ પેસવા દે.' તેણે કહ્યું.

'હું જોઉં છું કે કોણ તમને ઘરમાં પેસવા નથી દેતું. હું અમલદાર છું; ધારીશ તે કરીશ.

અમલદારો એમ જ માને છે. પરંતુ પેલી સ્ત્રીએ શંકા બતાવી.

'સાહેબ, હું ખરું કહું છું. નહિ માને!'

'શું તમારો વર એટલો બધો જુલમી છે?' મેં પૂછ્યું.

મારા પ્રશ્નમાં વરનો ઉલ્લેખ થતો સાંભળી તે સ્ત્રીની આંખમાં તેજ ઊભરાયાં અને તેના મુખ ઉપર લાલિત્યભરી લજ્જા છવાઈ. જાણે ચંદ્ર એના મુખમાં ઊવડચો ન હોય!

શરમાતે મંજુલ સ્વરે તેણે જવાબ આપ્યો:

'મારો વર જુલ્મી! ના, ના. હું તો ભવોભવ એને માગું છું.'

'ત્યારે તમારાં સાસુ કેવાં છે?' યુવાન સ્ત્રીઓને કૂવેપડવાનું એક કારણ તેમની સાસુઓ હોય છે એ હું જાણતો હતો તેથી પૂછ્યું:

'ઠીક, બધે હોય છે એવાં.'

'ચાલો, ચાલો ગમે તેમ હશે તોય હું તમને ઘેર પહોંચાડીશ, અને તમારાં કુટુંબીઓને સમજાવીશ.'

'એ બનવાનું નથી, સાહેબ!' એમ કહ્યા છતાં તે સ્ત્રીએ કૂવામાંથી પગ બહાર કાઢ્યા, અને ધીમે રહી નીચે ઊતરી. તે મારી સાથે આવવા તત્પર થઈ.

૩

એમ બન્ને ગામ તરફ ચાલવા લાગ્યાં. પેલી સ્ત્રી મારાથી સહજ પાછળ ચાલતી હતી. તેનો ઘૂમટો કાયમ હતો. માત્ર વચ્ચે વચ્ચે તે

પોતાનું મુખ ખુલ્લું કરતી હતી; અને તે મારી સાથે જ છે કે કેમ તે જોવા હું પાછળ જોતો ત્યારે તે ક્વચિત્ સ્મિત કરતી અને ક્વચિત્ પોતાનાં આંસુ લોહતી. કદાચ મુખ ઉપરની ભીનાશ તે ભીના કપડાં વડે દૂર કરવા પણ પ્રયત્ન કરતી હોય.

મારાથી બોલ્યા વગર રહેવાયું નહિ. જરા દૂર જઈ મેં પૂછ્યું :

'બાઈ, તમારું નામ ?'

'મારું નામ ચંદા.'

'કેટલું સુયોગ્ય નામ! નામ પ્રમાણે ગુણ ન હોય એ તો ઠીક, પરંતુ નામ પ્રમાણે રૂપ પણ જગતમાં મળવું દુર્લભ છે.

'ઉપર આકાશમાં ચંદ્ર અને પૃથ્વી ઉપર તમે ચંદા. બન્ને બહુ મળતાં આવો છો.' આવું કહી તેના રૂપને વખાણવાનું મને બહુ જ મન થયું. પરંનુ પરપુરુષને મુખે થતાં રૂપનાં વખાણમાંથી હિંદી સ્ત્રીઓને શંકા ઊપજે છે. વિલાયતમાં જન્મ્યા વગર એ લહાવો લઈ – લેવરાવી શકાતો ધથી. એટલે મેં પૂછ્યું :

'ચંદાબાઈ, તમારું ઘર ક્યાં ?'

'ગામમાં.'

'પણ ગામમાં કઈ જગાએ ?'

'ચોરા સામે.'

કૂતરાં ભસતાં હતાં. ચોરાનો દીવો ઝગઝગતો દેખાતો.

'જુઓ, હવે ગામ તો આવી ગયું.' મેં કહ્યું.

'હા, સાહેબ.'

'તે...ચંદાબાઈ! તમારા વરનું નામ શું ?'

'છે તો બહુ રૂપાળું. પણ નામ તે કાંઈ દેવાય ?' મીઠું મીઠું હસીને તેણે ના પાડી.

'ત્યારે હું તેમને બોલાવી કેમ શકીશ ?'

'સાહેબ, હું અહીં બેઠી છું, તમે પેલી ઝૂંપડીમાં જઈને કહો કે ચંદા આવી છે.'

'તમે સાથે જ ચાલો ને!'

'મને ઘરમાં પેસવા દેશે તો આવીશ.'

'અરે કોની મગદૂર છે કે તમને ના કહે?'

'સાહેબ, એટલું જ મારું કામ કરો ને વખતે મારી સાસુ ના પાડે તો એમને એટલું કહેજો કે ચંદા કૂવે બેઠી વાટ ભાળે છે.'

નહિ, નહિ. કૂવેસૂવે જવું નથી. કહો તો હું તમને ચોરામાં બેસાડું.' મારું સ્ત્રીસન્માન બહુ ખીલી નીકળ્યું હતું.

'હું તો અહીં જ બેસું છું.' કહી ચંદા એક ઝાડના થડ પાસે બેસી ગઈ.

ત્યાંથી પચાસેક કદમ દૂર એક ઝૂંપડી આવેલી હતી. ઝૂંપડી મૂકીને રસ્તાથી દૂર સો-દોઢસો કદમ જેટલે છેટે ચોરો દેખાતો હતો. ઝૂંપડીનાં બારણાં બંધ હતાં. મેં જઈ બારણું ઠોક્યું.

'ઓ બાપ રે!' અંદરથી કોઈ સ્ત્રીનો અવાજ સંભળાયો. મેં બૂમ પાડી:

'બારનું ખોલો.'

મારા સત્તાદર્શક અવાજનો અંદરથી જવાબ મળ્યો:

'કોણ હશે?'

'સાહેબ છું.' મેં કહ્યું. અમલદારોને બીજાઓ એટલા બધા સાહેબ બનાવી મૂકે છે કે છેવટે તેઓ જાતે પોતે પોતાને સાહેબ તરીકે ઓળખાવતા થઈ જાય છે.

'બાપજી, ઉઘાડું છું.' કહી એક યુવાન ગામડિયાએ બારણું ખોલ્યું અને તે બહાર આવ્યો. તેના મુખ ઉપર એક જાતનું ખાલીપણું દેખાઈ આવતું હતું. તેની આંખમાં નશો હતો. કદાચ ઊંઘની અસર હોય, અગર ચાંદનીમાં એવો ભ્રમ પણ થાય.

'કેમ, સાહેબ, શો હુકમ?' તેણે પૂછ્યું.

'અરે, તમે માણસ છો કે કોણ છો?' મેં કડકાઈથી પૂછ્યું.

'માફ કરો, મહેરબાન, પણ અમારો શો ગુનો થયો?'

'ગુનો? બિચારી તમારી સ્ત્રીને કાઢી મૂકતાં તમને શરમ નથી આવતી?'

'મારી સ્ત્રી? મેં ક્યાં કાઢી મૂકી છે?'

'રાતને વખતે એક ગાઉ દૂર પાણી ભરવા મોકલો છો એ કેવું કહેવાય?'

ગામડિયાના ખાલી મુખ ઉપર મૂંઝવણ ઊભરાઈ. તેણે જરા વાર મારી સામે ટીકી ટીકીને જોયું, અને પછી પૂછ્યું :

'મારી સ્ત્રી શા ઉપરથી?'

'એણે મને આ જ ઝૂંપડી બતાવી.'

'બીજું કોઈ હશે.'

'તમારી સ્ત્રીનું નામ ચંદા કે બીજું કાંઈ?' મેં ખાતરી કરાવી.

'ઓ બાપ રે!' કરીને વૃદ્ધ સ્ત્રી અંદરથી બહાર ધસી આવી.

'હા સાહેબ. પણ એને મરી ગયે તો એક વર્ષ થયું.'

'ખોટી વાત. હું હમણાં મારી સાથે એને લાવ્યો છું. પેલા ઝાડ નીચે બેઠી.' મેં ચાંદનીમાં પડછાયો પાડતા એક વૃધ્ધ તરફ આંગળી કરી. મારી ખાતરી જ હતી એટલે ચંદા સરખો આકાર તે વૃક્ષની છાયામાં બેઠેલો મને દેખાયો.

'એ તો ભૂત! ભૂત! મોઈ મરીને પણ અમારો કેડો છોડતી નથી.' પેલી વૃદ્ધ સ્ત્રી ફાટી ગયેલે અવાજે બોલી ઊઠી.

'ભૂત હોય તો યે મને બતાવો; સાહેબ. ચંદા, ઓ ચંદા!' કહી પેલો પુરુષ ઘેલાની માફક બૂમ પાડવા લાગ્યો. તેણે એક ક્ષણ રહીને મારો હાથ પકડી ખેંચ્યો, અને તે મને પૂછવા લાગ્યો :

'સાહેબ, ક્યાં છે મારી ચંદા? તમે ક્યાં જોઈ?'

'પેલી રહી ઝાડ નીચે. ચાલો હું બતાવું.' કહી હું ઝડપથી તેને ઝાડ તરફ લઈ ગયો. જતાં જતાં પેલી વૃધ્ધ સ્ત્રીના ઉદ્ગાર સાંભળી મને આશ્ચર્ય થયું :

'રોયાને ફરી પરણાવ્યો તો ય ચંદાનું નામ મૂકતો નથી. એ તો ઝોડ થઈને વળગી છે.'

ઝાડ આગળ તો ચંદા નહોતી ! મેં આમતેમ જોયું પણ તેનો આકાર ક્યાં ય જોવામાં આવ્યો નહિ. હું મૂંઝાયો.

'ક્યાં છે ચંદા ?' પેલા ગામડિયાએ પૂછ્યું :

'હું તો અહીં બેસાડીને આવ્યો હતો !'

'એ તો અલોપ થઈ ગઈ. બાપા !'

'એ કેમ બને ? કૂવે પાછી ચાલી ગઈ હશે તો ?'

'કયે કૂવે ?'

'આ રસ્તે; ખેતરને માથે છે તે કૂવે.'

'શા ઉપરથી આપ કહો છો ?'

'તમને કહેવાનું મને કહ્યું હતું.'

'શું ?'

'કે ચંદા કૂવે બેઠી વાટ ભાળે છે.'

પેલા પુરુષનું મુખ એકાએક તંગ બની ગયું. મને ડર લાગ્યો કે એ ધૂણવા તો નહિ માંડે. તે નીચે બેસી ગયો, અને મુખ હાથમાં ઢાંકી ધ્રુસકે ધ્રુસકે રોવા લાગ્યો. બે પુરુષોને લઈ પેલી બાઈ ત્યાં આવી પહોંચી. ફાનસ લઈ મારા જમાદાર અને બે વરતણિયા પણ ત્યાં આવી પહોંચ્યા. પેલી બાઈ તથા તેની સાથેના પુરુષો ચંદાના વરને લગભગ ઊંચકીને લઈ જવા લાગ્યા.

મેં પૂછ્યું :

'કેમ આમ કરો છો ?'

'સાહેબ, જોયું નહિ વળગાડ છે તે ?'

અને એકદમ મારું ભાન જાગૃત થયું. મારા દેહમાં કંપ વ્યાપી ગયો. એનો વળગાડ મને તો નહિ વળગે ? મને એક જ વિચાર આવ્યા કર્યો :

'શું મેં ભૂત જોયું ? ભૂત સાથે વાતો કરી ? આવી રૂપાળી

ચંદા શું ભૂત હશે ?'

હું પડી જઈશ એમ લાગવાથી, કે ગમે તે કોઈ કારણે, જમાદારે મારો હાથ ઝાલી લીધો. એક જ વિચારમાં મશગૂલ થયેલું મારું મન આખી રાત ચંદાના પ્રસંગને જ જોઈ રહ્યું. વચમાં વચમાં પેલી ઝૂંપડીમાંથી ડાકલાંના ભયાનક અવાજો આવતા ફરી સંભળાયા.

૪

સવારે હું જાગ્યો ત્યારે એની એ આરામખુરશી ઉપર જ હું બેઠેલો હતો. હું સૂતો હતો કે નહિ? હું રાત્રે ફરવા નીકળ્યો હતો કે કેમ? પેલી ચંદાને જોઈ એ પ્રસંગ ખરેખર બન્યો હતો કે માત્ર મને સ્વપ્ન આવ્યું હતું?

ચોરાના એ ચોગાનમાં હું આમતેમ ફરવા લાગ્યો. એક વરતણિયો મને જોઈ ચલમ મૂકી ઊભો થઈ ગયો. મારાથી તેને પુછાઈ ગયું.

'અલ્યા, પેલી ચંદા કોણ?'

'એ તો સાહેબ, કા'નાની વહુ.' તેણે કહ્યું.

'જીવતી છે?'

'ના સાહેબ, ગઈ સાલ ગુજરી ગઈ.'

'શાથી?'

'ઘરના ખટરાગ. રાતે સાસુએ પાણી લાવવા કહ્યું. એકલાં જવાની એણે ના પાડી, એટલે એના ધણીએ જરા ગાળો દીધી એ તો જઈને કૂવે પડી.'

'ધણીધણિયાણીને મહોતું બનતું?'

'બનતું'તું તો ખાસ્સું. પણ સાસુવહુના ઝઘડામાં કોઈ દહાડો માનવી કંટાળે પણ ખરો ને?'

'એ કેવી હતી?'

'હાય, હાય ! આખા ગામને ઘેલું બનાવે એવી રૂપાળી હતી.' વરતણિયાએ દિલગીરીથી જણાવ્યું.

છ માસ સુધી આ ચંદ્રા મારા મગજમાંથી ખસી નહિ. એ વાત મેં કોઈને કહી પણ નહિ. વરસેક દિવસ વીતતાં એ બનાવની રોચકતા ચાલી જવા માંડી. પરંતુ એક દિવસ કેટલાક સરકારી કાગળો મારા હાથમાં આવ્યા. ઘેલછાના આવેશમાં કોઈનું અકસ્માત મૃત્યુ થયું હતું તે કામ નિકાલે રહેવા મારી પાસે આવ્યું. મેં શિરસ્તેદારને પૂછ્યું :

'માણસ શાથી મરી ગયો ?'

'અકસ્માત કૂવામાં પડ્યો.'

'એનાં સગાંવહાલાંના જવાબ છે ?'

'હા, જી. એની વહુ મરી ગયા પછી એ ઘેલો બની ગયો હતો.'

હું ચમક્યો. મેં આગળ પૂછ્યું :

'એની માનો કશો જવાબ છે ?'

'હા. જી. એ તો કહે છે કે એની બૈરી કૂવે પડી ભૂત થઈ. હતી. તે એને વળગી અને એને કૂવામાં ખેંચી ગઈ, એટલે અકસ્માતની કલમમાં કામનો નિકાલ થઈ શકશે.'

'મરનારનું નામ કાનો છે ને ?'

'હા, જી.'

'ઠીક. કાગળો મૂકો. હું ઠરાવ લખી નાખીશ.'

પરંતુ ઠરાવ લખતાં પહેલાં આ આખી નોંધ મેં લખી કાઢી. કાયદામાં ભલે એ અકસ્માત ઘેલછાનું પરિણામ મનાય, પરંતુ મને તો એમાં જીવંત પ્રેમનું સ્પષ્ટ પરિણામ જણાયું.

પ્રિયતમ જીવતો હોય તો પ્રિયતમા કેમ મરી શકે ? દેહ ભલે લુપ્ત થાય પરંતુ પ્રેયસી સૂક્ષ્મ દેહે આસપાસ ફર્યા જ કરે ને ?

અને પ્રિયતમાનો દેહ ન દેખાય તો પ્રિયતમમાં ઘેલછા કેમ ન ઊપડે ? એ ઘેલછા સિવાય આસપાસ ફરતો સૂક્ષ્મ દેહ તેને કેમ

દેખાય? અને એ સૂક્ષ્મ દેહ દેખાય એટલે એણે પણ સ્થૂલ દેહને ફેંકવો જ રહ્યો. બન્ને સૂક્ષ્મદેહી ન બને ત્યાં સુધી ભેટાય શી રીતે?

જગત ભલે એને મૃત્યુ કહે. હું તો એને સુંદર, અદ્‌ભુત સંયોગ કહીશ. ગ્રામ્ય પ્રેમીઓ પણ એ પામી શકે.

જીવન ભોગવવું એ સ્થૂલ દેહ વગર ન જ બની શકે? ચંદ્ર લોક સરખી અમૃત વરસતી કોઈ ભૂમિ—કે ભૂમિકા—નહિ હોય જ્યાં દેહવિલય પામેલાં પ્રેમીઓ અનંતકાળનું આલિંગન પામી એક બની જાય?

પૃથ્વી ઉપરના જ્વાલામુખી ચંદ્રલોકમાં ટાઢા પડ્યા. હૃદયના જ્વાલામુખી ટાઢા પાડવા કશી અદ્‌ભુત યોજના હોવી જ જોઈએ, નહિ?

# ઘેલછા

અસામાન્ય બનાવ બને એટલે તે સાર્વજનિક બની જાય છે. વીણાએ સામાન્ય રીતે –જગતમાં સાધારણ બને છે એવી રીતે– લગ્ન કર્યું હોત તો તેથી સમાજને હાલી ઊઠવાનું કારણ ન મળત. જોકે વીણા સરખી ભણેલી, સંસ્કારી અને પોતાને બંડખોર કહેવરાવતી તથા પુરુષવર્ગની નિર્દયતા માટે આખા વર્ગને કઠોર વાક્યો સંભળાવતી એ જાજવલ્યમાન યુવતી લગ્ન કરે એ જ બનાવ સહુને ચોંકાવે એવો હતો. એટલે વીણાએ લગ્ન કર્યું, અને તે લગ્ન કેદમાંથી તાજા છૂટેલા ગુનેગારની જોડે કર્યું એ પ્રસંગ અત્યંત નવાઈનો, ચર્ચાસ્પદ અને સમાજને વ્યાકુળ બનાવી દે એવો હતો. ઘર ઘરમાં, શેરીએ શેરીએ, ચૌટે ચકલે, કચેરીઓમાં અને સમાજમાં વીણાનું લગ્ન મુખ્ય ચર્ચાનો વિષય થઈ પડયું હતું. વર્તમાનપત્રો એટલે નવા યુગનો ચોતરો. ભણેલાઓનું નિંદાખાનું. કુટુંબોમાં કલેશ કંકાસ દાખલ કરનાર. જૂના સમયમાં ચુગલીખોર સ્ત્રીપુરુષોની અતિશય સુધરેલી અને અનેક ગણી વધારી દીધેલી આવૃત્તિ. વર્તમાનપત્રો આવાં લગ્નની ચર્ચા ન કરે તો તેમને જીવવાનો હક્ક નથી.

ચોરાને – ગુનેગારને સુધારવાનો પ્રત્યેકને હક્ક છે. તેને સારે રસ્તે ચડાવવો એ સહુની ફરજ છે. પરંતુ એ હક્ક અને એ ફરજ શું લગ્ન કરીને બજાવાય? વીણાની રસિકતા ક્યાં ગઈ? વીણાના સંસ્કારો ક્યાં ઢંકાઈ ગયા? વીણાનું બંડખોરપણું ક્યાં અલોપ થઈ ગયું? લગ્ન જેવો સ્ત્રીપુરુષનો પવિત્ર નહિ તો અંગત સહચાર વીણા સરખી સુંદરી એક કેદ ભોગવી આવેલા પુરુષની સાથે માંડે એ નવાઈ નહિ તો બીજું શું? કંઈક ભણેલા, રૂપાળા, સંસ્કારી, વાચાળ, ભાવનાશીલ સ્ત્રીઓને સ્વરાજ્ય અપાવવા મથતા યુવાનો વીણાનો સહચાર સેવવા આતુર હતા. એ સર્વને વહેતા મૂકી વીણા એક શિક્ષા પામી તાજા છૂટેલા કેદીની સાથે પરણી ગઈ! આખો સમાજ નિરાશ થયો – એકલા યુવકો જ નહિ. સમાજે વીણા પાસે આજીવન કૌમારવ્રતની આશા રાખી હતી; સહુ સંસર્ગમાં આવનાર યુવાનોએ મોડાં વહેલાં લગ્નની આશા રાખી હતી, પરંતુ કેદી સાથે લગ્ન?

વળી એ રાજદ્વારી કેદી હોત તો જુદી વાત હતી. રાજદ્વારી કેદમાં પ્રતિષ્ઠા રહેલી છે, ઉચ્ચ ભાવના રહેલી છે, દેશને માટે દુઃખ વેઠવાની મર્દાનગી રહેલી છે. પિકેટિંગ કરતાં, દિલ ઉછળતું રાજદ્રોહી ભાષણ કરતાં, મીઠાના અગર ઉપર હુમલો લઈ જતાં અગર પ્રભાત ફેરી કરતાં પકડાઈ સજા પામેલા કેદી સાથે વીણાએ લગ્ન કર્યું હોત તો તે સાર્થક ગણાત- કદાચ બૉમ્બ બનાવતાં અગર ફેંકતાં પકડાઈ ગયેલા બહાદુર યુવક તરફ વીણા આકર્ષાઈ હોત તો તે સ્વાભાવિક લાગત. પણ આ તો સામાન્ય કાયદાની કલમોને આધારે પકડાયેલા ચોરની સાથે વીણાએ લગ્ન કર્યું. માનવસ્વભાવની – કે સ્ત્રીસ્વભાવની વિચિત્રતા નહિ તો બીજું શું?

પીયૂષ ભણેલો હતો એની નહિ ના નહિ; પરંતુ એનું સામાન્ય ભણતર વીણાની તેજસ્વી કારકિર્દી આગળ કશા હિસાબમાં ન હતું. વીણાના પિતાને આશ્રયે ભણેલો પીયૂષ ઘરના આશ્રિત સરખો હતો. તે ભણી રહી નોકરીની શોધમાં ફરતો હતો. નોકરી મળે ત્યાં સુધી

વીણાના પિતાએ તેને પોતાના સેક્રેટરીનું કામ સોંપ્યું હતું. વ્યાપારમાં ભારે ખોટ જવાથી વીણાના પિતાએ ઘણી સાહેબી ઓછી કરી નાખી હતી, છતાં તેમનો બંગલો, મોટરકાર અને સેક્રેટરી કોઈથી ઝૂંટવી લેવાયાં નહિ. પીયૂષ કાગળો લખતો, વર્તમાનપત્રો વાંચતો, વીણા સાથે કવચિત્ ચર્ચા કરતો. અને વીણા વાંચી રહે તે છેલ્લામાં છેલ્લી ઢબનાં રશિયન ક્રાન્તિની ફિલસૂફી કે ખૂબી સમજાવતાં પુસ્તકો વાંચતો.

એક કીમતી હીરો ચોર્યાનું પીયૂષને માથે તહોમત આવ્યું. એ તહોમત તેણે માન્ય કર્યું. અદાલતમાં તેની સામે કામ ચાલ્યું. ગુનાનો સ્વીકાર અહીં પણ પીયૂષે કર્યો. શા કારણે તેણે હીરો ચોર્યો તે તેણે જાહેર ન કર્યું. બેકારીનો ભય, ગરીબીની ભીતિ, ભણેલાઓનું શિથિલ ચારિત્ર્ય અને મહેનત કરવાની અશક્તિ વગેરે અનેક કારણો સામા પક્ષના વકીલને સહજ જડે એમ હતાં. એ કારણોનો વિરોધ પીયૂષે કર્યો નહિ. વિરોધ વગરનો આરોપ માન્ય ગણાય છે. ન્યાયાધીશે પીયૂષને સખત કેદની સજા કરી. ભણેલા મનુષ્યે આદર્શ વર્તન રાખવું જોઈએ; તેનામાં જવાબદારી સમજવાની શક્તિ હોય છે જ; છતાં તે ગુનો કરે તો બીજાઓ ધડો લે એવી ભારે શિક્ષા તેને કરવી જોઈએ; આવી ન્યાયાધીશથી વિચારસરણીને પરિણામે પીયૂષે ત્રણ વરસની કેદ ભોગવી.

આવો મનુષ્ય કેદમાંથી છૂટે અને વીણા સરખી યુવતી જોતજોતામાં તેની સાથે લગ્ન કરે એ સહુને માટે અસહ્ય હતું. પીયૂષ અને વીણા વચ્ચે પહેલાં પ્રેમ હતો એવું કોઈથી કહેવાય તેમ ન હતું. વીણાની વીજળી આગળ પીયૂષની આંખ પણ ઊઘડે એ અશક્ય હતું. પીયૂષ પાસે પૈસો ન હતો; પીયૂષ બહુ રૂપાળો ન હતો; રૂપ વધારવા માટે બબ્બે હાથ જેટલી પહોળી બાંયનાં પાટલૂન પહેરવા જેટલી ફેશનસેવા તેનામાં ન હતી. તેનામાં ભારે ચબરાકી હોય એમ પણ દેખાતું ન હતું. પછી આ ઘેલછા વીણામાં ક્યાંથી આવી ? વીણા અને પીયૂષના લગ્નની વાત બહાર આવી કે તરત જ કોઈ

વિગ્રહ કે ધરતીકંપના ચોંકાવનારા સમાચારની માફક વર્તમાન પત્રોમાં મોટા મોટા અક્ષરે એ વાત બહાર પડી અને પત્રકારોનો કાફલો એ લગ્ન કરનાર ઉપર તૂટી પડ્યો.

પત્રકારોની સાથે લાંબી વાત કરવાની પીયૂષે તો ના જ પાડી. તે એક જ જવાબ આપતા :

'વીણા લગ્નની માગણી કરે અને તેને ના કહે એવો મૂર્ખ પુરુષ જગતમાં હોઈ શકે નહિ. મારા જેવાની સાથે વીણાએ લગ્ન કરવાનું કેમ ઇચ્છયું તે વીણાને પૂછો. મને પોતાને પણ એમાં સમજ પડતી નથી.

રવિ અને કવિ બન્ને જ્યાં ન પહોંચી શકે તેવે ગુપ્ત સ્થળે પહોંચી જનાર ખબરપત્રીઓએ વીણા ઉપર પ્રશ્નોની ઝડી વરસાવી.

'તમે લગ્ન કર્યું એ વાત ખરી ?' પત્રકાર પૂછતો.

'હા જી!' વીણા જવાબ આપતી.

'પીયૂષ સાથે આપનાં લગ્ન થયાં એમ કહેવાય છે એ ખરું છે?'

'હા, જી.'

'પીયૂષ કેદમાં હતો એ વાત ખરી ?'

'હા, જી.'

'એ કેદની સજા ચોરીના ગુના માટે થઈ હતી ને ?'

'હા, એ જાણીતી વાત છે.'

'આપનાં જેવાં આગેવાન યુવતી એક ગુનેગાર સાથે લગ્ન કરે એ શું ઇચ્છવા યોગ્ય છે ?'

'મને ઇચ્છવા યોગ્ય લાગ્યું માટે મેં લગ્ન કર્યું.'

'શા કારણે તમને એ લગ્ન ઇચ્છવા યોગ્ય લાગ્યું ?'

'એ મારો અંગત પ્રશ્ન હોઈ શકે; બીજાથી પૂછી શકાય નહિ.'

'આપ કેળવાયેલાં સન્નારી છો, આગેવાન છો, આપનું જીવન સાર્વજનિક હોઈ શકે, આપનું પ્રત્યેક કાર્ય સાર્વજનિક ગણાય.'

'તે ભલે; પણ મારું લગ્ન સાર્વજનિક બનાવવા હું માગતી

નથી.'

'ગુનેગાર સાથેનાં લગ્નથી આપ સુખી થશો એમ ધારો છો ?'

'હું સુખી થવાની આશા તો રાખું છું.'

'પીયૂષના કયા ગુણથી આપ તેની તરફ આકર્ષાયાં ?'

'એક તો હું મારી નવલકથા કે જીવનકથા લખીશ તેમાં વર્ણવી શકીશ.'

'આપનો એ જવાબ શું ઉડાવનારો નથી ?'

'કોણ જાણે! પણ ભાઈ ખબરપત્રી, હું એક પ્રશ્ન આપને પૂછું ?'

'બેશક.'

'આપ પરણેલા છો ?'

'ના, જી.'

'ત્યારે આપને પીયૂષની અદેખાઈ તો નથી આવતી ને ?'

'આ પ્રશ્ન મને અને મારા પ્રતિષ્ઠિત ધંધાને અપમાન આપનારો છે.'

'બરાબર હું તમને અને તમારા પ્રતિષ્ઠિત ધંધાને અપમાન આપવાની અભિલાષા રાખું છું. આપની અને આપના ધંધાની મારફત હું એટલું જાહેર કરવા માગું છું કે પારકાં લગ્નની ચકચાર કરના પુરુષો પરણેલા હોય તો અસંતોષથી દાઝી ઊઠે છે. આપ જગતને જણાવી શકો છો કે મારાં થયેલાં લગ્નમાં હાલ હું કશો ફેરફાર કરવા માગતી નથી !'

ખબરપત્રીઓ કડવું મુખ કરી ચાલ્યા જતા, અને વીણાના વૈચિત્ર્ય વિષે, તેની નફટાઈ વિષે, રીતભાતની ખામી વિષે તીખાં વિવેચનો બહાર પાડતા. એ વિવેચનો વાંચી વીણા હસતી; પરંતુ પીયૂષને એ બધી ટીકા અસહ્ય બની જતી. તે અસ્વસ્થ બનતો, વ્યાકુળ બનતો અને ક્રોધ કે શોકને વશ થતો. એક દિવસ એક વર્તમાનપત્રમાં આવેલી ચર્ચા અડધી વાંચતાં તેણે પત્ર વાળી દૂર ફેંકી દીધું. વીણા

પાસે જ બેઠી હતી. તેણે પૂછ્યું :

'પીયૂષ! ટીકા ન ગમી, ખરું?'

'જરાય ય નહિ.'

'હજી ન ટેવાયો?'

'ટેવ નથી પડતી.'

'હમણાં તું વર્તમાનપત્રો વાંચે જ નહિ તો કેવું?'

'તું કહીશ તેમ કરીશ.'

'હું જુલમી છું, ખરું!'

'હા.'

'કેમ? શા ઉપરથી?'

'મારી નાને' તેં ગણકારી જ નહિ.'

'એટલે?'

'મેં ના કહી છતાં તેં લગ્ન કર્યાં જ.'

'તને મારો અણગમો હતો?'

'જરા ય નહિ.'

'મારી સાથેનાં લગ્નનો અણગમો હતો?'

'ના.'

'ત્યારે?'

'જે લગ્નથી તારી ટીકા થાય એ લગન મુલતવી રખાયાં હોત તો આ ઝેર પીવું ન પડત ને?'

'ઝેર ઢાળી નાખતાં તને આવડે છે. એ દિવસ તું ભૂલી ગયો?'

એ દિવસ વીણાથી તેમ જ પીયૂષથી ભુલાય એવો ન હતો. વીણા તે દિવસે પોતાની ઓરડીમાં ખુરશી ઉપર બેઠી બેઠી કાંઈ જોતી હતી. બારણું ખુલ્લું હતું, તેથી પીયૂષે ખબર આપ્યા વગર ઓરડીમાં ઉતાવળો પ્રવેશ કર્યો. વીણા ચમકી; તેણે હાથમાંની કોઈ વસ્તુ પોતાની બૅગ–ઝોળીમાં સંતાડી દીધી એવો પીયૂષને ભાસ થયો. વગર પરવાનગીએ પોતાની ઓરડીમાં ધસી આવેલા આશ્રિત સરખા પીયૂષને

ધમકાવવાની તક મળે તે પહેલાં તો પીયૂષે કહ્યું :

'વીણા! પોલીસનાં માણસો આવ્યાં છે.'

'પોલીસ? શા માટે?' ભયભીત બની વીણાએ પૂછ્યું. તેના મુખ ઉપરની સઘળી લાલાશ પોલીસના નામ સાથે જ શોષાઈ ગઈ.

'કોણ જાણે! પણ તારું નામ દે છે.'

'મારું નામ? શા માટે?'

'તારી અને ઘરની કાંઈ તપાસ કરવા માગે છે.'

વીણા ક્ષણ બેક્ષણ સ્થિર બની ગઈ. તેણે હાથમાં રહેલી ઝોળી તરફ અને ઓરડીના એક નાનકડા કબાટ તરફ જોયું. હસતું મુખ કરી તેણે પીયૂષને કહ્યું :

'પીયૂષ? જરા ચોક્કસ ખબર કાઢ ને.'

'એ લોકો રોકાયા રોકાતા નથી, તારી ઓરડી જોવા માગે છે.'

'હરકત નહિ. પણ તું જરાઈને પૂછ તો ખરો કે શી વાત છે?'

પીયૂષે વીણાની શાન્તિમાં અને હાસ્યમાં કોઈ ભયાનક તત્ત્વ જોયું. તે ક્ષણભર તેના સામું જોઈ રહ્યો. અને ઝડપથી ઓરડીની બહાર નીકળી ગયો. બહાર નીકળતાં તેણે ઓરડીનાં બારણાં બંધ કર્યાં.

પરંતુ બારણાં બંધ કરી તે ત્યાં જ ઊભો રહ્યો. પોલીસને પૂછવા જવાની તેણે જરા ય આતુરતા બતાવી નહિ. પીયૂષના ચારિત્ર્યમાં આજ સુધી કોઈએ ખામી કાઢી ન હતી, બંધ બારણા પાછળ બનતા બનાવો જાણવાની કે જોવાની તેણે કદી તજવીજ કરી ન હતી; છતાં અત્યારે તે બારણાની તડમાંથી વીણાની ઓરડીમાં તીક્ષ્ણ દૃષ્ટિ નાખી રહ્યો. દસેક ક્ષણ આમ વીતી. એકાએક પીયૂષે બારણાંને હડસેલી અંદર ધસારો કર્યો અને ફાળ ભરી તેણે વીણાનો હાથ પકડી લીધો.

વીણાના એક હાથમાં સુંદર ચમકતું જવાહીર હતું, અને બીજા

હાથમાં લાલ પ્રવાહી પદાર્થથી ભરેલો એક મેઝરગ્લાસ–પ્યાલો હતો. એ પ્યાલો વીણાના હોઠે અડકતો હતો એટલામાં જ પીયૂષે વીજળીની ઝડપે એ હાથ ઝાલી લીધો.

'શું કરે છે તું, વીણા ?' પીયૂષે મોટેથી પૂછ્યું.

'તારે શું કામ છે? તું અહીંથી ચાલ્યો જા. જે કામને માટે મોકલ્યો તે કરીને આવ.' વીણાએ આજ્ઞા કરી. તેના મુખ ઉપર વધારે સફેદી ફેલાતી હતી.

'તું પહેલાં આ પ્યાલો મૂકી દે.'

'નહિ મૂકું. એ મારી દવા છે.'

'જુઠ્ઠી! હું ઊભો હોઈશ અને તને આયોડિન પીવા દઈશ ?'

'તું મારો માલિક છે કે નોકર ?'

'ગમે તે હોઈશ તો ય આ દવા તારે પીવાની નથી.'

'છોડ, હાથ છોડ, નહિતર હું બૂમ પાડીશ.'

પીયૂષે વીણાના હાથને સહજ મચકોડ આપી. અને બળપૂર્વક પ્યાલો ઢોળી નાખ્યો. પ્યાલામાં ભરેલું આયોડિન સ્વચ્છ મેજ ઉપર, સુંદર પાથરણા ઉપર, પુસ્તકો ઉપર અને કેટલીક મોંઘી વસ્તુઓ ઉપર છંટાયું. વીણા અતિ રસિક હતી, વ્યવસ્થિત હતી, ગોઠવણની કળામાં પ્રવીણ હતી અને કલામયતા ઘટે એવું કશું જ થવા દેતી ન હતી. આયોડિને બગાડેલી વસ્તુઓ તરફ તેણે દુઃખભરી દૃષ્ટિ ફેરવી. એક ક્ષણમાં જ આ બધું બની ગયું. પીયૂષે કહ્યું.

'હવે ભલે બૂમ પાડ.'

પરંતુ તે બૂમ પાડે ને પહેલાં તો વીણાના પિતા અને પોલીસના માણસોથી વીણાની ઓરડી ઉભરાઈ ગઈ.

'ચાલો, જુઓ, ફાવે તે તપાસ કરો. મારી આબરૂ ઉપર હુમલો થાય છે તેનો હું જવાબ લઈ શકીશ.' વીણાના પિતાએ કહ્યું. તેમનો ક્રોધ માતો નહતો.

'ફોજદાર સાહેબ, વીણાના હાથમાં શું છે એ જ જુઓ અને

પછી હું મારા મિત્રની આબરૂ લઉં છું કે કેમ તે આપને સમજાશે.' પોલીસના માણસોની વચ્ચે ઊભેલા એક ગૃહસ્થે કહ્યું. વીણાના દેહમાંથી પ્રાણ નીકળી જતો હોય એવી તેને વેદના થઈ આવી. તેનું હૃદય બંધ પડશે જ એવી તેને ભીતિ લાગી. તેણે મેજ ઉપર હીરો મૂકી દીધો. સહુએ એ સુંદર જવાહીર જોયું. એ જવાહીર ખોવાયાની અને તે વીણાએ ચોરી લીધાની ફરિયાદ ઉપરથી તત્કાળ પોલીસનાં માણસોને આવવું પડયું અને વીણાના પિતા સરખા સદ્‌ગૃહસ્થને ત્યાં તપાસ કરવી પડી.

'કેમ સાહેબ, હવે શું કહો છો?' ફોજદારે પૂછયું.

'એમને કશું ન પૂછશો. જે પૂછવું હોય તે મને પૂછો.' પીયૂષ વચ્ચે બોલી ઊઠયો.

'તમે કોણ છો?' ફોજદારે પૂછયું.

'હું આ ઘરમાં સેક્રેટરી છું.'

'તે હશો. આ કામ સાથે તમારો સંબંધ નથી.'

'આ કામ સાથે મારો જ સંબાંધ છે. બીજા કોઈને પૂછવાનો કાંઈ અર્થ નથી.'

'કેમ?'

'કેમ? આ હીરો મેં ચોર્યો છે માટે.' પીયૂષે કહ્યું.

'શું?' ફોજદાર તથા સિપાઈઓ અને બધાંએ ચમકીને પૂછયું.

'હું ફરી કહું છું કે આ હીરો મેં ચોર્યો છે.'

સ્તબ્ધ બની ગયેલી વીણા પીયૂષની સામે જ જોઈ રહી. વીણાના પિતાનું મુખ સહજ નમ્ર બન્યું.–કુમળું બન્યું. નવા આવેલા ગૃહસ્થ–જે હીરાના માલિક હતા તેમનું મુખ ઝાંખું પડયું. તેમણે કહ્યું:

'મારે તો મારા હીરા પૂરતો સવાલ છે. કોણ ગુનેગાર છે તેની ચકચાર મારે કરવાની નથી.'

'તમે શા માટે આ હીરો ચોર્યો ?' ફોજદારે પીયૂષને પૂછ્યું.

'કંઈક કારણ તો હશે જ ને.' પીયૂષે કહ્યું.

'શું કારણ હતું ?'

'મારે જે કહેવાનું હશે તે હું અદાલતમાં જણાવીશ. તમારો હીરો જડ્યો છે, અને ગુનેગાર પકડાયો છે, એટલું બસ નથી ?' પીયૂષે કહ્યું.

'તમને પહેરામાં રાખવા પડશે.' ફોજદાર બોલ્યા.

'હું જાણું છું. મારી તૈયારી છે.' પીયૂષે કહ્યું.

'તમે હવે અમારા પહેરામાં જ છો એમ માનજો.'

'ઠીક.' કહી પીયૂષ અદબ વાળી ઊભો રહ્યો.

ફોજદારે ચોરાયેલો હીરો કબજામાં લીધો, પંચો દ્વારા પંચક્યાસ કરાવ્યો અને પીયૂષને લઈ સહુ પાછા ફર્યા. વીણા બધો વખત પીયૂષ સામે જોયા જ કરતી હતી, પરંતુ પીયૂષની આંખ ક્ષણ માટે પણ વીણા તરફ વળી નહિ. ઓરડીની બહાર પીયૂષ નીકળ્યો અને વીણાથી બૂમ પાડી દેવાઈ.

'પીયૂષ !'

ફોજદાર અટક્યા. આરોપીએ ગુનો કબૂલ્યો હોવાથી, મુદ્દામાલ મળી આવેલો હોવાથી, તેમ જ વીણાના પિતાને ખોટું લગાડવાનો પ્રસંગ ટળી જવાથી, સભ્ય આરોપીને બનતી સગવડ આપવા તેઓ આતુર હતા. તેમણે પીયૂષને કહ્યું :

'તમારે કોઈને મળવું છે ?'

'ના, જી.' પીયૂષે જવાબ આપ્યો.

'પેલાં બહેન તમને બોલાવે છે.'

'ભલે. એ મને હિંમત આપવા માગે છે; પણ મારું હૃદય સ્થિર છે· મારે કોઈને મળવું નથી.'

અદાલતમાં કામ ચાલ્યું. કામ બહુ સરળ હતું. હીરો ચોરાયો હતો, પીયૂષ એ ચોર્યાનો ગુનો કબૂલ કરતો હતો, શા માટે ચોરી

કરી અને શી રીતે ચોરી કરી તેની વિગત પૂરતી ન હતી. હઠીલો આરોપી તે સંબંધમાં કશી પણ સ્પષ્ટતા કરતો ન હતો, એટલે કેટલોક ભેદ વણઉકેલ્યો રહેતો હતો. હીરો મૂળ વીણાના પિતાની માલિકીનો હતો. વ્યાપારમાં ખોટ જવાથી વીણાના પિતાએ તે હીરો એક વર્ષ ઉપર ફરિયાદીને વેચ્યો હતો. ફરિયાદીને અને વીણાના પિતાને સારો સંબંધ હતો. હીરો ચોરાયો તે દિવસે ફરિયાદીની પત્નીએ સ્ત્રીઓની એક મિજલસ ભરી હતી અને તેમાં વીણાને બોલાવી હતી. ફરિયાદીની એક નાની છ વરસની દીકરીના કંઠમાં મોતીની એક સેર સાથે હીરો લટકાવેલો હતો. સ્વાભાવિક રીતે છોકરી એક સ્થળે બેસી રહેતી ન હતી, પરંતુ તેની સાચવણી માટે એક ભરોસાદાર બાઈ સાથે જ ફર્યા કરતી હતી.

વીણા સહુથી પહેલી ઊઠી. તે ગાડીમાં બેઠી નહિ હોય એટલામાં ફરિયાદીની દીકરીએ મિજલસ વચ્ચે આવી રડતે રડતે કહ્યું.

'મારી સેર તૂટી ગઈ.'

સહુ ચમક્યાં. હીરો એ સેરમાં પરોવેલો હતો તે બધાંએ જોયું હતું. ફરિયાદીની પત્નીએ બાળકીને ગળે જોયું તો સેર તૂટેલી લટકતી દેખાઈ. તેણે પૂછ્યું :

'હીરો ક્યાં ?'

'મને ખબર નથી.' બાળકીએ કહ્યું.

'શાથી સેર તૂટી ?'

'મને ખબર નથી.'

'ક્યાં તૂટી ?'

'મને ખબર નથી.'

'મને ખબર નથી.' ના આવર્તનથી સહુને ગભરાવતી બાળકીને કોઈએ પૂછ્યું.

'તારી સેર કોઈએ જોવા લીધી હતી ?'

'હા, જતાં જતાં વીણાબહેન જોતાં ગયાં, એમણે કહ્યું કે

સેર તૂટી ગઈ હતી.'

બારીએથી જોતાં વીણાની ગાડી ચાલી જતી દેખાઈ. વીણાની સામે એક પુરુષ બેઠેલો હતો. તે ઘણું કરીને પીયૂષ હતો. સ્વાભાવિક રીતે વીણા ઉપર સહુને શક ગયો. વીણા એ હીરો તેના પિતાની માલિકીના સમયમાં બહુ વખત પહેરી ફરતી હતી. વીણાને તે બહુ ગમે છે એમ કહી તેના પિતાએ ફરી પોતાને વેચવા માગણી પણ કરી હતી.

લાખે લેખાતી કિંમતવાળા હીરાની ચોરી જતી કરાય એમ ન હતું. ફરિયાદીએ બધી હકીકત પોલીસમાં જાહેર કરી. બન્ને ધનિકોના યુદ્ધમાં ભાગ લેવા માટે પોલીસ આતુર હતી. વીણા ઉપર આરોપ મુકાયો અને પોલીસ તેની તપાસ માટે નીકળી પડી.

વીણાની ઓરડીમાં જ—વીણા પાસેથી હીરો મળી આવ્યો. પરંતુ હીરાની ચોરી પીયૂષે કરી હતી એમ કબુલાત થઈ. કામ ચાલતા દરમિયાન વીણાની સ્થિતિ એટલી નાદુરસ્ત હતી કે તેનાથી અદાલતમાં આવી જુબાની આપી શકાય એમ હતું જ નહિ. આરોપી પીયૂષ ગુનો કબૂલ કરતો હતો. વીણાની ઓરડીમાં વીણા પાસે જ તે તપાસ વખતે ઊભો હતો. હીરો છોકરી પાસેથી ચોરાયો તે વખતે પણ વીણાની ગાડીમાં પીયૂષ હતો એવો પુરાવો પડ્યો હતો. વીણાની પ્રતિષ્ઠા, તેનું ચારિત્ર અને તેના પિતાની સંપત્તિનો વિચાર કરતાં વીણા ઉપર શક લેવાનું કારણ રહ્યું ન હતું. પીયૂષની સ્થિતિ સાધારણ કરતાં પણ નીચી કોટિની હતી. ચોરી કરતાં તેને કોઈએ જોયો ન હતો એ ખરું; તથાપિ તેણે ચોરી નથી કરી એવો બચાવ પણ કરવામાં આવતો ન હતો. વીણાની જુબાની એ કામે સારો પ્રકાશ પાડી શક્ત; પરંતુ તેને અદાલતમાં લવાય એમ હતું નહિ. પીયૂષે જ બાળકીની રમતનો લાભ લઈ સેર તોડી હીરો લીધો હતો; વીણાએ સેર જોવા માગી ત્યારે તે તૂટેલી હતી એમ તેણે જ કહ્યાનું બાળકીએ જણાવ્યું હતું : આમ પીયૂષની કબૂલાત મુજબ ગુનો સાબિત

માનવાનાં કારણો મળવાથી પીયૂષને ગુનેગાર ઠરાવી તેને સખ્ત કેદની શિક્ષા કરવામાં આવી.

કેદખાનામાં પીયૂષ અને વીણા વચ્ચે પત્રવ્યવહાર થયાનું કોઈ જાણતું ન હતું. કેદમાંથી બહાર નીકળતાં પીયૂષે વીણાને જોઈ ત્યારે તેને નવાઈ લાગી. વીણાને તે ઓળખાતો હોય એવો તેણે દેખાવ પણ કર્યો નહિ. કેદખાનાનાં કપડાં બદલી તે નીચે મુખે બહાર નીકળ્યો. ક્યાં જવું તેના વિચારમાં તે દરવાજા બહાર સહજ ઊભો રહ્યો. વીણાએ પાછળથી બૂમ પાડી.

'પીયૂષ !'

પોલીસને સ્વાધીન થતાં તેણે એ જ બૂમ સાંભળી હતી. પીયૂષે પાછળ જોયું.

'કેમ ઓળખતો નથી કે શું ?' વીણાએ પૂછ્યું.

'મારા જેવો ગુનેગાર તને ન ઓળખે એમાં ખોટું શું ?' પીયૂષે કહ્યું.

'બહુ સારું. તારે મારી સાથે આવવાનું છે.'

'ક્યાં ?'

'આપણે ઘેર, વળી બીજે ક્યાં ?'

'તમારે ઘેર ? હવે કેમ અવાય ?'

'હવે જ અવાય. બાપાજીએ તને લેવા મને મોકલી છે. ચાલ ગાડીમાં બેસી જા.'

'પણ...'

'પણ બણ નહિ.' વીણાએ પીયૂષનો હાથ ઝાલી બળજબરાઈથી તેને ગાડીમાં બેસાડી દીધો. વીણા તેની જોડમાં બેસી ગઈ. ગાડી ચાલી, અડધા રસ્તા સુધી કોઈ કશું બોલ્યું જ નહિ, વીણા અબોલ હતી તે અકળાઈ. તેણે પૂછ્યું :

'આ ત્રણ વરસમાં વીણા યાદ આવી હતી એકે વખત ?'

પીયૂષે સહજ હસી બાજુએ જોયું.

'બોલ તો ખરો. આખી જિંદગી મૂંગો રહ્યો.' વીણાએ ચિડાઈને કહ્યું.

'અને બાકીની જિંદગી વગર બોલ્યે પૂરી થાય એમ ઇચ્છું છું.' પીયૂષે કહ્યું. એ ઉચ્ચારણ કરતાં તેના મુખ ઉપર કોઈ મહા-વિષાદની છાયા પથરાઈ, તે વીણાએ નિહાળી.

'તેમ થશે, પણ તે એક શરતે.' વીણા બોલી.

'કઈ શરત?'

'તારું બોલવાનું કામ કરે એવી એક સ્ત્રીને પરણે તો એમ થાય.'

'વીણા! હું તો જડ છું. પરંતુ મશ્કરી આવે વખતે ક્રૂર ન લાગે?'

'અલબત્ત, મશ્કરી હોય તો જરૂર ક્રૂર લાગે.'

'ત્યારે તું શા માટે આવી વાત કરે છે?'

'કેવી વાત?'

'મારે પરણવાની. કેદમાં જઈ આવનારને કોણ પરણે?'

'હા, શા માટે નહિ?'

'શું તું યે ઘેલછાભર્યું બોલે છે?'

'સાચી વાતમાં તને ઘેલછા ભલે લાગે. હું તો ખરું કહું છું.'

'ઠીક.'

'શું ઠીક?'

'મને કોઈ પરણનાર મળશે ત્યારે જોઈશ.'

'ધાર કે તને અબઘડી કોઈ પરણનાર મળે તો?'

'તો હું વિચાર કરીશ.'

'ત્યારે હવે વિચાર કરવા જ માંડ.'

'કેમ?'

'તને પરણનાર કોઈ મળી છે માટે.'

'કોણ?'

'હું.' વીણા બોલી.

પીયૂષ ગાડીમાં ને ગાડીમાં ઊભો થઈ ગયો. તેને લાગ્યું કે કેદખાનામાં જ તેને આવું વીણાસ્વપ્ન આવ્યું છે, વીણાએ તેનો હાથ ખેંચી નીચે બેસાડયો ત્યારે જ તેને લાગ્યું કે એ સ્વપ્નમાં નહિ, પણ જાગૃત સ્થિતિમાં હતો.

ઘેર આવતાં વીણાના પિતાએ તેનો સત્કાર કર્યો. પરંતુ તે જ રાત્રે વીણાનાં લગ્ન પીયૂષની સાથે અત્યંત શાન્ત અને સાદી રીતે થવાનાં છે એવું તેણે જાણ્યું ત્યારે તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તે વીણાના પિતા પાસે દોડી ગયો.

'સાહેબ, આ હું શું સાંભળું છું ?' તેણે પૂછ્યું.

'તમે જે સાંભળો છો એ ખરું છે.' વીણાના પિતાએ કહ્યું.

'એમાં ભારે ભૂલ થાય છે.'

'કેવી રીતે ?'

'હું ક્યાં અને વીણા ક્યાં ? મારી પાત્રતા... '

'એ તો વીણાની મરજીની વાત છે.'

'તમે એને સમજાવો.'

'બહુ સમજાવી.'

'હું એને સુખી કરી શકીશ નહિ.'

'એ હું નથી માનતો. આ ત્રણ વરસનો ભોગ...'

'પીયૂષ !' બહારથી વીણાનો સાદ આવ્યો.

'જુઓ, મેં તો વીણાને સમજાવી. તમારી ઇચ્છા હોય તો તમે હવે સમજાવો. વીણાના પિતાએ કહ્યું અને ઓરડાની બહાર તેઓ ચાલ્યા ગયા. વીણા અંદર આવી.

'શું કરે છે તું ?' વીણાએ પૂછ્યું.

'તારી મૂર્ખાઈ અટકાવવા મથું છું.'

'તારું મંથન નિરર્થક છે.'

'કેમ ?'

'પીયૂષ, તને પુરુષ થતાં આવડે તો મને સ્ત્રી થતાં નહિ આવડે ?'

'હું ગમાર છું. રસભાષા મને નહિ સમજાય.

'ત્યારે સાંભળ, ગમાર! તે દિવસે તારું પૌરુષ જોયું અને હું મનથી તને વરી ચૂકી.'

'અરે, પણ મારો ઉપકાર વસતો હોય તો મને માનપત્ર આપ, મારા તરફ પૂજ્યભાવ રાખ; પણ આમ...'

'મને તો ઉપકારે વસતો નથી અને પૂજ્યભાવે વસતો નથી મને તો એક જ ભાવ આવે છે.'

'કે?'

'કે તું મારો છે.'

વાદવિવાદ વૃથા હતો. પીયૂષના ભીષણ પ્રયત્નો છતાં વીણાનું લગ્ન તે જ રાત્રે પીયૂષ સાથે થઈ ગયું એટલું જ નહિ, એની જાહેરાત પણ થઈ ગઈ.

બીજે દિવસે આખા દેશમાં હાહાકાર થઈ રહ્યો. વર્તમાનપત્રોના પ્રતિનિધિઓને જવાબ આપતાં બન્ને જણને થાક લાગ્યો. રાત્રે મુલાકાત બંધ થઈ. પીયૂષ અગાસીમાં ઊભો ઊભો વિચાર કરતો હતો. પાછળથી વીણા આવી તેનો પણ એને કશો ખ્યાલ રહ્યો નહિ વીણા બહુ વાર ઊભી રહી. ધીમેથી છેવટે પીયૂષને ખભે તેણે હાથ મૂક્યો. ચમકીને પીયૂષે પાછળ જોયું.

'કેમ ચમકે છે?' વીણાએ પૂછ્યું.

'અમસ્તો જ.'

'તારી આંખમાં કાંઈ ગભરાટ છે.'

'ના.'

'હું નથી માનતી.'

'એક વાત મને ગૂંચવે છે.'

'શી?'

'તને ખોટું લાગશે. આજ નહિ પૂછું.'

'મને ખોટું લગાડવાનો તને અધિકાર છે. આજ નહિ પૂછે

તો હું કદી જવાબ આપીશ નહિ.'

'હીરો તેં ચોર્યો હતો?'

'હા.'

'શા માટે?'

વીણાએ પીયૂષનો હાથ પકડી તેને નીચે બેસાડચો અને હીરો ચોર્યાની વાત કહી સંભળાવી;

વીણાને નાનપણથી બધાં બાળકોની માફક ચમકતી અને સુંવાળી વસ્તુઓ પ્રત્યે અતિશય પ્રેમ હતો. બાળપણમાં તેણે પથરા અને કાચનો એક ભંડાર ભેગો કર્યો હતો. બીજાં બાળકોનો મોહ ધીમે ધીમે ઓછો થતો જાય છે; પરંતુ વીણાનો મોહ એક પ્રબળ આવેશ બનતો ગયો અને પથરા તથા કાચને બદલે જવાહીરો પ્રત્યે તે વળ્યો. મોતી નીલમ, હીરાને જોતાં અને અડકતાં તેને અવર્ણનીય કંપ થતો.

વીણા ભણીગણીને મોટી થઈ તો ય તેનો આવેશ એવો ને એવો જ પ્રબળ રહ્યો. એ જ આવેશમાં તેણે પિતા પાસે એ અતિ મૂલ્યવાન હીરો ખરીદ કરાવ્યો. એ હીરા પાછળ તે ઘેલી બની ગઈ હતી. હીરાને આંખે જોવો, તે ઉપર હાથ ફેરવવો, અગર તેને જુદાં જુદાં આભૂષણો દ્વારા પહેરવો એ તેનું પરમ સુખ બની ગયું.

પરંતુ એ સુખ અસ્ત પામ્યું. હીરો વેચવાની તેના પિતાને ફરજ પડી. વીણાએ હીરો બહુ ખુશીથી પિતાને આપી દીધો, પરંતુ તે દિવસથી તેનો દેહ અને તેનું મન વ્યગ્ર બની ગયાં. એ દુઃખ ભૂલવા તેણે અથાગ પ્રયત્ન કર્યા, પરંતુ તેને હીરાની ઝંખના થતી ચાલી. કેટલીક વખત તો તેને લાગતું કે હીરા વગર તેનાથી જીવાશે જ નહિ. હીરો ક્યાં વેચાયો હતો તેની તેને ખબર ન હતી. માત્ર તેના પિતાએ તેને આશ્વાસન આપેલું કે એ હીરો તો પાછો મેળવી શકાશે.

અકસ્માત એક મિજલસમાં પેલી બાળકીને કંઠે તેણે હીરો જોયો. પોતાનું ખોવાયલું બાળક જડયું હોય એવા હર્ષથી તેણે હીરા

પ્રત્યે નજર નાખી, બાળકી બધે ફરતી હતી. એ હીરો તેને મળવાનો નથી એવી લાગણી થતાં તેને અકથ્ય વિષાદ ઊપજ્યો. મિજલસમાંથી તે વહેલી ઊઠી. બારણાં પાસે જતાં એક ખૂણામાં બાળકી રમતી હતી. બાઈ અને દરવાન વાતો કરતાં બહાર ઊભાં હતાં. બાળકીને તેણે કહ્યું :

'જોઉં બહેન, તારી સેર ?'

ઘણાંએ એ પ્રમાણે હીરો ભરવેલી મોતીસેર જોઈ હતી. બાળકીએ ગર્વપૂર્વક સેર ઉપર વીણાને હાથ ફેરવવા દીધો. એકાએક વીણાએ બૂમ પાડી :

'જો જો. તારી સેર તૂટેલી છે.'

કોઈ ભયાનક આંતરધક્કો વાગ્યો અને વીણાએ અજબ સિફતથી સેર તોડી હીરો લઈ લીધો. ઝડપથી તે ઘર બહાર નીકળી અને ઘરે આવી.

એટલામાં પોલીસ આવ્યાની તેને ખબર પડી. આત્મઘાત સિવાય તેને બીજો માર્ગ ન હતો. પીયૂષ સમજ્યો, તેણે વીણાને આત્મઘાતમાંથી બચાવી લીધી, એટલું જ નહિ—વગર વિલંબે તેણે વીણાની ચોરી પોતાને માથે લીધી.

'બીજું કાંઈ પૂછવું છે ?' વીણાએ કહ્યું.

'ના.' પીયૂષે કહ્યું.

ફરીથી આવી ઘેલછા મારામાં નહિ ઊપડે એની ખાતરી શી ?'

'તેં ઊભા કરેલા પ્રશ્નનો જવાબ તું જ આપ.'

'હવે એ ઘેલછા ફરી નહિ ઊપડે.'

'કેમ ?'

'એકને બદલે મને બે હીરા મળ્યા છે,' કહી વીણાએ પીયૂષનું મસ્તક પકડી તેની બન્ને વ્યાકુળ આંખે ચુંબન કર્યું,

પીયૂષને સંપૂર્ણ ખાતરી થઈ કે વીણાની ઘેલછામાં તેનું ભાવિ જીવન સુરક્ષિત છે.

# સમાન હક્ક

૧

સહશિક્ષણના અનેક લાભો છે, તેમાંનો મુખ્ય લાભ તો એ છે કે યુવક-યુવતીને પરસ્પર પિછાનની પૂર્ણ તક મળે છે, સ્નેહલગ્ન માટે સુંદર ક્ષેત્ર તૈયાર થાય છે, અને માબાપની પસંદગીના પ્રણાલિકાવાદનો ભંગ કરી બંડખોર તેમ જ નમાલાં બધાંયને ગમતું લગ્ન કરી નાખી, બંડખોરનું મહાન બિરદ મેળવવાની પણ સગવડ મળે છે. લાભ જેવો તેવો નથી.

સુકન્યા અને ભગીરથ સહશિક્ષણને પ્રભાવે ભણતાં ભણતાં જ સ્નેહમાં પડ્યાં અને ભણી રહ્યા પછી પરણી પણ ગયાં. સ્નેહ પરમ સુખ અર્પે છે. એ સુખ પણ તેમણે અનુભવ્યું, અને વગ-વાળા સંબંધો હોવાને લીધે ભગીરથને સારી નોકરી પણ મળી ગઈ. સંસ્કારી, સુરક્ષિત અને સુખી યુગલ જીવનના ઘેરા પડછાયામાંથી મુક્ત રહ્યું હતું.

સુકન્યાને પુરુષ મિત્રો હતા અને ભગીરથને સ્ત્રીમિત્રો હતી. સહશિક્ષણના યુગમાં એ નવાઈ કહેવાય નહિ. વળી વિદ્યાપીઠ એ સહ-શિક્ષણને પ્રભાવે પ્રેમની પણ પ્રયોગશાળા બનતું જાય છે, એટલે

ઓળખાણ, મૈત્રી, અલ્પ પ્રેમ, અર્ધ પ્રેમ, પ્રેમાપ્રેમ, નિરાશ પ્રેમ, સમાન પ્રેમ, સામાન્ય પ્રેમ, એવા એવા પ્રેમપ્રકારોના પણ વ્યાપક પ્રયોગોનો લાભ સહુને મળે છે. આ પ્રેમટુકડા જીવનમાં ચોંટી રહેતા હોવાથી સપૂર્ણ સ્નેહની સાથે સાથે ક્વચિત પોષાતા પણ જાય છે.

એકાન્ત જીવનના ઉપભોગ પછી મિત્રસહવાસની ઈચ્છા રહ્યા કરે છે. સુકન્યા અને ભગીરથ પોતાના મિત્રોને વારંવાર બોલાવવાની ઇચ્છા કરવા લાગ્યાં.

'આપણે જયાને બોલાવીશું ? ' ભગીરથ સુકન્યાને પૂછતો.

'હા હા. એ બોલકી છોકરી આવશે તો મઝા પડશે. પણ સાથે પ્રભાકરને પણ લખીએ તો કેવું ? ' સુકન્યા કહેતી.

'એ તો બિલકુલ મૂંગો. જયા હશે તો પ્રભાકરને બનાવવાની રમૂજ આવશે. એને પણ લખીએ.' ભગીરથે ખુશ થઈ સંમતિ આપી કાગળો લખાયા અને જયા તથા પ્રભાકર એ બન્ને થોડા દિવસમાં આવી પહોંચ્યાં.

જયાની જીભ એ વાણીનો અખૂટ ઝરો હતો. આખો દિવસ તેને કાંઈ ને કાંઈ બોલવાનું હોય જ, તેની વાત પણ રસ ભરી જ હતી. સહુ એની વાત સાંભળતાં. વાત ન હોય તો ઊભી કરતાં અને હસતાં. ઓછાબોલો પ્રભાકર પણ વાતો સાંભળતો, અને બોલવા માટે મથતો. પરંતુ જયાના વાક્પ્રવાહમાં સહુની વાણી ડૂબી જતી.

ગમ્મત, ઉલ્લાસ, મસ્તી, તોફાન એ વર્તમાન સમયનાં સંસ્કાર ચિહ્ન ગણાતાં જાય છે, કારણ સ્વાતંત્ર્ય એ વર્તમાન જીવનનું સૂત્ર છે. વૃદ્ધ માબાપ અને સાસુસસરાની હાજરી ઓછી થવાને લીધે – અગર હાજરી હોવા છતાં તેમની સત્તા ઐતિહાસિક કારણોના પ્રભાવથી નિર્મૂળ થતી હોવાને લીધે– જે મર્યાદાઓ જૂના સંસારને સંકુચિત અને રસરહિત બનાવી દેતી તે મર્યાદાઓ હવે લુપ્ત બનતી જાય છે; અને લાજને સ્થાને દેહદર્શન અબોલાને બદલે લખલૂટ વાર્તાલાપ તથા હાસ્યવિનોદ, સંકોચને સ્થાને સ્વાભાવિક દેહસ્પર્શ, અને... અને

ક્વચિત્ એકાન્ત મળતાં ઉતાવળું આપનાર અને લેનાર એ બે જ જાણે એવું ચુંબન – જે 'કીસ'ના હળવા નામથી બહુ પ્રચાર પામતું જાય છે–તે સ્ત્રીપુરુષ મિત્રોના સંબંધમાં હવે સકારણ આગળ પડતું સ્થાન મેળવે છે.

જયા અને ભગીરથ, સુકન્યા અને પ્રભાકર એ ચારે મિત્રો ભેગાં મળતાં ચારે જણને અપૂર્વ આનંદ ઊપજ્યો. પ્રથમ તો ચારે જણ સાથે જ ફરવા જતાં અને લોકોનું ધ્યાન ખેંચાય એટલો ઉત્સાહ દર્શાવતાં. મૂંગા પ્રભાકરને જયા ખૂબ પજવતી. એને ચોંકાવવા તેનો હાથ પકડીને અગર તેને ખભે હાથ મૂકીને તે ચાલતી ત્યારે પ્રભાકરનું લાલ બની જતું મુખ જોઈ સહુને બહુ મઝા આવતી.

અલબત્ત, ભગીરથ અને સુકન્યા બન્ને મિજબાન હોવાથી મહેમાનોની કાળજી રાખવામાં તેઓ જરા પણ કચાશ રાખતાં નહિ. એક પ્રસંગે પ્રભાકરની મોડી રાત સુધી મશ્કરી ચાલતાં હસતી સુકન્યાને ખ્યાલ આવ્યો કે પ્રભાકર ધપ્પાખાઉ ઠોળિયો નહિ પણ માનવંત મહેમાન છે. તે એકાએક બોલી ઊઠી :

'હવે બસ થયું. ચાલ પ્રભાકર, સૂઈ જા.' મિત્રો વચ્ચે તેમ જ પતિપત્ની વચ્ચે એકવચનનો વહેવાર બહુ ચલણી બનતો જાય છે.

પ્રભાકર ઊભો થયો. જયા બોલી :

'પ્રભાકરને હાલાં ગાજે. નહિ તો એને ઊંઘ નહિ આવે.'

'જરૂર પડશે તો તેમ પણ કરીશ. આખો દિવસ બિચારાને હેરાન કરો છો તે !' કહી સુકન્યા દયાભાવ દાખવી પ્રભાકરનો હાથ પકડી તેને ઓરડાની બહાર ખેંચી ગઈ.

'જયા ! હવે તું યે સૂઈ જા. બોલતાં થાકતી પણ નથી.' ભગીરથે કહ્યું. તે સુકન્યાએ પ્રભાકરનો હાથ ખેંચી ઓરડા બહાર જતાં સાંભળ્યું.

પ્રભાકરનું મુખ સહજ ઊતરેલું લાગ્યું. સુકન્યાએ વાર્યું કે એ બિચારા ઓછાબોલા પુરુષને બહુ અન્યાય થાય છે.

'પ્રભાકર, ખોટું લાગ્યું ?' સુકન્યાએ પૂછ્યું.

જૂના સમયમાં ધોલ મારવાપાત્ર મશ્કરી આજના ઉદાર યુગમાં સહી લેવાય છે એ ખરું; પરંતુ એ મશ્કરી મુખવિકૃતિ નથી કરતી એમ તો ન જ કહેવાય.

'ના ના.' પ્રભાકરે વિવેકથી જવાબ આપ્યો. અને તે ખાટલામાં આડો પડ્યો.

'ત્યારે તબિયત તો સારી છે ને?' સુકન્યાએ વધારે કાળજી કરી.

'ના. ઠીક છે.' ધીમે રહી પ્રભાકરે કહ્યું. જયાના મોટા ઘાંટાથી ટેવાયેલી સુકન્યાને લાગ્યું કે પ્રભાકરના કંઠની નરમાશ તેના દેહની નરમાશનું સૂચન છે. તેણે સ્વાભાવિક રીતે સૂતેલા પ્રભાકરને કપાળે હાથ મૂક્યો.

કોઈ પણ યુવતીનો કપાળે મૂકેલો હસ્ત હરકોઈ યુવકને ગમે છે—પછી તે યુવક શાન્ત હોય કે અશાન્ત હોય! અબોલ પ્રભાકર આ પ્રસંગે પણ અબોલ રહ્યો. સુકન્યા સમજી કે પ્રભાકરનું મસ્તક દુઃખતું હશે. તેણે તેને માથે હાથ ફેરવ્યો, અને તેનું માથું પાંચેક મિનિટ સુધી દબાવી આપ્યું.

'હવે ઠીક લાગે છે?' પાંચ મિનિટ થતાં સુકન્યાએ પૂછ્યું.

પ્રભાકર કંઈ બોલ્યો નહિ. અબોલ રહેવામાં લાભ સમાયો છે એમ તેને દેખાતું હતું. પરંતુ સુકન્યા પ્રભાકરને ઊંઘી ગયેલો માની પાછી ફરી.

૨

'જયા! હવે તું યે સહેજ જ બોલતાં થાકતી પણ નથી.' પ્રભાકરને ખેંચી જતી સુકન્યાને પગલે ચાલતા તેના સ્નેહી પતિએ જયાને કહ્યું પરંતુ તેણે જયાનો હાથ ખેંચ્યો નહિ. હાથ ખેંચવાની જરૂર પણ ન હતી. જયા અને ભગીરથ એક સોફા ઉપર બેઠાં હતાં. સહશિક્ષણમાં સહબેઠક શક્ય છે.

'લે, હું તો આ સૂતી. આજ તો એટલું બોલી છું કે મારું મોં અને માથું બન્ને દુઃખી ગયાં.' જયાએ સોફા ઉપર પડેલો

એક તકિયો લઈ ભગીરથની પાસે ગોઠવી સૂતાં સૂતાં કહ્યું.

આખી જયા માય એવડો લાંબો સોફા નહોતો. કદાચ ભગીરથ ઊઠ્યો હોત તો જયા આરામથી સોફા ઉપર ઊંઘી શકત. પરંતુ ભગીરથ ત્યાંથી ઊઠ્યો નહિ. મહેમાન જયાની પૂરતી કાળજી રાખવી જોઈએ એમ તે માનતો હતો. અને એ પ્રમાણે વર્તન પણ રાખતો હતો. તેને લાગ્યું કે મૈત્રિણીને તેણે આરામ આપવો જોઈએ.

'બહુ માથું દુઃખે છે ખરું ?'

'બહુ તો નહિ પણ દુઃખે છે ખરું.' જયાએ કહ્યું.

'લાવ હું દબાવું.' કહી ભગીરથે જયાના મસ્તક ઉપર હાથ ફેરવવા માંડ્યો.

કોઈ પણ યુવતીને કપાળે હસ્ત મૂકવો હરકોઈ યુવકને ગમે છે– માત્ર તે યુવતી પોતાની માંદી પત્ની ન હોવી જોઈએ. પ્રત્યેક યુવતીને લાડ ગમે છે. અને જો તે જૂની પ્રણાલિકામાં ન ઊછરી હોય તો મિત્રના લાડમાં તે અબોલ રહે છે, બહુબોલી જયા અબોલ રહી. ભગીરથે પાંચેક મિનિટ સુધી જયાનું મસ્તક દબાવ્યા કર્યું.

'કેમ ? હવે ઠીક છે ?' ભગીરથે પૂછ્યું. મસ્તક ઉપર બહુ મજૂરી કરવી એ રસિકોને પણ લાંબો વખત ફાવતું નથી. જયાએ કશો જવાબ ન આપ્યો.

'સૂતી કે ઢોંગ કરે છે ?' ભગીરથે પૂછ્યું.

જવાબમાં મીંચેલી આંખે જયા આછું આછું હસી રહી. જયાના મુખ સામે ભગીરથને જોઈ રહેવું ગમ્યું. તેણે મિત્રભાવે જયાના ગાલ ઉપર ટપલી અડાડી કહ્યું :

'લુચ્ચી !'

પરંતુ તે જ ક્ષણે ઓરડામાં આવેલી સુકન્યાને તેણે જોઈ હોત તો એ અતિમૈત્રીનો આવો ચાળો કરત કે કેમ તેની ભગીરથને જ શંકા પડી. મૂંઝાવાનું કારણ જરા ય ન હતું છતાં તે સુકન્યાને જોઈ મૂંઝાયો. મૂંઝવણમાં જ તેનાથી પુછાઈ ગયું :

'કેમ આટલી વાર લાગી?'

પ્રભાકરનું મસ્તક દબાવી મૂંઝવણ અનુભવી ઝડપથી આવતી સુકન્યાથી બોલાઈ ગયું:

'મારા મનમાં એમ કે જયાને ગાલે ટપલી લગાડી રહે, પછી હું આવું.'

'શું?' ભગીરથ જરા કડક અવાજે બોલ્યો.

બહુ બોલી જયા સફાળી બેઠી થઈ ગઈ. પતિ અને પત્નીની આંખ જોઈ તે સહજ ઓશિયાળી બની ઓરડાની બહાર ચાલી ગઈ.

સ્ત્રીપુરુષની સમાનતા આ યુગનું કામશાસ્ત્ર એમ શીખવે છે કે સ્ત્રીત્વ તથા પુરુષત્વને વારંવાર આગળ કરી સ્ત્રીપુરુષના સંબંધની સ્વાભાવિકતાને વિકૃત ન બનાવવી. નહિ તો અનીતિ ગુપ્ત રહી વધારે ફેલાશે અને અસ્વાભાવિક સ્વરૂપો ધારણ કરશે. જૂનું કામશાસ્ત્ર કહે છે કે પુરુષ એ પુરુષ. તથા સ્ત્રી એ સ્ત્રી. એમ ચોક્કસપણે સમજી લઈ સંબંધમાં આવવું – અગર ન આવવું. એ દારૂદેવતાનો સંબંધ છે. સ્વાભાવિકતાનો સંબંધ સરળતામાં લપસી પડવાનો ભારે ભય છે.

વર્તમાન યુગ આ બે વિચારોની વચમાં ઝોલાં ખાઈ રહ્યો છે. જાતીય આકર્ષણનું અંતિમ પરિણામ પાપ નથી, એવી પ્રેરણા આ પાપરહિત બનતા જતા યુગના સંસ્કારો આપ્યે જાય છે; છતાં એમાં પાપ માનતા જૂના યુગના સંસ્કારો હજી દટાતા દટાતા પણ જીવતા રહી ગયા છે. એ જૂનાં સંસ્કારભૂતો અનેક નવીન સંસ્કાર સંબંધમાં ઝેર રેડે છે, અને સ્ત્રીપુરુષ વચ્ચેની, કંઈક મૈત્રીઓ, કંઈક પ્રેમો, અને કંઈક અર્ધપ્રેમોને ખંડેર સરખાં બનાવી મૂકે છે!

ભગીરથ અને સુકન્યા બન્ને એ જૂના સંસ્કારપિશાચની ચુગાલમાં સપડાયાં. તે જ ગુણથી ભગીરથ અને સુકન્યા પરસ્પર સાથે બોલતાં બંધ થઈ ગયાં. જોકે મહેમાનો સમક્ષ વધારે મૂર્ખાઈ ન થાય એટલા પૂરતું બોલવાની દરકાર તેઓ રાખતાં જ હતાં.

તો ય પતિપત્નીના માનસમાં પડેલો ફેર મહેમાનો ન સમજે

એટલાં તે ભોળાં ન હતાં. પ્રભાકરને ઘરમાંથી ચાલ્યા જવાની ઇચ્છા થઈ પરંતુ સુકન્યા તેને આગ્રહપૂર્વક રોકી રાખતી. પતિને જાણી જોઈ બાજુએ મૂકી તેની જ સાથે તે એકલી ફરવા જતી અને એકલી વાતો કરવા બેસતી.

જયાને પણ બહુ બેચેની લાગવા માંડી. એ બેચેની આ મિત્રોનું ઘર તત્કાળ છોડવાથી મટે એમ હતું. પરંતુ ભગીરથ જયાને લઈ ફરવા જતો. અને શાન્ત પડી જતી જયાને વાતો કરતી નિહાળવા પોતે જ અતિ વાચાળ બની જતો.

પરંતુ આ સ્થિતિ લાંબો વખત ચાલી શકે જ નહિ. શસ્ત્રોની વૃષ્ટિ વચ્ચે રહેવું સહેલું છે; ઊંચા મનવાળાં પતિપત્નીના ઘરમાં મહેમાન બની રહેવું અસહ્ય અને અશક્ય છે.

ઓછાબોલા પ્રભાકરે એક દિવસ સુકન્યાને કહ્યું :

‘હવે હું કાલે જઈશ.’

‘શા માટે?’

‘હું અહીં આવ્યો છું તે તમારા જીવનમાં વિક્ષેપ પાડવા માટે નહિ.’

‘વિક્ષેપ શા માટે પડે?’ સુકન્યાએ પોતાના સ્રીત્વનું ગૌરવ ધરી પૂછ્યું:

‘તું જોતી નથી? ભગીરથને આપણો સંબંધ રુચતો નથી.’

‘એને ના રુચે તો એ જાણે. એની આંખમાં તો કમળો છે.’

‘એની આંખનો કમળો વધારવો કે ઘટાડવો?’

‘હું તદ્દન સરળ અને નિર્દોષ છું. પરંતુ મારું વ્યક્તિત્વ હું દબાવી દેવા માગતી નથી.’

‘પણ ભગીરથને ન ગમતી વાત કરવાથી ફાયદો શો?’

‘ફાયદાનો પ્રશ્ન નથી, સિદ્ધાન્તનો સવાલ છે.’

‘શો સિદ્ધાન્ત?’

‘પુરુષમિત્રો સાથે સંસર્ગ રાખવાની મારે સ્વતંત્રતા હોવી

જોઈએ. જો, આ હું તને " કીસ " કરું છું. તને અને મને ક્યાં વિકાર ઊપજ્યો ? ' પ્રભાકરની ભયંકર મૂંઝવણ છતાં સુકન્યાએ પોતાના મિત્ર પ્રભાકરને ચુંબન કર્યું.

ચુંબન વિકારપ્રેરક હોઈ શકે કે નહિ તેની ચર્ચા મીમાંસકો કરી શકે. નિષ્ણાત વૈજ્ઞાનિકની દેખરેખ અને પ્રયોગશાળા વગર આવા પ્રયોગો કરવામાં કંઈ જોખમ રહેલું છે કે નહિ તે વૈજ્ઞાનિકો જ નક્કી કરી શકે. પ્રભાકરમાં જરા પણ વિકાર નહોતો ઊપજ્યો એની ખાતરી એના ફિક્કા લોહી ઊડી ગયેલા મુખ ઉપરથી થઈ શકે એમ હતું. જુગારમાં હજારો રૂપિયા જીતેલો– અગર હારેલો પુરુષ એકાદ રૂપિયો ફેંકતા જરા પણ કંપ અનુભવતો નથી, એવી અકંપ ધીરતાથી ચુંબન ફેંકી ઊભેલી સુકન્યામાં પણ વિકાર નહોતો ઊપજ્યો, એમ તેની ગર્વિષ્ટ મુખમુદ્રા સાબિતી આપતી હતી.

વિકાર ઊપજ્યો માત્ર ભગીરથની આંખમાં. તે એ જ ક્ષણે બારણાં આગળ થઈ પસાર થયો.

૩

એકાદ ચમચમતી વેલ અગર કપરી આંખથી જૂના જમાનામાં કંઈક પ્રશ્નોનું નિરાકરણ લાવી શકાતું હતું. આ ઉદાર યુગમાં એ મુશ્કેલ બનતું હોય છે. ઉશ્કેરાયલો ભગીરથ જયા પાસે આવી બેઠો.

' તને કાંઈ ભાન છે કે નહિ, ભગીરથ ? ' જયાએ પૂછ્યું.

' મને પૂરતું ભાન છે, અને હું બધું સમજું છું.' ભગીરથે કહ્યું.

' તું સમજતો હોય તો મને આજ જવા દે. '

' બિલકુલ નહિ. મારા મિત્રોને મારા ઘરમાં માનભર્યું સ્થાન છે.

' ખરું. પરંતુ મિત્રો રાખતાં તારું સ્થાન માનભર્યું મટી જાય છે તે ? '

' હું જરા પણ સહન કરીશ નહીં અવિશ્વાસ કરી નહિ. '

' મારા રહેવાથી એ અવિશ્વાસ વધ્યે જશે.

'તેની મને પરવા નથી. હું શુદ્ધ છું. અને તમે અડક્યા છતાં પણ શુદ્ધ છું એ હું જગતને બતાવી આપીશ.'

'પણ એ બધી મહેનત લેવાનું કારણ?'

'કારણ એટલું કે પતિપત્ની વચ્ચે જાસૂસી સંબંધ બંધ થવો જોઈએ.'

'તે કેમ બંધ થાય?'

'જો હું તારે ગળે હાથ નાખીને બેસું તોપણ કોઈને વહેમ પડવો ન જોઈએ. શા માટે એમાં દોષ જોવાય?' કહી ઉગ્ર ભગીરથે જયાના ખભા પર હાથ મૂકી દીધો.

સ્પર્શાસ્પર્શની ભાવના અંત્યજો માટે જ સુધરી છે એમ નહિ. સ્ત્રીપુરુષના સ્પર્શની છોછ પણ હવે ઘણી ઘટતી જાય છે. એ વિકાસનું લક્ષણ હોવા છતાં જયાએ આછો છણકો કરી ભગીરથનો હાથ ખસેડી નાખતાં કહ્યું.

'જા જા વનચર.'

આમ જયાને ખભે મુકાયલો ભગીરથનો હસ્ત નવયુગના સામાન્ય સંજોગોમાં અજીઠો કે અસ્વાભાવિક ન જ લાગત. પરંતુ બારણા આગળ થઇ પસાર થતી સુકન્યાને એ દૃશ્યમાં સમુદ્રમંથનનું મહત્ત્વ લાગ્યું, અને મંથનનું ઝેર તેની આંખમાં તરી આવ્યું.

જૂની રીતભાત ખરાબ હતી એ આપણે જાણીએ છીએ. નવી રીતભાતથી થતા ફાયદા અને ગેરફાયદાનું વર્ગીકરણ કરવાની જરૂર ઝડપથી ઊભી થતી જાય છે એ પણ ભૂલવા સરખું નથી.

એનું એક પરિણામ એ આવ્યું, કે જયા અને પ્રભાકર બન્ને મહેમાનો તે જ દિવસે પહેલી મળતી ગાડીએ ચાલ્યાં ગયાં. ભગીરથ અને સુકન્યા બંનેએ રહેવા માટે તેમને અતિશય આગ્રહ કર્યો; પરંતુ શાન્ત પ્રભાકર અને બોલકણી જયા બન્નેએ એ આગ્રહ માન્યો નહિ. ફરીથી આવવાનું આશ્વાસન આપી ભયંકર બનતા જતા ગૃહમાંથી નીકળી જવામાં જ તેમણે સલામતી માની.

એનું બીજું પરિણામ એ આવ્યું કે ભગીરથ અને સુકન્યા એકબીજાંની સાથે બોલતાં બંધ થઈ ગયાં.

પતિપત્ની વચ્ચેનાં મૌન ઘણી વખત ઉપવાસ સરખી ઉન્નત આધ્યાત્મિક અસર ઉપજાવે છે. પરંતુ છૂટાછેડાને આરે આવી બેઠેલી આપણી વર્તમાન લગ્નભાવનામાં એ પ્રયોગ અધિભૌતિક અને અધિદૈવિક આપત્તિરૂપ નીવડે એવો પણ સંભવ રહે છે.

ભગીરથ અને સુકન્યા પરસ્પરનું અસ્તિત્વ જાણે ન હોય એમ વર્તન કરવા લાગ્યા. એક ઘરમાં રહ્યા છતાં લાંબો વખત અબોલા ચલાવવા એ તપસ્વીને પણ મુશ્કેલ પડે એમ છે. પતિપત્નીના વ્યવહારમાં અલ્પજીવી અબોલા માટે ઠીક ઠીક સ્થાન છે. પરંતુ જેમ જેમ કલાકો વધતા જાય તેમ તેમ અબોલા પાળવાનું અશક્ય બનતું જાય છે. એક કલાક સુધી પતિપત્ની આસાયેશ સહ ન બોલે; બીજે કલાકે સહજ મૂંઝવણ પડે તો ય વેઠી લઈ અબોલા પાળી શકાય; આગ્રહી પતિપત્ની પોતાના દૃઢ સંકલ્પબળને પ્રભાવે ત્રીજો કલાક પણ વગર બોલ્યે વટાવી દે; પરંતુ હસીને, રડીને અગર મારામારી કરીને પણ, પતિપત્ની ચોથે કલાકે ન બોલ્યાં હોય એવું કદી બનતું નથી.

બધા ય નિયમને અપવાદ હોય તેમ રીસશાસ્ત્રના નિયમો પણ અપવાદને પાત્ર હોય છે. નવજીવનમાં દાખલ થયેલું સમાન હક્કનું તત્ત્વ પતિપત્નીના મૌનને પાંચ કલાક સુધી લંબાવવામાં સફળ થયાના દાખલા બનવા લાગ્યા છે.

પરંતુ ભગીરથ અને સુકન્યાનું મૌન એથી પણ આગળ લંબાયું. પ્રેમયુદ્ધમાં પણ મહારથી અને અતિરથીના દરજ્જા યોજી શકાય એમ છે. ભગીરથ મહારથી હશે, તો સુકન્યા અતિરથી હતી. સમાન હક્કના મોરચા આવાં યુદ્ધોને પાણીપત અગર હલદીઘાટ કરતાં પણ વધારે આકર્ષક અને ઉત્તેજિત બનાવી મૂકે છે.

'હું શાનો બોલું?' બોલવાનું મન થતાં ભગીરથ પોતાના

મનને વારતો.

'એ ન બોલે પછી હું શાની બોલું?' સુકન્યા પણ પોતાની વાચાળતાને વારતી.

ન બોલવાનું કષ્ટ પણ અસહ્ય છે. બોલાઈ જવાની અનેક ક્ષણો આવતી. પરંતુ વીરવીરાંગના સદા ય સચેત રહે છે.

'શું સ્ત્રી માટે મારે પહેલું બોલવું, એમ? એ નહિ બને. સ્ત્રી-જાતિના હક્ક હું સમજું છું.' સુકન્યા વિચારતી અને બોલવાની તક જતી કરતી.

'મારે એની ખુશામત કરવાની શી જરૂર? એને ગરજ હશે તો એ બોલશે.' ભગીરથ વિચારતો. પુરુષની કઠણાશ હજી ગઈ નથી.

અલબત્ત, બોલવાની જરૂર અને ગરજ પ્રત્યેક ક્ષણે બન્ને માટે વધારે અને વધારે તીવ્ર બનતી જતી હતી, અને કદાચ બન્નેથી એકી સાથે બોલાઈ જવાય એવી પરિસ્થિતિ પણ ઊભી થતી. પરંતુ પ્રથમ ઉચ્ચાર થઈ જવાના અપમાનભયમાં સમાન હક્કનો સંભવિત અકસ્માત અટકાવી દેવામાં આવતો. કદાચ બન્નેથી સાથે ન જ બોલાયું તો? પહેલું બોલાયાનું અપમાન કેમ વેઠાય?

વળી ઝઘડાને અને સમયને પણ ગાઢ સંબંધ છે. ઝઘડા દિવસે દીપી ઊઠે છે. જે સમૂળા ઓસરી ન જાય એ પતિપત્નીને સીધાં ઇસ્પિતાલમાં જ મોકલી દેવાં જોઈએ. ભગીરથ અને સુકન્યાનાં હૃદયો રાત પડતાં હળવાં બની ગયાં, મધરાત થતાં લગભગ પીગળી ગયાં, અને પાછલી રાતે તો જાણે બન્ને હૃદયો એક બની જશે એમ લાગ્યું.

પરંતુ જેમ દેશને ખાતર મરનાર વીરો મળી આવે છે તેમ સ્વમાનને ખાતર મરનાર પતિપત્ની પણ મળી આવે છે. યોગીને પણ અસાધ્ય એવો સંયમ જાળવી બન્નેએ કવિતામાં અમર થાય એવું સ્વમાન સાચવી રાખ્યું, અને અપાર પ્રલોભનો વચ્ચે થઈને તેમણે તેમનું અબોલાનું વહાણ રાત્રે સુરક્ષિતપણે હંકાર્યું. આમ તેમણે પતિપત્ની વચ્ચેની એક અશક્યતાને શક્ય કરી.

છતાં બીજો દિવસ આમ ને આમ વિતાવવો એ મહા કષ્ટપ્રદ વસ્તુ હતી. કાંઈ પણ બન્યા સિવાય – કાંઈ પણ કર્યા સિવાય અબોલા– અને તેમાં સમાયેલું સ્વમાન –અને તેના ઊંડાણમાં રહેલા સમાન હક્કની મહાપવિત્ર ભાવના એ સર્વ ભસ્મીભૂત બને એમ હતું. સમાન હક્કનાં શૂરાં, સુખનો ભોગ આપીને પણ, સમાન હક્કની પ્રતિષ્ઠા જાળવી રાખે છે.

નાની મોટી પ્રવૃત્તિ માગતો દિવસ તો જેમ તેમ વીત્યો. પરંતુ પ્રવૃત્તિહીન રાત્રિ ભય ઉપજાવતી હતી. ભગીરથે સંધ્યાકાળ થતાં કપડાં પહેર્યાં, નાની બૅગ તૈયાર કરી, અને નાનકડો પત્ર પર–બીડિયાસાં નાખી જ મેજ ઉપર મૂકી તે ઘરમાંથી બહાર નીકળ્યો. ઘરથી બહાર નીકળતાં તેણે સહજ પાછું જોયું. સુકન્યા બારીએ ઊભેલી ઝાંખા થતા પ્રકાશમાં દેખાઈ. બન્ને પરસ્પરને નિહાળતાં પકડાઈ ગયાં. સ્વમાનની વેદી ઉપર જીવન હોમતાં પતિપત્નીએ પરસ્પર સામેથી દૃષ્ટિ વાળી લીધી. સુકન્યા બારી છોડી ઘરમાં ગઈ; ભગીરથ સીધું જોઈ સ્ટેશને જઈ આગગાડીમાં બેઠો.

૬

સુકન્યા આખી રાત એકલી પડી. તેના સ્વમાનને ઘસી ધાર-દાર બનાવતું અન્ય સ્વમાન અદૃશ્ય થયું; એટલે તેના હૃદયમાં કોઈ અકથ્ય પીડા ઉત્પન્ન થઈ. ઘર એકદમ ખાલી ખાલી લાગવા માંડ્યું, એકાન્ત ઘરનો તેને ભય લાગવા માંડ્યો. ભગીરથ પાછો આવશે એવી આશામાં તે બારીએ ઊભી રહી, અને પ્રત્યેક પડછાયામાં ભગી-રથનો ઈશારો જોવા લાગી. પરંતુ એને ક્યાં ખબર હતી કે ભગીરથ તો એ સમયે રેલગાડીમાં કલાકના ચાલીસ માઈલની ઝડપે સુકન્યાથી દૂર ને દૂર ચાલ્યો જતો હતો !

મધરાત સુધી એક વીરાંગનાને છાજે એટલી દૃઢતાપૂર્વક તે હૃદયવેદના સહી રહી. પરંતુ મધરાત પછી પથારીમાં સૂતાં બરાબર

તેનું હૈયું હાથ રહ્યું નહિ. પ્રચંડ પ્રયત્નો વડે સાચવી રાખેલી સ્થિરતા હાલી ગઈ અને એકાએક તેની આંખમાં આંસુ ઊભરાઈ આવ્યાં. ખાળ્યાં ખળાય નહિ એવા આંસુપૂરમાં તેનું સ્વમાન વહી ગયું અને સ્વમાનનું સ્થાન સ્વામીએ લીધું. ભગીરથ વગર રહેવાશે જ નહિ એવી સુકન્યાને ખાતરી થઈ. મેજ ઉપર ભગીરથે મૂકેલો પત્ર તેણે વાંચ્યો. પોતાના એક મિત્રને ત્યાં તે ચાલ્યો જતો હતો એટલી જ ટૂંકી હકીકત તેણે પત્રમાં લખી હતી. પ્રભાત થતાં જ તે પત્રમાં લખેલે સરનામે જાતે જ જવા તૈયાર થઈ.

સ્ત્રીપુરુષના સમાન હક્ક હોવા જોઈએ, છતાં વસ્ત્રાલંકારની બાબતમાં પુરુષવર્ગે સ્ત્રીના ત્રણગણા હક્કનો સ્વીકાર જગતભરમાં કરેલો છે. પુરુષને એક નાની બૅગ વડે ચાલી શકે; ત્યારે સ્ત્રીથી ત્રણ ટ્રંકો વગર મુસાફરી થાય જ નહિ. નોકરની પાસે ગાડી મંગાવી તેમાં સર સામાન મુકાવી સુકન્યા ગાડીમાં બેઠી. પરંતુ ગાડી ચાલે તે પહેલાં જ તેને યાદ આવ્યું કે એક મહત્ત્વની વસ્તુ તે ભૂલી ગઈ છે. તે ઝડપથી ઘરમાં ગઈ અને એક પેટીમાંથી ભૂલાયલી વસ્તુ લઈ ઓટલે આવી. જેવી પગથિયાં ઊતરવા વિચારતી હતી તેવું જ તેણે નવાઈ જેવું દશ્ય જોયું. ભગીરથ બહુ જ ઝડપથી દરવાજામાં પ્રવેશ કરતો હતો. !

સુકન્યા સ્થિર ઊભી રહી. ભગીરથને જોઈ તેણે વસ્તુસંતાડવા હાથની મુઠ્ઠી વાળી દીધી. અને તે સાથે જ તેના સ્વમાનમાં પાછો જીવ આવ્યો. ભગીરથને જોઈ ચમક અને આનંદ અનુભવતી પત્ની આનંદને અને આવકારને અંકુશમાં રાખી શકી. ભગીરથ ક્ષણ બે ક્ષણ સુકન્યા સામે જોઈ રહ્યો. સુકન્યાના પગ આગળ લેટી પડવાની તેની તૈયારી તેની આંખમાં દેખાઈ. પરંતુ ગર્વઘેલડી સુકન્યાએ પોતાની આંખ ફેરવી લીધી, અને ગુમાનમાં બાજુએ ફરી ઊભી રહી.

ભગીરથ ઘરની અંદર ધસ્યો. પોતાના મેજનું એક ખાનું તેણે ઉઘાડયું અને ખાનાના ખૂણામાંથી એક નાનકડી પતાકડી કાઢી

તેણે ખિસ્સામાં મૂકી તે મૂકતાં બરાબર તેણે જોયું કે સુકન્યા તેની પાછળ ઉભી ઊભી તેની ચર્ચા જોતી હતી. ભગીરથ સહેજ સંકોચાયો.

'શું લઈ જાય છે ?' સુકન્યાએ ગાંભીર્યથી પૂછ્યું. કલાકોના કલાક પછી એ ગમતો ઘાંટો ભગીરથે સાંભળ્યો.

'એ જાણવાનો તને હક્ક નથી.' ભગીરથે જવાબ આપ્યો.

'એમ કે ? તારા હક્ક તું ભોગવ્યા કર.' સુકન્યા બોલી, અને ત્યાંથી પાછી ફરવા લાગી.

'પણ તું જાય છે ક્યાં ?' ભગીરથે સુકન્યાનો હાથ પકડી પૂછ્યું.

'ફાવે ત્યાં. એ જાણવાનો તને હક્ક નથી.' કહી સુકન્યાએ ભગીરથનો હાથ તરછોડી નાખ્યો.

ગુસ્સે થવું, પાછા અબોલા લેવા, કે હસવું એની ગૂંચવણમાં પડેલો ભગીરથ સુકન્યાની સામે જોઈ રહ્યો. ભાંગેલા અબોલા ફરી તાજા કરવાની હિંમત રહી ન હતી. હસવા માટે બન્ને તૈયાર હોવા છતાં બંનેનું સ્વમાન તેમ કરવા દે એમ ન હતું. એટલે ગુસ્સે થઈને પણ પરસ્પર સાથે બોલવું એ જ એક માર્ગ રહ્યો હતો. તેણે ગુસ્સામાં પૂછ્યું :

'મારા ઘરમાંથી તું ક્યાં જાય છે તે જાણવાનો મને હક્ક નથી ?'

'જરા ય નહિ. મારા ઘરમાંથી તું ગયો તે તેં મને કહ્યું હતું ?' સુકન્યાએ સામો જવાબ આપ્યો.

'મેં ચિઠ્ઠી લખી હતી. પણ આ તારા હાથમાં શું છુપાવ્યું છે ?' ભગીરથને જોતાં બરાબર જોરથી મુઠ્ઠી વાળી સુકન્યાએ કશી વસ્તુ સંતાડી હતી તે હજી તેના હાથમાં જ રહી ગઈ હતી, તેનો ઉલ્લેખ ભગીરથે કર્યો.

પરંતુ સમાન હક્કને જીવની માફક જાળવી લેતી સુકન્યા બોલી :

'તારા ખિસ્સામાં તેં શું સંતાડ્યું તે બતાવ, પછી હું મુઠ્ઠીમાં

શું છે તે બતાવીશ.'

'ખિસ્સામાં છબી છે...'

'અને એ છબી કોની છે એ પણ હું જાણું છું.'

'કોની છે?' કહે.'

'જયાની. બીજા કોની હોય?' અગ્નિ વરસતી સુકન્યા બોલી.

ભગીરથ ક્ષણભર સુકન્યા સામે જોઈ રહ્યો, અને એકદમ તેણે ખિસ્સામાંથી છબી કાઢી સુકન્યાની સામે ધરી કહ્યું :

'જો જો, અદેખી. આ કોની છબી છે?'

સુકન્યાએ ધારીને છબી જોઈ; તે જયાની નહિ પણ તેની પોતાની જ હતી. શું રીસાયલો ભગીરથ પત્નીની છબી લેવા માટે પાછો આવ્યો હતો?

હવે ભગીરથે છબી ખિસ્સામાં મૂકી ચાલવા માંડ્યું. સુકન્યાએ તેનો હાથ પકડી કહ્યું :

'ક્યાં જાય છે?'

'ફાવે ત્યાં.'

'ત્યારે આવ્યો હતો શા માટે?'

'છબી વગર રહેવાયું નહિ એટલે અડધે રસ્તેથી પાછો વળ્યો.'

'હવે જવાનું નથી.'

'કેમ? તારી સાથે મારાથી રહેવાશે નહિ,'

'અને મારી છબી જોડે રહેવાશે, ખરું?'

નીચે બૂમાબૂમ થતી સંભળાઈ : નોકર અને ગાડીવાળો લડતાં હોય એમ લાગ્યું. સુકન્યાએ બારીમાંથી કહ્યું :

'પેટીઓ પાછી લાવ; અને ગાડીવાળાને પૈસા આપી જવા દે.'

'પણ આ તો સાહેબને લાવેલો ગાડીવાળો છે.'

'એને પણ જવા દે. બેગ અંદર લઈ આવ.' સુકન્યાએ હુકમ કર્યો.

માનવીના રોષને પણ હદ હોય છે, રોષ પણ થાકીને સૂઈ જાય

છે. સુકન્યાનો છટાદાર હુકમ સાંભળી ભગીરથે સ્મિત કર્યું,

'તું હસ ને! તારે શું? અમારા જીવને શું થતું હશે તે તું શાનો જાણે?' સુકન્યાએ ભગીરથ પાસે આવી છણકો કર્યો.

'તારા જીવને શું થતું હશે તે હું જાણું જાણું છું.'

'જાણ્યું તેં.'

'મને અને મારા ઘરને છોડી જવા તું તૈયાર હતી એ તો મેં પ્રત્યક્ષ આંખે જોયું.'

'મને વધારે છંછેડીશ નહિ. હું ક્યાં જતી હતી તે તું જાણે છે?'

'ના.'

'જો જો, હું તો આની પાછળ જતી હતી.' કહી સુકન્યાએ પોતાની મુઠ્ઠી ઉઘાડી, અને ભગીરથની આંખ આગળ એક ઝીણી વસ્તુ ધરી.

ભગીરથની છબીવાળું એ નાનકડું લૉકેટ હતું! પત્રમાં લખેલા સ્થળે ભગીરથની પાછળ સુકન્યા જતી હતી! મુખ જોવા માટે તેણે લૉકેટ હાથમાં રાખી લીધું હતું!

શી આ ઘેલછા? બન્ને શંકાશીલ બન્યાં, લડ્યાં, અબોલ રહ્યાં, જુદાં પડ્યાં, તો ય પાછાં આવી એક જ સ્થળે ભેગાં મળ્યાં! પતિ પત્નીની છબી લેવા પત્ની પાસે આવ્યો; પતિની છબી લઈ પત્ની પતિ પાછળ જતી હતી! સમાન હક્ક!

એક ન સહેવાય એવો વિચાર ભગીરથને આવ્યો:

'લૉકેટમાં બીજા કોઈની છબી હોય તો?'

એ સંભવિત હતું. ચીડવવા, હક્ક સ્થાપન કરવા, સ્વમાન જાળવવા આપણે આપણા હૃદયભાવ છુપાવીએ છીએ. પતિપત્ની પરસ્પરને પ્રિય ન લાગે એવું ભાગ્યે જ બને છે. એમ બને ત્યારે જાણવું કે સમાન હક્કના સ્થાપનામાં કંઈક ભૂલ થઈ છે!

'શો વિચાર કરે છે?' સુકન્યાએ પૂછ્યું. તે પતિમય થઈ

ગઈ હતી. પત્નીમય થઈ ગયેલા ભગીરથે પોતાના મનનો પ્રશ્ન બદલી પૂછ્યું.

'મારી પાસે જયાની છબી હોત તો?'

ક્ષણવાર નયન ચમકાવી સુકન્યાએ જવાબ વાળ્યો :

'તારી પાસે જયાની છબી હોત તોપણ હું તો, અંહ ! આમ જ કરત.' કહી તે ભગીરથની કોટે વળગી પડી. સ્ત્રીનો અગ્રહક્ક સ્વીકારાયો. શંકા ઓસરી ગઈ હતી : રોષ તો અદૃશ્ય થઈ જ ગયો હતો. પરસ્પરને ઝંખતાં હૃદયો ભેગાં થઈ ગયાં. ભાંગતું ઘર સંધાઈ ગયું; વિમુખ થતાં જીવન સજ્જડ ચોંટી એક થયાં.

પરંતુ સ્વમાનના આવેશમાં–સમાનતાના દુરાગ્રહમાં – પરસ્પરની પાસે બીજી જ છબીઓ હોત તો? પતિપત્નીની છબી નીકળી એ અકસ્માત જ હતો; બીજી કોઈની છબી હોત તોપણ પતિપત્ની સ્નેહી જ હતાં. એ અકસ્માત બનત તો નવાઈ ન હતી. પરંતુ એનું પરિણામ શું આવત એ વિચાર કરી થથરતાં ભગીરથ અને સુકન્યા એકબીજાંને એવાં વળગી પડ્યાં કે બૅગ મૂકવા આવેલા નોકરને ત્યાંથી ચાલ્યા જવું પડ્યું.

૫

'આપણે પ્રભાકર અને જયાને પાછાં બોલાવવાં જોઈએ, નહિ?' સ્થિર બનેલા ભગીરથે બીજે દિવસે કહ્યું.

'જરૂર, આપણે એમને ભયંકર અન્યાય કર્યો છે.' જે મિત્રોની મૈત્રી જીવનકલહ બનવાની હતી તે મિત્રોની મૈત્રી હવે સુકન્યાએ નિર્ભયતાથી સંભારી.

'ત્યારે તું આજે જ પત્ર લખી દે, બંનેને.'

સુકન્યાએ વિવેકભર્યા, આગ્રહભર્યા પત્રો લખ્યા, અને તેમાં નવા જમાનાની ઉદારતાને શોભે એવી મશ્કરી પણ લખી કે તેને સ્ત્રીપુરુષ મિત્રોના ચુંબનમાં કે સ્પર્શમાં જરા ય ભય રહ્યો નથી.

ત્રીજે દિવસે જયાના હસ્તાક્ષરવાળો કાગળ ફોડી વાંચતાં સુકન્યાનાં ભવાં સંકોડાયાં. બીજા પત્રો વાંચતાં વાંચતાં પત્નીનું સૌન્દર્ય નિહાળતો ભગીરથ બોલ્યો :

'શું છે? જયા આવે છે ને?'

'ના, રે. એ તો આપણને બોલાવે છે.' સુકન્યાએ કહ્યું.

'કેમ?'

'જયા અને પ્રભાકર પરણે છે!' સુકન્યાએ પત્રમાંની ખબર આપી.

'એમ?' ચમકીને ભગીરથ બોલી ઊઠયો.

'હા. અને પાછી આપણને મહેણું મારે છે.'

'શું?'

'કે એ તદ્દન જૂના જમાનાની બની ગઈ છે, અને પુરુષ કે સ્ત્રીમિત્રના સ્પર્શ–ચુંબનમાં પાપ માનતી ગઈ છે.

બન્ને જણ સામસામું જોઈ રહ્યાં સ્વતંત્ર – અતંત્ર વર્તનને સંસ્કારની પરાકાષ્ટા માનતાં કેટકેટલાં દંપતી આચારસ્વાતંત્ર્યને સહી શકતાં નથી! પોતાના વર્તનમાં વિશુદ્ધિ માનતાં માનવતાં પ્રેમીઓને એ સ્વાતંત્ર્ય અસહ્ય થઈ પડે છે, અને તેમના પ્રેમ માત્ર પડછાયા બની જાય છે. એ સ્વાતંત્ર્ય કરતાં સંકોચ વધારે સલામતીભર્યો છે એટલું તો બંનેને સમજાયું.

'આપણે હવે કદી વલકુડાં બનીને પુરુષોને બાઝવું નથી!' સુકન્યાએ નિશ્ચય જાહેર કર્યો.

'અને મારે પણ સ્ત્રીઓની પાછળ વ્હીલાવેવલા બની ફરવું નથી.' ભગીરથે નિશ્ચય કર્યો.

અલબત્ત, એ નિશ્ચયમાં એક અપવાદ તો હતો જ! પણ એ અપવાદ વાણીમાં સ્પષ્ટ કરવાની બન્નેમાં કોઈને જરૂર ન હતી. કારણ બન્નેએ પરસ્પરને અડકીને ફરીથી જયાનો પત્ર સાથે વાંચ્યો!

# ભાઈ

## ૧

હિંદુઓ સાથે લગ્નસંબંધમાં જોડાવાથી મુસ્લિમ રાજસત્તા સ્થિર અને વ્યાપક બનશે એવી અકબર ભાવના હજી લુપ્ત થઈ ન હતી. અમીનાબાદના યુવાન નવાબ અહમદખાને જોયું કે પાડોશના ઠાકોર રાજસિંહને વફાદાર રાખવા માટે એક જ માર્ગ હતો : તે એ જ કે રાજસિંહની રૂપવતી કન્યા પદ્માવતીનું માગું કરવું. લગ્નની માગણીનો અસ્વીકાર એ યુદ્ધ માટે પૂરતું કારણ પણ ગણી શકાતું.

રાજસિંહ નાનકડો પણ તેજસ્વી ઠાકોર હતો. મુસ્લીમ પ્રદેશ-માંથી તેણે તલવારના બળ વડે કેટલોક મુલ્ક પોતાનો કરી લીધો હતો. વધારે પ્રદેશ મેળવવાનો લાગ તે જોયા જ કરતો હતો, અને ઘડીમાં નવાબનું ઉપરીપણું સ્વીકારીને અને ઘડીકમાં તે ફેંકી દઈને સર્વદા તે નવાબને ચિંતાગ્રસ્ત રાખતો હતો. આસપાસની રજપૂત ઠકરાતોનું સંગઠન કરી નવાબીને જોખમાવવાની પણ તેની તરકીબ અજાણી ન હતી.

રાજસિંહ સાથે યુદ્ધ કરવું એ મુશ્કેલ હતું. ડુંગરાળ પ્રદેશોમાં ભરાઈ બાજની ચપળતાથી મુસ્લિમ સૈન્ય ઉપર તૂટી પડનાર વીર

રજપૂત એટલી અશાંતિ ઊભી કરતો કે એને શાંત રાખવામાં જ નવાબની આબાદી જળવાઈ રહેતી. પરંતુ શાંત પડેલા રાજસિંહની શાંતિ પણ ભયંકર હતી.

રાજસિંહ સાથે સગપણ બાંધવું એ જ નવાબને સારામાં સારો માર્ગ લાગ્યો. રાજસિંહના હિંદુત્વનું અભિમાન જાણીતું હતું. રાજસિંહ પોતાની દીકરી સરળતાથી નવાબને આપે એ સંભવિત ન હતું. પરંતુ કુશળ નવાબે વિચાર્યું કે કાં તો રાજસિંહને સંબંધી બનાવવામાં અગર તેનાં જડમૂળ ઉખાડી નાખવામાં નવાબીની સલામતી છે.

નવાબ અહમદખાને લશ્કરી તૈયારીઓ કરવા માંડી. સહજ દૂર આવેલાં બીજા સ્વતંત્ર મુસ્લિમ રાજ્ય સામે એ લશ્કર વાપરવાનું છે એવી વાત તેણે ફેલાવી, એટલું જ નહિ, રાજસિંહ અને એના સરખા બીજા અર્ધ સ્વતંત્ર ઠાકોરોની તેણે સહાય પણ માગી. યુદ્ધતત્પર રજપૂતોએ સહાય આપવા સંમતિ પણ આપી. યુદ્ધમાં પોતાની ચડતીનો ભાસ સહુને લાગ્યા કરતો.

યુદ્ધની તૈયારીઓ વચ્ચે જ એકાએક નવાબ અહમદખાને રાજસિંહ તરફ કહેણ મોકલ્યું. દરબાર ભરી બેઠેલા રાજસિંહને નવાબના પ્રતિનિધિએ આવી કહ્યું :

'નવાબસાહેબનું ફરમાન છે. આપની પુત્રી પદ્માવતીનું લગ્ન એક અઠવાડિયામાં આપે નવાબસાહેબ સાથે કરવું.'

રાજસિંહ જરા આશ્ચર્ય પામ્યો. મૈત્રી માગતા નવાબે આ પગલું કેમ લીધું તેની તેને સમજ પડી નહિ. તેને પોતાના હિંદુત્વ ઉપર ઘા પડતો લાગ્યો. નવાબના સંદેશવાહકે કહ્યું :

'આપની કન્યાને હિંદુ ધર્મ પાળવાની છૂટ રહેશે.'

લગ્ન મુસ્લિમ સાથે કરવું અને ધર્મ હિન્દુનો પાળવો ? રાજસિંહને પોતાની અને પોતાના ધર્મની હાંસી થતી લાગી. તેણે આવેશમાં જવાબ આપ્યો :

'નવાસાહેબને કહેજો કે તેમનું માથું ધડથી જુદું કરી થાળમાં મૂકી અહીં મોકલે તે પછી હું મારી પુત્રીના લગ્નનો વિચાર કરીશ.'

નવાબસાહેબના પ્રતિનિધિએ ધમકી આપી. નવાબના ફરમાનની અમાન્યતાનું વિપરીત પરિણામ સમજાવ્યું; પરંતુ રાજસિંહનું હિંદુત્વ સજીવ હતું. નવાબની સામે યુદ્ધમાં લાંબો વખત ટકાય એમ ન હતું; નવાબને ત્રાસ આપવા માટેનું ઝડપી યુદ્ધ ડુંગરોના આશ્રય નીચે થઈ શકે એમ હતું; પરંતુ એ અસ્થિર સ્થિતિ સર્વદા સંતોષભરી ન જ હોય અને પોતાના જ સેનાપતિમાંથી કોઈને ફોડી પુત્રીનું હરણ કરાવવું નવાબ માટે અશકય નહોતું જ. રાજસિંહના બેત્રણ સાથીઓ ફૂટી નવાબને મળી ગયા હતા એ દૃષ્ટાંત તેની સામે સર્વદા જાગૃત રહેતું; છતાં ય મૃત્યુથી ન ડરનાર રાજસિંહે પ્રતિનિધિની ધમકીને –વિષ્ટિને જરા ય ગણકારી નહિ. નવાબની માગણીનો તિરસ્કાર કરી રાજસિંહ ઊભો થયો અને રણવાસમાં આવ્યો.

રણવાસમાં તત્કાળ સમાચાર ફરી વળ્યા હતા. આખો રણવાસ ખળભળી ઊઠયો. રાણીજીએ રાજસિંહના નિશ્ચયને પુષ્ટિ આપી. આંખું રાજ્ય ફના થાય તો ભલે, પણ રાજસિંહની રાણી પોતાની પુત્રીને મ્લેચ્છ સાથે પરણાવવા કદી પણ સંમતિ આપે એમ ન હતું.

'પણ પદ્મા ક્યાં?' રાજસિંહે પૂછ્યું.

## ૨

પદ્મા ડુંગર ઉપર આવેલા એક સરોવરતીરે બેઠી હતી. શિકારની શોખીન એ રાજકન્યાને આજ કોઈ વાઘ કે દીપડો મળ્યો નહિ; પરંતુ એના હૃદયને હલાવી નાખતો એક રાજકુમાર તેને મળ્યો હતો. વિજયસિંહનું નામ તેણે સાંભળ્યું હતું. દૂરથી તેને અનેક વખત જોયો પણ હતો. રાજસિંહનાં વિકટ કાર્યો અને કારસ્તાનોમાં તેનો અગ્ર ભાગ હોય જ. રાજસિંહ અને વિજયસિંહના પિતા મિત્રો હતા.

વિજયસિંહના પિતા બે વર્ષ થયાં મૃત્યુ પામ્યા હતા. પરંતુ વિજયસિંહે પિતાના મિત્રની મૈત્રી ચાલુ રાખી. એટલું જ નહિ, પણ તેણે રાજસિંહને એટલી સહાય આપી કે રાજસિંહને તેનો ઉપકાર વસવા માંડ્યો.

ડુંગર ઓળંગી તે રજપૂત યુવક રાજસિંહને મહત્ત્વનો સંદેશો પહોંચાડવા જતો હતો.

તળાવને કિનારે સાફો અળગો કરી મુખ ઉપર પાણી છાંટતી એક શસ્ત્ર સજ્જ યુવતીને વિજયે નિહાળી.

વીર કે વ્યાપારી, હિંદુ કે મુસલમાન, પુરુષ કે સ્ત્રી એ સહુના જીવનની એક ક્ષણ સમાન બની જાય છે–એક સરખા માનવભાવમાં ડૂબી જાય છે. એ ક્ષણ તે પ્રેમની ક્ષણ!

વિજયે ઘોડાને ઊભો રાખ્યો. પવનમાં હાલતા ઝૂલતા વાળ સંકોરતી એકલ સુંદરીએ નિર્જન ડુંગર કરાડ ઉપર વિજયને નિહાળવાની ભાગ્યે જ આશા રાખી હોય. પદ્માના સાહસશોખની વિજયને પણ ખબર હતી પદ્માએ વિજયને ઓળખ્યો. વિજયે પદ્માની કલ્પના કરી લીધી. પદ્મા શિકારની નિષ્ફળતા વીસરી ગઈ. વિજય સંદેશાનું મહત્ત્વ વીસરી ગયો, ઘોડાને છૂટો મૂકી તે નીચે ઊતર્યો અને ઝડપથી સાફો પહેરી લેતી પદ્મા પાસે આવ્યો પુરુષવેશમાં ઢંકાયલો પદ્માનો સ્ત્રીદેહ વિજયને અત્યંત મોહક લાગ્યો.

'આપ કોણ છો?' વિજયે પૂછ્યું.

'હું પદ્મા.' રાજસિંહની કુંવરી પદ્માએ કહ્યું.

'મને નહિ ઓળખ્યો હોય.'

'આપને ઓળખું છું.'

'તો કહો, હું કોણ છું?'

'આપ–આપ વિજયસિંહ નહિ?' વિજયસિંહનો નામોચ્ચાર કરતાં શૂરી પદ્માના હૃદયે કંપ અનુભવ્યો. ક્ષણભર બંને શાંત રહ્યાં.

'શિકાર ન થયો?' વિજયે પૂછ્યું.

'ના.'

'તમારી સામે રાજકુંવરોની કડક ફરિયાદ છે.'

'મારી સામે ? કેમ ?'

'તમે જંગલને વાઘવિહોણું બનાવી દીધું છે.'

પદ્મા હસી. આવી સ્તુતિ તેને ગમી. એ સ્તુતિનો કરનાર તેને વધારે ગમ્યો.

'ક્યાં જશો ?' પદ્માએ પૂછ્યું.

'આપની સાથે જ આવીશ.'

'કેમ ?'

'આપના પિતાને જરૂરનો સંદેશો પહોંચાડવો છે.

'શો સંદેશો છે ?'

'ગુપ્ત છે.'

'મારા પિતા મારાથી કશી જ વાત છાની રાખતા નથી.'

'આ વાત કદાચ છાની રાખે.'

'કેમ ?'

વિજય સહજ વિચારમાં પડ્યો. રાજકુંવરીને બધી ગુપ્ત વાત કહેવી એ ઠીક કે નહિ તેની તુલના તે કરી રહ્યો; પરંતુ પદ્માની વેધક દૃષ્ટિએ તેની પાસે કહેવડાવ્યું :

'એ સંદેશો તમારા અંગનો છે.'

'તો તમારે મને કહેવો જ જોઈએ.'

'પણ હું સાથે જ આવું છું.'

'હું અજાણ્યા પુરુષ જોડે જતી નથી. કહી પદ્માએ મુખ ફેરવ્યું અને આગળ ચાલવા માંડ્યું. ઝાડ સાથે બાંધેલો તેનો અશ્વ હણહણી ઊઠ્યો. છૂટા ઊભા રહેલા વિજયના અશ્વે પણ હણહણાટથી તેને જવાબ આપ્યો.

વિજય છોભીલો પડી ગયો. અન્ય રાજકુમારોની માફક તેણે સ્ત્રીપરિચય કદી કર્યો ન હતો, નારીઓનાં સંગ્રહસ્થાન રચી, એ

સંગ્રહસ્થાનોમાં રંગરાગ રચાવી, નિર્માલ્ય, નિર્બળ પશુખેલનમાં રાચતા રાજકુમારો ને રાજાઓનો તેને અત્યંત તિરસ્કાર હતો. તે સ્વચ્છ, શુદ્ધ, આહ્લાદક, પહાડશૃંગની ઊંચાઈ સરખો એકલ અને ઉન્નત પ્રેમ માગતો હતો. માટે જ તે હજી સુધી અવિવાહિત હતો. તેણે ઇચ્છયું હોત તો અનેક માનવીઓની માફક પત્નીઓ અને ઉપપત્નીઓના તે તબેલા રચાવી શક્યો હોત.

'પદ્માવતી ! એક ક્ષણ થોભો. આપના પિતા મારા શુભેચ્છક છે. વડીલ છે. શા માટે મને અજાણ્યો ગણો છો ?'

પદ્માવતી પાછી વળી અને દૂરથી જ તેણે જવાબ આપ્યો :

'આપે મને અજાણી ગણી, એટલે હું બીજું શું કરી શકું ?'

'એમ નહિ. મને ભય લાગ્યો કે કદાચ આપને જ લગતો સંદેશો આપ સહન નહિ કરી શકો.'

'સહન કરી શકીશ. હું કદી ભય પામતી નથી.'

વિજય જરા શાન્ત રહ્યો. આવી નિર્ભય રાજકુમારીને સર્વ રાજગુહ્ય સોંપી શકાય એમ તેને લાગ્યું. તેના મનમાં એક વિચિત્ર કલ્પના પણ થઈ. પદ્મા કદાચ પત્ની બને તો ? શું ગૃહસ્થ કે રાજ્ય રહસ્ય તેનાથી તેના પતિ છાનું રાખી શકે ? પદ્મા પૂતળી ન હતી. રાજ્યો સ્થાપવાની અને ઉથાપવાની શક્તિ ધરાવતી એક જોગમાયા હતી.

'હું કહું. આપના લગ્નનો સંદેશો હતો.' વિજયે જરા અટકીને કહ્યું,

'મારું લગ્ન ? ક્ષત્રિયાણી તો સ્વયંવર કરે.'

'આપનો સ્વયંવર નહિ થાય.'

'કેમ ?'

'નવાબ અહમદખાન આપના હાથની માગણી કરે છે.'

'એ ભલે માગણી કરે. હાથ આપવો ન આપવો મારી મરજીની વાત છે.'

'આપ ઘેર પહોંચશો તે પહેલાં કદાચ એ પ્રશ્નનું નિરાકરણ થઈ ગયું હશે.'

'ત્યારે તમે શો સંદેશો પહોંચાડવા આવો છો ?'

'હું એટલો જ સંદેશો પહોંચાડવા જાઉં છું; લગ્ન માટે સાત દિવસની મહેતલ આપી છે એ ખોટી છે. આવતી કાલ પ્રભાત પહેલાં રાજસિંહનો ગઢ ઘેરાઈ ગયો હશે.'

'એટલે ?'

'સાત દિવસ પહેલાં તમારે નવાબસાહેબની જોડે પરણવું પડશે.'

પદ્મા સહજ સ્થિર ઊભી રહી. સાફાના બંધનમાંથી છૂટવા મથતી એક લટ કપાળ ઉપર ફરફરી રહી.

'તમે મારા પિતાના મિત્ર છો. તમે આમાં શું કરશો ?' પદ્માએ પૂછ્યું.

'આપના પિતા જે કહેશે તે કરીશ.'

'તેમના કહેવાની રાહ જોશો ? તમારો ધર્મ શું કહે છે ?'

'મારો ધર્મ ? સત્યને સહાય આપવાનું કહે છે.'

સંધ્યાકાળના સોનેરી રંગ સરોવરને સોનેરી બનાવતા હતા. પરંતુ એ સુવર્ણરંગ પાછળ કોઈ કાળાશ પણ ઝઝૂમી રહેલી હતી.

'વિજય ! હું માગું તે આપશો ?' સહેજ નીચું જોઈ પદ્મા બોલી.

વિજય વિચારમાં પડ્યો. આખું નામ ન બોલી પદ્મા શું વિજયની નજીક આવતી ન હતી ? અને તે કાંઈ માગતી હતી ! સ્ત્રી વિષયના વિચારોને દૂર રાખી રહેલો વિજય ભય અને આનંદની કોઈ મિશ્ર લાગણી અનુભવી રહ્યો. પદ્મા શું માગશે ?

'તમે શું માગશો ?'

'આમ પૂછ્યા પછી આપવાનું હોય તો મારે કાંઈ માગવું નથી. માગનારને સર્વસ્વ આપવાનો આર્ય રિવાજ...'

'આપ માગો. માગશો તે આપીશ.'

'આપની તલવાર આપો.'

'તલવાર ?' આશ્ચર્ય પામી વિજયસિંહે પૂછ્યું. તેણે એક ક્ષણમાં અનેક સ્વપ્ન ઊભાં કર્યાં હતાં. પદ્મા પ્રેમ વ્યક્ત કરશે, સાથે આવવાનું કહેશે, પોતાને ઊંચકી જઈ નવાબ સાથેનાં લગ્નથી ઉગારવા આજીજી કરશે, એમ તેણે ધારેલું; પરંતુ માત્ર તલવારની માગણી તેને અત્યંત વિચિત્ર લાગી.

'હા.'

'શું કરશો ?'

પદ્માએ મુખ પાછું ફેરવ્યું.

'નહિ નહિ લ્યો, હું મારી અત્યંત વહાલી તલવાર તમને આપું છું.'

ખરે, વિજયને એની તલવાર ઘણી જ વહાલી હતી. તલવાર –એ જ તલવાર–વિહોણા થતા તેને એક અંગ કપાઈ ગયું હોય એમ લાગ્યું.

'તલવાર આપવી ન ગમી; ખરું ?' પદ્માએ પૂછ્યું.

'મારું એ અંગ બની ગઈ હતી.'

'અંગ પૂરું કરી આપું ? લ્યો, આ મારી તલવાર.' કહી પદ્માએ પોતાની તલવાર વિજયને આપી. વિજયે વગર બોલ્યે પદ્માની તલવારનો સ્વીકાર કર્યો. પરંતુ એને સમજ ન પડી કે પદ્મા આ વિચિત્રતા દ્વારા શું સૂચવતી હતી!

'વિજય, હવે પાછો ફર. તારો સંદેશો હું પિતાજીને કહીશ.' પદ્માએ કહ્યું.

'પણ મારે શું કરવું ?'

'નવાબ સાથે હું પરણીશ નહિ. તું કહે છે કે નવાબ અમને ઘેરી લેશે. ઘેરામાંથી અમને છોડાવ.'

'પદ્મા! મારી સાથે જ ચાલી નીકળ.'

'આજની રાત પછી તું જ્યારે આવીશ ત્યારે હું તારી સાથે ચાલી નીકળીશ – આજ નહિ.'

બંને એકબીજા સામું જોઈ રહ્યાં. બંનેની માનસિક નિકટતાએ સંબોધનમાંથી બહુવચનનો લોપ કર્યો હતો. એમ કેમ ?

એકાએક અંધકારનો ભાસ થયો, પણ એ અંધકાર હાલતો કેમ લાગ્યો ?

'પદ્મા ! ઝડપ કર. નવાબનું સૈન્ય ધાર્યા કરતાં પણ વહેલું આવે છે.'

પદ્મા ઝડપથી ઘોડા પાસે ગઈ. તે અશ્વારૂઢ થઈ ત્યાં સુધી વિજય તે સ્થળે જ ઊભો રહ્યો. પછી તે પોતાના અશ્વની પાસે ગયો. પદ્માએ એકાએક બૂમ પાડી :

'વિજય !'

'કેમ ?' ઝડપથી પાસે દોડી આવી વિજયે પૂછ્યું.

પદ્મા વિજયના મુખ સામે તાકીને જોઈ રહી. વિજય વિચારમાં પડ્યો.

'પદ્મા ! શું કહે છે ?'

'કાંઈ નહિ.'

'મને કેમ બોલાવ્યો ?'

'તારું મુખ જોઈ લેવા.'

કહી પદ્માએ ઘોડો ઝડપથી દોડાવ્યો. વિજય પણ ડુંગરનાં શિખરો પાછળ અદશ્ય થયો.

પદ્મા અને છૂટા પડેલા તેના શિકારી સાથીઓએ ગઢમાં પ્રવેશ કર્યો ત્યારે દીવા થઈ ગયા હતા; પરંતુ પદ્માએ પ્રવેશ કરતાં બરોબર ગઢના દરવાજા બંધ કરાવ્યા અનેચિંતાગ્રસ્તપિતાને વિજયનો સંદેશો આપી. વધારામાં જણાવ્યું કે નવાબનું લશ્કર જોતજોતામાં તેમને ઘેરી વળશે.

ડંકા ગડગડ્યા; રણતૂર રણક્યાં; અને સૈનિકો શસ્ત્ર સજી રાજસિંહના દરબારમાં ભેગા થવા લાગ્યા. નવાબનું સૈન્ય ગામને દ્વારે

આવ્યું ત્યારે દ્વાર બંધ હતાં અને કિલ્લો આખો જીવતો જાગતો હતો. એક જ ધસારે એક જ રાતમાં રાજસિંહનો ગઢ હાથ કરવાની અને પદ્મા સાથે લગ્ન કરી નાખવાની નવાબની યોજના સફળ થઈ નહિ, નવાબના ધસારાને અટકાવવાની સઘળી તૈયારી રાજસિંહે કરી રાખી હતી.

પરંતુ આ વખતે નવાબનું સૈન્ય બહુ બહોળું અને આજ્ઞાધારક દેખાયું. એક અઠવાડિયા સુધી સૈન્યના ધસારા સામે રાજસિંહ જેવા નાના ઠાકોરથી ટકી શકાય એમ ન હતું. વળી રાજસિંહનું સૈન્ય અને તેના સેનાપતિઓ જીવનભરના યુદ્ધથી કંટાળી ગયા હતા. રાજાની કુંવરીનું લગ્ન એ રાજાની અંગત બાબત હતી. ઘણા ય રજપૂત રાજાઓએ પોતાની દીકરીઓ મુસ્લિમ રાજકર્તાઓને આપી શાંતિ મેળવી હતી. રાજસિંહ પોતાની કન્યા નવાબ સરખા બાહોશ અને ભલા મુસ્લિમ રાજ્યકર્તાને લગ્નમાં આપે તો એવા અનેક દાખલાઓને લીધે રાજસિંહનું કાર્ય અપકીર્તિ ભર્યું ભાગ્યે જ લાગે.

આવા વિચાર કરનાર એકબે સેનાપતિઓ રાજસિંહના સૈન્યમાં હતા. નવાબે માત્ર શસ્ત્રની જ તૈયારી રાખી હતી એમ ન હતું. અગમચેતી વાપરી પોતાના ગુપ્તચરોને કેટલાય દિવસ પહેલાંથી રાજસિંહના ગામમાં ફરતા કરી દીધા હતા. તેમણે સુસ્ત બનેલા સેનાપતિ અને સૈનિકોની બેપરવાઈનો લાભ લઈ ગઢનો એક દરવાજો સવાર થતાં ખુલ્લો મૂકી દીધો. નવાબના લશ્કરને એટલું જ જોઈતું હતું. ગઢમાં પ્રવેશવાનો એક માર્ગ બસ હતો. સમુદ્રનાં મોજાં સરખું નવાબનું લશ્કર આખા ગામમાં ફરી વળ્યું અને રાજસિંહના ચુનંદા પણ અલ્પ સંખ્યાવાળા સૈન્યને હઠાવતું તે દરબારગઢ સુધી પહોંચી ગયું.

ગામનો કિલ્લો અત્યંત મજબૂત હતો, એટલે દરબારગઢના રક્ષણની કાળજી ઓછી રાખવામાં આવી હતી. પ્રભાત પહેલાં કિલ્લો પડશે એમ રાજસિંહે ધારેલું નહિ. ગાફેલ સેનાપતિ અને સૈનિકો

તથા ગફલતનો લાભ અપાવનારા ગુપ્તચરોની તેને કલ્પના પણ ન હતી. અત્યંત સરળતાથી—નવાઈ જેવી સરળતાથી—નવાબ અહમદખાને દરબારગઢમાં પ્રવેશ કર્યો. પ્રવેશ કરતાં વાર જ યુદ્ધના સ્થાને નવાબે વિવેક નિહાળ્યો. રાજસિંહના પ્રધાને અત્યંત માનપૂર્વક નવાબસાહેબને સલામ ભરી અને અંદર પધારવા વિનતિ કરી.

'મહારાજ આપની રાહ જુએ છે.' નવાબસાહેબને પ્રધાને કહ્યું.

'મારી?' નવાબ આ વિવેકની આશા રાખતા ન હતા.

'હા, જી. કુંવરીનું લગ્ન થાય છે. આપની આશિષ જરૂર કલ્યાણકારી થશે.'

'કુંવરીનું લગ્ન?'

'હા. જી. પદ્માવતીનું.'

'પદ્માવતીનું લગ્ન? કોની સાથે?' નવાબે ક્રોધાવેશમાં પૂછ્યું.

'વિજયસિંહ સાથે.'

'વિજયસિંહ? એને તો મેં આજ પ્રભાતમાં જ કેદ પકડ્યો છે.'

'હશે, પણ પદ્માવતીનું લગ્ન વિજયસિંહ સાથે થાય છે એ પણ એટલું જ ચોક્કસ છે.'

નવાબ ધસીને ચોકમાં આવ્યા. રાજસિંહે ઊભા થઈ તેમનો સત્કાર કરવા પ્રયત્ન કર્યો; પરંતુ એ સત્કારને ન ઓળખતા નવાબે જોયું કે ત્યાં લગ્નક્રિયા ચાલી રહી છે.

કન્યાની પાસે એક ખુલ્લી તલવાર મૂકેલી હતી. એ તલવાર સાથે પદ્માવતીનાં લગ્ન થતાં હતાં. નવાબ સમજી ગયા. રજપૂતોના રિવાજ પ્રમાણે ખાંડા સાથે કન્યાનાં લગ્ન થઈ શકે છે. એ તલવાર પતિનું સંકેત બનતી હતી.

'આ લગ્ન નિરર્થક છે.' નવાબ અહમદે ગર્જના કરી.

'ક્ષત્રિયાણીનાં લગ્ન નિરર્થક હોતાં નથી.' રાજસિંહે કહ્યું.

'વિજયને મેં કેદ પકડ્યો છે. એને શૂળી ઉપર ચડાવીશ ત્યારે તમને આ લગ્નની નિરર્થકતા સમજાશે.' નવાબે કહ્યું.

'નવાબસાહેબ મને મિત્ર લેખવા જોઈએ.' રાજસિંહે વિનતિ કરી.

'નવાબના હુકમને હસી કાઢનાર શૂળીનો મિત્ર થઈ શકે—મારો નહિ. અહીં જે હોય તેને કેદ કરો.' નવાબે આજ્ઞા આપી.

જોતજોતામાં રાજસિંહ, પદ્મા, બ્રાહ્મણો, પ્રધાનો અને રક્ષકો કેદ પકડાયાં. પદ્માએ આત્મહત્યા કરવા ઉપાડેલી તલવાર તેના હાથમાં જ રહી અને તે પોતાના દેહને નુકસાન ન કરી શકે એવી રીતે તેને સૈનિકોએ બાંધી.

'બહાર બે શૂળી ઊભી કરો અને રાજસિંહ તથા વિજયસિંહને શૂળી પાસે હાજર રાખો.' નવાબનો હુકમ થયો.

સહુની ખાતરી થઈ કે પદ્મા નવાબ સાથે લગ્ન નહિ કરે તો રાજસિંહ અને વિજયસિંહને શૂળી ઉપર ચડવું પડશે જ.

## ૪

બહાર મેદાનમાં જોતજોતામાં બે ચમકતી શૂળીઓ ઊભી કરવામાં આવી. સૂર્યનો પ્રકાશ એ હિંસક હથિયારને ઝગારે ચડાવી રહ્યો હતો. પદ્માવતી નવાબ સાથે લગ્ન કરશે નહિ એ ચોક્કસ હતું; અને નવાબ રાજસિંહ તથા વિજયસિંહને શૂળીએ ચડાવ્યા વગર રહેશે નહિ એ પણ એટલું જ ચોક્કસ હતું.

નવાબને એક નોકરે આવી ખબર આપી :

'ખુદાવંદ, શૂળીઓ તૈયારી છે.'

'ઠીક, રાજસિંહ અને વિજયસિંહ ક્યાં છે?'

'મેદાનમાં શૂળી પાસે.'

'વારુ. પદ્માવતીને ઉપર ઝરૂખે ઊભી રાખો. હું અને પદ્માવતી સાથે સાથે જ એ શૂળીપ્રયોગ જોઈશું.'

'જી.'

કહી સૈનિકો પદ્માવતીને દરબારગઢના ઝરૂખા ઉપર લઈ ગયા.

પદ્માવતી ભલે ગમે તે વિચાર કરતી હોય, પરંતુ તેના હલનચલનમાં ભય જરા ય દેખાયો નહિ. ધીરે ડગલે તે સૈનિકોની સાથે ઝરૂખા ઉપર ચડી ગઈ.

વિજયસિંહ અને રાજસિંહે તેને ઝરૂખે ઊભેલી નિહાળી. એ બન્ને બંદીવાનોએ ક્ષણભર પોતાની આંખ ફેરવી લીધી. વિજય શરમમાં ડૂબી ગયો, પદ્માના રક્ષણ અર્થે તૂટી પડેલા એ વીરને મહામુસીબતે નવાબના સૈન્યે કેદ પકડ્યો હતો. વિજયને ઘા પણ પડ્યા હતા; પરંતુ પદ્માનું રક્ષણ કરવાને અશક્ત બનેલો એ નર પોતાના જીવનને તિરસ્કારી રહ્યો હતો.

વિજયની સાથે તે ચાલી નીકળી હોત તો? પરંતુ લગ્ન થયા પહેલાં વિજય સાથે ચાલ્યા જવું એમાં પદ્માને ચોખ્ખી અનીતિ લાગી. વળી પિતાને સંદેશો પહોંચાડવાનો હતો અને વિજયની તલવાર મૂકી વિજય સાથે લગ્ન કરી નાખવાનું હતું; એટલા જ માટે એણે વિજયની તલવાર માગી લીધી હતી!

એ વિજય પદ્માને છોડવતાં પહેલાં કેદ પકડાયો અને લગ્ન થતાં બરોબર શૂળીએ ચડવા ઊભો હતો! પદ્માને માટે એ મરતો હતો. શા માટે એને મરવા દેવો?

વિજયને અને રાજસિંહને છોડાવવાનો એક જ માર્ગ થયેલું લગ્ન અમાન્ય કરી નવાબ સાથે લગ્ન કરવું. એ હવે અશક્ય હતું. તલવારના પ્રતીક પાછળ રહેલા વિજય સાથે લગ્ન ન થયું હોત તો? તો કદાચ પ્રિયતમને અને પિતાને બચાવવા તે પોતાનું બલિદાન નવાબને આપત. પરંતુ લગ્ન થયા પછી એ વિચારને પણ અવકાશ ન હતો.

બીજી કોઈ રીતે તેમને છોડાવવાનો સંભવ હતો જ નહિ. પદ્માનું હૃદય ગૂંગળાઈ ગયું. ઝરૂખામાંથી નીચે કૂદી પડવાનું તેને મન થયું. તેણે શૂળી તરફ જોયું., પિતા તરફ જોયું, પતિ તરફ જોયું અને સહેજ પાછળ જોયું. નવાબ અહમદખાન તેની પાછળ–બહુ જ નજીક

ઊભો હતો ! કૂદી પડવું પણ હવે અશક્ય થઈ પડ્યું.

'પદ્મા !' નવાબનો અવાજ તેને કાને અથડાયો. એ કંઠમાં મીઠાશ હતી.

પદ્માએ કાંઈ જવાબ ન આપ્યો : નવાબ સામે જોયું પણ નહિ. 'તું જોઈ રહે એટલે મને કહેજે.' નવાબે થોડી ક્ષણ પછી કહ્યું.

પદ્મા એકાએક નવાબની સામે ફરી અને ઉગ્રતાથી તેણે કહ્યું :

'હું જોઈ રહી.'

'તો હવે કહે. પહેલી શૂળી કોને આપું ?'

'તમે મુસ્લિમો ક્રૂર છો.'

'કેમ ?'

'એક સ્ત્રીને મેળવવા આવી ઘોર હિંસા કરો છો.'

'સ્ત્રી માટે હિંસા કરનારા હિંદુઓનાં નામ હું ગણાવું ?'

પદ્મા વિચારમાં પડી. સ્ત્રી માટે મુસ્લિમો જ નહિ, પણ હિન્દુઓ યે ઘોર હિંસા કરતા હતા તેની ના પડાય એમ ન હતું.

'મારી માગણી સ્વીકાર. હું રાજસિંહ અને વિજય બન્નેને છોડી દઈશ.' નવાબે ધીમેથી કહ્યું.

'એ બંનેને પૂછો. તમારી શરત પ્રમાણે તેઓ જીવતા રહેવા માગે છે ?' પદ્માએ કહ્યું.

'પણ ધારી લે કે તેમણે મારી શરત કબૂલ રાખી. પછી ?'

'પછી શું કરવું એ નક્કી ત્યારે કરીશ.' પદ્માએ કહ્યું.

નવાબ અહમદખાને સ્મિત કર્યું. એના સ્મિતમાં ક્રૂરતા ન હતી. વાત્સલ્યની કુમાશ એ સ્મિતમાં જોઈ પદ્મા સહજ ચમકી.

'ચાલ, આપણે પૂછી નક્કી કરીએ.' નવાબે કહ્યું. અને તેમણે આગળ પગલાં મૂક્યાં. કટારથી નવાબને ભેદી શકાય એમ હતું; પરંતુ એ કટાર નવાબ માટે હતી ? નવાબના દેહ માટે કટારનો ઉપયોગ થાય તો પદ્માએ પોતાને માટે શી સગવડ કરવી ? અને...

અને કદાચ પિતા અને પતિ નવાબની શરત કબૂલ રાખે તો? તે ક્ષણે પોતાની છાતીમાં ભોંકવા પદ્મા કટાર ક્યાંથી મેળવી શકે? કટાર અને જીવ બન્ને સાથે જ રહે અને જાય એ જ ઇચ્છવા યોગ્ય હતું.

નવાબે સીડી ઊતરતાં જોયું. પદ્મા ધીમે પગલે આવતી હતી.

'પદ્મા! પહેલું કોને પૂછવું છે? રાજસિંહને કે વિજયને?'

'બંનેને હું સાથે જ પૂછીશ.' પદ્માએ જવાબ આપ્યો.

'મારી રૂબરૂ પુછાવી હું મારી હાજરીનો ગેરલાભ લેવા માગતો નથી. તું જાતે જ ખાતરી કર. હું અહીં ઊભો છું.'

'મેદાનમાં શૂળી પાસે હું જઈ પૂછી આવું.'

'ના સામો પડદો ખસેડ. રાજસિંહ અને વિજય એ બંને કેદીઓ પાછળ ઊભા છે.' તેમને મેદાનમાંથી પાછા બોલાવ્યા છે. પદ્માએ પડદો સહજ ખસેડ્યો. એ જ સ્થળે વિધિપૂર્વક વિજયની તલવાર મૂકી તેણે લગ્ન કર્યું હતું. પદ્માનું હૃદય કંપી ઊઠ્યું. જ્યાં લગ્ન થયું ત્યાં જ પિતા કે પતિ લગ્નનો ઇન્કાર કરશે?

પદ્માએ અંદર પ્રવેશ કર્યો. એકાએક અગ્નિનો ભડકો થયો. નવાબે પડદો ખસેડી નાખવા આજ્ઞા કરી.

પદ્મા અને વિજયનો હસ્તમેળાપ તે જ ક્ષણે થયો. ચોરીમાં ઘૃત હોમાયું અને ફરી વાર મોટો ભડકો થયો. બ્રાહ્મણોના મંત્રોચ્ચારથી દરબારગઢ ગાજી ઊઠ્યો.

નવાબ અહમખાનની હાજરીમાં પદ્મા અને વિજયનાં લગ્ન થઈ ગયાં. નવાબે પોતાના કંઠમાં પહેરેલો મોતીનો હાર પદ્માના કંઠમાં પહેરાવ્યો અને કહ્યું:

'પદ્મા! એક મુસ્લિમનો સ્પર્શ તને અપવિત્ર તો નહિ બનાવે ને?' પદ્માની આંખમાં આંસુ આવ્યાં. નવાબે વિજયનું શૌર્ય અને પદ્માનો દૃઢ નિશ્ચય જાણી લીધાં હતાં. અનિચ્છાવાળાં લગ્ન કરતાં ઇચ્છિત લગ્નની સગવડ કરી આપવામાં તે હિન્દુઓનાં હૃદય વધારે સારી રીતે જીતી લેતો; એટલે તેણે સહુને ચમકાવનારી આ

લગ્નની યોજના તત્કાળ અમલમાં મૂકી.

'નવાબસાહેબ...!, કૃતજ્ઞતાના આવેશમાં ભરેલા કંઠથી પદ્મા આભાર માનવા જતી હતી.

'પદ્મા! મને હવે નવાબ ન કહીશ. મને ભાઈ કહેજે.'

સહુની ખાતરી થઈ કે એક મુસ્લિમને ભાઈ બનતાં પણ આવડે છે.

# ખૂન

## ૧

પોલીસથાણામાં દોડતો શ્વાસભર્યો માણસ આવી ઊભો રહ્યો, અને પોલીસઅમલદારે ધાર્યું કે કોઈના ખૂનની ખબર આવી.

'સાહેબ ! સાહેબ !' માણસથી આગળ બોલી શકાયું નહિ.

'અરે પણ છે શું ? આટલો ગભરાય છે કેમ ?' અમલદારે કહ્યું,

'આપ જલદી કરો. મારી સાથે આવો.'

'તારી સાથે શા માટે આવું ? તને કોઈ મારી નાખે છે ?'

'મને તો નહિ; પણ કોઈકને તો મારી નાખશે.'

'કોઈ મારી નાખશે ? કોને મારી નાખશે ? શા માટે મારી નાખશે ? એ તું નહિ જણાવે ત્યાં સુધી હું શું કરી શકું ?'

'હું આપને મકાન બતાવું અને માણસ બતાવું.'

ખબર આપનાર મનુષ્યના મુખ ઉપર ખરેખરો ભય હતો. તે પોલીસને ખોટી ખબર આપવા આવ્યો ન હતો એમ તેના દેખાવ ઉપરથી પોલીસઅમલદારને સમજાયું.

'તારું નામ શું ?' અમલદારે પૂછ્યું.

'મારું નામ નારણ.'

'શો ધંધો કરે છે તું?'

'ધોબી છું, સાહેબ.'

'ખોટી ખબર આપીશ તો સજા થશે, સમજ્યો?'

'સાહેબ. બહુ દૂર જવાનું નથી. ખૂનની વાત સાંભળીને હું અહીં દોડતો આવ્યો ધારશો તો પાંચ મિનિટમાં પકડશો.'

ખૂન જેવા ગુનાની ખબર મળે અને પોલીસઅમલદાર બેસી રહે એ અશક્ય હતું. વળી અમલદાર ખંતીલો, સહાય કરવાને તત્પર તથા આગળ વધવાની આકાંક્ષાવાળો હતો. ખૂનનો ગુનો થતો અટકાવવાનું માન જતું કરવા સરખું ન હતું. અમલદારે ટૂંકી નોંધ ઝડપથી કરી લીધી અને નારણની સાથે જવા તે તૈયાર થયો. પોતાની સાથે પોલીસપોશાક વગરનાં ચાર માણસોને પણ હથિયાર સહિત આવવા આજ્ઞા કરીને અમલદારે ઉતાવળાં પગલાં માંડ્યાં.

નારણનું એક કથન તો ખરું જ પડ્યું. પાંચ મિનિટની અંદર તેણે મકાન બતાવ્યું. મકાન નાનું સરખું હતું; પરંતુ ખૂનીઓ પોતાનાં કાવતરાં રચે એવું ખંડેર કે તિલસ્મી ઘર એ ન હતું.

'સાહેબ, બારણાં પાછળ ઊભા રહીને સાંભળો.' નારણે ધીમેથી કહ્યું. છ સાત પગથિયાં સીડી ચઢ્યા પછી ઘરમાં પેસવાનું દ્વાર આવતું હતું. સાહેબ અને નારણ બહુ જ ચુપકીથી ઉપર ચઢ્યા. શેરી ખાસ ભરચક ન હતી. બે માણસો પગથિયાં ઉપર ઊભા અને બાકીના માણસો સીટી સંભળાય એટલે દૂર ફરતા રહ્યા.

સાહેબે બારણાં ઉપર કાન માંડ્યા. પ્રથમ ચાના પ્યાલા ખખડતા સંભળાયા. ખૂન અને જુગારી મંડળીમાં ચા જેવું નિર્માલ્ય પીણું કદી પણ પીવાતું તેમણે જોયું કે સાંભળ્યું ન હતું. દારૂ–કડક અને વણભેળ્યો શરાબ ઊછળતો ન હોય ત્યાં ગુનાનું વાતાવરણ જામી શકે નહિ એવો પોલીસઅમલદારનો અનુભવ હતો. છતાં ચા પીનાર ગુનો ન જ કરે એવો સિદ્ધાંત બાંધી શકાય નહિ. અને એ સિદ્ધાંત

ખોટો પાડતા શબ્દો પણ અમલદારે સાંભળ્યા :

: રતિલાલ. તું સૂર્યકાન્તને આમ મારી નાખે એ તો મને જરા પણ ગમ્યું નહિ.'

અમલદારની શ્રવણશક્તિ તીવ્ર હતી. તેનું અવધાન પણ ચોક્કસ હતું.

'રતિલાલ ?' અમલદારના મને પ્રશ્ન કર્યો. સૂર્યકાન્ત નામ મારવાને પાત્ર મનુષ્યનું હોઈ શકે. પરંતુ ખૂની તરીકે રતીલાલ નામ બહુ મોળું લાગ્યું. ખડ્ગસિંહ, ગનુ ઘાટી, મિત્રાં જાફર, બાબર બહાદુર એવાં નામ સાથે ખૂનની શક્યતા ખરી, પરંતુ ગુજરાતી રતિલાલ સૂર્યકાન્તને મારે એ આશ્ચર્યજનક ઘટના હતી. પરંતુ તેની શંકાનું નિરસન કરતી બીજી વાત પણ અમલદારે સાંભળી. અને તેની તાજુબીનો પાર રહ્યો નહિ.

'એકલા સૂર્યકાન્તને મારવાનો હોય ત્યાં સુધી આપણે ચલાવી લઈએ, પણ આ તો બિચારી સુલતાને પણ તું મારી નાખે છે ?' બીજો અવાજ અંદરથી આવ્યો.

'હું ક્યારનો કહું છું કે રતિલાલ ક્રૂર છે, ખૂની છે, એક જીવ માર્યે તેને સંતોષ થતો નથી એટલે બેને મારે છે.' પહેલી વાત કરનારનો કંઠ સંભળાયો.

'અને તે પણ બિચારી એક ખૂબસૂરત સુલતા સરખી સ્ત્રીને; બીજા માણસે કહ્યું. અને ત્રીજા માણસના હાસ્યનો ધ્વનિ સંભળાયો. હાસ્યભર્યો અવાજ પણ સાથે જ આવ્યો.

'ખૂન વગર ખરી મઝા ન આવે. મૃત્યુ તો જીવન સાથે જડાયલું જ છે.'

અમલદારે જાણ્યું કે આ હસીને બોલનાર પેલો રાક્ષસ રતિલાલ જ હોવો જોઈએ. એકલા સૂર્યકાન્તને જ નહિ, પણ એની સાથે કોઈ સુલતા નામની ખૂબસૂરત યુવતીને પણ તે મારવા તલપી રહ્યો હતો ! નારણ સામે જોઈ અમલદારે મૂક આભાર પ્રદર્શિત કર્યો,

અને ખૂનમાં મઝા માણતા રતિલાલને ખૂન કરતો અટકાવી યશ મેળવવો એવો નિશ્ચય કર્યો.

'પણ આવું અકારણ મૃત્યુ! નહિ, નહિ, સુલતાને તો જીવતી રહેવા દે.'

રતિલાલના સાથીદારો રતિલાલ જેટલા ક્રૂર નહિ હોય, અથવા સુલતાને બચાવવામાં તેમનો કાંઈ સ્વાર્થ હોવો જોઈએ એટલું અનુમાન અમલદારે કર્યું. સાથીદારોના આગ્રહથી સુલતા કદાચ બચી જાય; પરંતુ બિચારો સૂર્યકાન્ત તો આ રતિલાલની ખૂની ખંજરનો જરૂર ભોગ થઈ પડવાનો!

'ખૂન પણ એક કલા છે! માનવીના અમુક ભાવોને ખૂન સંતોષી શકે છે. માટે જ ખૂન આવશ્યક છે.' રતિલાલની દલીલ સંભળાઈ.

ખૂની ફિલસૂફ પણ હતો! અમલદાર ઉચ્ચ શિક્ષણ પામેલો હોવાથી પશ્ચિમના ખૂની કલાવિધાયકોનાં દૃષ્ટાંત જાણતો હતો. હિન્દમાં પણ આ પરિસ્થિતિ ઊભી થવા લાગી! સિનેમા, નવલકથા અને ગુનાનાં વર્ણને હિંદમાં પણ આવા ક્રૂર ખૂનીઓને જન્મ આપવા માંડયો.

## ૨

'હરકત નહિ! આ ખૂન હું જરૂર અટકાવીશ.' કહી અમલદાર નીચે ઊતર્યો. અને ઘરમાંથી નીકળતાં માણસો ઉપર સતત નજર રાખવા ગુપ્તચરોને ત્યાં જ ફરતા રાખ્યા. નારણને સાથે લીધો. અને તેના હાથમાં રૂપિયો મૂકયો. રસ્તામાં જ તેમણે નારણને પૂછ્યું:

'નારણ, તું એ ખૂનીનો ધોબી છે?'

'હા, જી, છ મહિનાથી એમનાં કપડાં ધોઉં છું.'

'ઘરના માલિકનું નામ રતિલાલ ને?'

'હા, જી, એ તો ભાડે રહે છે.'

'એમનાં કપડાંમાંથી તને શંકા પડે એવું કાંઈ જણાયું છે?'

'ના, સાહેબ.'

'લોહીનો ડાઘ, કે એસીડનો ઉઝરડો, અગર ક્લોરોફોર્મની વાસ...'

'કશું જ નહિ, મને તો બહુ સારા માણસ લાગતા હતા. ફક્ત આજ આમ ખૂનની વાત બારણાં પાછળથી સાંભળી અને હું આપની પાસે દોડી આવ્યો. મારાથી ઘરમાં જ ન જવાયું ને?'

'તેં ઠીક કર્યું. વારુ, એ રતિલાલ ધંધો શો કરે છે?'

'ધંધો? નિશાળમાં માસ્તર છે.'

'માસ્તર?'

ખૂન થયું હોય એટલી ચમક અમલદારને થઈ. રતિલાલ નામ જાતે ગુજરાતી અને શિક્ષકનો ધંધો! અમલદારને આકાશ પાતાળ એક થઈ જતાં લાગ્યાં! શિક્ષક તે ખૂન કરે? અને તે પણ રતિલાલ નામ ધરાવતો શિક્ષક? હા, શિક્ષકો અને પરીક્ષકોને ખૂનની તક પરીક્ષા આપે છે; પરંતુ આવું ધારી ઢબે ખરેખર ખૂન તો શિક્ષકથી ન જ થાય!

ત્યારે એણે સાંભળ્યું શું? અમલદારે પોતાની નોંધ કાઢી. રતિલાલ અચૂક રીતે સૂર્યકાન્ત અને સુલતાનું ખૂન કરવાનો હતો!

શું થશે?

થાણામાં જઈ અમલદારે કેટલાક મદદનીશોને પાસે બોલાવ્યા, અને પૂછ્યું :

'સૂર્યકાન્ત નામનો કોઈ માણસ જાણવામાં છે?'

બદમાશોનાં નામ બધા પોલીસ અમલદારોની જીભને ટેરવે હતાં. પણ કોઈ બદમાશનું નામ સૂર્યકાન્ત ન હતું.

શંકાશીલ વર્તનવાળાં નામોમાં પણ કોઈ સૂર્યકાન્ત દેખાયો નહિ.

ફિન્ગર પ્રિન્ટની યાદીઓમાં પણ કોઈ સૂર્યકાન્ત જડી આવ્યો નહિ

'સાહેબ, એક સૂર્યકાન્ત મને યાદ આવે છે.' એક સિપાઈએ કહ્યું.

'તો પછી બોલ ને? એ કોણ છે? ક્યાં રહે છે?' અમલદારે

કહ્યું.

'ગામના નગરશેઠનો ભત્રીજો છે.'

'તું શાથી જાણે છે?'

'એક રબારણની મશ્કરી કરવાના કામે એ સપડાયો હતો.'

'પછી?'

'પછી શું? માંડવાળ થઈ, અને ફરિયાદ પાછી ખેંચી લેવાઈ.'

'પૈસા વેર્યા હશે.'

'થોડું ઘણું તો ખરું સ્તો!'

અમલદારની મહેનત સફળ થઈ. સૂર્યકાંત નામનો નગરશેઠનો ભત્રીજો છે, એટલી વાત આગળ આવી. ધનિકો, અને ધનિકોના ભાઈભત્રીજા તરફ ખૂનીઓની આંખ વળેલી હોય છે જ.

'એ પરણેલો છે?' અમલદારે પૂછ્યું.

'એ ખબર નથી.'

'હરકત નહિ.' કહી અમલદાર ઊભા થયા, અને દોડતી ગાડીએ નગરશેઠને ઘેર પહોંચ્યા.

પોલીસથી સૌ કોઈ બીએ છે. નગરશેઠ પોલીસ અમલદાર આવ્યા જાણ્યા અને ભયમિશ્રિત આવકારથી અમલદારને વધાવ્યા.

'કેમ સાહેબ, આપને તસ્દી લેવી પડી?' શેઠે પૂછ્યું.

'આપના ભત્રીજાનું કામ છે.' અમલદારે કહ્યું.

'ભત્રીજો! પાછું શું એણે ઊભું કર્યું છે?'

'જરૂરનું કામ છે.'

'અહીં બોલાવું?'

'ના, એમને એકલો પ્રથમ મળીશ.

'હમણાં તો મેં એને જુદો રાખ્યો છે, મારા કમ્પાઉન્ડમાં જ જુદા બંગલામાં રાખ્યો છે.'

ચોક્કસ પોલીસઅમલદારને બધી જ વિગતો ઉપયોગી નીવડે છે.

નગરશેઠને અને ભત્રીજાને બનતું નથી, એટલું એ વાતમાંથી સ્પષ્ટ થયું.

'એનું નામ તો સૂર્યકાન્તને ?'

'નામમાં તો શું લેવા જવું પડે એમ છે? એને સૂર્યકાન્ત નામ ગમ્યું. બાકી અમે તો સૂરજલાલ રાખ્યું હતું.'

'ઠીક, હું મળી લઉં.'

'પછી પધારો. હું ચા તૈયાર કરાવું.'

અમલદાર શેઠના માણસ સાથે સૂર્યકાન્તને બંગલે ગયા. એક નમ્ર, સાલસ અને બુદ્ધિમાન દેખાતો બાવીસેક વર્ષનો યુવક ઓસરીમાં ચોપડીઓના થોકડા નજીક આરામખુરશી ઉપર બેસી પુસ્તક વાંચતો હતો. વાંચવામાં મશગૂલ થયેલા યુવકને અમલદાર આવ્યાની પ્રથમ ખબર પડી નહિ; પરંતુ ખબર પડતાં જ તેણે પુસ્તક બાજુએ મૂક્યું અને અમલદારને વિવેકભર્યો આવકાર આપ્યો.

'હું પોલીસઅમલદાર છું.' અમલદારે પોતાની ઓળખાણ આપી.

'આપની ઓળખાણથી હું રાજી થયો. કહો, શું કામ છે?' સૂર્યકાન્તે કહ્યું.

'સૂર્યકાન્ત તમે જ ને ?'

'હા, જી.'

'કોઈ રખારણની છેડતીમાં તમારું નામ આગળ આવેલું ખરું ?' કોઈની પણ નિર્બળતા જાણી લેવી એ આગળ વધવાનો સુગમ માર્ગ છે.

'મને તેની દરકાર નથી.' જરા ગર્વથી સૂર્યકાન્તે કહ્યું.

'તમને દરકાર નહિ હોય, પણ બીજાઓને દરકાર રાખવી પડે છે.' જરા સખ્તાઈથી અમલદારે કહ્યું.

'એમાં મારો ઈલાજ નથી. કાકા ફાવે તે તોફાનો ઊભાં કરે છે. અને મારું નામ વગોવે છે.' સૂર્યકાન્તે કહ્યું.

કાકાભત્રીજાના દેખાવ ઉપરથી નિર્ણય કરવાનો હોય તો સૂર્યકાન્તનું કથન ખરું લાગે એમ હતું. સૂર્યકાન્તના મુખની છાપ તેને

પ્રામાણિક અને ચોખ્ખા હૃદયનો સાબિત કરતી હતી.

'કાકા તમારા દુશ્મન છે?' અમલદારે પૂછ્યું.

'સાહેબ, અમારા ખાનગી ઝઘડામાં શું કરવા પડો છો?'

'તમારા ખાનગી ઝઘડા જાહેર બને છે એટલે મારો શો ઇલાજ?'

'એક રબારણનું તોફાન ઊભું કરી માંડી વળાવી મને ફસાવવા પ્રયત્ન કર્યો; હવે બીજું શું ઊભું કરે છે?'

'તમારા કાકાને અને તમારે કેમ બનતું નથી?'

'આપ નથી સમજી શકતા?'

'બધું સમજું છું, પણ તમારી પાસેથી જ મારે વાત જાણવી છે.' કંઈ જ ન જાણતા અમલદારે એટલું તો સમજી લીધું હતું કે કાકાભત્રીજા વચ્ચે ભારે અણબનાવ હતો. રતિલાલના કાવતરા સાથે આ અણબનાવને સંબંધ તો નહિ હોય? આ કામે ખૂબ દક્ષતા રાખવાની હતી. સૂર્યકાંત વાતમાં અને વાતમાં ઘણી વિગતો જણાવી દેશે એમ લાગ્યું.

'કાકાની મિલકતમાં હું ભાગીદાર છું એ જાણો છો ને?' સૂર્યકાંતે કહ્યું.

'હા સ્તો. એમાં કાંઈ કોઈનું ચાલે એમ છે?'

'હા. કાકાનું ઘણું ચાલી શકશે. ગુનામાં સંડોવી મને નાલાયક બનાવી શકશે.'

'પણ એટલું વેર શા માટે?'

'કાકીની નાની બહેન સાથે મારું લગ્ન કરાવવું છે.'

'એમાં હરકત શી છે?'

'હરકત? તમે એને જુઓ, પછી એ પ્રશ્ન કરો.'

'તમારા વડીલોનું તમારે માન રાખવું જોઈએ.'

'લગ્ન સિવાયની બધી વાતમાં હું માન આપું છું.'

'તમારી ઇચ્છા કોની સાથે લગ્ન કરવાની છે?'

'એ વાત ગુપ્ત રહે એમાં જ સારું છે.'

'મારી પાસે આવેલી વાત ગુપ્ત જ રહે છે. હું બધું જાણું છું, છતાં ખાતરી કરવા માટે પૂછું છું.'

'હું એક વિધવા સાથે લગ્ન કરવા ધારું છું. કાકા મને વિધવા સાથે પરણેલો જુએ એના કરતાં મને મરેલો જોવા વધારે તૈયારી બતાવે.'

'અને કદાચ તમને મારવાનું કાવતરું રચાતું હોય તો?'

'તો નવાઈ નહિ.'

'એમ? તમે ધારી બેઠા છો કે તમારું ખૂન થશે?'

'કાકાએ ધાર્યું હોય તો તે જાણે. હું તો મારાં પુસ્તકોમાં મશગૂલ રહું છું.'

'પણ તમારા જેવા પ્રતિષ્ઠિત શેઠના દીકરાને વિધવા સાથે લગ્ન કેમ કરવું પડે છે?'

'શું એક વિધવા પ્રતિષ્ઠિત નથી? વિધવા સાથેના લગ્નથી મારી કે મારા કુટુંબની પ્રતિષ્ઠા ઝાંખી પડશે?' શું વિધવાને હૃદય નથી?'

'હૃદય તો બધાંયને હોય. એક વિધવાના હૃદય માટે આવો આગ્રહ કેમ?'

'સાહેબ, આ મશ્કરીનો વિષય નથી. અમે બન્ને કૉલેજમાં સાથે જ ભણતાં, ત્યારથી એકબીજાને લગ્નનું વચન આપી ચૂક્યાં છીએ.'

'વચન આપતાં પહેલાં જ વિધવા થઈ હશે.' અમલદારે પૂછ્યું.

સૂર્યકાન્તના સાલસ મુખ ઉપર ક્રોધ વ્યાપી ગયો. પોતાની પ્રિયતમા વિષે વગર વિચાર્યું બોલનાર પોલીસઅમલદારની તે પરવા કરે એમ ન હતો. સુખી, ધનિક અને ભણેલા સંસ્કારી યુવકની ભાવનાશીલતા અમલદારે સૂર્યકાન્તમાં જોઈ, અને પ્રેમને માટે દુઃખ ખમતા યુવક માટે તેને માન ઉત્પન્ન થયું.

'હું તમારું દિલ દુભાવવા આવ્યો નથી. હું તમને ચેતવણી

આપવા આવ્યો છું.'

'તમારો આભાર માનું છું; પરંતુ મારી ભાવી પત્ની વિષે તોછડાઈથી બોલનાર સાથે હું વાત કરતો નથી.'

'વારુ એ તમારાં ભાવી પત્નીનું નામ શું?'

'એનું નામ શાંતા.'

'શાંતા?'

અમલદાર મનમાં ગૂંચવણ ઊભી થઈ. ખૂનના કાવતરામાં શાન્તાનું નામ આવતું ન હતું. શાંતા કોણ? તેમણે પોતાની નોંધ ઉઘાડી. નામ શાન્તા નહિ પણ સુલતા હતું. ત્યારે આટલે સુધી મળતી આવેલી તપાસ નિરર્થક જશે? ફરી પાછું નવેસરથી કામ શરૂ કરવું પડશે?

સૂર્યકાન્ત અમલદારના મુખ પર છવાયેલી મૂંઝવણ જોઈ શક્યો. પરંતુ તેને સમજ ન પડી, કે આ અમલદાર તેની ખાનગી બાબતમાં આટલો રસ કેમ લે છે! કાકાએ પાછું શું ય ધાંધલ ઊભું કર્યું હશે?

'ત્યારે તમારાં કાકીની નાનીબહેનનું શું નામ?' અમલદારે પૂછ્યું.

'એનું નામ વિજયા. મહેરબાની કરી એની યાદ ફરી ન દેવડાવશો.' સૂર્યકાન્તે કહ્યું,

'પછી સુલતા કોનું નામ?' સહજ કંટાળીને અમલદારે પૂછ્યું.

'સુલતા?...સુલતા?...તમે જાણ્યું?' આશ્ચર્યમુગ્ધ બનેલા સૂર્યકાન્તે પૂછ્યું; એટલું જ નહિ, પણ તેને ખાતરી થઈ કે આ અમલદાર ત્રિકાળજ્ઞાની છે.

'સુલતા કોણ એ તમે કેમ મને ચોખ્ખું કહી દો. પછી હું કહેવાનું તમને કહીશ.'

'શાન્તાનું નામ મેં સુલતા રાખ્યું છે. પરણ્યા પછી એ નામ જાહેર કરીશું. તમે ક્યાંથી જાણ્યું?'

'ત્યારે સૂર્યકાન્ત, હું તમને ચેતવણી આપું છું, કે તમારું અને સુલતાનું ખૂન કરવા માટે કાવતરું રચાઈ રહ્યું છે.' અમલદારે ભાર

મૂકી કહ્યું.

સૂર્યકાન્ત જરા સ્તબ્ધ બન્યો. પછી એક પ્રેમીને છાજે એવી ઢબે તે બોલ્યો :

'મારું ભલે ખૂન થાય પરંતુ સુલતાને તો તમે બચાવો !'

'હું બન્નેને બચાવીશ. પરંતુ તમે મારી સૂચના પ્રમાણે ચાલો હું ન ઓળખાય એવાં પોલીસનાં માણસો તમારાં રક્ષણ માટે રોકું છું.' કહી અમલદાર ઝડપથી ઊઠ્યા, અને શેઠને ત્યાં ઉતાવળથી ચા પી ગાડીમાં પાછા બેઠા.

૩

સૂર્યકાન્ત અને સુલતાનું ખૂન રતિલાલ નામના શિક્ષકને હાથે થવાનો તાગડો રચાયો હતો એ ચોક્કસ હતું. સૂર્યકાન્તના ખૂનમાં તેના કાકાનો હાથ ચોક્કસ હતો એ પણ સ્પષ્ટ હતું. ખૂનનું કારણ પણ સમજાયું. સારા કુટુંબો—કહેવાતાં સારાં કુટુંબોમાં વિધવાવિવાહ માટે હજી ઘણો જ અણગમો હતો. અને પ્રતિષ્ઠા ખાતર ઝનૂની માણસો એમાં ગમે તેનું ખૂન કરી બેસે એ પણ સંભવિત હતું. હવે તજવીજ એક જ કરવાની બાકી રહી; ખૂન અટકાવવું શી રીતે? અને ખૂનીને સજાએ પહોંચાડવો શી રીતે?

પોલીસઅમલદાર શાન્તિથી બેસવાને સર્જાયલો નથી. પોલીસ સ્ટેશન આવી તેણે વિગતવાર નોંધ લખી લીધી અને એક ગુપ્ત નિવેદન દ્વારા ઉપરીને જણાવ્યું કે તે એક મહત્ત્વના ગુનાને અટકાવવામાં રોકાયો છે.

આટલું કરી તે શાળાના મુખ્ય શિક્ષક પાસે ગયો. ઓછામાં ઓછું શીખવી વધારે શીખવ્યાનો ભ્રમ સેવતા મુખ્ય શિક્ષક હમણાં જ મિત્રને ત્યાંથી પાછા આવી ઘેર બેઠા હતા. વિવેકની ટેવ બાળકોમાં પાડતા શિક્ષકે જાતે જ વિવેકના ચિહ્ન તરીકે માથે ટોપી પહેરી લીધી અને અમલદારની સાથે સહજ ગભરાટથી વાત શરૂ કરી :

'કહો સાહેબ, પોલીસખાતાને મારો શો ખપ પડ્યો?' મુખ્ય શિક્ષકે પૂછ્યું.

'આપનો ખપ હવે ઘણો ગમશે.'

'વિદ્યાર્થીઓએ ફાનસ ફોડ્યાં? કે કોઈ પોલીસ તરફ પથરા ફેંક્યા?'

'એવા ગુના અમે ચલાવી લઈએ છીએ. હું એક માહિતી મેળવવા આવ્યો છું.'

'જાણું છું એટલું સાચેસાચું કહીશ.'

'રતિલાલ નામના શિક્ષક તમારી શાળામાં છે?'

'હા જી. એક વરસ થયાં અહીં છે.'

'એના સંબંધમાં તમારો શો મત છે?'

'એને માટે મારો બહુ સારો મત છે. અમારા સારામાં સારા શિક્ષક તરીકે હું એને ગણું છું.'

'એનામાં કાંઈ વિચિત્રતા છે?'

'ના ભાઈ. પહેરવે ઓઢવે ઘણો ચોખ્ખો; વાતમાં બહુ સભ્ય; વિદ્યાર્થીઓને બહુ જ પ્રિય અને શિક્ષણમાં ઘણો જ ચોક્કસ.'

અમલદાર જરા ગૂંચવાયો; પછી તેણે કહ્યું:

'માસ્તરસાહેબ, આપને કોઈ એમ કહે કે રતિલાલે ખૂન કર્યું છે, તો આપને શું લાગે?'

'ખૂન? રતિલાલે? નવાઈની વાત.' શિક્ષક ખુરશી ઉપરથી ઊછળી બોલ્યા. અમલદારે શિક્ષક ઉપરની અસર નોંધી લીધી, મનમાં જ. કાં તો રતિલાલ ઘણો સારો હોય, અગર પોતે ઘણો સારો છે એવી છાપ પાડી, આરોપમાંથી ઊગરી જવાની તૈયારી રાખનાર એક બુદ્ધિમાન ઠગ હોય!

'દુનિયામાં ઘણી નવાઈઓ બને છે એ તો આપ જાણો જ છો.' અમલદારે કહ્યું.

'હા જી, અને તેમાં આ તમારા સિનેમાએ તો સત્યનાશ

વાળ્યો છે.' મુખ્ય શિક્ષક બોલ્યા.

'રતિલાલ સિનેમાનો શોખીન છે?' પોલીસ અમલદાર જરા સરખી વાતને પણ જતી કરી શકે નહિ.

'હા. જરા ખરો. જુવાન છે. પણ એથી એના કામમાં હરકત આવતી નથી.'

'એની પૈસા સંબંધી સ્થિતિ કેવી છે?'

'સાધારણ બધાંની હોય છે એવી. તંગીનો અનુભવ ખરો. જરા ખર્ચાળ વધારે છે.'

'એના મિત્રો કોણ છે?'

'બે શિક્ષકો એના ખાસ મિત્ર છે. ઘણું કરી એ લોકો કૉલેજમાં સાથે હતા એમ કહે છે. હું એને બોલાવું?'

'પણ એણે કોનું ખૂન કર્યું?'

'ખૂન કર્યું નથી, પણ કરવાનો છે.'

'એમ! કોનું?'

'એ હું કહીશ નહિ. એક નહિ, પણ બે ખૂન કરવાનો છે.'

'આપ શું કહો છો?'

'હું પુરાવા વગર વાત કરતો નથી. એક પુરુષ અને એક સ્ત્રીનું ખૂન કરવા તેણે કાવતરું રચ્યું છે.'

મુખ્ય શિક્ષક સ્તબ્ધ થઈ ગયા. રતિલાલ ખૂની? અને તેના પુરાવા? મુખ્ય શિક્ષકને આશ્ચર્યમાંથી જાગૃત કરી અમલદારે એક રહી ગયેલી વાત પૂછી લીધી:

'રતિલાલ પરણેલો છે?'

'ના. પણ સહજ ગોટાળો છે.'

'હોય જ. આપ કહી શકશો કે એ શો ગોટાળો છે?'

'એક વિધવા સાથે પરણવાની વાત સાંભળી હતી.'

'એ પરણી ગયા છે?' ચોંકીને અમલદારે પૂછ્યું. તેમને લાગ્યું કે ભેદ ઘટ્ટ થતો જાય છે. સૂર્યકાન્ત પણ એક વિધવાને પરણવા

માગતો હતો. એક જ સુલતાના બે પ્રેમીઓ હોય તો ? ખૂનના કાવતરા માટેની માન્યતાને વધારે અને વધારે ટેકો મળતો જાય છે.

'ના. હજી હવે પરણશે.'

'આપ એ વિધવાનું નામ જાણો છો ?'

'ના, જી.'

'હરકત નહિ. નામ હું જાણું છું.' કહી અમલદારે ઊભા થવા માંડયું. એટલામાં મુખ્ય શિક્ષકને કાંઈ સાંભર્યું હોય તેમ તેમણે કહ્યું :

'હાં, ઠીક યાદ આવ્યું. જરા બેસો.'

'શું છે ?'

'રતિલાલ જરાક ક્રાન્તિકારી છે.'

'એટલે ?'

'રશિયાનું નવું સાહિત્ય બહુ વાંચે છે.'

'એમ ?'

રશિયાનું સાહિત્ય વાંચવું એ સૌના મતે ભયંકર ગુનો છે. ચોરી અને ખૂન કરતાં પણ એ સાહિત્યવાચનમાં વધારે ભયના ભણકારા સૌને સંભળાય છે. પોલીસને, ખાસ કરીને કાયદાથી સ્થાપિત થયેલું રાજ્ય – એનો અર્થ જે થતો હોય તે ખરો – ઉથલાવી પાડવાનું તેમાં કાવતરું જોવામાં આવે છે. રતિલાલની ભયંકરતા વધી ગઈ.

આટલી માહિતી અમલદાર માટે પૂરતી હતી.

૪

માસ્તર રતિલાલ રસોઈનો સામાન ભેગો કરી ક્રોપોટકીનનું જીવનચારિત્ર વાંચવા સવારમાં બેઠા હતા, અને તેમના બારણાં ઉપર ટકોરા પડયા.

'કોણ છે ?' તેમણે બૂમ પાડી.

'જરા ઉઘાડો બારણું.'

'બારણું ઉઘાડું જ છે. અંદર આવો.' રતિલાલ કહ્યું અને એકદમ એક જમાદાર અને બે પોલીસનાં માણસો અંદર ધસી આવ્યાં,

'કેમ ? આપને શું કામ છે ?' રતિલાલે પૂછ્યું.

'તમને સાહેબ બોલાવે છે.'

'મને ? મારી કશી ફરિયાદ નથી.'

'ફરિયાદ હોય તેણે જ શું પોલીસમાં જવું જોઈએ ? આરોપી હોય એ બધાંયની જરૂર રહે છે.'

'હું આરોપી યે નથી, સાક્ષી યે નથી.'

'છતાં આપને અમારા સાહેબ બોલાવે છે.'

'વૉરંટ છે ?'

'તમે સાથે નહિ આવો તો તે પણ બતાવીશું.'

રતિલાલને લાગ્યું કે પોલીસના માણસો સાથે હુજ્જત કરવામાં કાંઈ અર્થ નથી. કપડાં પહેરી રતિલાલે પૂછ્યું:

'મારું શું કામ છે તે જાણો છો ?'

'ના.'

'હું તૈયાર છું.' કહી રતિલાલે પોલીસનાં માણસો સાથે ચાલવા માંડ્યું. થોડીક ક્ષણોમાં પોલીસસ્ટેશને પહોંચેલા રતિલાલને અમલદારની ઓરડીમાં દાખલ કર્યો. ઓરડીની સજાવટ ભપકાદાર હતી

'ગુડ મોર્નિંગ ! રતિલાલે અંદર પ્રવેશ કરતાં બારોબાર અમલદારને કહ્યું.

'ગુડ મોર્નિંગ ! રતિલાલ તમારું નામ ?' અમલદારે પૂછ્યું.

'હા જી.'

'બેસો.'

રતિલાલ આજ્ઞા પ્રમાણે બેઠો. પોલીસઅમલદારે તેના દેખાવની માનસિક નોંધ કરી. સરસ કપડાં, જરાક છટા, આંખમાં ચબરાકી

એ મુખ્ય શિક્ષકના કહેવા પ્રમાણે જ દેખાયા. હોંશિયારીથી ગુનો કરી શકે એવી માનસિક સ્થિરતા પણ તેનામાં હતી. ગભરાટનો અંશ પણ રતિલાલમાં દેખાયો નહિ.

'રતિલાલ, તમને કેમ બોલાવ્યા એ હવે તમે જાણી શક્યા હશો.' અમલદારે કહ્યું.

'હું કાંઈ જ સમજી શક્યો નથી.'

'હવે સમજશો. હું તમને કહું કે તમને એક ગુનાને માટે તો અહીં બોલાવ્યા છે!'

'ગુના માટે? હું કાંઈ ગુનો કરતો નથી.'

ગુનો કરવાની તૈયારીમાં છો.'

રતિલાલના મુખ ઉપર એકદમ મૂંઝવણ દેખાઇ. શો જવાબ આપવો તેની એને સમજ ન પડી.

'હું પકડાઉં તો સજા કરજો.' રતિલાલે સહજ ગુસ્સામાં કહ્યું.

'તમે પકડાયા જ છો. હવે તમારાથી નસાય એમ નથી.'

'કેમ? શા માટે?'

'તમારા વિરુદ્ધ પૂરતો પુરાવો છે. અજાણ્યા ન થતાં તમારો ગુનો કબૂલ કરી લેશો તો સજા ઓછી થશે.'

'ગુનો કર્યા વગર, ગુનો જાણ્યા વગર ગુનો કબૂલ કરાવવાની ઢબ પોલીસ ખાતામાં હશે એનો આજ મને અનુભવ થયો.'

'તમે બહુ હોશિયાર છો તે હું જાણું છું, તમારું કાવતરું પકડાઈ ગયું છે.'

'શાનું કાવતરું?'

'ખૂનનું.'

'ખૂન! હું કરવાનો છું?' અત્યંત આશ્ચર્ય પામી રતિલાલે કહ્યું.

'એક નહિ, પણ બે.'

રતિલાલે તાકીતાકીને અમલદાર સામે જોયું. કાં તો રતિલાલ ઘેલો હોય કે અમલદાર ઘેલો હોય ! કોણ ઘેલો છે એ નક્કી કરવા રતિલાલે ખૂબ તાકીને જોયું. તેના મનને થાક લાગ્યો. તેણે ખિસ્સામાં ઝડપથી હાથ નાખ્યો. એકાએક અમલદારે પોતાની પિસ્તોલ રતિલાલ સામે ધરી અને કહ્યું :

'બસ ! જો ધાંધલ કર્યું છે તો વીંધી નાખીશ. હાથ ઊંચા કરો.'

સિનેમા જોઈ પાવરધા બનેલા રતિલાલે બે હાથ ઊંચા કર્યા. એક સિપાઈ ઝડપથી આવી સલામ કરી સાહેબની સામે ઊભો રહ્યો. અમલદારે આજ્ઞા કરી :

'ખિસ્સાં તપાસો.'

ઊંચા હાથ રાખી રહેલા રતિલાલની સામે અમલદારની પિસ્તોલ ઊભી જ હતી. સિપાઈએ રતિલાલનાં ખિસ્સાં તપાસ્યાં. તેમાંથી હાથરૂમાલ, કાગળના કટકા, અને પાંચ આના નીકળી આવ્યા. અમલદારે ખિસ્સામાં રિવૉલ્વરની આશા રાખી હતી. રિવૉલ્વર ન નીકળી એટલે અમલદારે સહજ ઝંખવાણા બની કહ્યું :

'તમારી રિવૉલ્વર ક્યાં ?'

'રિવૉલ્વર ? સાહેબ, એક વાત ચોક્કસ છે. કાંતો હું સ્વપ્નમાં છું, અગર આપ સ્વપ્નમાં છો !'

કોણ સ્વપ્નમાં છે તે જણાઈ આવશે જ.'

એકાએક બીજો સિપાઈ ધસી આવ્યો. અને સલામ ભરી તેણે કહ્યું :

'સાહેબ, નગરશેઠ એકદમ આપને મળવા માગે છે.'

'આવવા દો. બન્ને કાવતરાંબાજ ભેગા થશે.'

ક્ષણવારમાં નગરશેઠ આવ્યા. અંદર દાખલ થતાં બારોબર તેમણે બૂમાબૂમ કરી મૂકી :

'સાહેબ, મરી ગયો. આબરૂના કાંકરા થઈ ગયા.'

'શું થયું ?' અમલદારે પૂછ્યું.

'પેલો તો પરણી બેઠો.'

'કોણ ? સૂર્યકાન્ત ?'

'હા. એ જ. હવે નાત બહાર થવાના, અને અમારી સાતે પેઢીનું નામ બોળાયું !'

'એમાં હું શું કરી શકું !' અમલદારે કહ્યું.

'હજી લગ્નક્રિયા ચાલે છે. આપ આવી અટકાવો તો બહુ સારું.'

'તમારું કાવતરું મેં સફળ ન થવા દીધું, ખરું ?' સહજ હસી અમલદારે પૂછ્યું.

'કાવતરું ? કોણે કર્યું ?' શેઠે પૂછ્યું. શેઠને ચમક થઈ.

'આપ જાણો અને આ આપના સાથીદાર જાણે !'

'મારા સાથીદાર ? આમને તો મેં જોયા પણ નથી.'

'આપના ભત્રિજાનું નામ સૂર્યકાન્ત ખરું ને ?'

'હા.' શેઠે કહ્યું.

'સૂર્યકાન્તના ખૂનની તજવીજમાં તમે હતા કે નહિ ?' રતિલાલ તરફ જોઈ અમલદારે પૂછ્યું.

રતિલાલની આંખ કાંઈ ઊંડું ઊંડું નિહાળી રહી. અંતે તેણે કહ્યું :

'ના, સાહેબ.'

'સુલતાને આપ ઓળખો કે નહિ ?' અમલદારે શેઠને પૂછ્યું.

'હા, હા, એ જ પેલી. શું કહું ? આપ ઝડપ કરો. નહિ તો મંગળફેરા ફરી લેશે.'

'સુલતાના ખૂનની યણ તમારી કોશિશ હતી, એવો હું આરોપ તમારા ઉપર મૂકું છું. બોલો શું કહેવું છે ?' રતિલાલને અમલદારે કહ્યું.

'હું એનો ઇન્કાર કરું છું.'

'આ લ્યો, ભણેલા તો છો જ, એટલે વાંચી જાઓ.'

સૂર્યકાન્ત અને સુલતાના ખૂનની કોશિશનો આખો કેસ રતિલાલે વાંચ્યો. ધોબીની હકીકતથી શરૂ કરી રતિલાલને આજે સવારે પોલીસ તપાસમાં બોલાવ્યા સુધીની સંપૂર્ણ હકીકત એમાં હતી. જેમ જેમ રતિલાલ વાંચતો ગયો તેમ તેમ તેના મુખ ઉપર આશ્ચર્યની છાપ વધારે અને વધારે ઘેરી બનવા લાગી. કાગળો વાંચી, સહજ આંખ મીંચી, વિચાર કરી રતિલાલે કહ્યું :

'સાહેબ, આપે મારા માટે મેળવેલી બધી હકીકત ખરી છે. પરંતુ એક મુખ્ય હકીકત રહી ગઈ છે.'

'શી હકીકત ?'

'એ જ કે હું લેખક પણ છું.'

'એટલે ?'

'હું નવલકથાઓ પણ લખું છું.'

'તેથી શું ? તમે ખૂનની કોશિશ નહોતા કરતા એમ સાબિત થતું નથી.'

'એ કોશિશ માત્ર નવલકથામાં જ કરી છે.'

અમલદાર એકદમ ચમક્યો અને બોલ્યો :

'શું ?'

'ધોબીથી માંડી આપે એક સરખી ભૂલ કરી છે.'

'શી ?'

'સૂર્યકાન્ત અને સુલતા એ મારી નવલકથાનાં પાત્રો છે.'

'એ હું ન માનું. તમારા જ મિત્રો તમને બે ખૂન ન કરવા ભલામણ કરતા હતા.'

'એ ખરું છે. મેં નવલકથામાં મારાં બંને પાત્રો—સૂર્યકાન્ત અને સુલતાને મરણ પામેલાં બતાવી તેને કરુણાન્ત બનાવી છે. મારા મિત્રોનો એમાં વાંધો હતો. સુલતાને જીવતી રાખવા તેમની ભલામણ હતી. મશ્કરીમાં તેઓ મને ખૂની કહેતા હતા.' રતિલાલે

સમજાવ્યું.

'હું ન માનું. આ શેઠના ભત્રિજાનું નામ સૂર્યકાન્ત છે, અને જેની સાથે તે લગ્ન કરે છે તે વિધવા બાઈનું નામ સુલતા છે.'

'પરંતુ મારી નવલકથાની સુલતા વિધવા નથી; કુમારિકા છે.'

'તમારી નવલકથા મને બતાવી શકશો?'

'હા, જી, આજે જ છાપખાનામાં આપવાની હતી. આપ મારી સાથે પધારો.'

અમલદારે મેજ ઉપર હાથ પછાડચો, અને ઊભા થઈ કહ્યું :

'ચાલો.'

'પણ સાહેબ મને શું કહો છો?' નગરશેઠે પૂછ્યું.

'તમે પણ સાથે ચાલો.'

'આપણી મોટર તૈયાર છે!' શેઠે કહ્યું.

ત્રણે જણ પ્રથમ રતિલાલના ઘરમાં ગયા. રતિલાલે હાથનું લખેલું એક પુસ્તક અમલદાર આગળ ધરી દીધું. ઉપર ઉપરથી તેમણે નજર ફેરવી અને છેલ્લા પ્રકરણને કાળજીપૂર્વક વાંચ્યું. નિઃશ્વાસ મૂકી અંતે તેમણે નગરશેઠને કહ્યું :

'શેઠસાહેબ, હવે આપના ભત્રિજાને આશીર્વાદ આપો. અમારાથી ઉમ્મરલાયક વિધવાના લગ્નને ગુનો માની શકાય નહિ.'

હું આશીર્વાદ આપું?' શેઠ ઘુરકચા.

'બીજો ઇલાજ નથી. હું તમારી સાથે જ આશીર્વાદ આપવા આવું છું.' અમલદારે કહ્યું

'મને પણ સાથે લઈ જાઓ. મારી નવલકથામાં ગમે તેમ થયું હોય, પણ સૂર્યકાન્ત અને સુલતા પરણે એ મને પણ ગમે છે. હું યે આશિષ આપીશ.' રતિલાલે કહ્યું.

શેઠને બોલવાનો માર્ગ રહ્યો ન હતો. ત્રણે જણ મોટરમાં બેસી ગયા. બંગલાનાં બારણાં આગળ આવતાં જ અમલદારે રતિલાલના કાનમાં ધીમેથી કહ્યું :

'અરે માસ્તર !...એકાદ ખૂન તો કરવું હતું !'

એકાએક અંદર સરસ બૅન્ડ વાગવા લાગ્યું.

# પંકજ

## ૧

ત્રણેક વર્ષથી મધુકર સટ્ટાબજારમાં આવતો. આખી જિંદગી સટ્ટો જ છે. વ્યાપારમાં પણ સટ્ટો કેમ ન હોય ? એ પણ જિંદગીનો એક વિભાગ છે, એક ક્ષણમાં લાખો રૂપિયાના માલિક થવું અને એક ક્ષણે મિલકત વગરના બની બેસવું એમાં પણ અજબ રોમાંચ થાય છે.

'પણ આપણે વ્યાપારના જ સટ્ટામાં પડી રહીશું ? કાંઈ બીજો સટ્ટો કરીએ તો ?' મધુકરે પૂછ્યું.

'હા. લગાવ બીટ. એબિસીનિયા જીતશે કે ઈટલી ? હજારથી દસ હજાર રૂપિયા સુધીની મારી તૈયારી છે. ચાલ.' મેં કહ્યું.

મધુકર જરા હસ્યો. તેનું હાસ્ય કેટલીક વખત અમને અપમાન ભર્યું લાગતું. અમારા બધાથી જાણે તે ઘણો મોટો માણસ હોય એવો એ હાસ્યમાં ભાવ હતો.

'શાનો હસે છે ? તારું જિગર ક્યાં ચાલે છે ?'

'જિગર તો ચાલે છે, પણ તમારી ઢબે નહિ.' મધુકરે કહ્યું.

'હજી બીજા પાંચ હજારની મારી તૈયારી છે. બોલ, શું કહે છે ?'

'આપણા ગુજરાતી મારવાડી વ્યાપારીઓને સટ્ટો ખેલતાં આવડતો

જ નથી. ઈટલી અને આબિસીનિયા લડે. આપણે ન એક બંદૂક પકડવી, ન મેદાન જોવું, ન ઘા ખમવા, અને છતાં પંદર પંદર હજાર ઘેર બેઠે આપવા–લેવાનો સોદો આપણે કરી શકીએ છીએ.

'એમાં શું ? એનું જ નામ સટ્ટો.' મેં કહ્યું.

'નામર્દોનો સટ્ટો !'

'તું મર્દાઈનો સટ્ટો બતાવ.'

'તૈયારી છે ? જોજે ફરી જતો.'

'બોલી નાખ. ફરી જનાર હું નહિ.'

તું જા ઇટાલીના લશ્કરમાં; હું જાઉં એબિસીનિયાના લશ્કરમાં. પછી લગાવ આંકડો. ઈટલી જીતે તો હું પંદર હજાર આપું. એબિસીનિયા જીતે તો તું પંદર હજાર આપ.

'શાનાં ગપ્પાં મારે છે ? આપણને તે કોઈ લશ્કરમાં રાખે ?' એક સટોડિયા શેઠિયાએ કહ્યું.

'માટે તો કહું છું આપણા સટ્ટા નામર્દોના છે.'

'ધારો કે આપણને હબસી લશ્કરમાં રાખે. પણ અહીંથી આપણને સરકાર જવા દે ખરી ?'

'એ નામર્દાઈ અંક બીજો.' મધુકર બોલ્યો.

'એમાં આપણે શું કરીએ ?' મેં કહ્યું.

'પેલા બેલ્જિયનોને એબિસીનિયા રાખી શકે, પણ હિંદીઓને હિંદ બહાર જવાનો પણ ક્યાં અધિકાર છે ?' મધુકરે કહ્યું.

'તો તું સટ્ટાબજારમાં શું કરવા આવ્યો ? એવું હતું તો ગાંધી મહાત્માના આશ્રમમાં જઈ બેસવું હતું.'

'મારા મનમાં એમ કે સટોડિયાઓ પાસેથી હું ખરું સાહસ શીખી લાવું.' મધુકર બોલ્યો.

અમારી તકરાર વધી પડી. ચા પીતે પીતે અમે બધા ખૂબ ગરમ થઈ ગયા. મધુકરને બજારમાંથી હાંકી કાઢવાની પણ કેટલાકની ઇચ્છા થઈ. પરંતુ એના જેવા ગુલામી સટોડિયાને બજારમાંથી દૂર

કરવામાં અમને ફાયદો ન હતો. એણે અમને જે નાચરંગ બતાવ્યા છે, એણે જે ઊંચી જાતના શરાબ...શરાબતો અમને પાયાં છે એનો વિચાર કરતાં મધુકરને બજારમાંથી કાઢવો એ બેવફાઈ અમને ગોઠી નહિ.

અંતે એક તાજા દાખલ થયેલા યુવાને મધુકરના આહ્વાનને સ્વીકારી લીધું.

'ચાલ. હું તૈયાર છું. પણ આપણે ઈટલી ભણી નહિ.' તેણે કહ્યું.

'આપણે બંને એબિસીનિયા તરફ જઈએ. તું ઉત્તર મોખરે જા. હું દક્ષિણ મોખરે જઈશ. ઉત્તર તરફથી એબિસીનિયા જીતે તો હું પંદર હજાર તને આપું. દક્ષિણ બાજુએથી જીતે તો તારે મને એ રકમ આપવી.' મધુકરે કહ્યું.

'પણ એબિસીનિયા જીતે જ નહિ તો?' મેં પૂછ્યું.

'તો જીવતાં પાછા ન ફરવું. જગતભરની કાળી પ્રજાને તૈયાર કરી ગોરાઓની સ્વાર્થી ગીધવૃત્તિનો સામનો કરવો.' મધુકરે કહ્યું.

'ક્યારે જાઓ?' એક જણે આંખ મીચકારી પૂછ્યું.

'અબઘડી.' મધુકરના સામાવાળિયાએ કહ્યું. મધુકર વિચારમાં પડી ગયો. ક્ષણભર વિચાર કરી તેણે કહ્યું :

'આજ નહિ. ત્રણ દિવસ પછી.'

'કેમ શેઠ, ઠંડા પડ્યા?' કોઈએ મધુકરની મશ્કરી કરી.

'કારણ છે માટે.' મધુકરે કહ્યું.

'આપણે શરત રમીએ. મધુકર આજ જશે કે ત્રણ દિવસ પછી? આજ જાય તો હું પાંચ રૂપિયા મૂકું.' કોઈએ કહ્યું.

'હું ત્રણ દિવસ પછી જવાનો એ ચોક્કસ.' મધુકર બોલ્યો.

'ત્યારે આપણે એ રમતમાંથી બાતલ. આપણે તો આજ અને અબઘડી જવાનું હોય તો તૈયાર. પછી નહિ.' મધુકરના હરીફે કહ્યું. બોલાતાં બોલાઈ ગયું તે પાછું ખેંચી લેવાની તક કોઈ ભાગ્યે

જવા દે.'

કંઈક રૂના ભાવમાં ફેરફાર થયાના સમાચાર મળતાં અમે બધા આપ્યા–લીધાના ધાંધલમાં પડ્યા, અને મધુકરની વાતને ભૂલી ગયા.

પરંતુ મધુકર બીજે દિવસે બજારમાં ન આવ્યો એટલે મારો જરા ઊંચો જીવ થયો. બધાએ મધુકર કેમ ન આવ્યો તે વિશે ચર્ચા પણ કરવા માંડી. મધુકરને માટે મને વધારે લાગણી હતી. એની વિચિત્રતા ઘણી વખત સહુને અણગમતી થઈ પડતી હતી; એની ટીકાઓ ઘણાંને પ્રજાળતી હતી; અને તેનો સંસ્કારઘમંડ સહુને ખૂંચતો હતો. છતાં તેમાં એક પ્રકારની એવી સરળતા હતી કે તેના અન્ય દોષ ભૂલી જવાનું બધાને મન થતું. મધુકરની ઉદારતા અદ્ભુત હતી. તે રંગરાગનો શોખીન હતો, અને અમને ખૂબ મોજ કરાવતો. પૈસાનો તેને હિસાબ ન હતો. છતાં ઊંડે ઊંડે જાણે તે બધા રંગરાગથી પર હોય એમ અમને ભાન થતું, એની રીસ પણ ચડતી, અને તે ગામે મધુકર માટે એક જાતનો પક્ષપાત પણ ઉદ્ભવતો.

ત્રણ વર્ષમાં મારે અને મધુકરને વધારેમાં વધારે પરિચય થયો હતો. સટ્ટો ખેલનાર મોજ પણ ખૂબ કરી શકે છે. પૈસા હાથમાં હોય ત્યારે અમે મોજશોખમાં માથાબોળ ઊતરી શકીએ છીએ. એવા પ્રસંગે મધુકર સાવધ જણાતો અને રંગરાગથી અલિપ્ત અને ઊંચે રહેતો દેખાતો. વચમાં વચમાં તે કાંઈ ફાળા કરતો અને અજાણ્યા મંડળોમાં મોકલાવતો. આવાં કારણોને લીધે તે આકર્ષક બનતો.

વળી તેની એક વિશિષ્ટતા હતી. તે ઘણી વખત મને તેના ઘર નજીક લઈ જતો. પરંતુ ત્રણ વર્ષમાં તેણે કદી મને ઘેર બોલાવ્યો ન હતો. ઘર આવતાં તે ગમે તેમ કરી અમને છૂટા મૂકી દેતો. મોજશોખ બધો તેના ઘરની બહાર થતો. તેના ઘરનું દ્વાર પણ અમે જોયું ન હતું. આ પરિસ્થિતિ તેના ગૂઢ આકર્ષણને વધારી રહી હતી. છતાં તે દિવસે તો હું ઘર તરફ દોડ્યો, અને ઘરનું બંધ બારણું

ઠોકયું.

'કોણ છે?' અંદરથી જવાબ આવ્યો. એ અવાજ સ્રીનો હતો.

'જરા બારણું ખોલો ને!' મેં કહ્યું.

'કેમ?' અંદરથી જ તે બાઈએ પૂછયું.

'મધુકરનું કામ છે.'

'એ તો નથી.' એક સ્રીએ બારણું ઉઘાડી કહ્યું. સ્રી રૂપરૂપનો અંબાર હતી. મને આશ્ચર્ય થયું. એ કોણ હશે? મધુકરની શી સગી હશે? એક અનુમાન થઈ શકે તે મેં કર્યું : કાં તો પત્ની હોય કે કાં તો...વધારે વિચાર કરું એટલામાં એ સ્રીની પાસે એક નાની બાળકી આવીને ઊભી રહી. બાળકી એ બાઈની નાનકડી પ્રતિમા લાગતી હતી.

'કયારે આવશે?' મેં પૂછયું.

'ત્રણેક દિવસમાં.' એ યુવતી બહુ વાત કરવાની ઇચ્છા ધરાવતી લાગી નહિ.

'કયાં ગયા છે?'

સ્રીએ ગામનું નામ તો આપ્યું, પણ પછી જાણે ભૂલ કરી હોય એમ તેના મુખ ઉપરથી લાગ્યું; અને તરત તેણે બારણું બંધ પણ કર્યું.

હું જરા ઝંખવાણો પડયો. છતાં મધુકરના જીવનનું રહસ્ય શોધવા હું લલચાયો. યુવતીને કશું પુછાય એમ ન હતું. શું મધુકર સ્વાર્થી અને ક્રૂર પતિ હતો? કે અદેખો અને ઈર્ષાભર્યો પ્રિયતમ હતો? શું આ રૂપવતી યુવતી તરફ કોઈની નજર ન પડે એ માટે એણે ઘર સહુ સામે બંધ રાખ્યું? મેં ફરી બારણાંને ધક્કો માર્યો, બહારની સાંકળ ખખડવી, ટકોરા માર્યા. પરંતુ હવે બારણું ઊઘડયું નહિ.

કદાચ પેલી યુવતીએ કહ્યું તે પ્રમાણે એ બહારગામ ગયો હોય

તો? ગામનું નામ તો તેણે દીધું હતું. જતાંઆવતાં ખરેખર ત્રણ દિવસ થાય એમ હતો. ભાવતાલ અને વાયદાનું કામ એકાદ મિત્રને પણ સોંપી શકાય. વિચાર થતાં બરોબર તેનો તત્કાળ અમલ કરવો એ અમારા લોકોનો સ્વભાવ જ છે. એ બાજુએ ગાડી જવાને હજી બે કલાકની વાર હતી. મધુકર ત્યાં પહોંચી ગયો હશે. નાનું ગામ છે એટલે એને શોધતાં વાર નહિ લાગે. આપવા જેવી સૂચનાઓ આપી હું ગાડીમાં બેઠો. કોઈ ઓળખીતો માણસ મળ્યો નહિ, એટલે મધુકર મળશે કે નહિ એ વિષે શરત લગાવવાની મારી તીવ્ર વૃત્તિ સંતોષી શકાઈ નહિ.

૨

ખરે બપોરે ગાડીએ મને ધારેલી જગાએ પહોંચાડ્યો. આવા ગામમાં મધુકર શા માટે આવ્યો હશે? મેં ધાર્યું હતું એવું નાનું એ ગામ ન હતું. છતાં ઝબકતી બુદ્ધિવાળા મધુકરને આ ગામ આકર્ષી શકે એ નવાઈ જેવું તો હતું જ. શહેરની રોનક અહીં ન હતી. પરંતુ સ્વચ્છતા અને વ્યવસ્થાનો વિચાર કરતાં આ ગામ હિંદનાં બીજાં ગામથી ઘણું જુદું પડતું હતું. ગાંધીયુગે દાખલ કરેલી પોશાકની સરળતા અને સ્વચ્છતા આ ગામે જાળવી રાખી હતી. આંગણાં ત્વચ્છ અને રોનકભર્યા સાથિયાવાળાં હતાં બાળકો ફરતાં આનંદ કરતાં હતાં. એક મંદિર પાસે મોટા વડ નીચે યુવકો ભેગા થઈ કોઈનું ભાષણ સાંભળતા હતા. ગામડિયણ સ્ત્રીઓ પણ કેટલીક બેઠેલી દેખાઈ.

ઉતાવળા આવતા એક યુવકને મેં પૂછ્યું :

‘ આજે ગામમાં કાંઈ ઉત્સવ છે?’

‘ ઉત્સવ? હા, એવું જ કાંઈ ખરું.’ સહજ મુંઝાઈ યુવકે જવાબ આપ્યો.

‘ શાનો ઉત્સવ છે?’

‘ ઉત્સવ? હા...હા. અમે એક મરણતિથિ ઊજવીએ છીએ.’

'મરણતિથિ ? કોની ?'

'તમને ખબર નથી ?'

'ના, ભાઈ, હું દૂરથી આવું છું અને પહેલી જ વાર આ ગામે આવું છું.'

'કોને ઘેર જવું છે ?'

'કોઈને ઘેર નહિ.'

'ત્યારે આવ્યા શા માટે ?'

'મારો એક મિત્ર છે તેને જોવા આવ્યો છું.'

'એમનું નામ શું ?'

'મધુકર.'

'એ તમારા મિત્ર થાય ?'

'હા.'

'અને આ ઉત્સવ શાનો છે તે તમે જાણતા નથી ? હું ના માનું.' કહી જરા તે આગળ ચાલ્યો.

'પણ મને કહો તો ખરા કે મધુકર ક્યાં છે ?' મેં પૂછ્યું.

'મધુકર અહીં રહેતા નથી. એ તો ત્રણ વર્ષથી ચાલ્યા ગયા છે.'

'આજે એ અહીં આવ્યો છે.'

'અમને ખબર પડ્યા વગર રહે જ નહિ.' કહી તે ઝડપથી ચાલ્યો ગયો.

હું વડ નીચેના ટોળામાં દાખલ થયો. સામ્યવાદ વિશે એક યુવક ભાષણ આપતો હતો એ સાંભળી મને નવાઈ લાગી. સામ્યવાદના ભણકારા ગામડે પણ પડવા લાગ્યા ! મધુકર કોઈ વાર સામ્યવાદ વિશે કાંઈ કાંઈ બકી જતો. રશિયામાં ખાનગી મિલકત કાઢી નાખી છે અને સામ્યવાદી રાજ્યબંધારણ થયું છે. એવી અચોક્કસ માહિતી કરતાં મને વધાર જ્ઞાન સામ્યવાદ વિશે નહોતું. મને તેની પરવા પણ નહોતી. સામ્યવાદમાં પણ સટ્ટો થઈ શકે કે કેમ એટલી જ મને કાળજી હતી. મારો દૃઢ નિશ્ચય થઈ ગયો હતો કે સ્વર્ગમાં

ય સટ્ટો રમી શકાય. પછી સામ્યવાદનો હિસાબ શો ? છતાં મને ન સમજાતા પ્રશ્નો ગામડામાંય ચર્ચાય એ મને ચમકાવનારું તો લાગ્યું જ.

મેં એક બીજા માણસને પૂછ્યું :

'મધુકર ક્યાં મળી શકશે ?'

'મધુકરભાઈ? એ તો અહીં રહેતા નથી.'

'અહીં આવ્યો છે.'

'આવ્યા હોય તો મળ્યા વગર રહે નહિ.'

'મધુર ખરેખર નહિ આવ્યો હોય ? કોને પૂછ્વું ? હું પરગામી છું એવું બધાંયને લાગ્યું હતું. મારા તરફ સહુની દૃષ્ટિ ફરતી. હું તેની પાસેથી પ્રસંગ જોઈ ઉત્સવની માહિતી મેળવતો. મને લાગ્યું કે કોઈ આદર્શ બાઈ ત્રણેક વર્ષ પહેલાં અહીં ગુજરી ગયેલી તેની આજ મૃત્યુતિથિ હતી. એ તિથિએ ગામલોકો નવી ઢબની જયંતી ઊજવતા. એ બાઈનાં મેં બહુ વખાણ સાંભળ્યાં. ગામલોકો એને દેવી તરીકે માનતા હોય એમ લાગ્યું. ગાંધીયુગમાં કંઈક દેવીઓ, જાગી, કંઈક સિંહણો ગર્જી, અરે કંઈક ચંડીકાઓએ છુટ્ટે વાળે–અગર બૉબ્ડ વાળ સાથે–મહિષાસુરમર્દનના ખેલ કર્યા ! મને એ દેવીઓ, સિંહણો અને ચંડીકાઓમાંથી ખૂબ રમૂજ મળતી. એ બધી વીરાંગનાઓ જોતજોતામાં બાળકનાં હાલરડાં ગાતી બેસવાની છે એવું મેં ભાખેલું ભવિષ્ય હવે તો ખરું પડેલું નિહાળું છું. એટલે એ બાઈની મૃત્યુ-તિથિમાં મને રસ પડયો નહિ. હું ત્યાંથી પાછો ફરવાની તૈયારી કરતો હતો. મધુકરને સહુ ઓળખતા લાગ્યા. પરંતુ તે આવ્યો હોય એમ કોઈ કહેતું નહોતું. મધુકર ન મળે તો મારે ગાડી પકડવી હતી.

ખૂણામાંથી એક વૃદ્ધ મારી પાસે આવ્યો, અને મને પૂછવા લાગ્યો :

'મધુકરભાઈને ખોળો છો ?'

'હા.'

'કોઈને કહેશો નહિ. મારી પાછળ ચાલ્યા આવો.'

મને જરા આશ્ચર્ય લાગ્યું, છતાં હું તેની પાછળ ચાલ્યો. ખરે તડકે હું એકાદ ગાઉ તેની સાથે ગયો હોઈશ, નિર્જન સ્મશાન સરખી જગામાં એક તળાવ દેખાયું.

'તમારે ખરેખર મધુકરભાઈનું કામ છે?' મારા સાથીદારે પૂછયું.

'તે સિવાય હું અજાણી જગાએ આવું ?' મેં કહ્યું.

'તો પેલા તળાવને કિનારે જાઓ.' એટલું કહી તે માણસ ચાલ્યો ગયો.

૩

અજાણી એકાન્ત જગામાં હું આગળ વધ્યો. શહેરમાં રહેનારને ગામડાંમાં જવું એ પણ એક સાહસ બની જાય છે. શહેરમાં આવી બહાવરો ફરનાર ગામડિયો શહેરીઓના હાસ્યનો વિષય બને છે. ગામડાંમાં આવનાર શહેરી ગામડાંમાં એવો જ બહાવરો અને હાસ્યપાત્ર બની જાય છે.

તળાવ ઉપર આશોપાલવનાં ઝાડ હતાં. ઝાડની ઘટા નીચે નાની નાની દેરીઓ હતી. દેરીઓની આગળ છેક તળાવની પાળ ઉપર આવેલા એક ઝાડના થડને અડી તળાવમાં પગ લટકાવી બેઠેલી એક મનુષ્યાકૃતિ મેં જોઈ. એ જ મધુકર હતો!

મધુકર અહીં શું કરતો હતો?

હું ચૂપકીથી તેની નજીક ગયો. તળાવમાં એક સ્થાન ઉપર તે અનિમેષ જોઈ રહ્યો હતો. તે એક કમળના ફૂલ ઉપર ત્રાટક કરી રહ્યો હતો?

મને યાદ આવ્યું કે મધુકર કમળના ફૂલને ભારે શોખ ધરાવતો હતો. ઘેલછા દેખાય છતાં તે હાથમાં ઘણી વખત કમળનું ફૂલ લઈ સદ્દાબજારમાં આવતો. ગુલાબ, ચંપો મોગરો લઈ ફરનાર મેં દીઠા છે. પણ આમ કમળને લઈ ફરનાર મધુકર એકલો જ હતો. અમે

તેની મશ્કરી પણ કરતા. કમળનો આવો વેલછાભર્યો શોખ? શું ફૂલ તરફ સવારથી જોતો મધુકર બેઠો હશે ?

મધુકર તરફ હું જોઈ રહ્યો હતો, પરંતુ તેની નજર મારા તરફ પડી નહોતી. એકાએક તેની આંખોમાંથી આંસુની સેર ચાલી. હું ચમક્યો. એકાન્તમાં આવી હૃદય ખાલી કરનાર મધુકર અને દુઃખમાત્રને હસી કાઢતો અમારો મધુકર. એ બે શું જુદા હતા ? હું તેનાં આંસુ જોઈ શક્યો નહિ. સદ્ધાને અને ભાવનાને જરાય બનતું નથી. છતાં મારાથી બોલાઈ ગયું :

'મધુકર !'

મધુકર ચમક્યો. ચમક્યો અને તેણે મારી સામે જોયું. મારી સામે જોઈ તેણે આંસુ લૂછ્યાં. અને પછી સહજ હસી તે બોલ્યો :

'સુધાકર, તું ક્યાંથી ? આવ.'

'હું તારી પાછળ આવ્યો. ગઈ સાલ પણ તું ત્રણ દિવસ ક્યાંક નાસી ગયો હતો. આ સાલ મારે જોવું હતું કે તું ક્યાં જાય છે !' મેં તેની પાસે જઈ કહ્યું.

'હું દર વર્ષે અહીં આવું છું. એક દિવસ અને એક રાત અહીં રહું છું, અને પછી પાછો મારા કામે લાગી જાઉં છું.'

'પણ અહીં આવવાનું કારણ ?'

'કારણ એટલું જ કે આ મારું યાત્રાધામ છે.'

'યાત્રા ? તારે ?' મધુકર મોટો નાસ્તિક હતો, અમે બધા શુકન, મંગળ, જ્યોતિષ બધાંમાં માનતા. મધુકરને એમાં જરા પણ શ્રદ્ધા નહોતી. એ તો ઘણી વખત ઈશ્વરનો પણ ઈનકાર કરતો.

'હા. વર્ષમાં ત્રણ દિવસ હું ભાવિક બનું છું.' તેણે કહ્યું.

'અને તે આ સ્થળે ?'

'આ સ્થળ મારે મન પવિત્રમાં પવિત્ર છે.' એટલું કહેતાં બરોબર ફરી પાછી તેની આંખ આંસુથી ઊભરાઈ. મધુકરની આંખમાં અશ્રુ જોવાં એ આશ્ચર્યને જોવા બરોબર હતું. હું શાન્ત રહ્યો. મેં

તેણે આગળ પ્રશ્ન કર્યો નહિ. જરા રહી તેણે કહ્યું :

'મારે તને કાંઈ કહેવાનું જ હતું. પણ તું અહીં આવ્યો શી રીતે ?'

'એ પણ સદ્દો.'

'હું મારી બહેન, અને ગામના પટેલ સિવાય કોઈ જાણતું નથી કે હું અહીં આવું છું.'

મને આ સ્થળ બતાવનાર ગામનો પટેલ હતો એમ મેં હવે જાણ્યું. પરંતુ મધુકરની બહેન કોણ ?

'હું સ્નેહલગ્નમાં માનતો છતાં મારું લગ્ન થઈ ગયું હતું તે કન્યા મારી પસંદગીની નહોતી.' મધુકરે કહ્યું.

'આપણે ત્યાં વળી સ્નેહલગ્ન શા ? સ્નેહ જોઈએ તો ઘર બહાર જવાનું' મેં કહ્યું.

'અને છતાં મને મારા ઘરમાં જ સ્નેહ મળ્યો. હું ભાગ્યહીન હતો એટલે મને તેની ખબર ન પડી હવે એ સ્નેહનાં સંભારણામાં હું ઝૂરું છું.'

સ્થળનું વાતાવરણ એવું હતું કે મારાથી તેની મશ્કરી થઈ શકી નહિ. અમારી જિંદગીમાં ભાવના અને અશ્રુને સ્થાન નથી. છતાં મને લાગ્યું કે મધુકર કોઈ અકથ્ય માનસિક ખેંચાણમાં વહ્યો જાય છે. તેનું જીવન જાણવાની મને પૃચ્છા થઈ.

'હું આદર્શોમાં રાચતો. પરંતુ મને લાગતું કે મારી પત્ની મારા આદર્શો ઝીલી શકે એવી નથી. તે બહુ ઠંડી હતી. તેનામાં ઉત્સાહ જ ન હોય એવો મને ભાસ થતો.'

'પત્ની કદી stimutating–ઉત્તેજક હોતી જ નથી.' મેં કહ્યું.

'એમ માનવામાં મેં મોટી ભૂલ કરી. આર્થિક સ્થિતિ કંઈક સારી હોવાથી હું દેશોદ્ધારના કાર્યમાં પડ્યો હતો. ગાંધીજીની અસર વ્યાપક હતી. હું આ ગામે આશ્રમ રાખી રહ્યો. લોકોએ સારો

સહકાર આપ્યો. અને આ ગામને હું આદર્શ બનાવી શક્યો.'
ફરી મધુકરની દૃષ્ટિ કમળ તરફ વળી. તેની આંખ ફરી ભીની થઈ. તેણે વાત આગળ ચાલુ રાખી :

'પણ એક અસંતોષ રહ્યો. મારી પત્ની કદી ઝબકી નીકળી નહિ. ન તેનાથી ગીત ગવાય, ન તેનાથી સરઘસની આગેવાની લેવાય. મેં તેને જરા પણ દુઃખ નથી દીધું એટલો મારા મનને સંતોષ છે. પરંતુ હું તેનાથી પૂર્ણપણે રીઝ્યો નથી એટલું તે સમજી શકી હતી. ત્રણ વર્ષ ઉપરની આ વાત છે. મારે પરગામ જવું હતું. અઠવાડિયું ત્યાં રહેવું પડે એમ હતું. મારી ગ્રામોદ્ધારની યોજના પ્રમાણે બીજાં ગામોમાં થોડું કાર્ય આરંભવું હતું એટલે મારી હાજરી આવશ્યક હતી. મારી નાની બાળકીને મેં જરા રમાડી અને મારી પત્નીને કહ્યું :

'"હું અઠવાડિયું જઈ આવું છું.'

'"હા. તબિયત સંભાળજો." મારી પત્નીએ કહ્યું. તે કદી મારા વિચાર કે યોજનાની વિરુદ્ધ જતી નહિ. તેના અવાજમાં મને કંપ લાગ્યો. મેં તેની સામે જોયું, અને તે હસી. મેં પૂછ્યું :

'"તને કાંઈ થાય છે?"

'"ના."

'તાવ તો નથી લાગતો ને?"

'"સહજ હોય તો ય શું? ઋતુફેર થાય ત્યારે એમ બને પણ ખરું. તમે વગર ચિંતાએ જાઓ."

'હું ગયો, અને સાત દિવસ રહ્યો. સાતમે દિવસે મને તાર મળ્યો કે મારી પત્નીની માંદગી ગંભીર બની હતી. હું વહેલી તકે પાછો ફર્યો. મને મારી પત્નીનો અણગમો જરા ય ન હતો. પરંતુ તે જ ક્ષણથી મને લાગી આવ્યું કે એ તો મારા જીવનનો એક મુખ્ય વિભાગ બની ગઈ હતી. ચોવીસે કલાકની દિનચર્યામાં મારી પત્નીનું સ્થાન ન હોય એમ હું કલ્પી શક્યો નહિ. મને તો તે ક્ષણે

લાગ્યું કે હું તેને ચાહતો હતો !

'ગામમાં આવતાં બરાબર હું મારા ઘર તરફ દોડ્યો. પત્નીની પથારી પાસે જતાં બરાબર તેણે આંખ ઉઘાડી મારી સામે જોયું. મેં તેને કપાળે હાથ મૂક્યો. મારા હાથ ઉપર તેણે હાથ મૂક્યો. તે ફિક્કું હસી, અને હસતું મુખ રાખી મારી સામે જોઈ રહી.

'કોઈએ કહ્યું ત્યારે મને ખબર પડી કે તેનો પ્રાણ ઊડી ગયો હતો. ત્યાર પછીની વિગતમાં હું ઊતરતો નથી. પરંતુ ત્યાર પછી મને મારી પત્નીનું મૂલ્ય સમજાયું. મારા જીવનની ક્ષણે ક્ષણને તે એની શાન્ત ઢબે આવરી રહી હતી, એટલું જ નહિ, પણ આખા ગામના જીવનને તેણે બાથમાં લીધું હતું.

'એક માણસે કહ્યું :

'એ તો દેવી હતાં. મને અને મારી પત્નીને બનાવ થયો તે એમનો પ્રતાપ.'

'બીજા માણસે કહ્યું :

'એમને તો હું કેમ ભૂલું ? મારી ગરીબીમાં મને દાણા ન આપ્યા હોત તો મારું શું થાત ?'

'ત્રીજા માણસે કહ્યું :

'મારી દીકરીને બળિયા નીકળ્યા ત્યારે કોઈ પાસે બેસે નહિ. બહેન વગર મારી દીકરી બચત કેમ ?'

'ચોથા માણસની વાત સાંભળી :

'એમને બદલે પ્રભુએ મને ઉપાડી લીધો હોત તો કેવું સારું થાત ! વ્યસનમાં ચડી ગયેલો હું આજ ઘરબારવાળો થયો. એમના વગર એ બનત શી રીતે ? મારા ગામમાંથી જોગમાયા પધાર્યાં !'

'અને મેં આશ્રમમાંથી ચોરી કરી, તે પકડાઈ, છતાં મને એક અક્ષર પણ ન કહી એમણે પોતાની વીંટી મને આપી ! એ પળથી હું ચોર મટી ગયો. મારા મનની રખવાળી એ જગદંબા વગર હવે કોણ કરશે ?' મને આશ્વાસન આપવા આવેલા એક માણસે

રોતાં રોતાં કહ્યું.

'પહેલાં કારકુને લાંચ માગી. મારી પાસે પાઈ ન મળે. હું બહેન પાસે લેવા આવ્યો. એમણે મને રોક્યો ત્યારથી આખું ગામ લાંચ આપતું અટકી ગયું. એ દુ:ખ દેવી વગર કોણ ટાળે ?' વળી કોઈકે મારી પત્નીને સંભારી કહ્યું.

'જ્યાં પુરુષો જ રોતા હતા ત્યાં સ્ત્રીઓનું શું પૂછવું ! કોઈ યુવતી પોતાને મળેલા શિક્ષણને સંભારતી; કોઈ વૃદ્ધા પોતાની નિષ્કાળજીવાળી પુત્રવધૂને સુધારી દીધાની વાત કરતી; તો કોઈ સ્ત્રી પોતાને માર મારતા રાક્ષસ પતિમાંથી દેવ સરખા સ્નેહી પતિને વિકસાવનાર મારી પત્નીને યાદ કરતી. અને જ્યારે એક બાળકે મારી પત્નીનો ઉલ્લેખ કરી પોતાની માતાને પૂછ્યું કે : "મા, હવે બહેન અમને નહિ રમાડે ?" ત્યારે એ બાળકોની બહેન બનેલી મારી પત્નીની યાદમાં મારાં નયન પણ અશ્રુથી ઉભરાયાં.

'અશ્રુભર્યાં નયને ગામમાં પ્રત્યેક સ્ત્રીપુરુષ મારી પત્નીના ઉપકારનું કાંઈ ને કાંઈ વર્ણન આપતાં ચાલ્યાં ત્યારે મને સંશય થયો કે મારા ગ્રામોદ્ધારની સફળતા મારી બુદ્ધિમાં હતી ? કે મારી પત્નીના હૃદયમાં હતી ?

'શું મેં તેને ઓળખી નહિ ? ભાષણ કરતાં સરઘસ કરતાં, સંગીત કરતાં તેણે શું વધારે મહત્ત્વનું કાર્ય કર્યું ન હતું ? ગ્રામજીવનને તેણે યથાર્થ માતૃત્વ સમર્પ્યું હતું એ હું હવે સમજ્યો. એના મૃત્યુથી હું જ નહિ, આખું ગામ રડી રહ્યું.

'મારા જીવનમાંથી ઉત્સાહ ઓસરી ગયો. પત્નીની ચિતા પાસે આવી હું બેઠો. અને તેમાંથી ભસ્મ લીધી. આ જ તળાવને કિનારે આ જ સ્થળે તેના દેહને દાહ દીધો હતો. મારા હાથમાંથી ભસ્મ થોડી પાણીમાં પડી. પાણીમાં પડતાં બરોબર એક કમળ પાણીમાં વિકસી આવી મારી સામે જોઈ રહ્યું. મારી પત્નીનું શું એ મુખ ન હતું ? નહિ, નહિ. ક્યાં એ મુખ ? અને ક્યાં એ કમળનું પુષ્પ ?

'મારી પત્નીએ કદી ભાષણ આપ્યું ન હતું; પરંતુ ભાષણ કરવાનાં સાધનો તેણે મને કેવાં સરળ કરી આપ્યાં હતાં? મારાં પુસ્તકો, મારા કાગળો, મારી કલમ એ બધું સુઘટિત રીતે કોણ ગોઠવી રાખતું હતું? મારી પત્ની.

'અને કઠોર, કર્કશ ખેંચાઈ ગયેલા અવાજે ભાષણ આપી મગરૂર થનાર મારા સરખા ઘમંડી દેશસેવક કરતાં મીઠા ઝીણા, ઋજુતા ભર્યા કંઠથી અજ્ઞાન સ્ત્રીપુરુષો સાથે સમભાવભરી વાત કરતી મારી પત્ની શું લોકસેવા ઓછી કરતી હતી? ચોરને, વ્યસનીને મારી ગર્જનાએ સુધાર્યો કે મારી પત્નીની મીઠી વાણીએ?

'મોટી મોટી યોજનાઓ કરી, મોટાં મોટાં સરઘસો કાઢી, અમલદારશાહીને મૂંઝવી હું ઘેર આવતો, ત્યારે મને અસંતોષ રહેતો કે મારી પત્ની મારા કાર્યને સમજી શકતી નથી. જૂની ઢબની સ્ત્રી માફક તે મારું માથું દાબતી મને આરામ આપતી. મારે માટે રસોઈ તૈયાર રાખતી, સ્વચ્છ પથારી પાથરી રાખતી; એ બધું મને ગમતું પણ...પણ એણે એકાદ વ્યાખ્યાન આપ્યું હોત તો મને એથી પણ વધારે ગમત એમ હું માની બેઠો હતો. તેના મૃત્યુએ મને સમજાવ્યું કે તે તો પતિને ખાતર—પતિની પ્રતિષ્ઠા વધ્યા કરે એવી સંભાળ રાખવા ખાતર—પાછળ અને પાછળ રહેતી હતી.

'પણ શું એ ખરેખર પાછળ રહેતી હતી? હવે મને લાગે છે કે હું જે યોજનાઓ ઘડીને, સરઘસો કાઢીને, અમલદારોને ગભરાવીને કરી શક્યો નહિ તે એણે પાછળ રહીને સિદ્ધ કર્યું. સરઘસ કાઢવા કરતાં બળિયાપીડિત બાળકની સારવાર કરવી એ શું વધારે મહાન કાર્ય નથી? કાગળ ઉપર યોજનાઓ ઘડવા કરતાં સાસુવહુનાં જીવનઘર્ષણ ઘટાડવાં એ શું ઓછું મુશ્કેલ કાર્ય હતું? અમલદારોની લાંચ વિરુદ્ધ જેહાદ જગાવવી એના કરતાં એક શ્રમજીવીને નિર્ભય બનાવી લાંચ આપવાની વૃત્તિ નિર્મૂળ કરવી એ શું વધારે આવશ્યક નથી?

'હું શ્રેષ્ઠ ? કે મારી પત્ની ? એક ભયંકર વિચાર મારા મનમાં એકાએક ઊઠ્યો :

'શું એણે મારે ખાતર પોતાના જીવનને ઘસી નાખ્યું ન હતું ?

'એ વિચાર હજી મને મૂકતો નથી. મેં મારા ઘમંડમાં મારી પત્નીનો ભોગ આપ્યો. એના સ્નેહને હું પારખી શક્યો નહિ. મારા પાપનો પડઘો પાડતા એ ગામમાં મારાથી શી રીતે રહેવાય ? મારું મન રુંધાઈ ગયું.

'ગામમાંથી હું નાસી ગયો. પત્નીને આપેલો અન્યાય મને અહીં રહેવા દે એમ હતું જ નહિ. છતાં ગામના લોકોની સાથે હું પણ છાનોમાનો એની મૃત્યુતિથિ ઊજવું છું. કોઈ ન જાણે એમ અહીં આવી બેસું છું. આ જ સ્થળ મને મારી પત્નીના મુખની સ્મૃતિ આપે છે તેને સંભારું છું અને રડવું આવે એટલું રડું છું.'

૪

મધુકરની કથની સાંભળી મને દુઃખ થયું. મધુકરનો આં બધો ઇતિહાસ જાણે મારી નજર આગળ બન્યો હોય એમ મને ભાસ થયો. કેટલીક વારે મેં તેને પૂછ્યું :

'પણ તું સટ્ટા જેવા ધંધામાં ક્યાંથી પડ્યો ?'

'મને મારી જિંદગી હવે નિરર્થક લાગે છે. મારે તેને વેડફી નાખવી છે. તમારા ધંધામાં એમ બનશે એમ લાગ્યું માટે હું તેમાં પડ્યો.' મધુકરે કહ્યું.

'તું તો ફરી પરણ્યો હોઈશ ને ?' શહેરમાં તેને ઘેર દીઠેલી સ્ત્રીનો વિચાર આવતાં મેં પૂછ્યું. મધુકરે મારી સામે તીક્ષ્ણ નજર ફેંકી. પછી સહજ હસીને બોલ્યો :

'એ પ્રશ્ન નિરર્થક છે. પુરુષ ફરી પરણે માટે પાપી છે એમ માનવાની જરૂર નથી. તે ફરી ન પરણે એટલે તે સાધુ છે એમ માનવાને પણ કારણ નથી. સંજોગ માનવીને ઘડે છે.'

મને લાગ્યું કે મેં એને મૂંઝવનારો પ્રશ્ન કર્યો. પરંતુ મારી જિજ્ઞાસા હજી અતૃપ્ત હતી. મેં તેને કેટલીક વારે પૂછયું :

'તારે ઘેર હું ગયો ત્યારે આ ગામની ખબર એક બાઈએ આપી હતી. એ કોણ ?'

મધુકર મારા પ્રશ્નનો મર્મ સમજી ગયો. તે હસ્યો, અને હસતાં હસતાં બોલ્યો :

'તું ન ઓળખી શક્યો ? એ મારી–બહેન–સગી બહેન છે. મારી પુત્રીને સંભાળે છે અને ભણે છે. મારું અને તેનું મુખ પણ તું સરખાવી શક્યો નહિ ?'

તત્કાળ મને લાગ્યું કે મધુકર, મધુકરની બહેન અને મધુકરની પુત્રીનાં મુખ બહુ જ મળતાં આવતાં હતાં.

'પાછો ક્યારે ફરીશ ?' મેં પૂછયું.

'કાલે આવીને તરત એબિસીનિયા ચાલ્યો જઈશ. મારી શરત છે ને ?'

'એવી તે શરત હોય ? વળી તે સ્વીકારાઈ નથી.'

'મેં તો સ્વીકારી જ છે. જો સટ્ટા કરતાં યુદ્ધમાં જિંદગી વહેલી વેડફાશે. જિંદગીનો હવે ખપ રહ્યો નથી.'

'જા, જા. એમ જિંદગી સોંઘી કરી નખાય ?' મેં કહ્યું.

'જિંદગી સોંઘી છે એ માટે નહિ. પણ મારી પત્ની વગરનું જીવન અસહ્ય–અશક્ય છે માટે.' મધુકરે કહ્યું.

'એની સ્મૃતિ તો તું ઊજવે છે !' મેં તેના વિરહને શાંત પાડવા કહ્યું.

'મને એક શ્રદ્ધા છે–હું નાસ્તિક છું તોપણ.' ગાંભીર્યથી મધુકરે કહ્યું.

'શાની ?'

'કુદરત પ્રેમ સરખા વ્યક્તિગત ભાવ વિકસાવે છે. એ વ્યક્તિ અને એ પ્રેમ દેહની સાથે જ નષ્ટ થાય એ કેવું બેહૂદું

લાગે છે ?'

'મને ન સમજાયું.'

'દેહની પાર જઈને પણ એ પ્રેમ જીવતો રહી શકે કે નહિ ? કુદરત એક દેહ ભલે લઈ લે. પણ એ દેહમાં વિકસેલો પ્રેમ તો ન જ લઈ લે. એને વ્યક્ત કરવાનું–પ્રેમીઓને મળવાનું મૃત્યુની પાર કંઈક સાધન તો કુદરતે રાખ્યું જ હોવું જોઈએ.'

હું કાંઈ બોલ્યો નહિ. જિંદગી વિષે–કુદરત વિષે હું કદી ચર્ચા કરતો નથી. મારી ચર્ચાનો વિષય માત્ર સટ્ટો છે. મધુકર ઘેલછામાં આત્મઘાત ન કરે એટલું જ જોવાની મારી ફરજ હતી. તેને એકલો મૂકી હું તળાવને કિનારે ફરી રહ્યો.

રાત્રે અમે બન્ને સાથે પાછા ફર્યા. ગાડીમાં મધુકર આરામથી સૂતો હતો. તેને સ્ટેશનેથી ઘેર પહોંચાડવા હું સાથે જ ગયો. તેની બહેને બારણાં ઉઘાડયાં. જતાં જતાં મધુકરે હસીને મને કહ્યું :

'જો, સુધાકર, આ મારી બહેન છે. ખાતરી કરી જો કે અમારાં બેઉનાં મુખ મળતાં આવે છે કે નહિ. ?'

હું જરા લજવાયો, અને કાંઈ પણ જવાબ આપ્યા વગર પાછો ફરી ઘેર આવી સૂતો.

સવારમાં મધુકરની બૂમથી હું જાગ્યો. મધુકર મને ઢંઢોળી ઉઠાડતો હતો.

'અલ્યા, અત્યારમાં ? જરા સૂતો પણ નહિ ?' મેં કહ્યું.

'આજ તો જવું છે ને ?' મધુકરે હસીને કહ્યું.

'ક્યાં ?'

'એબિસીનિયા.'

'તું તો પાગલ થઈ ગયો છે. તને જવા કોણ દેશે ?'

'એ જ હું તને બતાવવા માગું છું. ચાલ. ઝડપથી ચા પી લે.'

અમે બન્નેએ સાથે ચા પીધી. હું આશ્ચર્યમૂઢ બની ગયો હતો. મધુકર સરખો વિચિત્ર માણસ કોણ જાણે કેવી યે યોજના

કરી જશે ખરો એમ મને લાગ્યું. મોટરમાં અમે સાથે બહાર નીકળ્યા, અને એક મેદાનમાં આવ્યા. મોટર ઊભી રાખી અને નીચે ઊતર્યા.

'હવે હું તને સમજાવું કે હું કેમ એબિસીનિયા જઈ શકીશ. જો, પેલું શું છે?'

'એ તો ઍરોપ્લેન પડેલું લાગે છે.' મેં ચમકીને કહ્યું.

'એ મારી માલિકીનું છે. અને તે ચલાવતાં મને આવડી ગયું છે.'

'તારી પાસે પરવાનો છે?'

'હા. ઍરોપ્લેન રાખવાનો અને ઉડાડવાનો. ઊંચે ઊડ્યા પછી હું ફાવે ત્યાં જઈ શકીશ.'

'પણ તારે બહેન છે, પુત્રી છે, એમનું શું કરીશ?' મેં તેને વારતાં કહ્યું.

'એ માટે તો હું સટ્ટામાં પડ્યો. પૈસો ખૂબ થયો છે. તેથી ઍરોપ્લેન પણ ખરીદી શક્યો, અને બહેન તથા પુત્રી માટે રકમ જુદી મૂકી શક્યો.'

'પણ એકલા પૈસાથી સંભાળ લેવાશે?'

'આ કાગળો તને સોંપું છું. તું સાચો મિત્ર રહી શકે એમ લાગે છે. જરૂર પડ્યે તેમને આપજે.'

મારું મન ચણચણી ઊઠ્યું. મધુકરને જવા દેતાં મને દુઃખ થયું. મેં તેને કહ્યું:

'મધુકર, આ તો આત્મહત્યા કરવા સરખું છે.'

'નહિ. હું મારે હાથે મરું એવો બીકણ નથી. મારી પત્નીએ એટલું તો શીખવ્યું જ છે કે મરવું તો કોઈ આદર્શ ખાતર; અને તે યે બહાદુરીથી. આજ એક જ આદર્શ મરવા માટે યોગ્ય છે; અને તે એ જ કે ગોરાઓની ચળકતી બેડીમાંથી કાળાઓને છોડાવવા. આ એક જ સ્થળ મરવા માટે યોગ્ય છે: તે હબસી દેશ. અને મરીશ એટલે વહેલો એને મળી શકીશ.'

'પણ ધાર કે તું જીવતો રહ્યો'તો ?' મેં હજી પણ દલીલ કરી તેને રોકવા મંથન કર્યું.

'તો...તો...યાત્રાએ પાછો આવીશ જ ને ?'

'શાની યાત્રા ?'

'પેલા સ્મશાનની—જ્યાં મારી પત્નીની સ્મૃતિ હજી જીવતી છે તે સ્થાનની.'

તેના હાથમાં કમળનું ફૂલ હતું. તેની પાંદડીઓ તોડી તેણે જમીન ઉપર વેરવા માંડી.

'તું બહુ ક્રૂર છે.' મેં કહ્યું.

'કેમ ?'

'આ બિચારા કમળને તું તોડી નાખે છે.'

'સુધાકર, મારી પત્નીનું નામ શું હતું તે તું જાણે છે ?'

'ના.'

'એનું નામ પંકજ હતું. મને કમળની ઘેલછા કેમ છે તે તું હવે સમજ્યો.'

મારી દૃષ્ટિ સમીપ એક સુંદર યુવતીની મૂર્તિ ઊપસી આવી. ઊંડો ઊતરી ગયો. મને લાગ્યું કે હું મધુકરની પંકજને જ નિહાળું છું. મારાથી કાંઈ બોલાયું નહિ.

'એ નામ મને એટલું પ્રિય થઈ પડયું છે કે હું ચોવીસે કલાક કમળનાં પુષ્પ મારી પાસે રાખું છું.' મધુકરે કહ્યું.

'પણ તું તો પાંદડીઓ તોડી નાખે છે !'

'જે મેં મારી પંકજનું કર્યું તે આ નામધારી પંકજનું પણ કરું છું...અને એમ જ આ મારા દેહની પાંદડીઓ તૂટશે એટલે પાછી મને પંકજ મળશે નહિ ?'

આવેશ અને ઉગ્રતાથી તે ઍરોપ્લેન તરફ જોઈ રહ્યો.

'હું તને પાછો મૂકી જાઉં.' કહી મારો હાથ ઝાલી તેણે મને મોટરકાર તરફ ઘસડયો, અને અમે બન્ને પાછા અમારે સ્થળે ગયા.

પણ બપોરે અમારા સદ્દાબજાર ઉપરથી એક વિમાન ઊડી જતું અમે બધાંએ જોયું. વિમાન બહુ નીચું ઊતર્યું હતું અને તેમાંથી એક માણસ અમારા તરફ રૂમાલ હલાવતો દેખાયો. મેં સહુને કહ્યું :

'મધુકર એબિસીનિયા જાય છે.'

સહુ હસ્યાં. અને એ વાક્ય ઉપર શરતે ચઢ્યાં. માત્ર પંકજ નામ ઉચ્ચારતાં મધુકરના મુખ ઉપર આવેલો ભાવ મારી આંખ આગળથી ખસ્યો નહિ. વારંવાર એક પ્રશ્ન મને પીડી રહ્યો :

સત્ય શું? ભાવના કે મૂર્તિ? મૂર્તિ ભાંગ્યા પછી યે ભાવના જીવે. એ ભાવના બીજો અવતાર પણ કેમ ન આપે?

• •